गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૬૧૮૪ वर्गांक

पुस्तकनुं नाम ફેરાળીએન વાંઢા

विषय ગુ ૪૫ : ૬ ૭

ઈરાનનુ કેઆનીઅન વંશ.

અવસ્તા, પેહેલવી, પાઝંદ, ફારસી

પુસ્તકો મુજબ.

લખનાર,

જીવનજી જમશેદજી મોદી, બી. એ, પી. એચ. ડી.

મુંબઈ,

"નિર્ણયસાગર" પ્રેસ.

સને ૧૯૧૫.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

Published by Mr. Jivanji Jamshedji Modi, Colaba—Bombay

Printed by Ramchandra Yesu Shedge, at the Niranaya-Sagar Press, 23 Kolbhat Lane, BOMBAY.

આ પુસ્તક

મરહુમ શેઠ પીરોશા કેરસાસ્પજી દાદાચાનજી

આઇ. સી. એસ. ની

પવિત્ર યાદને

ઇરાંની વડીલો માટેના તેવણના

દેશ હિતકારી જુસ્સાઓ

અને કોમ હિતકારી લાગણીઓની

યાદમાં અર્પણ કર્યું છે.

દિબાચો.

ઇરાનનાં પેશદાદીઅન વંશના મારા પુસ્તકનો દિબાચો જે શબ્દોથી મેં શરૂ કીધો હતો, તેજ શબ્દોથી આ દિબાચો શરૂ કરૂં છું.

"ઇરાનની તવારીખ હાલ આગમચ કેટલેક હાથે નાનાં મોટાં પુસ્તકોમાં લખાઈ છે. તેવાં પુસ્તકોમાં આ એક નાનો વધારો છે. પણ આ પુસ્તકમાં એક બાબત ખાસ આ છે, કે આમાં, જ્યાં પણ બની શકયું છે ત્યાં, પુરાંણા અવસ્તા પેહેલવી પુસ્તકોનાં મુળ સાધનોનો ઉપયોગ કર્યો છે. ફીર્દોસીએ પોતાની ઇરાનની તવારીખ માટે, તેણે પોતે કહ્યું છે તેમ, પુરાણાં પેહેલવી પુસ્તકોનો ઉપયોગ કર્યો હતો. આ પુસ્તકમાં તેવાં પેહેલવી પુસ્તકો ઉપરાંત અવસ્તાનાં પુસ્તકનો પણ ઉપયોગ કર્યો છે. જ્યાં બન્યું છે ત્યાં, દરેક બાબતને મથાળે, તેનાં મુળ આધાર તરીકે, અવસ્તા, પેહલવી, પાજદનાં ફકરાઓ મેલ્યા છે. ફારસી વિગેરે પુસ્તકોમાં, ફીર્દોસી ઉપરાંત, માસુદી, તબરી જેવા બીજા તવારીખ નવેશોનાં લખાણોની પણ મદદ લીધી છે. મુખ્ય નેમ આ રાખી છે કે, આ પુસ્તક વાંચનાર યા તેનો અભ્યાસ કરનાર, તેમાં આવેલી બાબતનું જ્ઞાન મેળવતાં, અસલ અવસ્તા પેહલવી, પાજદ યા ફારસી લખાણમાં પણ કંઈ લાભ યા હિત (interest) લેતો રહે.

આ પુસ્તકની બાબતનો અભ્યાસ અને તે માટેની સામગીરીનો સંગ્રહ, જરતોશ્તી ધર્મનું જ્ઞાન અને કેળવણી આપનારી મંડળીએ મને સોંપેલા એક કામ કાજે પેહેલે શરૂ કર્યો હતો. આપણી સ્કુલોના પારસી વિદ્યાર્થીઓ કાજે ઇરાનની તવારીખનાં નાંનાં પુસ્તકો લખાવવાનું કાંમ આ મંડળીએ માથે લીધું છે. તેમાં પેશદાદીઅન અને કેઆંનીઅન વંશોની તવારીખ લખવાનું કામ મને સોંપ્યું છે. તે માટેના કેટલાક અભ્યાસની નોંધોનો સંગ્રહ મોટો થયો છે. તે સંગ્રહ, મંડળીએ ધારેલાં પુસ્તક માટે ઘણો મોટો માલમ પડયો છે. તેથી આ પુસ્તકમાં તેનો ઉપયોગ કરી, તેને, તેનાં મોટા રૂપમાં, છુટો પ્રગટ કરવાનું મેં દરૂસ્ત ધાર્યું છે."

જે મરનાર જવાનનાં નામ સાથ આ મારા તવારીખી અભ્યાસના પુસ્તકને મેં જોડયું છે, તેવણ બાએ બે બોલ હું અતરે બોલીશ. આજથી આસરે ૧૦ વર્ષપર, મરહુમ મી. પીરોશાહ કેરસાસ્પજી દાદાચાનજી, પોતાના વડા ભાઈ મારફતે મારી પીછાંન સોધી, તે ભાઈ સાથે મને મળવા આવ્યા હતા. તે મુલાકાતની સવાર મને યાદ છે, કે જયારે, મરહુમ શેઠ જીજી-

ભાઈ દાદાભાઈની દરેમેહરના માલ ઉપરના મારા અભ્યાસના ઓરડામાં મારી મુલાકાત લઈ, તેવણે ઉંમગી, ઉલટભરી અને હોંશથી ઉછાળા મારતી ખાહેશ સાથે, મારી સાથે કેટલીક ચંચલ વાત કરી હતી અને પોતાની ચપળતાની ગવાહી આપી હતી. મદ્રાસ ઈલાકા ખાતેના ઈનડીઅન સીવીલ સરવીસના પોતાનાં ઓહ્દા ઉપરથી રજા ઉપર થોડાક માસ ઈંગલાન્ડ જતાં, ત્યાં આપણા પારસીઓની તવારીખ, ધર્મ, ભાષા વીગેરે કોઈકિ બાબતો ઉપર અભ્યાસ કરવા કાજે તેવણે ઘણો શોખ બતલાવ્યો હતો અને તેમ કરવા કાજે યુરોપના કોઈકિ મારી ઓલખાણવાળા આપણી બાબતોનો અભ્યાસ કરનારા ઓલમાઓ ઉપર ભલાંમન પત્રો માગ્યાં હતાં. તે પત્રોં મેં આપ્યાં હતાં, અને તે વખતે મારા મનમાં એ જવાનના ઉમંગી અભ્યાસ માટે સારો વિચાર બાંધ્યો હતો. મારો તે વિચાર મેં થોડા જ વખતમાં કેટલીક હદે ખરો પડેલો જોયો, કે જ્યારે એક દિવસે "With the best compliments of the Author," એવા શરૂઆતનાં પાનાપરનાં હસ્ત લેખ લખાણ સાથ મને એવણની "Studies in Ancient Persian History. By P. Kershasp, Indian Civil Service." નામની ચોપડી મળી. એ ચોપડી મેં ઉલટ અને ભાવ સાથે વાંચી. તે વાંચતાં, તેવણે તેમાં દેખાડેલી ચંચલતાનો સવાલ બાજુ મેલતાં, પેહલો જે વિચાર મને આવ્યો, તે આ, કે જે ઉછાળા મારતા વિચારવાળા જવાનની મેં આગલે વર્ષે મોલાકાત લીધી હતી, તે જવાનનાં આ લખાણમાં પોતાનાં વાહલાં કદીમ ઇરાન વતન માટે નવાં લોહીના ઘણાક ઉછાળા મારતા વિચારો છે. આ ઊપયોગી પુસ્તકની મે તે વખતે એક તપાસ લીધી હતી, જે તા. ૧૨ મી જાનેવારી ૧૯૦૬ નાં જામે જમશેદમાં પ્રગટ થઈ છે. એ પુસ્તક વાંચતાં મને તે વખતે ઉપજેલા વિચારોની આ આર્ટીકલ હું પછવાડે જુદી આપું છું, પણ અતરે એવણનાં પુસ્તકમાંથી એક ફકરો ટાંકુ છું, કે જે એવણના અભ્યાસની વળાંણ અને ચોપડીની નેમ દેખાડે છે. ઇરાનની તવારીખ બાબે ગ્રીક, લેટીન વિગેરે લખનારાઓને આધારે હાલના વખતના યુરોપીઅન ઓલમઓએ ઇરાનની વિરૂદ્ધ જાય એવું કેટલુંક લખ્યું છે. ફ્રેંચ લખનારાઓ એ દોષથી કેટલીક હદે છુટા છે. એવણે પોતાની નેમ માટે લખ્યું હતું કેઃ "The present writer has from the beginning found it impossible to assent to the disparaging views so largely voiced in English books on ancient Persia and its history, and hence the undertaking, which is the first instalment of a larger project. (p. 4)"

અફસોસ ! કે એવણે ઉપલા ફકરામાં આશા આપેલું કોઈ વધુ યા મોટું પુસ્તક આપણ જોવા પામ્યા નથી. એવણનું ઉપલું પુસ્તક દેખાડે છે કે એવણ ઘણા છુટથી જરાક સખ્ત બોલનારા હતા. એવી હિમ્મત ભરી છુટથી એવણને કાંઈક ખમવું પડયું હોય, એ સંભવીત છે.

આ અરસા બાદ થોડેક વર્ષે યુરોપની એક બીજી મુલાકાત દરમેઆન એવણ ત્યાંથી ખુદ ઈરાન ગયા હતા. તે વખતે ઇરાનમાં હાલની નિયમીત અમલ (Constitutional government)ની ચલવલ શરૂ થઈ હતી અને તે તરફ એવણ ઘણા લાભ અને કાલજી સાથે જોતા હતા. એ સંબંધમાં એવણે પોતાનાં ઉછાલા મારતાં દેલથી અને ઉછાલા મારતી કલમથી મારા ઉપર ઇરાનથી એક પત્ર લખ્યો હતો, જેની ભાષાએ, જરાક સખ્ત ભાષાએ, મને જરાક ચોંકાવ્યો હતો. તે પત્રમાં જણાવેલી ઇરાનની ચલવલતાથી પારસી પ્રજા વાકેફ થાય એમ મેં કર્યું હતું. જરથોશ્તી કોમની લાભ સાચવનારી મંડળીએ, તે પ્રસગે, ઇરાનની નવી સરજતમાં આપણા કોઈક જરથોશ્તી ભાઈઓ ભાગ લે, તે બાબે પોતાની કોઈક સભાઓ બોલાવી જે ચરચા ચલાવી હતી, તે ચરચામાં મરનારના કોઈક પત્રનો હિસ્સો હતો.

આ પુસ્તકના પેહેલા ભાગ સમાનનું મારૂ પુસ્તક, "ઇરાનનું પેશદાદીઅન વંશ," મેં ઇરાંનની તવારીખના મારા એક બીજા શોખીન અભ્યાસી મિત્ર, મરહુમ શેઠ જીજીભાઈ પેશતનજી મીસતરીની પવિત્ર યાદને અર્પણ કર્યું છે. તેવણની મને આ લખતાં યાદ આવે છે, સબબ કે, તેવણ તે વખતે ઇરાનીઓની હાલત સુધારનારી મંડળીનાં સેક્રેટરી હતા અને તેના સબધમાં ઇરાન માટેનાં દેશાભિમાન અને ભક્તિભાવથી ઉભારાતા દેલવાળા આ મરનાર ગ્રહસ્થની કોઈક ભલામનો તરફ જરા ઠરેલ અને ઠાવકાંપણાથી જોઈ કામ લેવા માગતા હતા. તેવણે આ ઇરાનની ચરચામાં અગત્યનો ભાગ લીધો હતો.

આ આગલી પાછલી હકીકત દેખાડે છે, કે મરહુમ મી. પીરોશા કેરસાસ્પજી દાદાચાનજીનાં મરણથી, આપણે આપણા ઇરાન વતનની તવારીખ માટે કાળજી રાખનાર અને તેનાં હાલનાં ભલાં માટે કાળજી રાખનાર એક સપુત ખોયો છે.

મીથી લોજ, કોલાબા,

રોજ ૭ માહ ૧ સને ૧૨૮૫ યજદજર્દી.

તા. ૧૯ મી સપ્ટેમ્બર ૧૯૧૫.

(તા. ૧૨ જાનેવારી ૧૯૦૬ ના જામેજમશેદમાં લીધેલી પુસ્તક-તપાસ)

અસલી ઇરાનની તવારીખનો અભ્યાસ.

Studies in Ancient Persian History.

અસલી ઈરાન જેટલુ અસલી યુનાન સાથ સંબંધમાં આવ્યું હતું તેટલું બીજા કોઈ મુલક સાથે સબધમાં આવ્યું હતું નહિ. કદાચ તે વેપાર વનજની બાબતમાં અને સાહિત્યની બાબદમાં હીંદુસ્તાન સાથે વધારે સબંધમાં આવ્યું હોય, પણ તે, જેને આપણે સમાગમના શાંત માર્ગો કહ્યે, તે માર્ગો હોવાને લીધે, તે સમાગમની નોંધો આપણ પાસે વધારે રહી નથી. પણ અસલી યુનાન સાથે, અને પછી અસલી રોમ સાથે તો તે લડાઈ અને રાજદ્વારી બાબદો જેવી ઘોંઘાટ કરનારી બાબદોના સબધમાં આવ્યું હતું. તે સબબે તે સમાગમની નોંધો વધારે જળવાઈ રહી છે. ઇરાનનાં કમનસીબે તેનું તવારીખ રૂપી સાહિત્ય સઘળુ બચી રહયું નથી. તેથી હાલની ઓલાદ માટે પોતાનો વિચાર બાંધવા કાજે લગભગ એકજ બાજુનું સાહિત્ય રહ્યું છે. અલબતે થોડાક પારસી સાહિત્ય ઉપરાંત મુસલમાન લખનારાઓનુ ઈરાની સાહીત્ય છે, પણ તે મોટે ભાગે યુનાની અને રોમન સાહિત્યનાં જેટલું પુરાણું નથી. તેથી કાંઈ નહિ તો યુરોપિયન ગ્રંથકારો, કુદરતી રીતે, પુર્વ ભણીના યુનાની અને રોમન લખનારાઓને વધારે વજન આપે છે. તે છતાં યુરોપિયન લખનારાઓમાં કોઈ માએના પુતો એવા નિકળ્યા છે કે જેઓએ, પશ્ચિમ ભણીના યુનાની અને રોમન લખનારાઓ ખરા કે પુર્વ ભણીના ઇરાની લખનારાઓ ખરા, તે સવાલના જંગમાં ઇરાની લખનારાઓની તરફેણમાં બાથ ભીડી છે. આપણાં શેહેરમાંજ આસરે એંસી નેવું વર્ષ ઉપર એ સવાલો વચેની લડાઈ આપણી એશિઆટીક સોસાયટીની મુંબઈની શાખાની રંગભુમી ઉપર, એક હાથ ઉપર મેજોર વેન્સ કેનેડી અને બીજા હાથ ઉપર મી. વીલ્યમ એર્સકીન વચ્ચે, લડાઈ હતી. કેનેડી કહેતો કે, ઈરાનની પુરાણી તવારીખની બાબદમાં પુર્વ ભાણીના લખનારાઓ ખરા છે અને પશ્ચિમ ભાણીના લખનારાઓ પોતાનાં દેશ અને દીન અભિમાનથી ઘસડાઈ જઈ ઇરાનીઓ માટે ભુલ ભરી યા સહરાઘાત ભરી વિગતો જણાવે છે. બીજા હાથ ઉપર એર્સકીન પુર્વ ભણીના લખનારાઓને, અને તેમાં ફીર્દોસી, તબરી જેવાઓને પણ, થોડુ વજન આપી ઉતારી પાડતો અને યુનાની અને રોમન લખનારાઓનાં વચનને સત વચન તરીકે માનતો. એ બે વિદ્વાનોના જમાનામાં પેહેલવી સાહિત્ય હજુર પુરતું રોશનીમાં આવ્યું ન હતું. તે સાહિત્યએ હવે રોશનીમાં આવી, કાંઈ નહિ તો ફીર્દોસીનો બચાવ કર્યો છે, કે તે નામીચા સાએરે, પોતાનાં જગ પ્રસીદ્ધ શાહાનામામાં

પોતાની કલ્પનાને માર્ગે આપ્યો નથી, પણ આગલી હકીકતો, જે કોઇ પેહેલવી પુસ્તકોમાં જળવાઈ રહેલી હતી યા બાપ દાદાથી ગાયન, ખ્યાલ વિગેરે મારફતે ઉતરી આવી હતી, તેને વળગી રહયો હતો. આ બાબદમાં મો. મોહલે ફીર્દોસીનો પુરતો બચાવ કર્યો છે.

હવે આપણે મથાળે નામ દીધેલાં પુસ્તકમાં, એક અસલી ઇરાની સ્વચ્છ લોહી ધરાવનાર પારસી સપુતને પોતાનાં અસલી ઇરાંન વતન અને તેની પુરાણી કીર્તિનાં બચાવમાં, હિમ્મતથી પોતાનાં શુભ વચનોથી લડતો જોઈએ છિએ. મી. પી. કેર્સાસ્પ રૂસતમજી દાદાચાનજી વડોદરાના જાણીતા પારસી દીવાનના બેટા છે, અને તેવણ આપણા મુથ્થીભર પારસી હીદી સીવીલિયનોમાંના એક ભવીષ્યની સારી આશા આપનારા જવાન છે. પોતાની આસાએશ માટેની રજા ઈંગ્લાંડ ખાતે ગુજારતાં તેવણે પોતાના વખતનો રૂડો ઉપયોગ કરી આ અગતનું પુસ્તક બાહાર પાડયું છે. મી. પી. કેર્સાસ્પ કાબેલીયત સાથે દેખાડે છે કે યુનાની અને રોમન લખનારાઓ ઇરાન સાથની પોતાની લડાઈઓનાં વર્ણનોમાં અને ઇરાનને લગતી બીજી બાબદોમાં પોતાનાં દેશની કીર્તિ જાળવવા ખાતર ઈરાનને ઘેર ઈનસાફ કરે છે અને ભુલ ભરેલી હકીકતો આપે છે. આ અગતનાં પુસ્તકનો આ બાબદના સંબધમાં અગતનો ભાગ તે છે, કે જેમાં એવણ ખુદ બીજા યુનાની લખનારાઓને આધારે જણાવે છે કે ઇરાન સામે લખનારા કેટલાક યુનાની લખનારાઓની હકીકતની સચ્ચાઈ બાબે આપણને શક રાખવાને કારણ છે.

શુરાતન (Chivalry) ના જમાનાએ યુરોપની હાલત ઉપર કેટલીક અસર કરી છે. ઇરાનનો પોતાનો એવો એક જમાનો હતો, તેનો ચિતાર આપણને શાહાનામાં ઉપરથી મળે છે. એ જમાનાનાં કેટલાંક દાસ્તાનો આ પુસ્તકમાં ટુંકમાં વાંચવા લાયક રીતે વર્ણવ્યાં છે અને તેમાંથી હાલનાં પારસીઓને હરખાવા જોગ સાર ખેચ્યો છે. તે બાબેનો પાંચમો બાબ સાધારણ વાંચનારાઓને પણ વાંચવા જોગ છે, એટલુંજ નહિ પણ ગોખવા જોગ છે.

જેમ હખામીનિઅન વશની તવારીખમાં દારાયસનું રાજ એક પ્રસિદ્ધ રાહ દેખાડનાર ઇધાણી (Land-mark) સમાન છે, તેમ સાસાનિઅન વશની તવારીખમાં અરદેશર બાબેગાંનનું રાજ, અને તે પછી નોશરવાંન અદલનું રાજ છે. પેગામ્બર મહમદે પોતે પાછલા પાદશાહ માટે મગરૂરી લીધી હતી કે નોશીરવાંન અદલ જેવા એક નામીચા પાદશાહનાં રાજ્યમાં તે જન્મ પામ્યો હતો. એ જગ પ્રસીદ્ધ પાદશાહનાં રાજય ઉપર, આપણા જવાન ગ્રથ કર્તાની કલમ ફીદા ફીદા થઈ ગઈ છે. એક ભલા આશકને

૨

પોતાની પતિવ્રતા માશુક ઉપર ફીદા ફીદા થતો જોવામાં એક મોજ છે. તેવીજ મોજ વાંચનારને નોશીરવાંન અદલનાં ખાલેશ દાહાપણ ઉપર મોહિત પડેલા આ ભલા અને ભણેલા પારસી જવાન આશકની કલમનું વર્ણન વાંચતાં મળે છે. મી. પી. કેરસાસ્પનાં નાનાં પણ સુંદર અને અગતનાં પુસ્તક માટે અમારે ભલા વિચારો જણાવવા વગર બીજું કાંઈ કહેવાનું નથી, સિવાય એક વાત, જે કહેવા માટે આ જવાંન ગ્રંથકર્તા અમોને માફ કરશે, અને જે વાત અમો પોતે પણ કબુલ કર્યે છિએ, કે એક નવ-જવાન લોહી ધરાવનાર ગ્રથકર્તામાં ઘણીક હદે માફ કરવા જોગ છે. તે આ કે આપણા ગ્રથકર્તાની ટીકાકાર જબાન સખ્ત અને આકરી છે. અમો આશા રાખ્યે છિએ કે વધુ શાંત અભ્યાસ યા દુનિયાઆનો વધુ અનુભવ અને વધુ ઉમ્મર એવણની ભાષાને જરા નરમ બનાવશે.

સાંકળ્યું.

બાબ ૧.

કેઆનીઅન વંશ.

બાબ ૨.

બાબ ૩.

બાબ ૪.

બાબ ૫.

શાહ લોહરાસ્પ. ૮૩

બાબ ૬.

શાહ ગુશ્તાસ્પ.

બાબ ૭.

બાબ ૧.

કયાન્યન વંશ.

અવસ્તા—"ઉગ્રેમ કવએમ ખરેનો મજદધાતેમ યજમઇદે."
(યજશ્ને હા ૨, ફ. ૧૪)

અર્થ—અહુરમજ્દનાં પેદાકરેલાં મજબુત કયાંની ખોરેહને અમો આરાધ્યે છિએ.

અવસ્તામાં એ વંશનું નામ અને હકીકત—પેશદાદિઅન વંશ પછી ઇરાનની ગાદીએ કયાન્યન વંશ આવ્યું. અવસ્તા પ્રમાણે, એવું માનવામાં આવતું કે તે વંશના પાદશાહો એક ખાશ પાદશાહી ખોરેહ ધરાવતા હતા. તે ખોરહે 'કયાંની' ખોરેહ ગણાતું. પછી એ ખોરેહ પાદશાહી ખોરેહ ગણાવા લાગુ. અવસ્તામાં એ કયાંન્યન વંશ કવિ, કવન અથવા કવયને નામે જણાયલું છે. એ ખાનદાંન પેહેલવી પુસ્તકોમાં પણ 'કએ'ને નામથી જણાયલું છે. શાહનામા પ્રમાણે તે કયાન્યન વંશને નામે જણાયલું છે.

એ વંશના નીચલા પાદશાહો અને શાહજાદાઓનાં નામો અવસ્તામાંથી મળે છે. 'કવિ કવાત[૧] (કએ કોબાદ), કવિ ઉસધન[૨] (કએકાઉસ), કવિ અર્ષન,[૩] પિસિનંઘહ,[૪] અઇપિવંઘૂહ[૫], બ્યર્ષાન,[૬] સ્યાવર્ષન[૭] (સ્યાવક્ષ), હુસવંઘ[૮] (કએખુસો), અઉર્વત અસ્પ[૯] (લોહોરાસ્પ), વીશ્તાસ્પ[૧૦] (ગુશ્તાસ્પ), અને સ્પેન્તોદાત[૧૧] (અસફન્દયાર). એ ખાનદાનનો પાયો નાખનાર કોબાદ હતો. બુનદેહેશ (બા. ૩૧)માં એ ખાનદાનની વંશાવળી આપી છે, તે ઉપરથી એ પેહેડીનો નીચલો ઝુમખો ઉપજાવી કાહાડ્યો છે. એઓમાં જે નામોની પાસે વલાયામાં આંકો મુકયા છે તે નામોવાળા શખસો રાજગાદીએ આવેલા છે અને એ આંકો તેઓના રાજ કરવાનાં વર્ષો છે.

---

૧ ફ્રર્વર્દીન યશ્ત ફ. ૧૩૨; જમ્યાદ યશ્ત ફ. ૭૧. ૨ ફ્રર્વર્દીન યશ્ત ફ. ૧૩૨; જમ્યાદ યશ્ત ફ. ૭૧. ૩ ફ્રર્વર્દીન યશ્ત ફ. ૧૩૨; જમ્યાદ યશ્ત ફ. ૭૧. શાહનામાનો કએ અરશ. ૪ Ibid. ૫ Ibid. ૬ Ibid. ૭ Ibid. ૮ ફ્રર્વર્દીન યશ્ત ફ. ૧૩૨; જમ્યાદ યશ્ત ફ. ૭૪. ૯ આવાંયશ્ત ફ. ૧૦૫; વીશ્તાસ્પ યશ્ત ફ. ૩૪,૪૬; ૧૦ ફ્રર્વર્દીન યશ્ત ફ. ૯૯. ૧૧ ફ્રર્વર્દીન યશ્ત ૧૦૩. વીશ્તાસ્પ યશ્ત ફ. ૨૫.

કયાન્યન વંશાવળી. બુનદેહેશ પ્રમાણે.

- કએકવાત (૧૫ વર્ષ રાજ કર્યું).
  - અપીવેહે
    - અર્શ
    - વીઆર્શ
    - પીશીન
      - માનુશ
        - અઉજવ
          - લોહરાસ્પ ૧૨૦
            - વીશ્તાસ્પ (૧૨૦)
              - સ્પેન્તદાદ (અસફન્દયાર)
                - વોહુમન (બહમન) (૧૧૨)
                  - હોમાએ રાણી (બીજું નામ ચેહેરઆઝાદ ૩૦ વર્ષ)
                    - દારાં (૧૨)
                      - દારાં (૧૪)
                - આતરોતશ
                - મીતોનશ
                - અને બીજા (નામ નથી)
            - જરીર
            - બીજા ભાઈઓ (નામ નથી આપ્યાં)
    - કાઉશ (૧૫૦ વર્ષ)
      - સ્યાવક્ષ
        - કએખુસ્રુ (૬૦)

વેદમાં અવસ્તાના ઉપલા કવિ શબ્દને મલતો શબ્દ કવિ છે, જેનો અર્થ "એક પરહેજગાર ધર્મગુરૂ" થાય છે. કએકોબાદને પણ એ શબ્દ એજ અર્થે અસલમાં લગાડવામાં આવ્યો હોય, કારણ કે તે પેહેલે એકાંતપણાંમાં ખુદાની બંદગીમાં એક પરહેજગાર પુરૂષ તરીકે રહેલો હતો. ડા. હાઉગ બીજી દલીલોમાં આ 'કવિ' શબ્દની પણ દલીલ રજુ કરે છે કે, પેહેલે, જ્યારે વેદવાળાઓ અવસ્તાવાળાઓની સાથે હતા, ત્યારે તેઓમાં કેટલાક શબ્દો સારા અર્થે સામાન્ય હતા અને

'કવિ' શબ્દ એવા શબ્દોમાંનો એક હતો. પણ પાછળથી જ્યારે ખાસ લાયકાત માટેનો એ શબ્દ બીજા એવા શબ્દો માફક પોતાનું ખાસપણું ખોહી સાધારણ બની જઈ, નહિ ઘટે એવા પુરૂષોને લાગવા લાગો, ત્યારે અવસ્તાવાળાઓએ વેદવાળાઓથી છુટા પડતી (Schism) વખતે, એને ભલાઓ માટેના પોતાના શબ્દ કોષમાંથી દૂર કર્યો અને તેને ખરાબ અર્થ આપ્યો. એક ભલાં ખાનદાંનનાં નાંમ તરીકે એ શબ્દએ પોતાનો અસલ ભલો અર્થ જાળવી રાખ્યો. પણ એક સામાન્ય શબ્દ તરીકે, ગાથામાં, એ કવિ (કવન) શબ્દ " છતી આંખોએ આંધળો," " જરથોશ્તી દીનથી ઉલટો ચાલનાર," એવો અર્થ પામ્યો. એ શબ્દનું પેહેલવી રૂપ 'કીક' છે, જે શબ્દને આપણી "અહુરમજ્દ ખોદાએ"ની બંદગીમાં આપણે " કીકાંન, કરફાંન," એવી રીતે ભણ્યે છિએ.

બાબ ૨.

કએકોબાદ.

અવસ્તા—ઊગ્રેમ કવએમ ખરેનો મજ્દધાતેમ યજમઇદે... યત ઊપંઘ્હચત કવએમ કવાતેમ (જમ્યાદ યશ્ત ફ. ૭૦–૭૧).

અર્થ—મજ્દનાં પેદા કરેલાં મજબુત કેઆંની ખોરેહને અમો આરાધ્યે છિએ કે જે ખોરેહ કએકોબાદને પ્રાપ્ત થયું હતું.

અવસ્તા—" કવોઇશ કવાતહે અષઓનો ફ્રવષીમ યજમઇદે "
(ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૨)

અર્થ—અશો કએકોબાદનાં ફરોહરને અમો આરાધ્યે છિએ.

એ પાદશાહનું નામ અને ઓલાદ—એ પાદશાહને અવસ્તામાં[1] કવિ કવાત અને પેહેલવીમાં[2] કવાત અથવા કએકવાદ કહયો છે, બુનદેહેશમાં અને શાહાનામામાં એને કએકોબાદ કહેલો છે. અવસ્તામાં[3] એને કેઆનીઓના નામોની ટીપમાં પેહેલો મુકયો છે, તે ઉપરથી અને બુનદેહેશ[4] ઉપરથી માલમ પડે છે કે તે ક્યાંન્યન

---

૧ ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૨; જમ્યાદ યશ્ત ફ. ૭૧.

૨ બાબ ૩૧, ફ. ૨૪,૨૫,૨૮.

૩ ફર્વર્દીન. યશ્ત ફ. ૧૩૨. ૪ બાબ ૩૧, ફ. ૨૫.

વંશનો સ્થાપનાર હતો. ફીર્દોસી પ્રમાણે પણ જવના છોકરા કૈર્સાસ્પના મરણ પછી, કૈર્સાસ્પને કંઈ ફરજંદ નહિ હોવાથી, એને એક પહાડ ઉપરથી લાવી ઇરાનનું રાજ્ય આપ્યું હતું. એ પાદશાહ કોણનો છોકરો હતો, તે અવસ્તા, બુનદેહેશ કે શાહાનામા ઉપરથી માલમ પડતું નથી. અવસ્તામાં ફર્વર્દીન યશતમાં જેમ ઘણાકોનાં નામોની સાથે લખે છે કે "ફલાનાનો ફલાનો" તેમ એનાં નામ સાથે લખ્યું નથી. બુનદેહેશમાં એનાથી ક્યાંન્યન વંશ શરૂ કીધું છે, તેથી એ કોણનો છોકરો હતો તે ત્યાં જણાવ્યું નથી. શાહાનામામાં ફક્ત એટલુંજ જણાવ્યું છે કે એ ફરેદુનના વંશનો હતો, પણ તે કોણનો છોકરો હતો તે જણાવવામાં આવ્યું નથી. કૈર્સાસ્પના મરણથી ઇરાનનું ખાલી પડેલું તખ્ત લેવા માટે રૂસ્તમ તેને તેડવા જાય છે, ત્યાં પણ તે પોતે પોતાને ફરેદુનની તોખમનો જણાવે છે અને કહે છે કે, "હું મારી તોખમ અને મારી પેહેડીનાં સઘળાં નામો જાણું છું." પણ તે નામો તે જણાવતો નથી. દાદેસ્તાની દીની[1]માં ફક્ત એટલુંજ જણાવે છે કે તે એક કીર્તિવંત ખાનદાનનો હતો. એ પ્રમાણે અવસ્તા, પેહેલવી કે શાહાનામા ઉપરથી તેના બાપનું નામ મલતું નથી. હવે બુનદેહેશ ઉપરથી દિસે છે કે એને એના જન્મ વખતે એનાં માએ બાપે તજી દીધો હતો, અથવા કોઈ કારણથી તે તેઓથી બાળપણમાં છુટો પડી ગયો હતો. એ કેતાબ[2] પ્રમાણે તેને એક કપડાંમાં વિંટાલી કોઇએ નદી કાંઠે છોડી મેલ્યો હતો. ત્યાં તે થંડીમાં અકડી ગયલો પડી રહ્યો હતો. ત્યાંથી અવસ્તાવાળો ઊજવ, બુનદેહેશવાળો જુવે તોહમાસ્પાન અને ફીર્દોસીનો જવે તેહમાસ્પ તેને ઉંચકી લાવ્યો અને પાળી પોષી મોટો કીધો અને તેણે તેનું નામ કોબાદ આપ્યું. હવે શાહનામું બુનદેહેશનાં એ વર્ણનને સીધો ટેકો આપતું નથી પણ આડકતરી રીતે દેખાડે છે કે તેનાં જન્મ વખતે કોઈ એવો અસાધારણ બનાવ બન્યો હશે, કારણ કે તેને અલબુર્જ પહાડના કોઈ એકાંતવાસમાં રહેતો જણાવ્યો છે, જ્યાં તે આગમચથી એક સ્વપ્નો જોએ છે કે એક પક્ષી આવીને તેના માથાઉપર તાજ મેલે છે. વળી તેનું મકાન અને મીજલસની જગ્યા પણ એક નદીને કિનારે છે.

---

૧ બાબ ૨૭, ફ. ૩૭. ૨ બુનદેહેશ બાબ ૩૧, ફ. ૨૪.

વળી ફીર્દોસીનાં વર્ણન ઉપરથી દિસે છે, કે નોજરના મરણ પછી જે જવને ગાદી ઉપર લાવી બેસાડ્યો હતો, તે જવ પણ ફ્રેદુનની ઓલાદનો હતો અને તેને પણ બહારથી ખોલી લાવ્યા હતા. એ ઉપરથી દિસે છે કે જવ જે એકાંતવાસમાં પહાડ ઉપર રહેતો હતો, ત્યાં તેણે કએકોબાદને નદી કિનારે એક બાલક તરીકે તજી દીધેલો જોયો હોય. ત્યાર પછી તે તો એકાંતવાસ છોડી ઈરાનની ગાદી ઉપર આવ્યો હતો. ત્યાં તેણે જાલ આગળ બાળક કએ-કોબાદની વાત કરી હોય. હવે જવ તો ૫) વર્ષ રાજ કરી મરણ પામ્યો. તેની પછી ફીર્દોસી પ્રમાણે—જોકે બુનદેહેશ કે અવસ્તા પ્રમાણે નહિ—કેર્સાસ્પે ૫) વર્ષ રાજ કર્યું. ત્યાર પછી પાછું ઈરાનનું તખ્ત ખાલી પડવાથી જાલને જવે કએકોબાદ માટે કહેલી વાત યાદ આવી હોય. ફીર્દોસી કહે છે કે જાલે એ વાત એક મોબેદથી સાંભળી હતી, તેથી તેણે રૂસ્તમને કએકોબાદનું નામ અને થામ કહી તેને લાવવા મોકલ્યો. તબરી[1] એને જાગ નામનો ધણી, જેને તે નોદરના નબીરાનો છોકરો જણાવે છે, તેનો છોકરો જણાવે છે.

કએકોબાદની આગમચ ઇરાનનો મામલો.

પેહેલવી—આખેર મિન અઉજુબ દુદ ફ્રાસ્યાવ ગેરાંન હલાકીઅ પવન અઈરાન શેત્ર કર્દ વદ કવાદ વલ ખુદાઈઅિ નશેસ્ત (એર્વદ તેહમુરસવાળી પારસી પંચાએતે પ્રગટ કરેલી મોટી બુનદેહેશ, પાનું ૨૧૨ લીટી ૫–૬).

અર્થ—અઉજુબ (જવ) પછી ફરીથી અફ્રાસ્યાબે ઈરાન શેહેરમાં મોટી હલાકી પહોંચાડી, જ્યાંસુધી કે કવાદ (કએકોબાદ) પાદશાહી ઉપર બેઠો.

કેર્સાસ્પ થોડાંક વર્ષની વગર જણાયલી હકુમત બાદ મરણ પામ્યો કે તુરાની પશંગે ઈરાનપર ચહડાઈ લેઈ જવાનો વિચાર કર્યો અને તેમ કરવાને પોતાના બેટા અફ્રાસ્યાબને કેહેવાડયું. ઇરાનનું તખ્ત પાદશાહ વિનાનું હતું અને દુશ્મન ચહડાઈ લાવતો હતો, તેથી ચિંતાતુર બની ઇરાની સરદારોએ જાલ ઉપર પેગામ મોકલી સલાહ

[1] Tabari par Zotenberg, Vol 1, p. 407. Chap. 82.

અને મદદ માગી. જાલ પોતે હવે જઈફ થવા આવ્યો હતો, તેથી તેણે પોતાના બેટા રૂસ્તમને ઇરાનની સેવા માટે વધુ બહાર પાડવાનો ઠેડાવ કર્યો.

રૂસ્તમને તે બાબે જણાવતાં તે ખુશીથી ઇરાનની સેવામાં બહાર પડવાને તૈયાર થયો. જાલ તેથી ખુશ થયો. પછી તેણે પોતાના બાપ સામનો ગુર્જ, જે સામે માજીનદરાન સામેની લડાઈમાં વાપરચો હતો, તે રૂસ્તમને લડાઇમાં વાપરવા આપ્યો. પછી જ્યારે રૂસ્તમે પોતા માટે એક લાયક ઘોડાની માગણી કીધી, ત્યારે સામે જાબુલ અને કાબુલથી કેટલાક ઘોડાઓ મંગાવી રૂસ્તમ આગલ રજુ કર્યા. રૂસ્તમે સર્વ ઘોડાઓને, તેઓના કમ્મર ઉપર હાથ દાબી, તપાસી જોયા. તેમ હાથ દાબતાં તે ઘોડાઓ રૂસ્તમના જોરથી કમ્મરમાંથી વાંકા વલી જતા હતા. સર્વ ઘોડાઓમાંથી એક રખશ નામનો ઘોડો તેને પસંદ આવ્યો, સબબ કે તે ઘણો મજબુત હતો અને કમ્મરમાંથી દાબતાં વાંકો વલી ગયો નહિ.

હવે અફ્રાસ્યાબ સામે જાલે લડાઈ જાહેર કીધી, પણ તેમાં બરાબર મશ્ગુલ થવા આગમજ તેણે જરૂરનું એ જોયું કે, ઇરાનનું તખ્ત, જે કેર્સાસ્પનાં મરણથી પાદશાહ વિનાનું થયું હતું, તેની ઉપર કોઈ પાદશાહને બેસાડવો જોઈએ. એક પાદશાહ વગર ઇરાન નબળું ગણાય. તે ઉપરથી જાલે, ઉપર એશારો કરવા મુજબ, કએકોબાદ નામના કોઈ પાદશાહી ખાનદાનના પુરૂષની હકીકત રૂસ્તમને કહી અને પહાડી એકાંતવાસમાંથી કએકોબાદને ખોલી લાવવાને કહ્યું. રૂસ્તમે બાપનો સખુન માથે ચહડાવી એ કામ માથે લીધું અને અલબુર્જ પહાડ તરફ ગયો. અફ્રાસ્યાબે જતાં અને આવતાં રૂસ્તમના માર્ગમાં અડચણ નાંખવાની કોશેશ કીધી, પણ તે ફોકટ ગઈ. રૂસ્તમે કએકોબાદને પહાડો વચ્ચેથી એક નદી કિનારેથી ખોલી કહાડ્યો અને ઈરાંની બુજોર્ગો તરફથી તેને ઇરાંનની ગાદી લેવાને અરજ કીધી. કએકોબાદે તે બહાલ રાખી અને ઇરાન આવ્યો. ઇરાનનાં બુજોર્ગોએ તેને ગાદી આપી.

કએકોબાદે રાજગાદીએ આવતાં તુરાંની અફ્રાસ્યાબ સાંમે

લડાઈ જાહેર કીધી. એ લડાઈમાં જવાન રૂસ્તમ અને અક્રાસ્યાબ વચ્ચે હાથો હાથ લડાઈ થઈ. તેમાં રૂસ્તમે અક્રાસીઆબને તેનાં કમરબંદમાંથી પકડી જીન ઉપરથી ઉથાવી લીધો કે તેને તેમ ઉંચકીને શાહ કએકોબાદ આગલ લેઈ જાય. પણ તેવામાં કમરબંદ તુટી ગયો. તેથી અક્રાસ્યાબ છુટો થઈ લડાઈનાં મેદાનમાંથી નાહઠો. પછી ઇરાંની લશ્કરે તુરાંની લશ્કર ઉપર હુમલો કીધો. તુરાંનીઓ હાર્યા અને નાહઠા. અક્રાસ્યાબે પોતાના પિતા પસંગ આગલ રૂસ્તમનાં જોરની સ્તુતિ કરીને ઈરાંન સાથે સુલેહ કરવા કહ્યું. પસંગે તેમ કર્યું અને સુલેહની માગણી કરી. કએકોબાદે તે કબુલ રાખી. પછી જાલ અને રૂસ્તમને ભેટ સોગાદો આપી અને રૂસ્તમને જાબુલસ્તાનથી તે સિંધુ નદી (દર્યા એ સિન્દ) સુધીના મુલકની હાકમી આપી. પછી પાદશાહ પારસના મુલકમાં ઇસ્તખર, જે તેની રાજધાની હતું, ત્યાં ગયો. ત્યાં ખુશાલ રહી તેણે ઘણુંક નવાં શેહેરો, ખાસ કરીને રએ શેહેરની આજુબાજુમાં, સ્થાપ્યાં. સેવટે મરણનો વખત આવી પોહોંચતાં તેણે પોતાના બેટા કાઉસને પોતા આગલ તેડી તેને ઇરાનનું રાજ્ય સોંપ્યું.

એના છોકરાઓ.

અવસ્તા—કવોઇશ ઉસધનો....અર્ષ્નો....પિશિનંઘ્હો....બ્યરષાનો અષઓનો ફ્રવષીમ યજમઇદે.

અર્થ—અશો કએકાઉસ, અર્ષન પિશિનંઘ્હ, બ્યર્ષાનનાં ફ્રોહરોને અમો આરાધ્યે છિએ.

ફીર્દોસી પ્રમાણે એને નીચલા ચાર છોકરા હતા. આરેશ, અર્મીન, નશીન અને કાઉસ. એ ચાર નામો તે અવસ્તા[1]નાં અર્ષન, બ્યર્ષન, પિસિનંઘહ અને કવીઉસધન છે. બુનદેહેશ[2] એ નામો અર્શ, બ્યાર્શ, પીશન અને કાઉસ આપે છે, પણ એઓને કએકોબાદના બેટાઓને બદલે એના બેટા "અપીવેહ" (અવસ્તાના અઇપી[3]વંઘ્હુ)ના બેટાઓ ગણે છે. તબરી એને નીચલા ૬ છોકરાઓ જણાવે છે. કએયાફ્તે, કએકાઉસ, કએઅરેશ, કએફાસીન, કએટીએ, અને બહમન. એ

૧ ફર્વર્દીન.યશ્ત ફ. ૧૩૨. ૨ બાબ ૩૧. ૩ ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૨.

નામોમાં "કએ"ને પેહેલવી શબ્દ ગણી તેનો અર્થ "એક ભલો પાદશાહ" જણાવે છે. (Tabari par Zotenberg, Vol I p. 407.)

બુનદેહેશ[1] અને દાદેસ્તાનેદીની[2] પ્રમાણે એની બાયડીનું નામ ફરાનક હતું. તબરી પ્રમાણે એની બાયડી તુર્કસ્તાનની એક શાહજાદી હતી.

એના રાજ્યના બીજા બનાવો.

પેહેલવી—મિન કએકવાત સુદ હેન્મન ચેહવુન્ત.

અર્થ—કએકોબાદથી (દુન્યાને) આ (ત્રણ) ફાયદા હતા.

પેહેલવી મીનોખેરદ[3] એની જીંદગીનાં ભલાં કામો યા સદગુણો તરીકે નીચલા ત્રણ જણાવે છે. ૧ ઉપકાર, પીછાંનવો (સેપાસદારીઅ), ૨ સારો રાજ્ય કારોબાર (ખુદાઇઅ એ ખુબ), ૩ કયાંન્યન વંશને પાછું ચાલુ કરવું. ત્રીજી બાબત કેરસાસ્પ પછી ઇરાનમાં પાદશાહી વગરની હાલત (Interregnum) હતું, તેનો એશારો કરે છે.

[3]તબરી કહે છે કે એણે દેશમાં નેહેરો સ્થાપી અને દેશના મોટા રસ્તાઓ ઉપર તફાવત દેખાડનારા પથ્થરો (Mile-stones) મેલવાનો રેવાજ દાખલ કર્યો.

એનાં રાજ્યની મુદત.

પેહેલવી—કએકોબાદ પાન્જદેહ શન્ત.

અર્થ—કએકોબાદે ૧૫ વર્ષ (રાજ્ય કર્યું).

બુનદેહેશ પ્રમાણે એણે ૧૫) વર્ષ રાજ્ય કર્યું હતું. ફીર્દોસી એ મુદત ૧૦૦) વર્ષની જણાવે છે. માલકમ[4] ફીર્દોસીની પોતા પાસેની કોઈ નકલ પ્રમાણે એ મુદત ૧૨૦ વર્ષની આપે છે. તબરી એ મુદત ૧૦૦ વર્ષની જણાવે છે. માસુદી કએકોબાદ માટે કાંઈ કહેતો નથી. શલીબી એનાં રાજ્યનાં વર્ષ ૧૦૦ જણાવે છે. બુનદેહેશની મુદત ખરી દિસે છે. ફીર્દોસી, એનાં રાજ્યનું જે ટુંકું વર્ણન આપે છે, તે વર્ણન પ્રમાણે અફ્રાસ્યાબ સાથેની ઉપલી લડાઇ સિવાય એનાં રાજ્યમાં કોઈ બીજા અગતના બનાવો બન્યા હતા નહિ.

---

૧ બાબ ૩૧, ફ. ૩૧. ૨ બાબ ૪૩, ફ. ૩૩. ૩ બાબ ૨૭ ફ. ૪૬-૪૮.
૪ Ualcom's History of Persia Vol I, p. 24.

બાબ ૩.

કએકાઉસ.

અવસ્તા—કવોઈશ ઉસધનો અષઓનો ફ્રવષીમ યજમઈદે (ફ્રર્વર્દીન યશ્ત, ફ. ૧૩૨.)

અર્થ—અશો કએકાઉસનાં ફ્રરોહરને અમો આરાધ્યે છિએ.

એ પાદશાહનું અવસ્તા[1]નું નામ કવિ ઉસધન અથવા ઉસન છે.

બુનદેહેશ પ્રમાણે એ કએકોબાદના છોકરા અપીવેહે (અવસ્તા અઇપિવંધું)નો છોકરો થાય. શાહનામામાં એને કએકોબાદનો છોકરો ગણ્યો છે. બુનદેહેશ પ્રમાણે એ અઇપિવેહેના ચાર છોકરાઓમાંનો ચોકો છોકરો હતો. શાહનામા પ્રમાણે તે કોબાદના ચાર છોકરાઓમાં વડો હતો.

અવસ્તામાં એ પાદશાહની જીંદગીના સંબંધમાં નીચલા એશારાઓ મળે છે.

૧ એણે એરેઝીફ્રય પહાડ ઉપર અહુરમજદની અને આવાં યજદની સ્તુતિ કરી તેની બરકતથી જાદુગર, પરી, કવી અને કરપ જેવા બુરા માણુસોનો દોર તોડ્યો.[2]

૨ એ પાદશાહે આકાશમાં ઉંચે ઉડવાની કોઈ યુક્તિ કરી હતી.[3]

૩ એ પાદશાહને કુદરતી ખોરેહ હતું[4]. તે ઉપરથી પએગામ્બર જરથોશ્ત શાહ ગુશ્તાસ્પ ઉપર દુઆ કરતાં ઇચ્છે છે કે "અશવરેચાઓ (બવાહી) થય કવઉસ" એટલે "કાઉશના જેવો પૂર ચળકાતવાળો થજે."

બુનદેહેશ અવસ્તાના એની જીંદગીના ઉપલા એશારાઓને નીચે પ્રમાણે ટેકો આપે છે. અવસ્તાના બીજા એશારાને મળતું તે કહેછે કે,[5]

---

૧ આવાં યશ્ત ફ. ૪૫; ફ્રર્વર્દીન યશ્ત ફ. ૧૩૨; બેહેરામ યશ્ત ફ. ૩૯; જમ્યાદ યશ્ત ફ. ૭૧; પેગામ્બર જરથોશ્તની આફ્રીન, ફ. ૨.

૨ આવાં યશ્ત ફ. ૪૫. ૩ બેહેરામ યશ્ત ફ. ૩૪. ૪ જમ્યાદ યશ્ત ફ. ૭૫.

૫ બુનદેહેશ બાબ ૩૪, ફ. ૭.

તે કોઈ યુક્તીથી આકાશ ઉપર ચહડ્યો હતો. રાજગાદીએ આવ્યા પછી ૭૫ વર્ષે તેણે એમ કર્યું હતું અને તે બનાવ પછી પણ તેણે બીજાં ૭૫ વર્ષ રાજ કીધું હતું. એટલે સર્વ મળીને તેણે ૧૫૦ વર્ષ રાજ કર્યું હતું. બહમનયસ્ત[1]માં અહુરમજ્દ જરતોસ્તને દેવો અથવા બુરાઓ સાથે થયલા અથવા હવે પછી થનારા ત્રણ મોટા ઝઘડાઓવિષે કહે છે. તેમાં પેહેલ વેહેલો ઝઘડો આ પાદશાહના રાજ્યમાં દેવો અને ફરેસ્તાઓ વચ્ચે જણાવે છે. એ અવસ્તાના એશારાને લગતી પેહેલી બાબત છે. પેહેલવી જરતોસ્ત નામામાં એ બાબે વધુ એ લખે છે કે એ પાદશાહે સરીત નામના શખ્સને જંગલમાં મોકલ્યો હતો, કે 'દએરે પરીકાન,' જેમાં પરીઓ રહેતી હતી, તે તોડી નાંખે. પેહેલી વખત સરીત પરીઓ સાથ સુલેહ કરી પાછો આવ્યો ત્યારે કાઉસે ગુસ્સે થઈ ફરીથી મોકલ્યો કે જઇને "કલબા કરપ" નામની પરીને મારે. શાહનામા પ્રમાણે એ શાહે દજે બહમન નામનો જે કીલ્લો કએખસરૂ પાસે ભંજાવ્યો હતો, તે પણ દેવોનું મથક હતું. જાદસ્પરમ, દીનકર્દ, મીનોખેરદ વિગેરે પેહેલવી કેતાબોમાં એને જેમ કએ કાઉસ તેમ કએઉસ પણ કહો છે. મીનોખેરદ પ્રમાણે જમશેદ, ફરેદુન અને આ કાઉસ પાદશાહને અહુરમજ્દે ભલા અને અમર કીર્તિવંત બનાવ્યા હતા. પણ આહરેમનની બુરી શિખવણીથી તેઓએ પોતાની જીંદગીમાં એકેક ખરાબ કામ કર્યું, જેમકે જમશેદે મગરૂરી કરી; ફરેદુને રાખરખાવત રાખી નાના એરચને ઇરાનનું મોટું રાજ આપી ભાઈ ભાઇઓમાં કજીઓ ઉત્પન્ન કર્યો, અને બીજા ભાઇઓને હાથે એરચ માર્યો ગયો ત્યારે તેના કિનામાં તેઓને મીનોચેહેરને હાથે મારી નખાવ્યા; કાઉસે તુંદાઈ કરી છેક આસમાન ઉપર ચહડવાની હુલરાઈ કરી.[2] એજ કેતાબમાં[3] કેટલાક પાદશાહોથી થયલાં ભલાં કામો વર્ણવ્યાં છે. તેમ એ પાદશાહનું ભલું કામ એ ગણ્યું છે કે એને ત્યાં સ્યાવક્ષ જેવો ભલો છોકરો પેદા પડ્યો હતો. એજ કેતાબ[4] વળી એ પાદશાહને મળેલા ઉપલા અવસ્તાના ત્રીજા એશારાવાળાં નુરનો એશારો કરે છે અને કહે છે કે જમશેદ અને ફરેદુન સાથે એ પાદશાહે

---

૧ બાબ ૩ ફ. ૯. ૨ બાબ ૮ ફ. ૨૭. ૩ બાબ ૨૭ ફ. ૫૪. ૪ બાબ ૫૦ ફ. ૨૧.

પણ અકલની ખામી દેખાડી અને અહુરમજદ તરફ નાફર્માની દેખાડી. ફારસી રેવાયતો પણ એને વિષે એ પેહેલવી કેતાબના જેવા વિચારો જણાવે છે. એ પ્રમાણે ત્યારે પેહેલવી કેતાબો આ પાદશાહ વિષેના અવસ્તાના ઉપલા ત્રણ એશારાઓને ટેકો આપે છે. હવે એ અવસ્તાના ઉપલા કાઉસ સંબંધી એશારાઓને અને પેહેલવી લખાણને શાહનામાંથી કેટલોક ટેકો મળે છે. ફીર્દોસી પ્રમાણે એની માનું નામ ફરહંગ હતું. કાઉસે ગાદીપર આવતાં પેહેલાંજ માઝેન્દરાન, જે બુરા દેવોનું મથક હતું, તે ઉપર હુમલો કર્યો હતો. ત્યાર પછી તેણે હમાવરાનના પાદશાહ ઉપર હુમલો કર્યો હતો. એ બન્ને મુલકો સામેની લડાઈમાં રૂસ્તમે તેને યારી દીધી હતી. પેહેલવી પુસ્તકોમાં આપણે ઉપર જોયું છે તેમ જે લખ્યું છે કે, અહારેમનની કુસલવણીથી તેણે આકાશમાં ઉડવાની કોશેશ કીધી હતી, તેને ફીર્દોસી ટેકો આપે છે. દીનકર્દના ૯ માં દફતરમાં[1] એ પાદશાહ બાબે જે થોડુંક લંબાણથી વર્ણન છે, તે પ્રમાણે એ શરૂઆતમાં ઘણો કીર્તિવંત હતો અને પાછળથી દેવોની કુસલવણીપર ફર્યો હતો.

કાઉશ ઇરાનના નાંમીચા પાદશાહોમાંનો એક

અવસ્તા—ઉગ્રેમ કવએમ ખરેનો મજદધાતેમ યઝમઇદે.... યત ઉપંઘ્હચત કવએમ ઉસધનેમ (જમ્યાદ યશ્ત ફ. ૭૦–૭૧)

અર્થ—અમો અહુરમજદના પેદા કરેલાં કાવ્યાની ખોરેહને આરાધીએ છિએ કે જે (ખોરેહ) કએ કાઉશને લાગુ પડ્યું હતું.

અવસ્તા—અશ-વરેચાઓ (બવાહિ) યથ કવઉસ (પએગામ્બર જરથોશ્તની આફ્રીન, ફ. ૨).

અર્થ—કાઉશ પાદશાહ જેવા પુરતા ચળકાટવાળા થાજો.

પેહેલવી—ચુન કાઉશ આગાહમંદ બેદ (આશીર્વાદ).

અર્થ—કાઉસનાં જેવા ખબરદાર થજો.

પેહેલવી—આખેર ગજસ્તે સિકંદર સુખ્ત વ દયન વલ દર્યાવ

---

1 S. B. E. XXXVII, Chap XXII ફ. ૪ થી ૧૨.

રમીતુન્ત દીનકર્દે હફ્તૂ ખોદાયાંન. અવશ હફ્તૂ ખોદાયાનીઅ દયન ચેહવુન્ત હના આઈગ હફ્તૂ ખોદાયાંન દયન ચેહવુન્ત...અયોક જકે કાઉશ (શત્રોઈહા એ અઈરાન, ફ્. ૫–૬. જુઓ માહરી યાદગારે જરીરાંન શત્રોઇહાએ અઇરાંન, પા. ૫૫–૫૭).

અર્થ—સેવટે લેઆનતી ભર્યા સિકંદરે સાત પાદશાહોની દીનકર્દ (અથવા દીનની એકઠી કરેલી ચોપડીઓ) બાળી નાંખી અને દર્યામાં નાંખી દીધી. તે ઉપર સાત પાદશાહીઓ ગુજરી હતી, એટલે કે સાત પાદશાહો થઈ ગયા હતા...અને (તેમાં) એક કાઉશની (પાદશાહી) હતી.

પેહેલવી—કાઉસ મદમ વખદુન્ત ખુદાઈઅ ઇ હફ્તૂ કેશ્વર. ચેહવુન્ત કબદ વર્જાન વ પુરગદ્મન (દીનકર્દ દફ્તર ૭, દિબાચો ફ્. ૩૫. દસતુર દારાબ પે. સંજાનાની દીનકર્દ, વાલમ ૧૩૩. પા. ૧૪)

અર્થ—કાઉસે સાતે ખંડોની પાદશાહી હાથ કીધી. તે ઘણો કીર્તિવાળો અને દબદબાવાળો થયો.

આ સર્વ ફ્કરાઓ મુજબ કાઉસ એક નામીચો પાદશાહ હતો. શત્રોઈહા એ અઈરાંન નામનું પેહેલવી પુસ્તક ઇરાનમાં જાણીતા થયલા નીચલા સાત પાદશાહોનાં નામો આપે છે. જમશેદ, જોહાક, ફ્રીદુન, મીનોચેહેર, કાઉસ, કએખુસ્રુ, લોહરાસ્પ, અને ગુશ્તાસ્પ. એ નામીચા સાત પાદશાહોમાંનો એક કાઉસ હતો. જમ્યાદ યશ્તમાં કયાની ખુરેહનું કેટલુંક વર્ણન છે, કે તે ખુરેહ, જે કીર્તિની ઉપમાં હતું, તે કેટલાક પાદશાહોએ અખ્તાર કર્યું હતું. તેવા અખત્યાર કરનારાઓમાં પણ ઉપર આપેલા ફ્કરા પ્રમાણે કાઉસ એક હતો.

કાઉસ પાદશાહનો વજીર અઓશ્નર.

અવસ્તા—અઓશ્નરહે પોઉરૂ-જિરહે અષઓનો ફ્રવષીમ યજમઇદે (ફ્રર્વદીન યશ્ત, ફ્. ૧૩૧.)

અર્થ—પુરતી જેહનવાળા અશો અઓશ્નરનાં ફ્રોહરને અમો આરાધીએ છિએ.

અવસ્તા—પોઉરૂ-જિરો (બવાહી) યથ અઓશ્નરો.
(પએગામ્બર જરથોશ્તની આફ્રીન ફ્. ૨.)

અર્થ—અઓશ્નરની માફ્ક પુરતી જેહેનવાળા થજો.

અઓશ્નર નામનો પાદશાહ કાઉસનો એક ચાલાક સલાહકાર વજીર (ફર્માનદાર) અને અમલ કરનાર (રાઇનીદાર) હતો. એ સલાહકાર માટે દીનકર્દ[1] કેટલીક વિગત આપે છે અને કહે છે કે તેનામાં કુદરતી ડહાપણ અને ખોરેહ (ગદ્મન) હતું. તે તકરાર કરવામાં કુશળ હતો. તેણે ફ્રાચીઅ નામના દીન દુશ્મન સાથ તકરાર કરી તેને માહત કીધો હતો. ઉપર જણાવવા મુજબની શાહ કાઉસની સાત ખંડોની પાદશાહીનો અમલ કરવામાં તેનો મુખ્ય હાથ હતો. તે તેની માતાને જાણે તેણીના ગર્ભસ્થાનમાંથી ડહાપણ શિખાડતો અને તેણીની પાસે ડહાપણ બોલાવતો ઉધરતો હતો. તેની ડહાપણ ભરી સલાહથી શાહ કાઉસને, તેના ઇરાન શેહેરને અને તેના આખા મુલકને ઘણું કૌવત હતું, તે એટલી બધી હદ સુધી કે, દાદેસ્તાને દીનીમાં[2], જ્યાં શાહ હોશંગથી પેશદાદીઅન અને કયાનીઅન પાદશાહોનાં એક પછી એક નામ દેવામાં આવે છે, ત્યાં પણ એક ભલા ડહાપણ ભર્યા રાજ્યદ્વારી પુરૂષ તરીકે એનું નામ છે. એવું દિસે છે કે, જ્યાંસુધી આ અઓશ્નર શાહ કાઉસના સલાહકાર તરીકે હતો, ત્યાંસુધી ઈરાનમાં ઘણું ઠીક હતું. કેટલાક બુરાઓ (દેવો) એ પોતાના ચહડતી કરવા માટે એને મારી નાખ્યો. એવું દિસે છે કે ત્યાર પછી શાહ કાઉસે કેટલીક હુલડાઈ ભરી લડાઇઓ વિગેરે કીધી કે, જેની મુશ્કેલીઓમાંથી જેહાં પેહેલવાન રૂસ્તમે તેને છોડવ્યો હતો. દેવોને હાથ એનાં મારવા જવા બાબે મોટી બુન-દેહેશમાં આપણે નીચે પ્રમાણે વાંચિયે છિએ.

પેહેલવી—દયન ખુદાઇઅ એ કાઉસ દયન હમ હજારે શએદા-આંન સેતામે ચેહવુન્ત હુમન્દ વ અઓશ્નર વલ જકતલુનશ્ને મદ.

(એર્વદ તેહેમુરસ્પવાળી પારસી પંચાએતે પ્રગટ કરેલી મોહોટી બુનદેહેશ, પાનું ૨૧૨, લીટી ૭-૮.)

અર્થ—તેના (એટલે આગળ કહેલા કએકોબાદના) હજારામાં કાઉશની પાદશાહીમાં, દેવો જુલમગાર બન્યા. અઓશ્નર તેઓને હાથે કટળે પહોંતો

---

[1] દફ્તર ૭, બાબ ૧, ફ. ૩૬–૩૭ દસ્તુર દારાબ પે. સંજાનાની દીનકર્દ વાલ્યુમ ૧૩, પાનું ૧૪–૧૫. S. B. E. XLVII, p. 13. [2] બાબ ૩૮ ફ. ૩૫–૩૬.

એના રાજ્યની મુખ્ય લડાઇઓ.

પેહેલવી—કારીજારે રબા સે બાર ચેહ્વુનેત અયોક પવન જકે કાઉસ મલેક લેવતમન શેદાઆન વલ બુર્જ કુખ્શીત (પેહેલવી જામાસ્પી બાબ ૨ ફ્ર. ૯. જુઓ માહારી પેહેલવી જામાસ્પી, પાનું ૩૭)

અર્થ—મોહોટી લડાઇઓ ત્રણ વાર થશે. એક કાઉસ પાદશાહનાં (વખત) માં, (કે જે) તે દેવોની સાથે બુલંદીમાં લડ્યો હતો.

ઉપલા એશારાઓ પ્રમાણે શાહ કાઉસની જીંદગી અને તેના રાજ્ય અમલમાં નીચલી મુખ્ય લડાઇઓ થાઈ હતી.

૧ માઝીનદરાંનનાં મુલક ઉપરની તેની ચહડાઈ, ત્યાં બંધ પડવું, અને રૂસ્તમે તેને છોડવવું.

૨ હમાવરાંન (યમન) ના આરબ પાદશાહ સામે લડાઈ, તે પાદશાહની બેટી સાથે પરણવું, ત્યાં બંધ પડવું, અને રૂસ્તમે તેને છોડવવું.

૩ તુરાંની પાદશાહ અફ્રાસ્યાબ સાથની લડાઇઓ.

૪ કાઉસ હમાવરાનના મુલકમાં બંદમાં પડ્યો, તેનો લાભ લઈ અફ્રાસ્યાબે ઇરાંનનો કબજો લેવો, અને ત્યાંથી રૂસ્તમે તેને હાંકી કહાડવો.

આ લડાઇઓની થોડીક હકીકત નીચે પ્રમાણે છે.

માઝીનદરાનના દેવોના મુલક ઉપર કાઉસની ચહડાઈ. ત્યાં તેનું બંધ પડવું અને રૂસ્તમે તેને છોડવવું.

અવસ્તા—તાંમ યજત અઉર્વો અષ-વરેચો કવઉસ એરેજિ-ફ્યાત પઇતિ ગરોઇત........આઅત હીમ જઇધ્યત અવત આયપ્તેમ દજદિ મે વંઘઉહિ સેવિશ્તે અરેદ્વીસુરે અનાહિતે યથ અજેમ ઉપમેમ ક્ષથ્રેમ બવાનિ, વીસ્પનાંમ દખ્યુનાંમ દએવનાંમ મષ્યાનાંમ્ચ યાથ્વાંમ પઇરીકનાંમ્ચ સાથ્રાંમ કઓયાંમ કરફ્નાંમ્ચ (આવાંયશ્ત ફ્ર. ૪૫-૪૬)

અર્થ—તેણી (અરેદ્વીસુર) ને જોરાવર પુરતી કીર્તિવાળા કાઉસે એરેઝીફ્ય પહાડ ઉપર આરાધી....તેણે તેણીને અરજ કીધી

કે "ઓ ભલી ફાયદો કરનાર અરેદ્વીસુર અનાહીત! તું મને આ બક્ષેસ આપ, કે હું સર્વ દેશોનો પાદશાહા થાવું, દેવોનો અને માણુસોનો, જાદુગરો, પરીઓ, જુલમગારો કીક અને કરફોનો પાદશાહ થાઉં (યાને તેઓ ઉપર કાબુ રાખું.)

કએકાઉસ ગાદી ઉપર આવ્યા પછી એક દહાડો પોતાની મીજલસ સમારીને બેઠો હતો, ત્યારે એક માજીનદરાંની ગવૈયો તેની દરબારમાં આવ્યો. તે ગવૈયાએ પોતાનાં માજીનદરાંનના[1] મુલકની સિફતમાં એક સુંદર ગાણું ગાયું. તે ગાણું શાહ કાઉસને એક 'દેવ'ના શબ્દો સમાન થઈ પડયું, કારણકે તે સાંભળી તેણે તે ફલદ્રુપ મુલક જીતવાનો કસદ કર્યો, કે જે કસદ પાર પાડતાં તેના ઉપર ઘણી જફા પડી.

શાહની દરબારના તુસ, ગોદ્રેજ, કેશ્વાદ, ગેવ, ખોરરાદ, ગુર્ગીન અને બેહેરાંમ જેવા નામીચા સરદારો, માજીનદરાંનના મુલક ઉપર ચહડાઈ કરવાનો શાહનો કસદ જાણી, બહુ દલગીર થયા. તેઓ માંહોમાંહે વિચાર કરવા લાગા, કે માજીનદરાંનના જેવા દેવોથી વસાયલા મુલક ઉપર હુમલો કરવાનું જે કામ જમશેદ, ફરેદુન અને મીનોચેહર જેવા શાહોએ દરૂસ્ત નહિ ધાર્યું, તે કામ કાઉશ કરવા માગે છે, માટે તેમ કરતો તેને અટકાવા માટે જાલને કેહેવાડવું જોઇએ. સર્વએ એક મત થઈ જાલને એ બાબે ખબર આપી અને તેને દરબારમાં તેડાવ્યો. જાલ ગયો અને કાઉસને સમજાવ્યો, પણ કાઉસે પોતાનાં અને લશ્કરનાં જોર ઉપર મુસ્તાક રહી, તે વખત સુધી નહિ જીતાયલા આ મુલકને જીતવાનો વિચાર માંડી વાળ્યો નહિ.

એક મોટાં લશ્કર સાથે કાઉસે માજીનદરાન ઉપર હુમલો કર્યો અને કેટલોક મુલક જીતી લીધો. માજીનદરાંનના પાદશાહને એ બાબે ખબર પડતાં તેણે પોતાનો એક મોટો સરદાર, જે "દીવે

---

૧ માજીનદરાંનના મુલકને અવસ્તામાં માજન્ય અને પેહેલવીમાં માજની કહ્યો છે (આવાં યશ્ત ફ. ૨૨; ગોશ યશ્ત ફ. ૪; ફર્વર્દીન યશ્ત ફ. ૧૩૭; રામ યશ્ત ફ. ૮; વંદીદાદ પર્ગર્દ ૯ ફ. ૧૩; ૧૦ ફ. ૧૬; ૧૭ ફ. ૯-૧૦). એ અસલી યુનાની અને રોમન લખનારાઓનો હીરકાનીઆ (Hyrcania) નો મુલક છે. ઇરાનના મુલકના મુખ્ય ભાગથી તે અલબુર્જ પહાડથી છુટો પડે છે. તેની જમીન ઘણી ફલદ્રૂપ છે. ત્યાંના લોકો ઇરાનીઓને મનથી ઘણા બુરા ગણાતા હતા અને તેઓ તેઓને 'દેવ' તરીકે કહેતા.

સફીદ" એટલે "સફેદ દેવ" ને[1] નામે જણાયલો હતો, તેને ઇરાંનીઓ સામે લડવા તેડાવ્યો. સફેદ દેવ આવ્યો અને કોઈ યુક્તિથી કાઉસનાં લશ્કર ઉપર પથ્થરનો વર્ષાદ વર્સાવ્યો[2] અને તે લશ્કરને હારમાર કરી હરાવ્યું, ઘણાકોએ નાસ ભાગ કીધી અને કાઉસ સાથે ઘણાકો બંદીવાન થયા.

પોતાની આવી દુર્દશા થયેલી જોઈ શાહ કાઉસે જાલેજરને યાદ કર્યો અને તેની શિખામણ નહિ માનવા માટે તે પસ્તાવો કરવા લાગો. તેણે પોતાની હાલતથી જાલને વાકેફ કરવા એક કાસદને મોકલ્યો. જાલ એ ખબર સાંભળી ઘણો દલગીર થયો પછી તેણે પોતાના બેટા રૂસ્તમને ફર્માવ્યું કે શાહ કાઉસને આ મુશ્કેલીમાંથી છોડવે.

માજીનદરાંન જવા માટે બે માર્ગ હતા; એક ૬ મહિનાનો લાંબો, જે માર્ગે કાઉસ ગયો હતો; બીજો બે અઠવાડીયાંનો ટુકો. જાલે રૂસ્તમને એ ટુકે માર્ગે જવાને કહ્યું. એ અને એવા બીજા ટુકા માર્ગો હફ્તખાનને નામે જણાયલા છે. રૂસ્તમ એ માર્ગે જવાને તૈયાર થયો. તેની માતા રોદાબે પોતાનાં બેટા માટે ચિંતા કરવા લાગી, પણ રૂસ્તમ ખુદા ઉપર ઇતબાર રાખી નિકળ્યો અને હફતખાનની[3] સાતે મંજલો ફતેહમંદીથી પસાર કીધી.

---

૧ કહે છે કે માજીનદરાંનના મુલકમાં બરફ બહુ પડતું અને તેનાં લોકો, તેની થંડી વિગેરેના સબબે, રંગે સફેદ હતા. તેઓનો સરદાર, 'સફેદ દેવ'ને નામે ઇરાનીઓથી ઓળખાતો. "સફેદ દેવ" શબ્દને ત્યારે માજીનદરાંનના સર્વ સફેદ ચાંમડીવાળા લોકોના એક પ્રતીનીધીની નિશાંણી તરીકે સમજવો.

૨ અંગ્રેજીમાં આ કેહેવત સમાન શબ્દો છે, કે જ્ઞાન એ શક્તી છે (Knowledge is Power). તેમ માજીનદરાંનનાં લોકો લડાઇની કોઇક બાબતોમાં પોતાના જ્ઞાનથી યુક્તિબાજ અને શક્તિવાન હતા. કોઇક આદમીઓ પુરતા જ્ઞાનની ગેરહાજરીમાં હાલમાં પણ યંત્રકળાની યુક્તિને 'જાદુ' ગણે છે. તેમ દિસે છે કે, રીર્દોસીપ્રમાણે, માજીનદરાંનીઓની લડાઇની કોઈ યુક્તિ કોઇક ઇરાનીઓમાં 'જાદુ' ગણાતી.

૩ 'હફ્તખાંન' એટલે 'સાત ઘરો અથવા મકાંનો (ખાંન)'. કોઈ મુલક ઉપર જવાનાં એવા ટુકા માર્ગોમાં મુશકેલી ઘણી હોય છે. સાધારણ માર્ગોમાં મુસાફરો દરરોજ એકેક મંજલ કાપે છે પણ આવા માર્ગો, જે ટુકા હોય છે, તેમાં તેઓ દરરોજ બે મજલો કાપે છે, પણ તે માર્ગો ઘણા મુશ્કેલ હોય છે. તેમાં કોઇ મંજલે કોઈ મોહોટા જીઆનગાર જાનવરનું મથક હોય છે, કે જે જતા આવતા વટેમાર્ગુઓને હેરાન કરે છે. કોઇ મંજલે કોઇ મોટા લુટારા યા ચોરનું મથક હોય છે, જે 'દેવ'ના નામે જણાયલો હોય છે. આ મુશ્કેલીઓને લીધે મુસાફરો ટુકા માર્ગને બદલે લાંબા માર્ગો પસંદ કરતા.

પેહેલી મન્જલ (ખાન)માં એક વિક્રાળ સિંહનું મકાન હતું. રૂસ્તમ સુતેલો હતો તેટલાં તે સિંહે આવી તેના રખશ ઉપર હુમલો કીધો. પોતાનાં ધણીને મેહેનત આપવા વગર દલેર રખશે તે સિંહને મારી નાખ્યો. બીજી મન્જલ તદન પાણી વગરની વેરાંન હતી. તે પસાર કરતાં રૂસ્તમ ઘણો આજેજ થયો હતો અને મુશ્કેલીમાં આવી પડ્યો હતો. પણ તેવામાં ખુદાની મેહેરથી તેણે એક મેંઢાં (મીશ) ને જોયો. રૂસ્તમ તેની પાછળ ગયો. તે મેંઢો પાણી પીવા એક નાળાં ઉપર ગયો. રૂસ્તમને તેની પાછળ જતાં પાણીનું નાળું હાથ લાગ્યુ, જ્યાં પાણી પી તરસ મટાડી તે આગળ વધ્યો. ત્રીજી મન્જલમાં રૂસ્તમે એક મોટા અજદહાને માર્યો, જે કામમાટે તેને તેના રખશ ઘોડાએ પણ મદદ કીધી. ચોથી, મન્જલમાં તેણે એક જાદુગર સ્રિને મારી નાખી. તે જાદુગાર સ્રિ આવાં વેરાંન જંગલમાં શરાબ, સુંદર ખાનું, ગાયણ વિગેરેથી મુસાફરોને પોતાની જાલમાં ફસાવતી. અહુરમજદનાં નામની બરકતથી રૂસ્તમ તેણીની જાલમાં ફસતો બચી ગયો. પાંચમી મન્જલમાં તેણે માજીનદરાનના એક દેવ સરદાર નામે અઉલાદને લડાઈમાં હરાવ્યો અને તેને જીવતદાન બખશ્યું, એવી સરતે કે, તે રૂસ્તમને સફેદ દેવનો અને કાઉસ પાદશાહનો પત્તો મેળવી આપે. છઠી મન્જલમાં તેને અરજંગ નામનો દેવ મળ્યો. રૂસ્તમે તેને હરાવ્યો અને મારી નાખ્યો. પછી બંદ પકડાયેલા અઉલાદ દેવે રૂસ્તમને જે જગ્યાએ કએ કાઉસ બંદ પડયો હતો તે જગ્યા દેખાડી. રૂસ્તમ ત્યાં ગયો અને કાઉસને છુટો કર્યો. પછી રૂસ્તમ સાતમી મન્જલ, જ્યાં સફેદ દેવ પોતે રેહેતો હતો, ત્યાં ગયો અને તે દેવને માર્યો. રૂસ્તમે ખુદાતાલાની બંદગી કરી પોતે હફ્તખાંન જીત્યું તે માટે તે સાહેબનો ઉપકાર માન્યો. પછી તે શાહ કાઉસ આગળ આવ્યો અને કહ્યું કે "ઓ જ્ઞાન શોધનાર પાદશાહ![1] તું ખુશી થા, કે મેં દુશ્મનને માર્યો છે. હવે તું બીજુ શું ચાહે છે?" કહે છે કે સફેદ દેવે કોઈ યુક્તિથી કાઉસ અને તેના સરદારોને અપંગ કર્યા હતા, અને તે અંધાપો દૂર કરવાનો એલાજ સફેદ

---

૧ શાહ કાઉસને નામે આફ્રીનમાં દુઆ દેવામાં આવે છે કે "ચુન કાઉસ આગાહમંદ બેદ" એટલે "કૌસનાં જેવા આગાહમંદ થજો," તે શબ્દો આને મળતા છે. કાઉસ જોખમ ભરી જગ્યાએ જઇ જ્ઞાન મેળવવાની કોશેશ કરતો, તે ઉપરથી એ દુઆ દેવામાં આવે છે.

દેવનું લોહી હતું. તેથી કાઉસે તે લોહી પોતાની અને સરદારોની આંખ ઉપર મેળવા કહ્યું. રૂસ્તમે તેમ કર્યું અને સર્વ જોતા થયા.

પછી રૂસ્તમે અને બીજા સરદારોની મશવરતથી, શાહ કાઉસે ફરહાડ નામના કાસદ મારફતે, માજીનદરાંનના પાદશાહ ઉપર તાબે થવાનો પેગાંમ મોકલ્યો, માજીનદરાંનના પાદશાહે તાબે થવાને ના પાડી. ત્યારે રૂસ્તમ પોતે એક કાસદ તરીકે પાદશાહ કાઉસનો પેગાંમ લઈ તેની દરબારમાં ગયો. ત્યાં માજીનદરાંનનો પાદશાહ અને રૂસ્તમ, જેણે પોતાને, પાદશાહનો અને પાદશાહના સરદાર રૂસ્તમનો, કાસદ તરીકે જણાવ્યો હતો, તે બોલા ચાલી ઉપર આવ્યા. તેથી પાદશાહે જલાદને હોકમ ફરમાવ્યો કે તે કાસદ (રૂસ્તમ)ને મારી નાખે. રૂસ્તમે તે જલાદને પકડી ચીરી નાખ્યો અને શાહ કાઉસ આગળ પાછો ફર્યો. પછી લડાઈ થતાં રૂસ્તમે માજીનદરાંનના રાજાને મારી નાખ્યો. રૂસ્તમની ભલાંમન ઉપરથી અઉલાદ દેવને માજીનદરાંનની પાદશાહી આપી શાહ કાઉસ પારસ તરફ પાછો ફર્યો. પછી શાહે મોટી આબરૂ ઇજત સાથે પોતાને મુલક જવા માટે રૂસ્તમને રૂખસદ આપી.

૨ શાહ કાઉસની હમાવરાંનના પાદશાહ સાંમે લડાઈ.

પેહેલવી—"અયોક આઇ જીનીગાવ કરીતુન્દ મુનશ જેહર પવન ચશ્મી દાશ્ત મિન તાજીકાંન વલ ખુદાઇઅ એ અઇરાંન શેત્ર યાઇતુન્ત, કોલા મુનશ પવન દુશચશ્મિઅ પતશ નગીરીદ બરા ઈફ્તલુન્ત. અઇરાંનગાંન ફ્રાસ્યાવ પવન ખીશાન બવીહુનસ્ત દાશ્તન. વલૂમન જીનીગાવ ઈફ્તલુન્તે ખુદાઈઅ એ અઇરાંન શેત્ર કર્દ. કબદ મર્દુમ મિન અઇરાંન શત્ર ઈદ્રુન્તે પવન તુર્કસ્તાંન શદકુન્ત. અઇરાંન શત્ર અવીરાંન કર્દ વશુફ્ત, વદ રૂતસ્તાંમ મિન સીસ્તાંન આરાસ્તે વ યામ્બારાંન શાહ વખ્દુન્તે કાઉસ વ અવારીક અઇરાંનગાંન મિન બન્દ યારીતુન્ત. લેવતૂમન ફ્રાસ્યાવ પવન ઉલઈ રૂદબાર મુન સીપહાંન કરીતુન્દ નવક કારીજાર કર્દ. મિન તેમમન સેતુબીઅ યહબુન્તે કબદ કારીજાર દેદીગર લેવતૂમન કર્દ વદ સેપુખ્તે વલ તુર્કસ્તાંન રમીતુન્ત અઇરાંન શત્ર મિન ન્યોક આવાતાંન[1]."

---

૧ એરવર્દ તેહેમુરસ્પવાળી બુનદેહેશ, પા. ૨૧૨ લીટી ૧૧ થી પાનું ૨૧૩ લીટી ૬. જુઓ "Zend Avesta" par Darmesteter, Vol III pp. 401–2.

અર્થ—એક ધણી હતો, કે જેને જીનીગાવ કહેતા, સબબ કે તે નજરમાં જેહેર ધરાવતો. આરબો (નાં મુલક) તરફથી તે ઇરાંન શેહેરની પાદશાહી ઉપર આવ્યો. દરેક ધણી જેને તે પોતાની બુરી ચશમથી જોતો, તેને તે મારી નાંખતો. ઈરાંનીઓએ અફ્રાસ્યાબને પોતાના મુલકમાં રાખવા ચાહ્યું. તેણે (અફ્રાસ્યાબે આવી) જીનીગાવને મારી નાંખી, ઇરાંનપર પાદશાહી કીધી. ઘણા માણસોને ઇરાંનથી લેઇ જઇને તેઓને તુર્કસ્તાંનમાં છોડી દીધા. (એમ કરી) તેણે ઇરાંનને વેરાંન કરી તેનો નાશ કીધો, જ્યાં સુધી કે, રૂસ્તમે સીસ્તાંનથી તૈયાર થાઇને અને યામ્બારાંનનાં પાદશાહાને પકડીને, કાઉસને અને બીજા ઇરાંનીઓને બન્દમાંથી મદદ આપી છોડવ્યા. તેણે (રૂસ્તમે) અફ્રાસ્યાબ સાથે ઉલઇ નદી ઉપરની જગ્યા, જેને સીપહાંન (ઈસ્ફહાન) કહેછે, ત્યાં નવી લડાઈ કીધી. ત્યાંથી તેને હાર આપી. તેણે બીજી મરતબે તેની સાથે ઘણી લડાઈ કીધી, જ્યાં સુધી કે તેને હથાવીને તુર્કસ્તાંન તરફ નહસાડ્યો (અને) ઇરાંન શેહેરને ફરીથી આબાદાંન કીધું.

મોટી બુનદેહેશના ઉપલા ફકરામાં શાહ કાઉસની હમાવરાંનના મુલકની લડાઇના અને લડાઇ પછીના બનાવના નીચલા એશારાઓછે.

૧ હમાવરાંનના પાદશાહ સાથે તેની લડાઈ.

૨ ત્યાં તેનું બંદ પડવું.

૩ તે બંદમાં હતો ત્યારે તેનો લાભ લેઈ જીનીગાવ નામના એક આરબની સરદારી હેઠળ આરબોએ ઇરાંન ઉપર હુમલો કરવો.

૪ ઇરાંનીઓએ આરબોના એકાએકના હુમલા સામે અફ્રાસ્યાબની મદદ માંગવી.

૫ અફ્રાસ્યાબે તે મદદ આપી ઈરાંનમાં પડાવ નાખી તેની પાદશાહી કબજે લેવી અને ઘણાક ઈરાંનીઓને તુર્કસ્તાંન ભણી હાંકી કહાડી ઈરાંનને વેરાંન કરવું.

૬ રૂસ્તમે આ મામલામાંથી ઇરાંનને બચાવવા માટે પેહેલે હમાવરાંન તરફ જઇ કાઉસને છોડવવો.

૭ તે પછી અફ્રાસ્યાબ સાથે લડાઇ કરી ઇરાંનને તેનાં કબજામાંથી છોડવવું.

માઝીનદરાંનથી પાછા ફરવા બાદ શાહ કાઉસ મુલકે મુલક ફર્યો. તે તુરાન, ચીન, મકરાંન ફરી આવ્યો. પછી તે બર્બરના મુલક ભણી ગયો. એ બર્બ[1]રનાં મુલકનાં લોક પેહેલાં એની સાંમાં થયાં પણ લડાઇ થતાં થોડાક વખતમાં શરણ થયાં. ત્યાંથી કાઉસ જાબુલસ્તાંન ગયો, અને ત્યાં કેટલોક વખત રૂસ્તમના મેહેમાંન તરીકે રહી તેણે એશઆરામમાં વખત ગુજાર્યો. પણ સાએર કહેછે, કે "દુનીઆમાં એશઆરામ સાથે રંજ અને મેહેનત જોડાયલાંજ છે. એક ગુલાબના બાગનાં ખુણાંમાં કાંતા ઉગી નિકલે છે. સઘળાઓ અજમાએશથી કાંઈ શિખે છે. જો કોઇ ઉપર ચહડે છે તો તેને નીચે ઉતારવા વગર છુટકો નથી." મતલબ કે દુઃખ વિનાંનું સુખ નથી. તે મુજબ કેટલાક એશ આરામ બાદ કાઉસ સાંમે પાછી મુશ્કેલી આવી, અને તે આ, કે મીસર અને શામ (સીરિઆ) નાં મુલકમાં એક આરબ સરદાર તેની સાંમે ઉભો થયો. એક હાથ ઉપર મીસરનો મુલક, અને બીજા હાથ ઉપર બર્બરનો મુલક, અને તેઓની વચ્ચે હમાવરાંન[2] નો મુલક એ ત્રણે મુલકના રાજાઓ સાથે મલી કાઉસની સાંમે ઉભા થયા. એ ત્રણે મુલકોનાં લશ્કરો બર્બરના મુલકમાં કાઉસ સામે ભેગાં મળ્યાં. કાઉસ જાબુલસ્તાંનથી દર્યાના કિનારા તરફ આવ્યો. તેણે સંખ્યાબંદ વાહાણો તૈયાર કર્યાં અને તે ઉપર લશ્કર સાથે સવાર થાઇ તે બર્બરના મુલકને કિનારે ઉતર્યો. ઉપલા ત્રણે મુલકના રાજાઓનાં લશ્કરો અને ઇરાંનીઓ વચ્ચે લડાઇ થાઇ, તેમાં ઇરાંનીઓ જીત્યા અને હમાવરાંનનો પાદશાહ પેહેલ વેહેલો શરણ થાયો અને તેણે સુલેહ ચાહી. કાઉસે તેની સાથે સુલેહ કીધી.

---

૧ એ બર્બરનો મુલક તે હાલનો બેરૂબેરા (Barbary) છે, જે હાલના સોમાલી કોસ્તા (Somali land) પર આવ્યો છે. જુઓ પ્રોફેસર દાર્મસ્તેતેનો વિષય, "Expedition de Kai Kaoç, dans le Hamavarân et le Berberistan (E'tudes Iraniénnes II pp. 221–24,

૨. પ્રોફેસર દાર્મસ્તેતે પ્રમાણે 'હમાવરાંન' શબ્દ ને 'હીમ્યાર' શબ્દ, જે 'યમન'નું બીજું નાંમ છે તેનું એક રૂપ છે. ત્યારે હમાવરાંનનો મુલક, તે યમનનો મુલક છે. બુન્દેહેશના ઉપલા પેહેલવી ફકરામાં 'હમબરાંન' શબ્દ છે તેનું હમાવરાંન બન્યું છે. અંહી જે આરબ સરદાર માટે બોલવામાં આવેછે, તે ત્યાં જણાવેલો આરબ સરદાર ઝીનીગાવ છે.

પછી કાઉસે હમાવરાંનના પાદશાહ પાસે તેની બેટી સોદાબેની લગ્નમાં માંગણી કરી. હમાવરાંનના પાદશાહે, પોતાની નાખુશી છતાં, જ્યારે સોદાબેની મરજી જોઈ, અને જ્યારે કાઉસ જેવા મોટા પાદશાહને ના પાડવાનું દરૂસ્ત જોયું નહિ, ત્યારે તે માંગણી કબુલ કરી. કાઉસે પોતાના સરદારોની અનજુમન બોલાવી ઇરાની રીત અને રેવાજ પ્રમાણે સોદાબે સાથે શાદી કીધી.

પોતાની બેટીને કાઉસ સાથ શાદીમાં આપવા છતાં, હમાવરાંનનો પાદશાહ કાઉસ સાંમે નારાજ હતો, કારણ કે, તેણે તેને હાથે હાર ખાધી હતી અને તેને ખંડણી આપવાને બંધાયો હતો. તેથી તેણે કાઉસ સાથે દગો કરવાની યુક્તિ કીધી. તેણે તેને પોતાના મુલકમાં શાહે નામનાં શેહેરમાં મેહેમાંન તરીકે બોલાવ્યો અને એક હફતા સુધી મેહમાંનદારી કીધી અને પછી બર્બરનાં મુલકના લશ્કર સાથ ગોથવણ કરી તેને અને તેના સરદારોને બંદ કર્યા. સોદાબેને પોતાનાં બાપની વર્ત્તણુકમાટે પેહેલેથી શક હતો. તેથી તેણીએ કાઉસને તેની મેહેમાનગીરી કબુલ કરવાથી વાર્યો હતો પણ કાઉસે તેણીનું કહ્યું માન્યુ હતું નહિ. હમાવરાંનના પાદશાહે પોતાની બેટીને હવે પોતાના મુલકમાં પાછી બોલાવી, પણ તેણીએ પોતાનાં પતિને વફાદાર નીવડી પોતાના બાપની વર્ત્તણુક સાંમે ધિક્કાર બતલાવ્યો અને જે કિલ્લામાં કાઉસને બંદ કરવામાં આવ્યો ત્યાં જઈ તેની સાથે બંદમાં રહી. પોતાના પાદશાહને સર્વ સરદારો સાથે બંદ પડેલો જોઇ ઇરાંની લશ્કર વહાણો ઉપર સવાર થાઈ પાછું ફર્યું અને કિનારે ઉતરી વેરાંન જંગલનો[1] માર્ગ પસાર કરી પોતાને મુલક પાછું ફર્યું.

રૂસ્તમે કાઉસને હમાવરાંનનાં પાદશાહના બંદમાંથી છોડવવો.

પેહેલવી—રૂતસ્તામ મિન સીસ્તાન આરાસ્તે વ યામ્બારાન

---

૧ ફીરદોસી ઉપરથી લિખેછે કે કાઉસ ઝાબુલસ્તાંન (હાલનાં સીસ્તાંન) તરફથી મકરાનના કોસ્તા ઉપર આવી ત્યાંથી બર્બર અને યમનના મુલક ઉપર ચહડાઈ લઈ ગયો હતો. તેનું લશ્કર પણ મકરાનનાં કોસ્તા તરફ પાછું ફર્યું અને એ મુલકનો વેરાંન ભાગ કાપી ઈરાંન ગયું.

શાહ વખ્હુન્તે કાઉસ વ અવારીક અઇરાનગાન મિન 'બન્દ ચારી-ઙુન્ત (એ. તેહમુરસ્પવાળી બુન્દેહેશ, પાનું ૨૧૩)

અર્થ—રૂસ્તમે સીસ્તાનથી તૈયાર થઇ (આવી)ને ચામ બરાન (હમાવરાન)ના પાદશાહને પકડીને કાઉસ અને બીજા ઇરાની ઓને બંદમાંથી મદદ આપી છોડવ્યા.

ઇરાંનની મુશ્કેલીની ખબર સાંભળી રૂસ્તમે એક કાસદને હમાવરાંનના પાદશાહ તરફ મોકલી કાઉસને છુટકો આપવા માગણી કીધી, અને જણાવ્યું કે, તેમ નહિ કરવામાં આવશે તો તે લડાઇ લાવશે. તે પાદશાહે તેની માગણી સ્વીકારી નહિ. તેથી રૂસ્તમ પોતાના લશ્કર સાથે દર્યા તરફ આવ્યો. અને ત્યાંથી કિસ્તીઓ ઉપર સવાર થઇ અરબસ્તાનના કિનારા ઉપર ઉતરી હમાવરાંન (યમન) તરફ આવ્યો. હમાવરાંનના પાદશાહે મિસર અને બર્બરના મુલકો તરફથી મદદ માગી. રૂસ્તમે છુપી રીતે કાઉસને પોતાનાં આવવાની ખબર આપી હતી. ત્યાર પછી એક હાથ ઉપર રૂસ્તમ અને તેના ઇરાંનીઓ અને બીજા હાથ ઉપર મીસર[1], બરબર અને હમાવરાંનનાં લશકરો વચ્ચે મોટી લડાઇ થઈ. તેમાં સેવટે રૂસ્તમની સરદારી હેઠળ ઇરાંનીઓ જીત્યા. હમાવરાંનના પાદશાહે સુલેહ માંગી અને કાઉસને છુટો કરવાને કબુલ્યું. રૂસ્તમે એ સુલેહ કબુલ રાખી અને કાઉસ, તેની રાંણી સોદાબે અને ઇરાંની સરદારોને છુટા કર્યા, અને હમાવરાનની બાહેરના અને માંહેના અર્બસ્તાનના બીજા આરબો શાહ કાઉસને શરણ થયા. અફ્રાસ્યાબે એ અરસામાં તાજીઓ (અરબો)નાં મુલક ઉપર પણ હુમલો કર્યો હતો. તેથી તેઓએ અફ્રાસ્યાબથી તેઓનો છુટકારો કરવાને પણ શાહ કાઉસને કહ્યું.

૩ તુરાંની પાદશાહ અફ્રાસ્યાબ સાથની લડાઈઓ.

પાદશાહ કાઉસને તુરાંનીઓ (તે હાલના તુર્કોમાનોના આગલા વડીલો) સાથે ચાર લડાઈઓ નીચે પ્રમાણે થાઇ હતી.

(ક) જ્યારે શાહ કાઉસ હમાવરાંન (યમન) ના આરબ પાદ-શાહને હાથ બંદ પડ્યો ત્યારે અફ્રાસ્યાબે ઇરાંન ઉપર

---

૧ ફીરદોસી આ બાબતનાં વર્ણનમાં કેટે મિસરને બદલે સાંમ (સીરીઆ) શબ્દ વાપરે છે. તેનો સબબ આ દિસે છે, કે એ વખતે મિસર (ઇજીપ્ટ)ની હકુમત સાંમ (સીરીઆ)ના મુલક ઉપર હોય.

ચહડાઈ કરી હાથ કરેલા મુલકમાંથી તેને હાંકી કાહડવા માટે રૂસ્તમની સરદારી હેથળ થાયલી લડાઈ.

(ખ) કાઉસનો સેપેહસાલાર જેહોપેહલવાંન રૂસ્તમ બીજા સાત પેહલવાંનો સાથે જ્યારે તુરાંનની સરહદમાં શેકાર કરવા ગયો હતો ત્યારે અફ્રાસ્યાબે એ સર્વ પેહેલવાંનોને પકડવા કાજે ઉઠાવેલી લડાઈ.

(ગ) રૂસ્તમના બેટા સોહરાબને સમજાવી અફ્રાસ્યાબે તેને તુર્કી લશ્કર આપી ઇરાંન ઉપર હુમલો કરાવ્યો તે વેળાની લડાઈ.

(ઘ) અફ્રાસ્યાબે કરેલી ચહડાઈ સાંમે સ્યાવક્ષની સરદારી હેથળ થાયલી લડાઈ અને તે લડાઈમાં સ્યાવક્ષે સુલેહ કરી તુરાંનમાં જઈ રેહેવા બાદ તેને અફ્રાસ્યાબે મારી નાખ્યો તે ઉપરથી બરપા થાયલી લડાઇ.

એ લડાઇઓનું આપણે ટુકમાં થોડુંક વિવેચન કરીશું.

૪ જ્યારે કાઉસ હમાવરાંનના આરાબ પાદશાહને હાથ બંદ પડયો ત્યારે અફ્રાસ્યાબે ઈરાંન ઉપર ચહડાઇ કરી હાથ કરેલા મુલકોમાંથી તેને હાંકી કહાડવા રૂસ્તમની સરદારી હેઠલ થયલી લઢાઈ.

પેહેલવી—રૂતસ્તાંમ....લેવતમન ફ્રાસ્યાવ....કારીજાર કર્દ. મિન તેમમન...વલ તુર્કસ્તાંન રમીતુન્ત. ઇરાંન શત્ર મિન ન્યોક આ-વાતાંન (એ. તેહેમુરસપવાળી મોટી બુનદેહેશ, પા. ૨૧૩. જુઓ ઉપર ઉતારેલો લાંબો ફકરો.)

અર્થ—રૂસ્તમે અફ્રાસ્યાબ સાથે લડાઇ કીધી. તેને ત્યાંથી તુર્કસ્તાન તરફ હઠાવી નહસાડયો. ઇરાંનનાં મુલકને ફરીથી આબાદાંન (કીધો).

એવું લિસેછે કે શાહ કાઉસને બંદ કરી હમાવરાંન (યમન) નાં આરબોએ ઇરાંન ઉપર હુમલો કર્યો. આ મામલો જોઇ અફ્રા-સ્યાબે પણ ઇરાંન ઉપર હુમલો કરી ઇરાંનના કેટલાક ભાગ ઉપર ચહડી આવેલા આરબોને મારી હઠાવ્યા અને ઇરાંનનો કેટલોક ભાગ હાથ કર્યો. એવું લિસે છે કે કોઇક ઇરાંનીઓએ અફ્રાસ્યાબને આરબો

સાંમે ઇરાંનને મદદ કરવાને બોલાવ્યો હતો[1] અફ્રાસ્યાબે ત્રણ વર્ષ સુધી આરબો સાંમે લડી તેઓને હરાવ્યા. પછી તેણે પોતે ઇરાંનમાં પડાવ નાખ્યો. આ મામલો જોઇ ઇરાનીઓએ રૂસ્તમ ઉપર કેહેણ મોકલી તેને ઇરાંનને આ મુશ્કેલીમાંથી છોડવવાને અરજ કીધી. રૂસ્તમે લડાઇ કરી ઇરાનને છુટકારો આપ્યો.

શાહ કાઉસે આકાશ ઉપર ઉડવાની કરેલી કોશેશ.

અવસ્તા—આઅત મ્રઓત અહુરો મજદાઓ મેરેઘહે પેષો-પરેનહે વારેન્જનહે પરેનેમ અયસએષ સ્પિતમ જરથુશ્ત્ર....તેમ વષત કવઉસ (બેહેરાંમ યશ્ત ફ. ૩૫-૩૯.)

અર્થ—ત્યારે અહુરમજદએ કહ્યું, કે ઓ સ્પિતમ જરથુશ્ત્ર ! મોટી પાંખવાળું વારેન્જન (ગરૂડ) પક્ષી તું મેલવ....તે પક્ષીને કાઉસ પાદશાહે (પોતાની બેઠક હવામાં ઉંચકી જવા) મદદે બોલાવ્યું.

પેહેલવી—આખેર શએદાઆન મદમ અઓશે કાઉસ હમ પુર્સીદન વ અએશમ જકે વલ્મન અઓશ મકદરૂનીઅ વલ કાઉસ મતન....અવશ વલ ખુદાઈઅ આસ્માન ગાસ ઈ અમહોસપંદાન આર્જુકીનીતન (દીનકર્દ દફતર ૯ બાબ ૨૨. ફ. ૫-૬. સુદગર નસ્કની ૨૧ મી ફર્ગર્દ વહીશ્તો ઇશ્તનો સાર. મી. ધ. મે. માદને પ્રગત કરેલી દીનકર્દ, વાલમ બીજું, પાનું ૮૧૬ લીટી ૫ થી ૯. S. B. E. vol XXXVII, p. 221).

અર્થ—સેવટે દેવોએ કાઉસનું મરણ લાવવા બાબે મસલત કરવી અને અશમ દેવે તેનું મોત પસંદ કરી કાઉસ આગળ આ-વવું...(પછી કાઉસે) આસ્માનની જગ્યા, જે અમેશાસ્પંદોની (જગ્યા) તેની પાદશાહીની ખાહેશ કરવી.

---

૧ ફીર્દોસી આ બાબે ખોલ્લું લખતો નથી. પણ ઉપર જણાવેલા પેહેલવી ફ્કરાને આધારે આ બાબત ખોટી દિસે છે ઇરાંનીઓને મનથી તુરાનીઓ કરતાં આરબો વધારે દુશ્મન હતા. પેહેલવી પુસ્તક પ્રમાણે, અફ્રાસ્યાબ અને શાહ કાઉસની ચહડતી પેહેડી એક વંશથી ઉતરી હતી, તેથી જાલેમ જોહાકની ઓલાદના આરબો કરતાં તેઓને મનથી ફ્રેદુનના બેટા તુરની ઓલાદના તુરાંનીઓ વધારે બેહેતર હતા. અફ્રાસ્યાબને હાથ થોડો વખત ઈરાંનીઓનું કયાંનીઅન ખોરેહ વટીક ગયું હતું.

અવસ્તા પેહેલવી—આઅત અઓત અહુરો મજદાઓ ફ્રા-કેરેસ્તો અસ્તોવીધોતુશ જીરીજાઓ અપઇરીઅયો યહ્યત હ્રચ નએચિશ બુન્જયાત અઓશંઘુહુતામ મષ્યાનાંમ...નોઇત ઉસ્યાંસ્તચો નોઇત નીયાં [**પેહેલવી.** ને કે ૫ વલી વલ વજેત (ક ૫ થીથી અસમાં અન્દર શહોત) ચુન કહોશ] (અઓગમઇદેચા દાર્મેસ્ટેટેની ફ્રેચ જંદ અવસ્તા, વાલમ ૩, પાનું ૧૬૧. સર જ જમશેદ ત્રાંસલેશન ફંડના આસરા હેથળ, મી. માદને પ્રગત કરલી અઓગમદએચા, પા. ૧૨–૧૩)

અર્થ—અહુરમજદે કહ્યું કે (મોતના દેવ) અસ્તોવીધોતુને જીવતાંઓના નાશ માટે પેદા કરવામાં આવ્યો છે જેનાંથી કોઈપણ મોતને પાત્ર આદમી છુટનાર નથી. નહિ (આકાશમાં) ઉંચે ચહડનારાઓ, કે નહિ (જમીનમાં પાટાલમાં) નીચે ભરાનારાઓ, (નહિ તેઓ કે જેઓ બુલંદીએ જાય છે, એટલે ઠેઠ આસ્માનમાં પોહોચે છે, જેવા કે કાઉસ).

ઉપલા બનાવ બાબે એટલે પાદશાહ કાઉસે આકાશમાં ઉડવાની કોશેશ કરી હતી તે બાબે, અવસ્તાના ઉપલા ફકરાઓમાં આડક્તરો એશારો કીધો છે.

ફીર્દોસી કહેછે, કે જે દેવો શાહ કાઉસના તાબા હેઠળ હતા, તેઓએ, તેની ગુસરીમાંથી છુટવા કાજે, તેનાં મનમાં હદ બાહેર તુરંગો ઉભા કરી તેને હેરાંન કરવાનો વિચાર કીધો. પોતાના સરદાર એબલીસની સલાહથી તેઓમાંથી એકે એક દિવસ શાહને કહ્યું કે "તું આ દુનિયાનો મોટો પાદશાહ છે. પણ તું આસમાનપર શું બને છે તે જાણતો નથી. સૂર્ય અને ચંદ્ર માટે, અને રાત અને દાહડો કેમ બને છે તે માટે તું કાંઈ જાણતો નથી." આ ઉપરથી તેણે આકાશમાં ઉડવાનો ખ્યાલ કર્યો. તે કેવી રીતે ઉપર ઉડયો તે માટે ફીર્દોસી કહે છે કે તરેહવાર વાતો છે. તેનાં કહેવા પ્રમાણે, મુખ્ય વાત આ કેહેવાઈ છે કે, તેણે એક બેઠકને ચારે છેડે જાનવરનાં માસના મોટા કટકા બાંધ્યા અને ખાસ પાળેલાં ગરૂડ પક્ષીઓને તેની નીચે બાંધ્યાં. તે પક્ષીઓ, ઉપર બાંધેલાં માસ તરફ ધસ્તાં, અને તેમ કરતાં, તેઓ ઉપર લટકેલી બેઠક ઉપર ચહડતાં. એમ કેટલુંક સુધી આકાશમાં ઉડી તે આ મુલકનાં એક બીઆબાંન જંગલમાં પડ્યો. રૂસ્તમ અને બીજા

ઇરાંની સરદારોએ કેટલીક ખોલ કરી તેને સોધી કાહડ્યો અને તેની હુલડાઇ માટે તેને થપકો આપ્યો. શાહ કાઉસ પોતે શરમીંદો થઈ ગયો.

પછી કાઉસે અફ્રાસ્યાબ, જે ઇરાંનનો મોટો ભાગ હાથ કરી બેઠો હેતો, તેના ઉપર નામુ લખી તેને તે મુલક છોડી જવાને જણાવ્યું. અફ્રાસ્યાબ પોતે એ વખતે તાજીઓ (આરબો)ના મુલકમાં હતો, સબબક તેણે તે મુલક ઉપર હુમલો કર્યો હતો. અફ્રાસ્યાબે ઉપલાં નામાનો જવાબ કાઉસની મરજી મુજબ નહિ આપવાથી કાઉસે તેની ઉપર હુમલો કર્યો અને હરાવ્યો. તે પછી અફ્રાસ્યાબ પાછો પોતાનાં તુરાંનના મુલક ભણી ગયો અને કાઉસ ઇરાંન ભણી પાછો ફર્યો.

રૂસ્તમ બીજા સાત પેહેલવાંનો સાથે તુરાંનની સરહદમાં શિકાર કરવા ગયો ત્યારે અફ્રાસ્યાબે એ સર્વ પહેલવાંનોને પકડવા કાજે ઉઠાવેલી લઢાઈ.

એક દિવસે રૂસ્તમ કેટલાક ઇરાંની સરદારો સાથે શિકારગાહમાં ગયો હતો. ત્યાં તે સર્વએ શેકાર કરી કેટલાક દિવસો આરામમાં પસાર કરી વિચાર કર્યો કે અફ્રાસ્યાબના તુરાનના મુલકમાં શિકાર કરવા જાય. અફ્રાસ્યાબને ખબર પડે અને તે એકાએક હુમલો લાવે તે બાબે સાવચેત રહી તેઓ તેનાં મુલકમાં શિકાર કરવા લાગા. અફ્રાસ્યાબને ખબર પડતાં રૂસ્તમ અને તેની સાથના તુસ, ગેવ, બેહેરાંમ, જંગેહ ગુરાજ, ગુર્ગીન, જવારહ જેવા નામીચા સરદારોને પકડી લેવાની તેણે સારી તક જોઈ. તેણે પોતાના વજીર પીરાંનને તેડાવી લશ્કર તૈયાર કરી ઉપલા ઇરાની સરદારો ઉપર હુમલો કર્યો. તેનો એક સરદાર પીલૂસમ, જે પીરાનનો ભાઈ થતો હતો, તેણે ઘણાક ઇરાની પેહેલવાનોને હરાવ્યા. પણ રૂસ્તમે છેવટે તેને અને સર્વ તુરાંની લશ્કરને હરાવ્યું અને પછી તેઓ સર્વ ઇરાન ભણી પાછા ફર્યો. આ શિકારગાહની લડાઇમાં રૂસ્તમ સાથે સાત પેહેલવાનો હતા, તેથી તે લડાઇત તે "શિકાર ગાહની રૂસ્તમ અને સાત પેહેલવાંનોની લડાઈ"ને નામે જણાયલી છે.[1]

---

1 ચુ આન આન દીદ રૂસ્તમ અવા હફ્ત ગોઈ બ તુન્દી બર ઈશાન ચઠી હુમ્લે બોઈ.

રૂસ્તમનાં બેટા સોહરાબને સમજાવી અફ્રાસ્યાબે તેને તુર્કી લશ્કર આપી તેની પાસે ઇરાન ઉપર હુમલો કરાવ્યો, તે બાબેની લડાઈ.

એક દિવશે જ્યારે રૂસ્તમનું દીલ જરા ગમગીન હતું, ત્યારે તેણે થોડાક દિવસ બહાર શિકારે જવાને વિચાર્યું. તે રખશ ઉપર સવાર થઈ તુરાન ભણી ગયો, અને સમનગાંન શેહેર, જે હાલના તુર્કોમાનોનો મુલક ગણાય છે, ત્યાં શિકાર માટે આવ્યો. ત્યાં શિકારથી ફારેગ થાઈ પોતાનાં રખશને ચરતો મુકી મેદાનમાજ એક રાત્રે સુઈ ગયો.

બીદાર થતાં જોએ છે તો પોતાનો ઘોડો મલે નહિ. તેના પગળાં જોતો જોતો તે સમનગાંનનાં[1] શેહરમાં આવી પોંહતો. ત્યાંના પાદશાહની બેટી તેહેમીના સાથ પીછાંન થતાં બન્નેની શાદી થઈ. તેહેમીના આશાવંતી હાલતમાં આવતાં રૂસ્તમે તેણીને એક મોહરો આપ્યો અને કહ્યું કે "જો તારે પેટે બેટી અવતરે તો એ તેણીનાં માથાનાં બાલમાં બાંધજે અને બેટો અવતરે તો તેની બાજુ ઉપર બાંધજે." પછી રૂસ્તમ પોતાને મુલક ગયો. તેહેમીનાએ એક બેટાને જન્મ આપ્યો, જે લડાયક અને બાહાદુર નિવડ્યો. તેનું નામ તેણીએ સોહરાબ આપ્યું: તે મોટો થતાં તેની હિમ્મત અને દલેરીની વાત, આજુ બાજુ ફેલાતાં તુરાની પાદશાહ અફ્રાસ્યાબને કાંને ગઈ. ત્યારે તેણે હોમાંન અને બાર્માન નામના પોતાના સરદારોને કહ્યું, કે "તમો સોહરાબ આગળ જઈ તેની હજુર આપણું તુરાની લશ્કર રજુ કરી, તેની તેનેસરદારી આપી તેને સમજાવીને તેની પાસે ઇરાન ઉપર ચહડાઈ કરાવો. એ લડાઈમાં સોહરાબ કે રૂસ્તમ, બન્નેમાંથી કોઇપણ માર્યો જશે તો તે આપણાં લાભનું છે, કારણ જો બન્ને બહાદુર બાપ દીકરા સાથે મલશે તો આપણાં તુરાનને

---

૧ ખોરાસાનની સરહદમાં આવેલું સમલગાન (Semalgán) શેહેર, જે આસ્રાબાદ–બુજનુર્દના રસ્તા (Astrabad–Boojnourd road) ઉપર આવેલું છે, અને જે હાલમાં કુર્દ તાયફાવાળાનું શેહર છે, તેને મેજર સાઇક્સ એ સમનગાન શેહર ધારે છે. (Ten Thousand Miles in Persia or Eight years in Irân" by Major Sykes, p. 17).

ઘણું ભારી પડશે. માટે એવી યુક્તિથી કામ લેજો કે બાપ દીકરા એકએકને મળે નહિ અને પીછાંને નહિ. તે સરદારો સોહરાબ આગળ ગયા અને તેને તુરાંની લશ્કરની સરદારી લઈ ઇરાન મુલક ઉપર હુમલો કરવાને સમજાવ્યો. દલેર સોહરાબ કબુલ થયો. તેના મનમાં આવ્યું કે તે લડાઈમાં નામ કાહાડે અને પોતાનાં બાપને ઇરાનનું રાજ્ય આપે.

સોહરાબ તુરાંની લશ્કર સાથે ઇરાંન ભણી જવા નિકલ્યો. તેહમીનાએ તેની સાથે પોતાના ભાઈ જીન્દે રજમને મોકલ્યો કે તે તેને તેનાં બાપ સાથે મેળવી ઓળખાંણુ કરાવે. માર્ગમાં જ્યારે તુરાંની લશ્કર ઇરાંનની સરહદ ઉપરના દજ [1]સપીદ નામના કિલ્લા આગળ આવ્યું, ત્યારે તે કિલ્લાનો સરદાર ગસ્તહમ (ગજદમ) તેની સાંમે થયો.

ગજદમ પોતે જઈફ થયો હતો, માટે પેહેલવાન હજીર સોહરાબની સાંમે થયો. પણ તે લડાઈમાં હાર્યો. આ મામલો જોઈ ગજદમની બાહાદુર બેટી ગોર્દઆફ્રીદ મરદનો પોષાક પેહેરી લડાઈમાં આવી. લડાઈમાં તેણીની કોલાહ સોહરાબે ઉંચકી લીધી ત્યારે તેણીનાં બાલ છુટા થઈ ગયા. તે ઉપરથી સોહરાબે જાણ્યું કે તેનો હરીફ઼તો એક ઈરાંની બાંનુ હતી. રાત પડતાં ગજદમ છુપાછુપ કિલ્લો ખાલી કરી ઈરાંન ભણી નિકળી ગયો. તે આગમચ તેણે શાહ કાઉસ ઉપર પત્ર લખી તેને સર્વ હકીકતથી વાકેફ઼ કીધો હતો.

શાહ કાઉસે સર્વ હકીકત જાણી, પોતાનાં દરબારીઓની સલાહથી, દેશના બચાવ માટે રૂસ્તમને જાબુલસ્તાંનથી તેડી લાવવા ગેવ નામના સરદારને મોકલ્યો. રૂસ્તમ આવ્યો પણ તેને આવતાં જરા મોડું થવાથી, પાદશાહ, તેણે બજાવેલી આગલી તરહેવાર સેવાઓ ભુલી જઈ, તેનાં ઉપર ગુસ્સે થયો. તેથી રૂસ્તમ દરબાર છોડી પાછો

---

૧ આ 'સપીદ'નો કિલ્લો તે ડવોર્નેર સીપન્દનો કિલ્લો ધારે છે, કે જે રૂસ્તમે આગળ જણાવવા પ્રમાણે જીતી લીધો હતો. તે જમ્યાદ યશ્ત (ફ઼. ૬) નો સ્પેન્તોદાત અને બુનદેહેશ (બાબ ૧૨ ફ઼. ૨૪)નો સ્પેન્દાદ છે. આ પહાડ અને અસફન્દયારના નામ મળતાં આવે છે, તે ઉપરથી યુસ્તી એ પહાડને ગુમ્બદાત નો પહાડ ધારે છે, જે ઉપર ગુસ્તાસ્પે અસ્ફન્દયારને બંદ કીધો હતો.

ચાલી ગયો. પણ કાઉસ પાછળથી પોતાની વર્તણુક માટે પસ્તાયો, તેથી ઇરાંની સરદારોના આગ્રહથી, અડી ભીડીએ દેશની સેવા બજાવવાની ફરજના ઉમદા ખ્યાલથી રૂસ્તમ પાછો આવ્યો અને સોહરાબ અને તેનાં તુરાંની લશ્કર સામે કેટલીક લઢાઈ કીધી. તેહેમીનાએ બન્ને બાપ દીકરાને ઓળખાંણ કરાવવા પોતાનાં ભાઈ જીન્દે રજમને મોકલ્યો હતો, તે રૂસ્તમને હાથે પેહેલે માર્યો ગયો તેથી બન્ને બાપ બેટા ભુલમાં એકમેક સાથે લડ્યા. એક વખત હાથો-હાથની લડાઈમાં કુસ્તીમાં રૂસ્તમ સોહરાબને હાથે જમીન ઉપર પડ્યો હતો. સોહરાબ તેને મારી નાખતે, પણ રૂસ્તમે આગ્રહ કરવાથી તેણે તેને જવા દીધો. બીજે દિવસે કુસ્તીમાં સોહરાબ નીચે પડતાં રૂસ્તમે તેને ખંજર ભોંકી મારી નાખ્યો. સોહરાબે મરતાં મરતાં કહેલા શબ્દોથી રૂસ્તમને ખબર પડી, કે તેને હાથે તેનો પોતાનો બેટો માર્યો ગયો હતો. તેથી તે ઘણો ગમગીન થયો. પણ તેણે સબુરી પકડી દેશની સેવા બજાવવાનું ચાલુ રાખ્યું.

અફ્રાસ્યાબે કરેલી ચહડાઈ સામે સ્યાવક્ષની સરદારી હેથળ થાયલી લહાઈ અને તે લડાઈમાં સ્યાવક્ષે સુલેહ કરી તુરાંનમાં જઈ રહેવા બાદ તેને અફ્રાસ્યાબે મારી નાખવો અને તે ઉપરથી બર્પા થાયલી લડાઇ.

પાદશાહ કાઉસના વખતમાં ઈરાંન અને તુરાંન વચ્ચે થાયલી ચાર લડાઈઓમાંથી છેલ્લી લડાઈમાં શાહનાં બેટા સ્યાવક્ષે ઇરાંની લશ્કરની સરદારી લીધી હતી. એ લડાઈનાં પરિણામે ઇરાંન અને તુરાંન વચ્ચેનું આગલું વેર વધાર્યું હતું. એ લડાઇનું વર્ણન કરવા આગમચ, તેમાં ઇરાંની લશ્કરની સરદારી લેનાર સ્યાવક્ષની થોડીક હકીકત આપણે જાણચે.

સ્યાવક્ષ.

૧ **અવસ્તા**—કવોઈશિ સ્યાવર્ષાનો અષઓનો ફ્રવષીમ યજમઇદે

(ફ્રર્વર્દીન યશ્ત, ક. ૧૩૨)

અર્થ—અશો કએ સ્યાવક્ષના ફરોહરને અમો આરાધ્યે છિએ.

૨ **અવસ્તા**—ગ્રીરેમ કેહર્પેમ અનાવઆવનેમ બવાહિ યથ કવ સ્યાવર્ષાનો.

અર્થ—કયાની સ્યાવક્ષની મીસાલે તું ખુબસુરત શરીરનો અને બીગુનાહ થજે.

૩ **પેહેલવી**—હુદીદ બેદ ચુન સ્યાવક્ષ
(પએવન્દ નામે અથવા લગ્નના આશીર્વાદ)

અર્થ—સ્યાવક્ષના જેવા સારા દેખાવવાળા (અથવા ભલી નજરવાળા) થાજો.

પેહેલવી—જવીત દુદ ફ્રાસ્યાવ કોખ્શીત વ કએ સ્યાવક્ષ વલ કારીજાર સાતુન્ત. પવન આહુકે સુતાપીઅ ઇ નિરમને કાઉસ સુતાપે ચેહવુન્ત, સ્યાવક્ષ લખ્વાર વલ અઇરાન શત્ર લા વજલુન્ત, પવન આઇ ફ્રાસ્યાવ (મોટી બુન્દેહેશ, પાનું ૨૧૩, લીટી ૭ થી ૯.)

અર્થ—બીજી જુદે વખતે અફ્રારયાબે મારામારી કીધી અને કએ સ્યાવક્ષ લડાઈ ઉપર ગયો. સોદાબે (સુતાપીઅ), જે સોદાબે કાઉસની બાયડી હતી, તેણીની ખામી ભરી ચાલને લીધે સ્યાવક્ષ પાછો ઇરાંન શેહેર ફર્યો નહિ. (પણ) અફ્રાસ્યાબ તરફ (ગયો.)

અવસ્તા વિગેરેના ઉપલા ફકરાઓ ઉપરથી સ્યાવક્ષ બાબે નીચલી હકીકત માલમ પડે છે.

૧ સ્યાવક્ષ ખુબસુરત હતો અને તેનાં ચેહરા ઉપર કયાંની ખોરહ હતું.
૨ તે એક બીગુનાહ ભલો અશો મરદ હતો.
૩ તેની સામે તેની સાવકી માતા સોદાબેએ ખોટુ આળ મેળ્યું હતું.
૪ તેણે અફ્રાસ્યાબ પાદશાહનો આસરો લીધો હતો. તેને અફ્રાસ્યાબે મારી નાખ્યો હતો, જેના કિનામાં કએખુસુએ તેને ચએચસ્ત (હાલના ઉરૂમીઆ) સરોવર નજદીક માર્યો હતો. એ કામમાં તેને હોમ ફ્રારમી નામનાં એક ભલા પરહેજગાર મરદે મદદ કીધી હતી.

પેહેલવી પુસ્તકોમાં બહમન યશ્ત (બાબ ૩, ફ. ૨૫) માં એને કંગ દ્રુજનો કિલ્લો બાંધનાર તરીકે જણાવ્યો છે. દાદેસ્તાંને દીનીમાં એને "આજાદે" એટલે પાક અથવા અસાફ કહ્યો છે (આજાદે ચેગુન સ્યાવક્ષ. બા. ૩૭ ફ. ૫). ત્યાં પણ એને કંગ દ્રુજનો સ્થાપ-

નાર ગણ્યો છે. મીનોખેરદ (બાબ ૩૭ ફ. ૫૫)માં, જ્યાં કેટલાક મહાન પુરૂષોથી આએ દુનિયાને થયલા ફાયદાઓ વર્ણવ્યા છે, ત્યાં કાઉસથી થયલા લાભોમાં કહે છે, કે તેનેથી સ્યાવક્ષ જેવો બેટો પેદા થયો; અને સ્યાવક્ષથી થયેલા લાભોમાં જણાવે છે, કે તેનીથી કએખુસ્રુ જેવો બેટો પેદા થયો.

શાહનામામાં સ્યાવક્ષ માટે જે હકીકત મલે છે તે અવસ્તા અને પેહેલવીનાં ઉપલા ફકરાઓ અને એશારાઓનું વિગતવાર વર્ણન રજુ કરે છે.

શાહ કાઉસની રાણી સોદાબે, જે હમાવરાંનના પાદશાહની બેટી હતી, તેણી સ્યાવક્ષની સાવકી માતા હતી. તેણીથી સ્યાવક્ષ ઘણો હેરાંન થતો હતો. તેણીએ તેનાં સાંમે કોઈક આલ મેલ્યાં હતાં જે આલ સામે તેણે પોતાને નિર્દોશ સાબેત કીધો હતો.[1]

આ બનાવ બનવા બાદ થોડા વખતમાં અફ્રાસ્યાબે ઇરાંન ઉપર પાછો હુમલો કર્યો. સ્યાવક્ષ પોતાની સાવકી માતાની વર્તાણુકથી કંટાળી ગયો હતો. તેથી તેણે એ લડાઈ ઉપર જવાનો વિચાર કર્યો, એવા ખ્યાલથી કે તેમ કરવાથી તે એક તો તેનીથી દૂર થાય અને બીજું તો લડાઈમાં નામ કાહાડવાની તેને ટક મલે. એ ખ્યાલથી જ્યારે કાઉસે દરબારમાં અફ્રાસ્યાબ સાંમે જતાં લશ્કરની સરદારી લેવા બાબે પુછપરછ કરી ત્યારે સ્યાવક્ષે પોતે જવા માગ્યું. શાહ કાઉસે તેની માગણી સ્વીકારી અને રૂસ્તમ, જેણે એ શાહજાદાને બચ્ચગીમાં લશ્કરી કેલવણી આપી હતી, તેની સંગતમાં લડાઈપર મોકલ્યો.

એક હાથ ઉપર સ્યાવક્ષ અને રૂસ્તમની સરદારી હેથળ ઇરાંની લશ્કર અને બીજા હાથ ઉપર અફ્રાસ્યાબના ભાઈ ગર્સેવજની સરદારી હેથળ તુરાંની લશ્કર બલ્ખ આગળ ભેગાં મલ્યાં અને તેઓ વચ્ચે લડાઈ થાઈ. તેમાં ઇરાંનીઓ જીત્યા અને તેઓએ બલ્ખ તુરાંની-

---

૧ સ્યાવક્ષનું દાસ્તાન સીનદીબાદ નામાની વાર્તાને મલતું આવે છે. જુઓ મારૂ પુસ્તક "Asiatic Papers," pp. 45-52, માં વિષય, નામે "The so-called Pahlavi origin of the Sindibad-Nâmeh or The Story of the seven Masters જુઓ એ વિષય માટે Journal of the B, B. R. A. Society, vol, XVIII pp. 206-12.

ઓનાં હાથમાંથી લઈ લીધું. કાઉસને એ ફતેહની ખબર પડતાં તે ખુશી થયો અને પોતાનાં બેટા ઉપર મુબારક બાદીનો પેગાંમ મોકલી ખબરદાર રેહવા કહ્યું અને જણાવ્યું કે તેણે એક જગ્યાએ પડાવ નાખી રહેવું અને આગલ વધવું નહિ. પણ તુરાંનીઓ હુમલો લાવે તે માટે રાહ જોવી. અફ્રાસ્યાબ પોતાની હારથી ગભ્રાયો અને તેણે સુલેહની માગણી મોકલી. સ્યાવક્ષે રૂસ્તમની સલાહ લેઈ તે માગણી કબુલ રાખી સુલેહ કીધી, ખાસ કરીને તે આ સબબે, કે કાઉસે સલાહ આપી હતી કે તેણે આગલ વધવું નહિ, પણ અફ્રાસ્યાબ હુમલો લાવે તે માટે વાત જોવી. આ સુલેહની સરતો પ્રમાણે અફ્રાસ્યાબે પોતાના ૧૦૦ ખેશી સરદારો સુલેહની જામીનગીરી (Hostages) તરીકે આપ્યા અને કેટલોક મુલક આપ્યો.[1]

---

૧ અફ્રાસ્યાબ સુગડીઆના, બોખારા, બળખ વીગેરે જે મુલકો ખાલી કરી ગયો, તે, જોકે તેના હાથમાં હતા, તો પણ તે અસલ એક વખત ઇરાંની મુલકો હતા. તેનો બાપીકો તુરાનનો મુલકનો હજુર ઉતર પૂર્વે કાશગર તરફ હતો કેપટન બાઉઅર, જે મધ્ય એશ્યાનો એક જાણીતો મુસાફર છે, તેના જણાવવા પ્રમાણે જ્યારે તે કાશગરનાં મુલકમા હતો, ત્યારે કુચાર (Kuchar) ગાંમમાં એક માણુસ તેને છુપી રીતે મધરાતે એક જમીન માહે ખોદી કાહાડેલુ શેહેર જોવા લઈ ગયો હતો. ત્યા જતા તેને માર્ગમાં ઘણા પુરાણાં બાંધ કાંમોનાં ખંડિએરો, અફ્રાસ્યાબના મકાંનો તરીકે બતાવવામા આવ્યા હતાં વળી ખુદ જમીનનાં પેટામાં બાંધેલાં શેહેર (Subterranean town)નું એક ખંડીએર પણ તેને અફ્રાસ્યાબની રાજધાનીનાં ખંડિએર (The remains of Afrasiab's capital) તરીકે બતાવવામાં આવ્યું.

તારીખે રસીદી પ્રમાણે, કાશગરના આગલા સુલતાનો પણ, પોતાને, અફ્રાસ્યાબ, જેને તેઓ બુગાખાંન કહેતા, તેની ઓલાદથી જણાવતા. વળી તેઓ અફ્રાસ્યાબની પેઢી નીચે પ્રમાણે ફરેદુનપર લઈ જતા. અફ્રાસ્યાબ, પીશ, દાદીનશીન, તુર અને આફ્રીદુન. ઇલકખાન નામનાં તુર્કી તાયફાવાળાઓ "અફ્રાસ્યાબી તુર્કીઓ" એવે નામે જણાયલા હતા. ઇ. સ. બારમી સદી સુધી, એ અફ્રાસ્યાબી તુર્કીઓનું મથક, "બાલાશાકુન" નામે હતું, જે અફ્રાસ્યાબે બાંધેલું જણાવવામાં આવતું. અરબ ભુગોળ નવેશો પ્રમાણે, એ બાલા શાકુનનું શેહેર કાશગર આગળ હતું.

વળી અફ્રાસ્યાબે એક વખત સમરકંદમાં પણ હકુમત કરી હતી. તેથી, જાણીતા મુસાફર બોનવેલો પ્રમાણે, ત્યાં પણ અફ્રાસ્યાબનાં ખડિયરો (The ruins of Afrasiab) તરીકે જણાએલાં બિશમાર મકાનો જણાએલાં છે. સમરકંદમાં એક બીશમાર મકાંન હજુર પણ એ મુસાફર પ્રમાણે, અફ્રાસ્યાબની કબર તરીકે જણાયલું છે. તેનું ચિત્ર, બોનવેલો પોતાનાં પુસ્તકમાં બીજા વાલમ (પા. ૭૧)માં આપે છે.

આ સુલેહથી કાઉસને વાકેફ કરવા જેહાન પેહેલવાન રૂસ્તમ પોતે ઇરાન ગયો અને શાહને સર્વ હકીકત જણાવી. કાઉસને એ સુલેહ પસંદ પડી નહિ. તે રૂસ્તમ ઉપર ગુસ્સે થયો. તેથી રૂસ્તમ શાહ ઉપર ગુસ્સે થઈ જાબુલસ્તાન ચાલી ગયો. શાહે એક તુરાંની પેહેલવાનને સ્યાવક્ષ આગળ મોકલ્યો કે જો સ્યાવક્ષ પોતે અક્રાસ્યાબ સામે વધુ લડાઈ કરે નહિ તો તેણે ઇરાંન પાછું ફરવું અને પછી તુસ લશ્કરની સરદારી લેઈ તુરાન ઉપર હુમલો કરશે.

સ્યાવક્ષનું તુરાન ભણી અક્રાસ્યાબ આગળ જવું અને તેની બેટી સાથે શાદી કરી ત્યાં રેહેવું.

પેલવી—સ્યાવક્ષ લખ્વાર વલ અઇરિંન શત્ર લા વજલુન્ત, પવન આઈ ક્રાસ્યાવ. ચેગુનશ પવનશ જીનહાર મકદરૂન્ત ઇકિવીમુનાત વલ કાઉસ લા સાતુન્ત. બરા નેકૂશમન વલ તુર્કસ્તાંન વજલુન્ત. દુખ્તે ક્રાસ્યાવ પવન નિશ્મનીઅ વખદુન્ત. કએખુસ્રુ અવશ જરહુન્ત (મોટી બુન્દેહેશ, પાનું ૨૧૩, લીટી ૯ થી ૧૨)

અર્થ—સ્યાવક્ષ ઈરાંન શેહેર પાછો ફર્યો નહિ પણ અક્રાસ્યાબ આગલ (ગયો). તેણે તેનાંથી આસરો કબુલ્યો હતો તેથી તે કાઉસ આગલ ગયો નહિ. પણ પોતે તુર્કસ્તાન ભણી ગયો. (ત્યાં) તેણે અક્રાસ્યાબની બેટીને શાદીમાં લીધી અને તેનાંથી કએખુસ્રુનો જન્મ થયો.

સ્યાવક્ષને બાપના ગુસ્સાની વાત ખબર પડવાથી તે ઘણો દલગીર થયો. એક હાથ ઉપર અક્રાસ્યાબને સુલેહનો જે કોલ આપેલો તે કોલ તોડવા તે માગતો હતો નહિ. બીજા હાથ ઉપર જો તે તુરાંન ઉપર હુમલો લઈ જતો નહિ તો બાપને ગુસ્સે કરે છે. આ મુશ્કેલી વચ્ચે અને વલી ખુદ ઇરાંનમાં તેનાં બાપને ત્યાં તેની સાવકી માતા સોદાબે તેની સાથે સારી રીતે વર્ત્તતી ન હતી, તે સબબે, તેણે ઇરાંન સદાનું છોડી તુરાંનમાંજ એક જગ્યાએ એકાંતમાં વાસો કરવાનું પસંદ કર્યું. એ બાબે અક્રાસ્યાબને ખબર પડતાં તેણે તેને ખુશી સાથે પોતાના મુલકમાં રાખ્યો અને તેની કેટલીક આગતા સ્વાગતા કીધી. જ્યારે તુસ તુરાનથી આવ્યો અને તેને આ વાતની ખબર પડી કે સ્યાવક્ષ ઇરાંનને છોડી સદાનો તુરાંન જઈ રહ્યો છે ત્યારે તે

તુરાંન સાંમે વધુ લડાઇ કરવા વિના ઇરાંન ભણી પાછો ફર્યો. શાહ કાઉસ પણ આ વાત જાણી દલગીર થયો અને હવે બેટાનો ગમ પકડી લડાઈનું નામ પણ દેવા નહિ લાગ્યો.

સ્યાવક્ષ અને તેનાં ઇરાંનીઓ અને અફ્રાસ્યાબ અને તેના તુરાંનીઓ વચ્ચે દડીદાવની રમત. તેથી સ્યાવક્ષ સાંમે ઉભી થાયલી કર્સેવઝની અદેખાઈ.

એક વખત અફ્રાસાબની સુચનાથી ઇરાંનીઓ અને તુરાંનીઓ વચ્ચે ચોગાન ગુઈ એટલે દડીદાવ (Ball-bat) ની હરીફાઇની રમત (International match) રમવામાં આવી. ઇરાંનીઓની સરદારી (Captainship) સ્યાવક્ષે લીધી અને તુરાંનીઓની અફ્રાસ્યાબે લીધી. બન્ને ટોળકીઓ (teams) સાત સાત રમનારાઓની બની.[1] આ રમતમાં ઇરાંનીઓ જીત્યા. રમતમાં સ્યાવક્ષની ચબરાકી જોઈ અફ્રાસ્યાબ તેની ઉપર ખુશી થયો. તેથી તેનાં ભાઈ કર્સેવઝની સ્યાવક્ષ સાંમે અદેખાઈ ઊભી થાઈ. બીજી લડાયક રમતોમાં પણ સ્યાવક્ષે દેખાડેલી ચબરાકીથી, અને વળી પાછળથી કર્સેવઝ અને સ્યાવક્ષ પોતપોતાની તોલકીઓ સાથે દડીદાવની રમત રમ્યા તેમાં પણ સ્યાવક્ષ પોતાની તોલકી સાથે જીત્યો, તે સર્વ ઉપરથી કર્સેવઝ સ્યાવક્ષની વધારે અદેખાઈ કરવા લાગ્યો, સબબ કે અફ્રાસ્યાબની નજરમાં સ્યાવક્ષ વધારે વહાલો થવાથી કર્સેવઝ પોતાનો કાબુ ઓછો થતો માનતો.

સ્યાવક્ષે આફ્રાસીઆબની બેટી સાથે શાદી કરવી અને કંગદેઝનું શેહેર બાંધવું. કર્સેવઝની અદેખાઇથી તેનું માર્યા જવું.

ત્યાર પછી પીરાંન વજીરની સલાહથી સ્યાવક્ષે અફ્રસ્યાબની એક બેટી ફીરંગીજ સાથે શાદી કીધી. અફ્રાસ્યાબે સ્યાવક્ષને એ શાદી

---

૧ અસલી ઇરાનીઓની દડીદાવની રમત માટે, જુઓ મારા પુસ્તક Asiatic papers (પાના ૨૩ થી ૩૦)માં "The Game of Ball-bat (chowgan gui) among the ancient Persians, as described in the Epic of Firdovsi" નામનો વિષય. જુઓ એ વિષય માટે Journal B. B. R. As. Society. Vol. XVIII pp. 39-46.

બાદ કેટલોક. મુલક આપ્યો. એ મુલકમાં સ્યાવક્ષે કંગદેજ[1] નામે એક સુંદર શેહેર સ્થાપ્યું અને ત્યાં એક મોટો સુંદર મેહેલ બાંધ્યો.

એ શેહેર સ્થાપવા પછી તેણે સ્યાવક્ષ ગર્દ નામનું શેહેર સ્થાપ્યું. તે શેહેર ઘણું સુંદર હતું. અફ્રાસ્યાબના કહેવાથી કર્સેવજે એ શેહેરની મુલાકાત લીધી. ત્યાં તેણે જે જોયું તે ઉપરથી અને સ્યાવક્ષની જે ચહુડતી અને ચબાકી જોઈ તે ઉપરથી તેનાં મનમાં તેને માટે અદેખાઈ વધતી ગઈ. તેથી જ્યારે તે અફ્રાસ્યાબ આગળ પાછો ફર્યો, ત્યારે તેણે તે પાદશાહને સ્યાવક્ષ માટે ખોતું સમજાવ્યું કે તે શાહજાદો વફાદાર હતો નહિ અને તેની દરબારમાં ઈરાંનના કાસદો આવજા કરતા હતા વિગેરે. આ ઉપરથી અફ્રાસ્યાબે સ્યાવક્ષ સાથે જાતે વાતચીત કરી તપાસ કરવા માટે તેને પોતા આગળ તેડાવ્યો. તેણે તેને તેડવા કર્સેવજને મોકલ્યો. કર્સેવજના કહેવાથી સ્યાવક્ષ આવવા તૈયાર થયો ત્યારે કર્સેવજે તેને ફરેબ મારી ખોતું સમજાવ્યું કે "જો તું અફ્રાસ્યાબ આગળ આવશે તો તે તુંને મારી નાખશે, કારણ તે તારા ઉપર શક રાખે છે" વિગેરે. એ સલાહ ઉપરથી સ્યાવક્ષે જવાને માંડી વાળ્યું. ત્યારે કર્સેવજે અફ્રાસ્યાબ આગળ જઈ ખોતું કહ્યું કે "સ્યાવક્ષ આવવા ના પાડે છે અને તારી દરકાર કરતો નથી" વિગેરે .આ ઉપરથી અફ્રાસ્યાબ સ્યાવક્ષ ઉપર ગુસ્સે થયો અને લશ્કર લેઈ તેની સાંમે ગયો. કર્સેવજે બન્નેને એકમેક માટે જુઠુ સમજાવવાને ચાલુ રાખ્યું. તે સબબે જ્યારે અફ્રાસ્યાબ સામે આવ્યો ત્યારે સ્યાવક્ષે ગમે તેટલી નર્માશ દેખાડી તોપણ તેણે પોતાના સેપાહોને

---

૧ આવાં યશતમાં એ "કંધહુય વૈરેજન્ય" એટલે બુલદ કંધદેજ ને યાદ કર્યો છે. એના 'કંગ' પહાડને જમ્યાદ યશત (ફ ૪) માં પણ યાદ કર્યો છે બુનદેહેશ (બાબ ૩૨ ફ. ૫) માં જરથોસ્તના છોકરા ખોર્શેદ ચેહેરને પાછળથી એ પાહડના કિલ્લામાં સરદારી કરતો જણાવ્યો છે. બુનદેહેશમા એ પહાડને ખોરાસાંનના મુલકમા જણાવ્યો છે. બહમન યશતમાં પણ એ કિલ્લાને સ્યાવક્ષે સ્થાપેલો જણાવ્યો છે. મો. બ્રેઆલ (De la Geograpie de l' Avesta) પ્રમાણે, માસુદી એ કિલ્લાને કએ ખુસ્રુએ સ્થાપેલો જણાવે છે, તે જેમ બહમન યશત તેમ ફીરદોસી પ્રમાણે ભુલભર્યું છે સ્યાવક્ષના મરણ બાદ અફ્રાસ્યાબ અને કએખુસ્રુ વચ્ચે અહી મોટી લડાઈ થઈ હતી, ત્યારે એ કિલ્લો કએખુસ્રુને હાથ ગયો હતો, તે ઉપરથી કદાચ એ ભુલ થઈ હોય. મો બ્રેઆલ કહે છે કે પાછલા ઇરાંની લખનારાઓ એ બુલંદ પહાડ ઉપરથી પોતાની પહેલી મધ્યાંન રેષા (First Meridian) ગણતા.

તેને પકડવાને ફર્માવ્યું. સેપાહીઓએ તેમ કર્યું. અને સ્યાવક્ષની બાયડી ફીરંગીજે ગમે તેટલી મીનત ગુજારી કીધી, તે ઉપર ધ્યાંન નહિ આપી તેણે સ્યાવક્ષને મારી નાખવાને ફરમાવ્યું. તેમ સ્યાવક્ષને મારી નાખવામાં આવ્યો.

પીરાનના વચ્ચે પડવાથી ફીરંગીજનો જાન બચવો.

સ્યાવક્ષની બાયડી ફીરંગીજ આ ઉપરથી પોતાનાં બાપને થપકાના શબ્દો કહેવા લાગી. તે ઉપરથી તેણે તેણીને પણ મારી નાખવાને હોકમ કર્યો. તેણીને મારી નાખવાની તૈયારી થતી હતી, તેટલાં પીરાંન વજીર આવી લાગ્યો. તે આ સર્વ મામલો ચાલતો હતો ત્યારે અફ્રાસ્યાબની દરબારમાં હતો નહિ, પણ બાહરગાંમ હતો. તેને સ્યાવક્ષને મારી નાખવાની વાત ખબર પડતાં તે અફ્રાસ્યાબ આગળ દોડી આવ્યો. આવતાંને વાર ફીરગીજને મારી નાખવાની તૈયારી થતી જોઈ ત્યારે તેણે તૈયારી કરનારાં માણસોને તેમ કરતાં અટકાવ્યા અને અફ્રાસ્યાબ આગળ જઈ તેને નર્મીથી સ્યાવક્ષને મારી નાખવા માટે થપકો આપ્યો. ફીરંગીજ, જેણી આ વખતે સ્યાવક્ષથી આશાવંત હાલતમાં હતી, તેણીને જીવતી રાખવાને તેણે અફ્રસ્યાબને સમજાવ્યો અફ્રાસ્યાબને ચિંતા હતી કે તેણીને પેટે છોકરો અવતરશે તો તે તેના ઉપર બાપનો કિનો લેશે. તેથી પીરાંને તેને સમજાવ્યું કે "તું ફીરંગીજને મારે હસ્તક સોંપ. તેણીને ત્યાં ફરજંદ અવતરશે તેને હું તારી આગળ લાવીશ. તે ફરજંદ તારા ઉપર કિનો લે તેવું તુંને માંલમ પડે તો પછી તું તેને ગમે તે કરજે." આ ઉપરથી અફ્રાસ્યાબે ફીરગીજને પીરાંન વજીરને સોપ્રી.

સ્યાવક્ષનાં દાસ્તાંનપરથી મલતો ધડો—સ્યાવક્ષનાં દાસ્તાન ઉપરથી આપણને જે ધડો મલે છે તે "કોલની ઓસ્તવારી"નો છે

"ઇરાંની બાળકને પાંચ વર્ષની કુમળી ઉમ્મરથી સાચું બોલવાની જે કેળવણી આપવામાં આવતી, તેનાં એક પરિણામ તરીકે કોલ ઉપર ઉસ્તવાર રેહવું, એ એક ઉમદા ઇરાંની સદગુણ હતો. હમદીન કે જુદદીન સાથે જુઠું બોલવું નહિ અને આપેલો કોલ પાળવો, એમ અવસ્તા શિખવે છે. તેમાં કહે છે, કે "ઓ સ્પીતમ તું કોલ મા તોડતો, પછી તે દરવંદ સાથે કર્યો હોય કે હમદીન સાં

કર્યો હોય કારણ કે કોલ દરવંદ અને અશો બેઉને માટે છે." (મેહેર યશ્ત ફ્. ૨). દરેક બાળકનાં મન ઉપર બચપણથી થસાવવામાં આવતું, કે જેઓ આપેલો કોલ તોડે છે,–પછી તે મોંહોડેથી આપેલો હોય કે હાથપર હાથ થોકી આપ્યો હોય–તેઓની ઉપર મિથ્ર, જે સચ્ચાઈ અને કોલની ઉસ્તવારી ઉપર મવકકલ ફ્રેસ્તો છે, તેની ઇતરાજી ઉતરે છે. મેહર તેઓની બાજુઓનું જોર, પગનું કૌવત, આંખની રોશની અને કાંનની સાંભળવાની શક્તિ છીનવી લે છે (મેહર યશ્ત ૨૩). તેઓનાં મકાંનો વેરાંન અને ફ્રજંદ વગરનાં થાય છે (ફ્. ૩૮) અને તેઓ પોતાની સઘળી નેમ અને ધારણામાં નિષ્ફળ થાય છે.

"વંદીદાદમાં કોલ ઉપર ઉસ્તવાર રેહવાની તાકીદ ફ્ર્માવે છે. ત્યાં કહે છે, કે ફકત કોલ તોડનારનેજ કોલ તોડવાની શિક્ષા અને બુરી અસર લાગુ પડતી નથી, પણ સાથે લાગી તેનાં નજદીકનાં ખેશીઓને પણ લાગુ પડે છે (વદીદાદ ૪ ફ્. ૫). એની મતલબ એવી દિસે છે, કે જે માણસે પોતાનો કોલ તોડ્યો હોય છે, તેણે એવાં બુરાં કામથી પોતાની આંટને એટલું તો ખરાબ લગાડ્યું હોય છે, કે તેનાં નજદીકનાં ખેશીઓ સાથે પણ પોતાનાં સાટાં કરવા માટે લોકો ડરે છે. ઘણીવાર આપણે સાંભળ્યે છિએ, કે એક ખરાબ આબરૂ અથવા આંટ પાંમેલા માણસના છોકરા સાથે કામ કરતાં લોકો ડરે છે, કે 'એતો ફલાણા ફલાણાનો છોકરો, કે જે ફલાંણાનું નાણું ખાઈ ગયો હતો; માટે કામ પાડતાં સભાળજો.' આપેલો કોલ તોડવો એ રેવાયતોમાં, જબુનમાં જબુન ગુનાહ ગણ્યો છે."[1]

સ્યાવક્ષનું દાસ્તાંન કોલની આ ઓસ્તવારીનો ઈરાની દાખલો મજબુત રીતે રજુ કરે છે, કે એક સુદ્ધ ઇરાંની બચ્ચો, પોતે આપેલો કોલ, પોતાનો જાન જોખમમાં આવી પડે છે તોપણ, તોડતો નથી. કોલ પાળવા ખાતર તે પોતાનું વ્હાલું વતન છોડે છે, અને પોતાનુ તાજ અને તખ્ત છોડે છે. જેમ હિંદી પુસ્તકોમાં હરીશ્ચંદ્ર માટે કહે છે, કે તેણે સત્યતા ખાતર પોતાનું રાજપાટ અને કુટુબ પરિવારનો ભોગ આપ્યો અને ઘણી હાડમારી દીઠી, તેમ સ્યાવક્ષ માટે છે, કે તેણે,

---

૧ જુઓ મારા "ઇરાની વિષયો", (ભાગ ૧), પા.ા ૪૩–૪૪

સત્યતાને ખાતર, પોતે આપેલા કોલને ખાતર, પોતાનું વાહાલું વતન તજ્યું, તાજ અને તખ્ત તજ્યું, અને વળી સેવટે માર્યો ગયો.

કએખુસ્રુનો જન્મ અને બચગી.

ઉપર જણાવવા મુજબ પીરાંન વજીર ફીરંગીજને અફ્રાસ્યાબને હાથથી છોડવી પોતાને ઘરે લઈ ગયો અને પોતાની બાયડીને સોંપી. તેણીની આશાવતી હાલતના માસ પુરા થતાં, તેણીએ એક બેટાને જન્મ આપ્યો, જે ઘણો ખુબસુરત હતો. પીરાંને યુક્તિથી એ બાબેની અફ્રાસ્યાબને ખબર આપી. અફ્રાસ્યાબને તે વખતે પોતાના જમાઈ સ્યાવક્ષની યાદ આવી અને તેને મારી નાખવા માટે મનમાં પસ્તાવા લાગો પણ તે સાથે તેને ચિંતા લાગી, કે તે બાળક મોટો થઈ ચંચળ નિવડી તેને પોતાના બાપના કિનામાં હેરાંન કરશે. તે ઉપરથી તેણે પીરાંનને કહ્યું કે એ બાળકને એક ભરવાડને સોંફી દેવો, કે તેથી તે પોતાનાં બાપની હકીકતથી અજ્ઞાંન રહે અને વગર કેળવાયલો બોઠડ નીવડે. પીરાંને એક દાયાની સંગતમાં કએખુસ્રુને એક ભરવાડને સોંફ્યો અને તે ભરવાડને ઘણીક ભેટ સોગાદ આપી તે બાલકને ઘણી સારી રીતે ઉધારવા ફર્માવ્યું.

કએખુસ્રુ તે ભરવાડની સંગતમાં એક બાહાદુર છોકરા તરીકે ઉધરવા લાગો. ભરવાડથી તેની બાહાદુરી વિગેરેની ખબર સાંભળી પીરાંન તેને પોતાને ઘરે લઈ ગયો. એક દિવસે અફ્રાસ્યાબે પીરાંનને તેડાવી તે બાળકની ખબરઅંતર પુછી, સબબકે તેને ચિંતા લાગતી હતી, કે મોટો થઈ હુસ્યાર નિવડી તે પોતાના બાપના કિનામાં તેને હેરાંન કરશે. પીરાંને તે છોકરાને અફ્રાસ્યાબ હજુર હાજર કરવાની મરજી જણાવી. તે ઘરે ગયો અને કએખુસ્રુને સમજાવ્યું, કે અફ્રાસ્યાબ સાથે વાત કરતાં એક દીવાંનાની માફક વાત કરે અને પોતાની હુશ્યારી કોઈ પણ રીતે અફ્રાસ્યાબને જણાવે નહિ. કએખુસ્રુ અફ્રાસ્યાબ આગળ હાજર થયો અને તેના સવાલના હસવા સરખા ગાંડા ઘેલા જવાબો આપવા લાગો. તેથી અફ્રાસ્યાબને નિરાંત થઈ કે એવો અનઘડ છોકરો તેનું રાજ લેઇ લે એવો કાંઈ પણ સંભવ નથી. પછી પીરાંને કએખુસ્રુને તેની માતાની સંગતમાં સ્યાવક્ષ ગર્દનાં શેહર તરફ મોકલી દીધો.

સ્યાવક્ષનાં કિનામાં ઇરાને તુરાન સામે ઊથાવેલી લડાઈ.

હવે આ અરસામાં સ્યાવક્ષનાં અફ્રાસ્યાબને હાથે માર્યા જવાની ખબર ઇરાંનમાં શાહ કૌસને અને રૂસ્તમને પડી. રૂસ્તમ શાહની દરબારમા આવ્યો અને સર્વએ સ્યાવક્ષના કિનામાં તુરાંન ઉપર ચહડાઈ કરવાનો ઠેરાવ કર્યો. રૂસ્તમની સરદારી હેઠળ ઇરાંની લશ્કર તુરાંનપર ચહડાઈ લઈ ગયું. કેટલોક વખત લાંબી લડાઈઓ થઈ. સેવટે તુરાંનીઓ નાહઠા. અફ્રાસ્યાબ પોતે ચીનના મુલક ભણી નાહઠો અને રૂસ્તમ સાત વર્ષ સુધી તુરાંનના તખ્ત ઉપર બેઠો અને હકુમત ચલાવી. અફ્રાસ્યાબે ચીન તરફ નાહસ્તાં પીરાંનને કહ્યું કે કએખુસ્રુને સ્યાવક્ષ ગર્દથી તુરત લેઈ આવે, કે નહિ તો રૂસ્તમ તેને પોતાને હસ્તક લેઈ ઇરાંન લઈ જશે. પીરાંને કએખુસ્રુને તેડાવ્યો. પીરાંનનાં સમજાવવાથી અફ્રાસ્યાબે તેને દૂર દેશ ખોતન ખાતે મોકલી દેવા જણાવ્યું કે તેથી તે રૂસ્તમને યા કોઈ ઇરાંનીને હાથ આવે નહિ અને તેઓને તેની ખબર પડે નહિ.

હવે રૂસ્તમે ઇરાંનથી દૂર લાંબો વખત તુરાંનનાં પારકા મુલકમાં રહેવાનું પસદ કર્યું નહિ અને તેથી તે ઇરાંન ભણી પાછો ફર્યો. જ્યારે ઇરાનીઓને તુરાંન છોડી ગયલા અફ્રાસ્યાબે જાણ્યા, ત્યારે તે તુરાંન પાછો આવ્યો. તેણે પાછું ફરતાં તુરાંનને ઇરાંનીઓને હાથે ઘણું તારાજ થયલું જોયું. તેના કિનામાં થોડો વખત બાદ તેણે અવારનવાર ઇરાંનના મુલકો ઉપર હુમલા કરવા માંડ્યા. વળી માથા ભાયગે આ વખતે ઇરાનમાં સાત વર્ષ સુધી મોટો દુકાળ ચાલુ રહ્યો હતો. માટે એ બન્ને સબબે ઇરાંનની ઘણી દુરદશા થઈ.

આ અરસામાં કહે છે કે ગોદ્રેજને સ્વપ્નામાં સરોશ યજદથી બિશારત થાઈ કે સ્યાવક્ષને પેતે કએખુસ્રુ જન્મ પામ્યો છે, માટે તેને સોધી કાહડવો કે તેનાં આવવાથી ઇરાંનની દુરદશા ઘણે દરજે દૂર થશે. આ ઉપરથી ગોદ્રેજે પોતાના બેટા ગેવને કએખુસ્રુને સોધી લાવવા મોકલ્યો. આ અરસામાં અફ્રાસ્યાબ તુરાંન પાછો ફર્યો હતો, તેથી તેણે હવે પીરાંનને કહીને કએખુસ્રુને ખોતનથી તેડાવી તેની માએ ફ્રીરગીજને પાછો સોંફાવ્યો હતો. હવે ગેવ ગાંમેગાંમ ખોળ કરતો, ઘણે લાંબે વખતે, તે મુલક, કે જ્યાં કએખુસ્રુ પોતાની મા સાથે રહેતો

ફ્રુતો, ત્યાં આવી પોહતો. ત્યાં ફરતાં ફરતાં એક ખુબસુરત જવાંન (કએખુસ્રુ)ને જોતાં તેનાં મોંહ ઉપર તેને ખોદાઇ નુર (ફરરે એયજદી) દેખાયું. ગેવે તેને કએખુસ્રુ તરીકે પિછાંન્યો અને તેની સાથની કેટલીક વાત ઉપરથી તે બાબે ખાતરી કરી. તેઓ એકમેકની મુલાકાતથી ખુશી થઈ ફીરંગીઝ આગળ આવ્યા. ત્રણેએ મસલત કરી ઈરાંન જવાનો વિચાર કર્યો. તે પેહેલાં ફીરંગીજે કએખુસ્રુને તેનાં બાપ સ્યાવક્ષનો ઘોડો મેલવી આપ્યો.

શાહજાદા કએખુસ્રુએ પોતાનાં બાપનો બેહેજાદ ઘોડો હાથ કરવો.

અવસ્તા—અવત આયપ્તેમ દજદિ–મે વંઘૂઉહિ સેવિશ્તે અરેદ્વીસૂર અનાહિતે......યત વીસ્પનામ ગુઝતનામ અજેમ ક્રતેમેમ થંજયેનિ" (અવાં યશ્ત ક. ૫૦)

અર્થ—ઓ ભલી અને ઘણો ફાયદો પોહોંચાડનારી અર્દ્વિસૂર અનાહિત! તું આ મોરાદ મને આપ કે સઘળા ઘોડાઓમાંથી હું સર્વથી સરસ ઘોડો જોડું.

અવસ્તાના ઉપલા ફકરા મુજબ કએખુસ્રુ પોતા માટે એક નામીચો ઘોડો મેલવવા કાજે દુઆ ગુજારે છે. શાહનામુ અવસ્તાના આ ફકરા ઉપર રોશની નાખે છે, અને શાહ કએખુસ્રુએ એ દુઆ ક્યારે ગુજારી હતી, કયાં ગુજારી હતી, અને કયા ઘોડા માટે ગુજારી હતી તે દેખાડે છે. જ્યારે કર્સેવજની નિંદાખોર અને અથરામણ કરાવનાર કુસલવણીથી અફ્રાસ્યાબે સ્યાવક્ષને મારી નખાવવાનું ફીતુર રચ્યું હતું અને સ્યાવક્ષે પોતે જોયલાં એક સ્વપના ઉપરથી પોતાના જાંનની આશા મેલી હતી, ત્યારે તેણે પોતાની બાયડી ફીરંગીજને કેટલીક વસિઅત કહી હતી, અને પછી પોતાનાં આરબી ઘોડાના તબેલામાં જઈ પોતાનાં માનીતા ઘોડા બેહેજાદની રડતી આંખે છેલ્લી મુલાકાત લીધી હતી અને તેને છાતીમાં દાબી છુટો મેલી દીધો હતો. તેણે તેને કહ્યું હતું કે "મારા બેટા કએખુસ્રુને તું સવારી આપજે. ફીરદુસી એ બાબે કહે છે કે "તેનો ચેહેરો, દિલ, અને આંખો લોહીથી ભરાઈ આવ્યાં, અને તે આરબી ઘોડાઓનાં તબેલા ભણી ગયો. કાળા રંગનો બેહેજાદ જે લડાઇની વખતે પવનને ઝડપમાં પકડી કાઢતો,

તેને બહાર કાઢયો. રડતાં રડતાં તેને છાતીએ દાબ્યો અને તેની લગાંમ અને અંકોશ તેનાં માથા ઉપરથી કાઢી નાખ્યાં. તેના કાન આગળ લાંબો વખત સુધી રડતાં રડતાં કહ્યું, કે 'તું ચાલાક રહેજે અને કોઇની સગત માં કરતો. જ્યારે કએખુસ્રુ કિનો લેવા આવે, ત્યારે તારે તેની લગાંમને શણગાર આપવો જોઇએ. હમણા તબેલામાંથી તારૂં દિલ ઉઠાવ (છુટો થા), કે કિનો લેવામાં તું તે (કએખુસ્રુ)નો મજબુત ઘોડો થઈ પડશે. તું તેનો મજબુત ઘોડો થઈ પડજે અને દુનિયામાં ફરી વળજે અને તારી નાળથી દુશ્મનને જમીનપરથી દૂર કરજે. ઉપલા સખુનો કહી સ્યાવક્ષે બેહેજાદનાં જીન અને લગાંમ લઈ તેને તબેલામાંથી છોડી મેલ્યો. હવે સ્યાવક્ષની બાયડી ફીરંગીજ એ બાબત જાણુતી હતી, કે સ્યાવક્ષે પોતાના માનીતા ઘોડા બેહેજાદને છોડી મેલ્યો હતો, તે એવા ખ્યાલથી કે ભવિષ્યમાં તે તેનાં છોકરા કએખુસ્રુને કાંમ આવે. ફીરંગીજ જાંણુતી હતી, કે પાડોશનાં એક મેદાનમાં, દર સવારે, તે બીજા ઘોડાઓનાં ટોળાં સાથે નદી કિનારે પાણી પીવા આવતો હતો.

"હવે જ્યારે ઇરાંનીઓએ તુરાંની અફ્રાસ્યાબ સાથે કેટલીક જંગ કરી અને પછી ગેવે કએખુસ્રુને શોધી કાઢયો અને તેને શાહ કાઉસ આગળ ઇરાંન ભણી લઈ જવા માગ્યો, ત્યારે ફીર્દોસી પ્રમાણે, ફીરંગીજે બેહેજાદ વિષેની હકીકતથી કએખુસ્રુને વાકેફ કીધો, અને તેનાં હાથમાં બેહેજાદનું જુનું જીન અને લગાંમ આપી, અને ગેવ સાથે જઈ, તે નામીચા ઘોડાને પોતાનાં સ્વાધીનમાં લેવા કહ્યું. તેણીએ કહ્યું કે 'બેહેજાદને તું જીન અને લગામ દેખાડજે. જ્યારે તે તાબે થાય ત્યારે તું પગ ઉઠાવજે અને તેની આગળ જજે અને જલદીથી તારો ચેહરો દેખાડજે. તું તેને તેનાં નામથી બોલાવજે અને આગળ જઈ તારા હાથે પ્યારથી પસવારજે. આ સર્વ હકીકત સાંભળી ગેવ અને કએખુસ્રુ, ફીરંગીજે નિશાંણુ આપવા પ્રમાણે, નદીને કિનારેની જગ્યા, જ્યાં છુટો થયલો બેહેજાદ દરરોજ જંગલમાનાં બીજા ઘોડાઓ સાથ પાંણી પીવા આવતો હતો, ત્યાં ગયા. જ્યારે બેહેજાદ ઘોડો ત્યાં આવ્યો ત્યારે કએખુસ્રુએ તેનું નામ પોકાર્યું અને તેને તેનું આગલું સ્યાવક્ષના વખતનું જીન અને લગાંમ દેખાડ્યાં. કહે છે કે બેહેજાદ એકદમ ઉભો રહ્યો અને પોતાના આગલાં જીન અને લગાંમ જોયાં અને પોતાના

આગલા માલેકને દલગીરી સાથ યાદ કર્યો. કએખુસ્રુએ તેનાં ઉપર લગાંમ અને જીન નાખ્યાં અને સવાર થયો."

શાહજાદા કએખુસ્રુનું, કેઆની ખોરેહની બરકતથી, સલામત ઇરાંન જવું.

અવસ્તા—યત ઊપંધૂહચત કવએમ હુઓસ્રવંઘહો અમહેચ પઇતિ હુતાશ્તહે (જમ્યાદ યશ્ત, ફ. ૭૪).

અર્થ—જે (કેઆની ખોરેહ) કએખુસ્રુને ભલી પેદા થયલી હિમ્મતને કાજે પ્રાપ્ત થયું.

પોતાનાં બાપના ઘોડા ઉપર સવાર થાઈ કએખુસ્રુ પોતાની માતા આગળ આવ્યો અને પછી તેણી અને ગેવ સાથે છુપાછુપ ઇરાંન જવા નિકલ્યો. જ્યારે પીરાંનને એ બાબે ખબર પડી ત્યારે તે ગભરાયો, કે "અફ્રાસ્યાબ ફીરંગીજને અને કએખુસ્રુને મારી નાખવા માગતો હતો, તે મેં તેઓને બચાવ્યાં. હવે જ્યારે તેઓ એમ સલાંમત ઇરાંન નાહસી જશે ત્યારે તે મારા ઉપર ગુસ્સે થાશે." એમ વિચાર કરીને કેટલાંક લશ્કર સાથે તે તેઓની પુથે ગયો. તેણે સેતાબ આગળ મોકલેલા બે તુરાંની સરદારો ગેવને હાથે હાર ખાઈ નાહઠા. પીરાંન પોતે સાંમે ગયો ત્યારે ગેવે લડાઈ કરી તેને બંદીવાંન કર્યો. તે તેને મારી નાખવા માગતો હતો, પણ ફીરંગીજ અને કએખુસ્રુના આગ્રહથી તેણે તેને છોડી દીધો. હવે અફ્રાસ્યાબને આ સર્વ વાતની ખબર પડી, ત્યારે તે પણ દરરોજ બબે મંજળ કરતો તેઓ પાછળ દોડ્યો. પણ તે તેઓને પકડી કાહાડે તેટલાં તો તેઓ ઈરાંનની સરહદમાં દાખલ થઈ ચુકાં હતાં. માર્ગમાં સરહદની નદીને કિનારેના કીશ્તિબાને તેઓને અટકાવ્યા. પણ તેઓ કએખુસ્રુનાં ખોરેહ (ફ્રર્ર)ની બરકતથી હિમ્મત પકડી કીસ્તિ વગર ઘોડા ઉપરજ નદી ઓલંગી ગયાં. ત્યાંથી તેઓ કાઉસ આગળ ગયાં. કાઉસે પોતાના નબીરા કએખુસ્રુને પ્યારથી પોતાની છાતીએ દાબી આવકાર દીધો.

કએખુસ્રુએ દઝે બહમન નામનો કિલ્લો જીતવાથી શાહ કાઉસે તેને ગાદી આપી.

અવસ્તા—તાંમ યજત......હુઓસ્રવ......યત વીસ્પનાંમ સુખ્તનાંમ અજેમ ફ્રતેમેમ થંજયેનિ અન ખરેતાંમ યાંમ દરેઘાંમ

નવ—ફ્રાથ્વેરેસામ રજ્‌ઝુરેમ, યો મામ મઇર્યો નુરેમ મનો અસ્પએષુ પઇતિ પરેતત (આંવાં યશ્ત, ફ. ૪૯—૫૦)

અર્થ—કએખુસ્રુએ તેણી (અર્દવીસુર)ને આરાધી, (અને દુઆ ગુજારી કે "મને આ બક્ષેશ આપ) કે હાલમાં પેલો ઘાટકી મનનો પુરૂષ ઘોડા ઉપર (બેસી) મારી સાંમે લડે છે, તેથી હું નવ ફ્રાથ્વે-રેસ જેટલી લંબાઇનાં રસ્તાવાળાં જંગલમાં સર્વ ઘોડાઓમાંનાં સર્વથી સરસને જોડું.

આંવાં યશ્તના આ ફકરામાં બે પ્રકારનાં એસારા છે. ૧ એક કએખુસ્રુએ ઘોડાઓમાંનો સર્વથી સરસ ઘોડો જોરવા બાબે. ૨ અને બીજો એક બુરા દુશ્મનની સાંમે થવા માટે.

પેહેલા એશારાવાળો ઘોડો, તે તેનાં બાપનો નામીચો ઘોડો બેહેજ્જાદ હતો, જે માટે આપણે ઉપર બોલી ગયા છિએ. બીજો એશારો, જે કોઈ દુશ્મન સાંમે લડવાનો છે, તે રામ યશ્તમાં જણાવેલો અઉર્વ-સાર નામનો ધણી છે, કે જે ત્યાં રાંમ યજદ હજુર દુઆ ગુજારે છે કે તે કએખુસ્રુને હાથથી છુટે. પ્રોફેસર દાર્મસ્ટેટેની તર્ક ખરી દિસે છે કે આ બુરો અઉર્વસાર, તે દજે બહુમન નામના કિલ્લાનો સરદાર યા માલેક હોય, કે જે કિલ્લો જીતવા, નીચલાં વર્ણન પ્રમાણે, શાહ કાઉસે કએખુસ્રુને મોકલ્યો હતો.

કએખુસ્રુ ઇરાંનમાં આવવા પછી, કાઉસ પછી ઇરાંનની ગાડી ઉપર કોણનો હક, તેનો સવાલ ઉઠ્યો. તુસ, જે આગલા પાદશાહ નોદરનો બેટો હતો, અને જેને તેની નાલાયકાતને લીધે ગાદી મલી નહિ હતી, તેણે કાઉસનાં બેટા ફરેબુર્જને ગાદી વારેસ જણાવ્યો. તેણે કહ્યું કે "કએખુસ્રુ વડા બેટા સ્યાવક્ષનો બેટો છે ખરો પણ તે એક તુરાંની બાયડીને પેતનો છે, જ્યારે ફરેબુર્ઝ પાદશાહનો પોતાનો ઇરાંની બાનુને પેતનો બેટો છે." શાહ કાઉસે ઠેરવ્યું કે, એ "બન્નેમાંથી જે શાહજાદો લશ્કર લઇજઇને અર્દબીલનાં મુલકમાં દજે બહુમનનો કિલ્લો જીતે તેને હું ગાદી આપીશ."

પેહેલે ફરેબુર્ઝે તે કિલ્લો જીતવાની કોશેષ કરી, પણ તે કિલ્લાની જમીનમાંથી આતશના શોળા નિકળવા લાગ્યા અને તેની ગરમીથી

તેનું લશ્કર હેરાંન થવા લાગ્યું. ફ્રેબુર્ઝ તે કિલ્લો જીતવામાં નિષ્ફળ નિવડ્યો. પછી કએખુસ્રુએ કોશેશ કીધી અને તે ફાવ્યો.

કએખુસ્રુએ દજેબહમનનો કિલ્લો જીતી આદરગુશસ્પનું આતશકદેહ સ્થાપવું.

અવસ્તા—આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, કવોઇશ હુઓસ્રવંઘ્રહે, વરોઇશ હુઓસ્રવંઘ્રહે, અસ્નવન્તહે ગરોઇશ મજદધાતહે, ચએચિસ્તહે વરોઇશ મજદધાતહે (આતશ નીઆયેશની શરૂઆત)·

અર્થ—અહુરમજદના પુત્ર આતશની, કએખુસ્રુની, કએખુસ્રુના સરોવરની, મજદના પેદા કીધેલા અસ્નવંત પહાડની, મજદના પેદા કીધેલા ચએચસ્ત સરોવરની (યાદ કરવાને જોતી જાહેર કરે)

પેહેલવી—આત્રો ગુશસ્પ વદ ખોદાઇએ કએખુસ્રુણી પવન જક આઇનીને પનાહીએ ગેહાન હમાએ કર્દ. અમત કએ ખુસ્રુબ અજદીનચારે વરે ચએચસ્ત હમાએ કુન્દ મદમ વલ બુશે સુસીઆ નેશસ્ત વ તાર તુમ બરા જદ વ રોશન બરા કર્દ વદ અજદીનચાર બક્રુન્દ પવન હમ તેમમન પવન અસ્નવન્દ કુફ આત્રો ગુશસ્પ બરા વલ દાદગાસ ઇતીબુનેસ્ત (બુનદેહેશ, બાબ ૧૭, ફ. ૭. મારી બુનદેહેશ, પાના ૭૨–૭૩)

અર્થ—કએખુસ્રુની પાદશાહી સુધી આદર ગુશસ્પ એજ રીતે દુનિયાની પાસબાની કરતો હતો. જ્યારે કએખુસ્રુએ ચએચસ્ત સરોવરની મૂર્તિઓનાં મકાનો ખોડી કાહાડ્યાં ત્યારે (તેના) ઘોડાની યાળ ઉપર તે બેઠો અને સીહા અંધકારને મારી દૂર કીધું અને (સઘળું) રોશન કીધું અને તેથી મૂર્તિઓનાં મકાનો ખોડી કહાડ્યાં. તેજ જગ્યાએ અસ્નવંદ પહાડ ઉપર તેણે દાદગાહમાં આદર ગુશસ્પને સ્થાપ્યો.

પેહેલવી—ચએયસ્ત વર ઈ લા સર્માક વાત યબ્સુનેત મુનશ પવન બારી ઇતીબુનેત આતરો ઇ ગુશોસ્પો ઇ પીરૂજગર (જાદસ્પરમ, બાબ ૬, ફ. ૨૨. Dr. West's Text in "The Avesta Pahlavi and ancient Persian Studies" in honour of Dastur Dr. Peshotan B. Sanjana, p. LXXI) ·

અર્થ—ચએચસ્ત સરોવર, જે પર થંડો પવન ફુંકતો નથી અને જેના કીનારા ઉપર ફતેહમંદ આદર ગુશસ્પ પરથાયલો છે.

કએખુસ્રુએ દજે બહમનનો કિલ્લો જીત્યો અને ત્યાં આદર ગુશસ્પ નામે એક આતશ કદેહ, જે આતશ કદેહને આતશની નીઆએશમાં યાદ કરવામાં આવે છે, તે સ્થાપ્યું.[1] આ ફતેહ ઉપરથી કાઉસે ઇરાંનની ગાદી કએખુસ્રુને આપી. અહીં સ્થાપેલા આ આતશ કદેહને આદર ગુશસ્પ નાંમ એટલા ઉપરથી આપવામાં આવ્યું હતું કે કએખુસ્રુના ઘોડા (અસ્પ)ના કાંન (ગુશ) ઉપર કોઈ કુદરતી વિજળીક રોશની પડી હતી. તે રોશનીની બરકતથી હિમ્મત લેઈ કએખુસ્રુએ એ કિલ્લો જીત્યો હતો.

આ કિલ્લાવાળો અર્દબીલનો મુલક ગરમ પાણીના ઝહરાઓવાળો અને કુદરતના અદ્ભુત બનાવોને પાત્ર મુલક હતો. તેથી ત્યાં હવાની વિજળી વિગેરેનાં દેખાવો (Electric phenomena) સાધારન હતા.

બાબ ૪.

શાહ કએખુસ્રુ.

અવસ્તા—"કવોઈશિ હઓસ્રવંઘૂહો અષઓનો ફ્રવષીમ યઝમઇદે, અમહેચ પઇતિ હુતાશ્તહે, વેરેથ્રઘ્નહેચ પઇતિ અહુરધાતહે, વનઇન્ત્યાઓસ્ચ પઇતિ ઉપરતાતો, સંઘૂઉહસ્ચ પઇતિ હુસસ્તયાઓ, સંઘઉહસ્ચ પઇતિ અમુયમ્નયાઓ સઘઉહસ્ચ પઇતિ અવનેમ્નયાઓ, હથ્રવતહેચ પઇતિ હમેરેથનાંમ" (ફ્રર્વર્દીન યશ્ત, ફ. ૧૩૨–૧૩૩).

અર્થ—ભલી પેદા કરેલી હિમ્મતને માટે, અહુરની પેદા કીધેલી ફતેહને માટે, (બુરાઓને) મારનારી સરસાઈને માટે, સારી શિખામણ આપનારી કહેતીઓ માટે, અસરકારક કહેતીઓ માટે, નિષ્ફળ નહિ થાય એવી કહેતીઓ માટે, હરીફોને હરાવનાર કૌવતને માટે, અશો કએખુસ્રુનાં ફ્રોહરને અમો આરાધ્યે છિએ.

ફ્રર્વર્દીન યશ્તને મથાળે મેલેલો ફકરો એ પાદશાહની કારકીર્દી અને વર્ત્તણુકનો જાણે ટુંકમાં ખ્યાલ આપે છે. એ ફકરા મુજબ

---

[1] આ આતશ કદેહની તવારીખ માટે જુઓ મારા "ઇરાની વિષયો" ભાગ ૧ પાંના ૧૨૫–૪૮.

એ પાદશાહ હિમ્મતવાન અને ડાહ્યો હતો. તેણે ઇરાન દેશ માટે તુરાન ઉપર કેટલીક ફતેહો મેલવી હતી. તેણે ઇરાનીઓને ઘણીક ડાહી શિખામનો દીધી હતી. આ પાદશાહનું નીચલું વર્ણન આ ફકરા મુજબની તેની હકીકત ખરી પાડે છે.

ફીર્દોસી કહે છે કે તેણે રાજગાદીએ આવતાં મજબુત ઇનસાફ સ્થાપ્યો. જ્યાં વેરાની હતી ત્યાં આબાદી કીધી. જ્યાં બદી હતી ત્યાં નેકી પાંથરી. જ્યાં ગમગીની હતી ત્યાં ખુશી પાંથરી.

કએખુસ્રુએ પોતાના સર્વ મુલકની મુલાકાત લેવી.

અવસ્તા—"તામ યજત અર્ષ અઈર્યનાંમ દખ્યુનાંમ ક્ષથ્રાઈ હનકેરેમો હુઓસ્રવ." (અશીશવઘ યશ્ત, ફ. ૪૧).

અર્થ—તેણી (અશીશવંઘ)ને ઇરાનના દેશોના રાજ્યને એક કરનાર કએખુસ્રુએ આરાધી.

શાહ કએખુસ્રુની સિફતમાં અવસ્તાના ઉપલા ફકરામાં અને ગોશ યશ્તમાં એક સિફત આ છે, કે એ પાદશાહ ઇરાનના રાજ્યોને એક કરનાર (જોડી દેનાર) હતો. એની મતલબ આ દિસે છે કે તેણે પોતાના રાજ્યના જુદા જુદા ભાગોને એકમેક સાથ વધારે સંબંધમાં લાવી જોડી લીધા. આમ કરવા માટે એક પગલું, જે પેહેલે જરૂરનું તે તેણે પેહેલે લીધું અને તે આ કે પાદશાહી ઉપર આવતાં તેણે પોતાની નજદીક પોતાના સર્વ સરદારો અને હાકેમોને ભેગા કીધા અને તેઓને એ ભલા શબ્દો કહ્યા અને પછી પોતે પોતાના સર્વ મુલકોમાં ફર્યો. જ્યાં તેણે વેરાની જોઈ ત્યાં આબાદાની કરવાનાં પગલાં ભર્યાં. ઇનશાફને સર્વ જગ્યાએ સારા પાયા ઉપર મુક્યો. સર્વ મુલકોમાં ફરી આવી સર્વ જગ્યાએ વ્યવસ્થા સ્થાપી. પછી પોતે સ્થાપેલાં આદર ગુશસ્પનાં આતશ બેહરામમાં ગયો અને ત્યાં ખુદાની શુક્ર ગુજારી કરી[1].

---

૧ કોઇક યુનાની લખનાર લખી ગયો છે કે ઇરાનનું તપાળખાતું હખામીનીઅન પાદશાહોના વખતમાં પગભર હતું. એવું દિસે છે પાદશાહ કએખુસ્રુએ પણ પોતાના સર્વ મુલકમા મુસાફરી કરી એ મુલકો વચ્ચેનો વેહેવાર એક કીધો. એને ઇરાંનનાં રાજ્યોને એક કરનાર કહ્યો છે તે આ સબબે પણ હોય. ફારસી નામાઓમાં કાસદ માટેનો શબ્દ આપણે 'હલકારો' જોઇએ છિએ. તે કદાચ અસલમાં અવસ્તા શબ્દ હનકાર (સાથે કરી નાખનાર), જે કએખુસ્રુને લગાડયોછે, તેનું રૂપ હોય.

કએખુસ્રુએ પોતાના બાપ સ્યાવક્ષનાં ખુનનો અફ્રાસ્યાબ ઉપર કિનો લેવા માટે શાહ કાઉસ આગળ સપત લેવા.

અવસ્તા—તામ યજત અર્ષ અર્યનાંમ દખ્યુનાંમ ક્ષથ્રાઈ હનકેરેમો હઓસ્રવ......દજ્દિ–મે વંઘૂઉહિ સેવિસ્તે દ્રવાસ્પે તત આયપ્તેમ, યથ અજેમ નિજનાની, મઇરીમ તુઇરીમ ફ્રંઘરસ્યાનમ, પસ્ને વરોઇશ ચએચિસ્તહે, જફ્રહે ઉર્વાપહે, પુથ્રો કએન સ્યાવરષાનાઈ જુરોજતહે નરહે, અધ્રએરથહેચ નરવહે.” (ગોશ યશ્ત ફ. ૨૧–૨૨)

અર્થ—તેણી (દ્રવાસ્પ)ને બહાદુર ઇરાન દેશોના રાજ્યોને જોડી નાખનાર કએખુસ્રુએ આરાધી (અને દુઆ માગી) કે “એ ભલી (તથા) ઘણીજ ફાયદો કરનારી દ્રવાસ્પ! (તું) આ મુરાદ બખશ, કે ઉંડા (તથા) બોહળાં પાણીવાળા ચએચસ્ત (નામના) સરોવરની પેલી પાર (અથવા પછવાડે) ખુની તુરાની અફ્રાસ્યાબને હું જાસ્તીથી માર્યા ગયલા બહાદુર સ્યાવક્ષના અને બહાદુર અઘ્રેરસના કિનામાં મારૂં.”

ઉપલી અરજ કએખુસ્રુ અશીશવંઘ યશ્ત (ફ. ૪૧–૪૨)માં પણ ગુજારે છે. ગોશ અને અશીશવંઘ યશ્તોના ઉપર જણાવેલા ફકરામાં એશારો કરવા પ્રમાણે, શાહનામા મુજબ, કએખુસ્રુએ ઇરાંનના આખા મુલકમાં ફરી આવી શાહ કાઉસના આગ્રહથી આતશ હજુર, જાલ અને રૂસ્તમની સહિ સાથના એક દસ્તાવેજ સાથે, સોગંદ લીધા કે તે એક બેટા તરીકે પોતાનાં બાપ સ્યાવક્ષનાં ખુનનો કિનો અફ્રાસ્યાબ ઉપર લેશે. ત્યાર પછી તેણે પોતાનાં લશ્કરના મોટા અમલદારો અને સેપાહોની એક તપાશ (Review) લીધી અને સર્વને જણાવ્યું કે તેઓ એક માસમાં લડાઈ માટે તૈયાર થાય.

શાહની દરબારમાં જુદા જુદા પેહેલવાનોએ માથે લીધેલાં લડાયક કામો.

શાહે પોતાના ખજાનચી પાસે કેટલોક ખજાનો, જર જવાહીર, અને કિમતી પોષાક વિગેરે મંગાવી દરબાર ભરી. પછી, એક પછી એક, તુરાન સામેની લડાઇનાં મોટાં લડાયક કામોનાં નામ દીધાં અને તે બજા લાવનાર સરદારોને મોટાં ઇનામો તરીકે ખજાનો અને કીમતી

ચીજો આપવાનું જાહેર કીધું. તે ઇનામો તે દરબારમાં મેલતો ગયો અને લડાયક કામો વર્ણવતો ગયો અને તે કામો માટે લડાયક સરદારોની માગણી કરતો ગયો. તે કામો અને તેમા ફતેહ મેલવવાની હામ ભીડનારાઓ નીચલા હતા.

૧ (ક) પેહેલવાન પલાશાંનને મારવાનું, (ખ) અફ્રાસ્યાબના જમાઈ તજાવના સર પરનું તાજ મેલવવાનું, (ગ) આ તજાવ સાથે જે એક સુંદર નાર, નામે અરચનુઈ, હતી તેણીને જીવતી પકડી લાવવાનું. એ ત્રણ કામ બેજનને માથે લીધાં.

૨ (ક) તજાવને મારી તેનું સર કાપી લાવવાનું કામ, (ખ) તુરાન ભણીના માર્ગમાં આવેલી કાશેરૂદ નામની નદી આગળ અફ્રાસ્યાબે લાકડાંનો એક મોટો ધગ યા બાંધકામ કર્યું હતું, કે ત્યાંથી કોઈ આગળ વધવા માગે તેનો અટકાવ થાય, તે સર્વ બાળી નાખવાનું કામ. એ કામો ગેવે માથે લીધાં.

૩ અફ્રાસ્યાબની દરબારમાં શાહનો પેગામ લઈ જવાનું કામ ગુર્ગીને માથે લીધું.

અફ્રાસ્યાબ સામે કએખુસ્રુની ત્રણ લડાઇઓ.

અવસ્તા—ઉગ્રેમ કવએમ ખરેનો મજદધાતેમ યજમઇદે... યત ઈસત મઇર્યો તુઇર્યો ફ્રંઘ્રસે......આ-તત ખરેનો ફ્રજગધત... આત્બિતીમ........આ-તત ખરેનો ફ્રજગધત......આથ્રિતીમ...... આ-તત ખરેનો ફ્રજગધત (જમ્યાદ યશ્ત, ફ. ૫૫ થી ૬૨).

અર્થ—મજદના પેદા કરેલાં મજબુત કેઆની ખોરેહને અમો આરાધ્યે છિએ......જે (ખોરેહે) ધાટકી તુરાની અફ્રાસ્યાબે મેલવવાને ઇચ્છયું....તે ખોરેહે તેનાથી નાસી ગયું......બીજીવાર...... તે ખોરેહે તેનાથી નાસી ગયું...ત્રિજીવાર તે ખોરેહે તેનાથી નાસી ગયું.

તુરાનના ધાટકી પાદશાહ અફ્રાસ્યાબે, ઈરાન ઉપર હુમલો કરી ઇરાનના કેઆની પાદશાહોનું રાજ્ય મેલવવા અને ઇરાનની ગાદીએ બેસવા, મીનોચેહરથી કાઉસ સુધીના પાદશાહોના વખતમાં, ત્રણ ત્રણ વખત મોટી કોશેસ કીધી, પણ તે કોશેશમાં તે ફાવ્યો નહિ. ગોયા તે ઇરાની કેઆનીઅન ખોરેહ મેળવવાને યા ઇરાની કેઆની-

યન તખ્ત ઉપર બીરાજવાની કીર્તિ મેલવવાને ત્રણ ત્રણ માતબે નિષ્ફળ નિવડ્યો. તે નિષ્ફળતા પછી તેનો છેવતનો અંત શાહ. કએખુસ્રુને હાથે આવે છે. તે લડાઇઓ બાબે થોડોક વિચાર કર્યે.

અફ્રાસ્યાબ સામે કએખુસ્રુની પેહેલી લડાઈ.

કએખુસ્રુએ કેટલાક પહેલવાનોને જુદે જુદે મુલક ઇરાંનની સત્તા સ્થાપવા મોકલ્યા. તેમાં રૂસ્તમને કહ્યું, કે તેણે તેના બેટા ફરામરોજને હિંદુસ્તાન તરફ કનોજથી સિસ્તાન સુધીનો મુલક જીતવા મોકલવો. તુસ પેહેલવાંનને તેણે તુરાંન તરફ મોકલ્યો, પણ તેને ખાસ હોકમ આપ્યો કે તેણે કલાતનાં[1] કિલ્લા તરફથી જવું નહિ, સબબ કે ફરૂદ, જે, સ્યાવક્ષની બીજી બાયડી જરીરે, તે પીરાંન વજીરની બેટીને પેટે અવતરેલા બેટા તરીકે, તેનો સાવકો ભાઈ થતો હતો, તે ત્યાં રહેતો હતો.[2] ત્યાંથી પસાર થતાં કદાચ તેની સાથ લડાઈ બરપા થાય, કે જે લડાઈ કએખુસ્રુ કરવા માંગતો હતો નહિ. તુસ લશ્કર સાથે તુરાંન ભણી જવા નિકલ્યો, પણ કએખુસ્રુએ ના કહેવા છતાં કલાતને માર્ગેજ ગયો.

કએખુસ્રુના સાવકા ભાઈ ફરૂદનું માર્યા જવું.

જ્યારે કલાતમાં રહેતા ફરૂદને દૂરથી એક લશ્કર આવતું માલમ પડ્યું ત્યારે તે પોતાની માતા જરીરે પાસે ગયો. તેણીએ તેને કહ્યું કે "કએખુસ્રુનું ઇરાંની લશ્કર તેના કહેવાથી તેના બાપ સ્યાવક્ષનો કીનો લેવા અફ્રાસ્યાબ સાંમે જાય છે. સ્યાવક્ષ તારો પણ બાપ થાય છે, માટે તુંએ પણ તારા સાવકા ભાઈ સાથે તેના ખુનનો કિનો લેવામાં સામેલ થવું જોઇએ." ફરૂદે તેમ કરવાને અને પોતાના બાપ સ્યાવક્ષનો કિનો અફ્રાસ્યાબ સામે લેવાને ખુશી દેખાડી. પછી તે પોતાનો એક સરદાર તોખારેહ, જે સર્વ દેશોનાં સરદારોને ઓળખતો હતો, તેની સાથે કિલ્લાની બહાર પહાડની તોંચે જઈ ઉભો રહ્યો

---

૧ એ કલાત પાછળથી "કલાતે નાદીર" નામનો કિલ્લો હતો કે જે ફીર્દોસીનાં જન્મ શાહેર 'તુંસ'થી થોડેક દૂર આવ્યો હતો."

૨ કએખુસ્રુની માતાનું નામ શાહનામા પ્રમાણે ફીરંગીજ હતું. બુનદેહશમાં આ નામ વીસ્પાન ફ્રયા છે (બાબ ૩૧ ફ. ૧૮). એ નામના પાછળા ભાગ ફ્રયા ઉપરથી ફીરંગીજ બન્યું છે.

અને ઇરાંનીઓની છાવણી તરફ જોઈ તેઓની હકીકત પુછવા લાગ્યો. તોખારેહ ઇરાની સરદારોના વાવતાઓ પીછાની તેઓની ઓલખ આપવા લાગ્યો. તુસે આ બન્ને જનને કિલ્લાની તોંચે ઉભા રહી તેની છાવણી નેહાલતા જોઇ બેહેરાંમને મોકલ્યો કે તેઓને પકડી લાવે. બેહેરાંમ ગયો અને તેને વાતચીત કરતાં જ્યારે માલમ પડ્યું કે તે તો કએખુસ્રુનો સાવકો ભાઈ છે; ત્યારે તુસ આગળ પાછો ફર્યો અને સર્વે હકીકત કહી. પણ તુસ તેનાં ઉપર ચીરડાયો કે "મે તુંને બંન્ને સવારોને પકડી લાવવા કહ્યું હતું, તે તં શા સબબે કર્યું નહિ?"

આપણે આગળ જોયું કે તુસ, જોકે તે શાહ કાઊસ અને કએખુસ્રુની ઇરાંની દરબારમાં હતો તો પણ તે કાઊસ અને કએખુસ્રુ તરફ સારી લાગણીથી જોતો હતો નહિ, સબબ કે નોદરના ખાંનદાંનનાં વારસ તરીકે ઇરાંનની ગાડી તેનાં વંશથી બીજા વંશમાં ગઈ હતી. આ સબબે, તે કએખુસ્રુના ભાઈ ફરૂદ તરફ પણ સારી લાગણી ધરાવતો હતો નહિ. તેથી તેણે પોતાનો રીવનીજ નામનો સરદાર, જે તેનો જમાઈ થતો હતો, તેને ફરૂદને હથિયારબંધ પકડી લાવવા મોકલ્યો. ફરૂદે લડાઈ કરતાં તેને મારી નાંખ્યો. ત્યારે તુસે પોતાનાં બેટા જરાસ્પને મોકલ્યો. ફરૂદે તેને પણ લડાઈ કરી મારી નાંખ્યો. ત્યારે તુસ પોતે સાંમે ગયો. ફરૂદે એક તીરથી તેના ઘોડાને મારી નાંખ્યો, તેથી તુસ છાવણી તરફ પાછો ફર્યો.

ઇરાંની લશ્કરના સરદારોને આ મુજબ નબોજું લાગતાં ગેવ સાંમે ગયો. તેનાં ઘોડાને પણ ફરૂદે એક તીરથી મારી નાંખતાં તે પણ પાછો ફર્યો, અને તેનો બેટો બેજન કિલ્લા તરફ ફરૂદ સામે ગયો. બેજનના ઘોડાને પણ ફરૂદે પહાડની તોંચ ઉપરથી તીર ફેંકી મારી નાંખ્યો. ત્યારે બેજન તેના તીરો સામે ઢાલ પકડી ઉપર ચઢી ગયો. ત્યારે ફરૂદ કિલ્લામાં ભરાઈ ગયો અને દરવાજો બંધ કીધો. બેજન પાછો હેઠે આવ્યો. બીજે દહાડે ઇરાંની લશ્કર સાથે તે અને રેહામ ઉપર ચઢ્યા. આ બન્ને સરદારો ભેગા મલી ફરૂદ સામે લડ્યા. સેવટે ફરૂદ જખમી થયો. તે કિલ્લા તરફના નાહાસવા લાગ્યો. પણ કિલ્લામાં જાય અને કિલ્લાના દરવાજામા પેસે તેટલા બેજને આવી તેના ઘોડાને જખમી કરી તેને પોતાને નીચે નાખ્યો. તેની માતા દોડી આવી,

પણ ફરૂદ થોડી વારમાં જખમથી મરણ પામ્યો. તેની માતા જરીરેએ પોતાના બેટાને જખમી થઈ મરણ પામેલો જોયો કે તેણીએ પણ. પોતાને ખંજર ભોકી પોતાનો જાંન ખોયો. પછી ઇરાંની સરદારો ત્યાં આવી પોંહુતા. તેઓ ફતેહ છતાં આ લડાઇનાં પરિણામથી ઘણા દલગીર થયા, સબબ કે તેમાં એક તો કેટલાક નામીચા ઇરાની સરદારો—અને તેમાં તુસનો જમાઈ અને બેટો—માર્યા ગયા, અને બીજું તો શાહનો સાવકો ભાઈ માર્યો ગયો, કે જે ભાઈ સામે લડાઈ નહિ કરવાને કએખુસ્રુએ ખાસ આગ્રહ કર્યો હતો. ગોદરેજે આ મામલો જોઈ તુસને કેટલાક સખ્ત શબ્દો કહ્યા. તુસ પોતે રડવા લાગો. પછી તેજ પહાડ ઉપર એક દખમું બનાવી તેમાં એક તખ્ત મેલી તે ઉપર ફરૂદનું કાલબુદ મેલી સર્વ ઇરાનીઓ પાછા ફર્યા.

ફેરૂદનાં મરણ બાદ ઇરાંનીઓનું તુરાંન તરફ આગળ વધવું. લડાઇનું સેવટ અને ઇરાંનીઓની મોટી હાર.

હવે તુસ ઇરાંની લશ્કર સાથે તુરાન ભણી કાંસે નદી (કાંસે રૂદ) તરફ આગળ વધ્યો. માર્ગમાં તેઓને પલાશાન નામનો તુર્કી સરદાર લશ્કર સાથ મલ્યો. તે તેઓની સામે થયો, પણ તેને, શાહને કબુલાત આપવા પ્રમાણે, બેજને માર્યો. હવે અફ્રાસ્યાબને ખબર પડી કે ઇરાંની લશ્કર કાંસે રૂદ સુધી આવી પોહતું છે. તેણે પીરાન સાથે મશવરત કરીને સાંમે જવાનો વિચાર કર્યો. તેવામાં એક બરફનું મોટું તોફાન થઈ આવ્યું. તે એક અઠવાડયું ચાલુ રહ્યું અને ઇરાંની લશ્કરમાંથી ઘણાકો બરફની થંડી અને ભુખમરાથી મરણ પામ્યા. તુસે સરદારોને ભેગા કરી મશવરત કીધી અને આ કંગાલ જગ્યાને શ્રાપ દેઈ આગળ વધવા કહ્યું. બેહરામે તુસને તેની હુલડ ચાલ માટે અને શાહના હોકમ પ્રમાણે કામ નહિ કરવા માટે થપકો આપ્યો. તુસે કહ્યું કે "જે થવાનું હતું તે થયું. એ લડાઈમાં મારો પોતાનો જમાઈ અને બેટો પણ માર્યા ગયા છે. માટે ફરૂદ નિર્દોષ રીતે કે કેવી રીતે માર્યો ગયો તે બાબે તકરાર કરવાની જરૂર નથી." આગળ ચાલતાં માર્ગમાં એક ઘણું ગીચ જંગલ આવ્યું, જે, શાહને કબુલાત આપવા પ્રમાણે, ગેવે સલગાવી દીધું. પછી ઇરાની લશ્કર પોતાનો માર્ગ ખુલ્લો કરી આગળ વધી ગીરવગર્દ આગળ આવી પોંહતું. ત્યાં તજાવ

નામનો હાકેમ હતો. તેણે કબુદ નામના પોતાના સરદારને ઇરાંનીઓનાં આવી પોહોંચવાની ખબર આપી. કબુદ એક રાત્રે ઇરાંની લશ્કર ઉપર હુમલો કરવા ગયો. પણ બેહરાંમ, જે તલાયા તરીકે તે રાતે ચોકી કરતો હતો, તેણે તેને તીર મારી બંદમાં પકડ્યો. તે પછી તજાવ, જે અસલ જન્મે એક ઇરાંની હતો પણ પાછલથી તુરાંની શાહનો જમાઈ બની એ મુલકનો વડો હાકેમ બન્યો હતો, તે લડવા આવ્યો. પણ બેજને પેહેલે તેનું તાજ ઉંચકી લીધું. પછી તેની સાથની બાનું અસ્પનુઇને બંદમાં પકડી. તજાવ પોતે બેજનને હાથે હાર ખાઇ, અફ્રાસ્યાબના મથક ભણી ન્હાઠો અને ત્યાં જઇ તે પાદશાહને સર્વ હકીકત કહી. અફ્રાસ્યાબે પીરાંનને જલદીથી લશ્કર એકઠું કરવા કહ્યું. પીરાંને તેમ કર્યું અને કુચ કરી ગીરવગર્દનો ઉપર જણાવેલો કિલ્લો, જે હાથ કરી ઇરાંનીઓએ ત્યાં પડાવ નાખ્યો હતો, ત્યાં ગુપચુપ લશ્કર સાથે આવી પોહોંતો અને રાત્રે છુપી રીતે તેઓ ઉપર હુમલો કર્યો. ઇરાંનીઓ તે રાત્રે એશઆરામથી શરાબની કેફમાં ગફલતીથી સુતા હતા. ગોદ્રેજ એકલો હુશ્યાર હતો. તુરાનીઓએ ઇરાનીઓને પુષ્કળ માર્યા. તેઓનો નજદીક ⅔ ભાગ માર્યો ગયો અને ⅓ જખમી થાયો. જખમીની સારવાર કરવા કોઈ તબીબ (પજશ્ક) પણ તૈયાર હતો નહિ. ઇરાંનીઓ તે કિલ્લો છોડી પાછા કાંસે નદી તરફ ન્હાઠા. ગોદ્રેજે ત્યાંથી એક કાસદ મોકલી શાહ કએખુસ્રુને સર્વ હકીકતથી વાકેફ કીધો. શાહ આ ખબર સાંભળી દલગીર થયો. એકતો તુસે તેના હોકમનો અનાદાર કરી કેલાતનો માર્ગ લઈ, ત્યાં તેના ભાઈ ફરૂદને મારી નાખ્યો, તેનો શાહને ગમ લાગો હતો, અને બીજું તો તુસ બેદરકાર રહી ઇરાંની લશ્કર ઉપર આવી નામોસી લાવ્યો. શાહે પોતાના કાકા ફરેબુર્જ ઉપર એક નામુ લખી તેને ઇરાંની લશ્કરનો સેપાહ સાલાર બનાવ્યો અને તુસને બોલાવી લીધો. પછી તેણે તુસને બહુ ઠપકો આપી બંદીખાંને નાખ્યો.

ફરેબુર્જે લશ્કરની સરદારી લેઈ રેહામ પહેલવાંનને પીરાંન આગળ મોકલી એક માસની લડાઈથી મેહેતલ માગી. પીરાંને તે આપી. ફરેબુર્જે તેનો લાભ લઈ લશ્કરને પાછું બરપા કર્યું અને લડાઈ કરી. તે લડાઈમાં પણ ઇરાંનીઓ હાર્યા અને ફરેબુર્જ કાવ્યાની

ઝુન્દા સાથે લડાઈનાં મેદાંનમાંથી ન્હાઠો. ગેવના ઉલતભર્યા સખુનોથી ગોદ્રેજ હિમ્મત સાથ લડાઈનાં મેદાનમાં રહ્યો અને બેજનને દોડાવી, ફરેબુર્જ પાસેથી કાવ્યાની ઝુન્દો મંગાવ્યો કે તેથી લશ્કરને હિમ્મત આવે. બેજન તે લેવાને ગયો, પણ ફરેબુર્જે તે આપ્યો નહિ. ત્યારે બેજને તલવારથી તેની લાકડીનાં બે કકડા કરી, જેવો તે વાવટો જમીન ઉપર પડ્યો કે તુરત, તેનો ઉપલો અર્ધો ભાગ લેઈ લડાઇનાં મેદાંનમાં પાછો દોડતો આવ્યો. તુરાંનીઓ તે વાવટો જોઈ તે હાથ કરવા તેનાં ઉપર ધસ્યા. ઇરાંનીઓ તે વાવટાના બચાવમાં સાંમેથી ધસ્યા. તે લડાઈમાં શાહ કાઉસનો બેટો રીવનીજ માર્યો ગયો. તે શાહજાદો હતો, તેથી તેનાં માથા ઉપર તાજ હતું. તે તાજ તુરાંનીઓના હાથમાં નહિ જાય, માટે ઇરાંનીઓ તે ઉઠાવવા દોડ્યા. ત્યારે પીરાંન સામીબાજુથી લશ્કર સાથ તે લેવાને દોડ્યો. એ ઝપાઝપીમા બેહરાંમે તે પોતાનાં નેજાની નોકથી ઉથાવી લઈ ઇરાંનીઓની નોક જાલવી. આ ખુનખાર લડાઇમાં ગોદ્રેજનાં ૭૦ બેટાઓમાંથી સાત સિવાય સર્વ માર્યા ગયા. ગેવની પેહેડીનાં ૨૫ પહેલવાંનો અને શાહ કાઉસના ખાંનદાંનનાં ૮૦ શાહજાદાઓ માર્યા ગયા. કાઉસનો પોતાનો બેટો રીવનીજ પણ, ઉપર જણાવવા પ્રમાણે, માર્યો ગયો તુરાનીઓની બાજુએ પીરાંનનાં ૯૦૦ કુતંબીઓ અને ખેશીઓ અને ખુદ અફ્રાસ્યાબના ૩૦૦ કુતબીઓ અને ખેશીઓ માર્યા ગયા. લડાઇનું સેવટ ઇરાંનીઓની મોટી હારમાં આવ્યું અને તુરાંનીઓની ફતેહ થઈ. આ ફતેહની કીર્તિ પીરાંનને આભારી હતી.

આ લડાઇમાં ગોદ્રેજનાં બેટા બેહરાંમે શાહજાદા રીવનીજનું તાજ બચાવવા જતાં ગરબડમાં પોતાના ઘોડાનો ચાબુક લડાઇનાં મેદાંનમાં કેઠે નાખી દીધો હતો. લડાઈ તમામ થતાં પાછુ ફરતાં તેને તે ચાબુકની યાદ આવી અને મનમાં મુઝાવા લાગો કે "તુરાંનીઓ મારા ચાબુકપર મારૂ નામ વાંચી તે પોતા પાસે રાખી મલકાશે અને મને હમેશાં તે માટે શરમીંદગી લાગશે. માટે મેદાનમાંથી તે મારે પાછો સોધી લાવવો જોઇએ." એમ વિચાર કરી તે, પોતાનાં બાપ અને ભાઈ ગેવે નાં કહેવા છતાં, લડાઇનાં મેદાનમાં પાછો દોડ્યો. માર્ગમાં એક ઇરાંની સરદાર, જે જખમી થઈ તળલવતો પડેલો હતો, તેનાં જખમ ઉપર પાતો બાંધી, તેને પાછો આવી લેઈ જવાનો દીલાસો દેઈ, તે

આગળ વધ્યો અને પોતાનો ચાબુક સોધી કાહડયો. પાછા ફરતાં તેનો ઘોડો કેટલીક ઘોડીઓને જોઈ અડી પડચો અને ચાલ્યો નહિ. તેથી કંટાળીને તેણે તેને તલવારથી મારી નાખ્યો. તે પાંઉ પ્યાદો પાછો ફરતો હતો, તેવામાં તુરાનીઓને ખબર પડવાથી તુરાંની સરદાર રૂઇને પીરાંનનાં કહેવાથી તેના ઉપર હુમલો કર્યો પણ તે માર્યો ગયો. પછી પીરાંન તેની આગળ ગયો અને તે સ્યાવક્ષ સાથે તુરાંન આવ્યો હતો અને ત્યાં રહ્યો હતો, તેની યાદ આપી તેને તુરાંની લશ્કરમાં તેડચો. પણ બેહરાંમ ત્યાં ગયો નહિ. તેવામાં તુરાંની સરદાર તજાવને તે ખબર પડતાં તે લશ્કર સાથે ત્યાં ગયો અને બેહરાંમને લડાઈમાં હરાવી જખમી કર્યો. બેહરાંમને ત્યાં મુવેલો પડેલો ધારી તુરાંનીઓ પોતાની છાવણીમાં ગયા. બેહરાંમને પાછો ફરેલો નહિ જોઈ ગેવ પોતાનાં બેટાં બેજન સાથે ત્યાં ખોળ કરવા આવ્યો અને જખમી થયલા બેહરાંમથી સર્વ હકીકત જાણી. તે હકીકત સાંભળી ગેવ તજાવ પાછળ દોડચો અને તેને પકડી બેહરાંમ આગળ ઘસડી લાવ્યો. તજાવે બેહરાંમ પાસે પોતાનાં જાંન માટે માફી માગી. મરતાં મરતાં બેહરાંમે તેને છોડી દેવા ગેવને કહ્યું. પણ ગેવે પોતાના ભાઇનાં કિનામાં તેને મારી નાખ્યો.

આ ખુનખાર લડાઇમાં પોતાની આવી હાર પછી ઇરાંની સરદારોએ મસલત કરી ઇરાંન ભણી પાછું ફરવાનું દરૂસ્ત ધાર્યું અને તેઓ ઇરાંન પાછા ફર્યા. તુરાનીઓ આ લડાઇનાં પોતાની તરફેણના સેવટથી ખુશી થયા. અફ્રાસ્યાબે પીરાનને પાછો ફરતાં ઘણી ખુશીથી આવકાર આપ્યો. તેણે તેને ઘણી ભેટ શોગાદ આપી અને જાસુસો રાખી ઇરાંનીઓની ખબર રાખતાં રહેવા કહ્યું. તેણે ખાસકરી તેને રૂસ્તમથી ખબરદાર રહેવા કહ્યું.

કૈખુસ્રુની અફ્રાસ્યાબ સામે બીજી લડાઈ. તુસની પીરાન વેસે સાથે લડાઈ. કામુશ કાસાનનું દાસ્તાન. કામુશનું રૂસ્તમને હાથ માર્યા જવું.

અવસ્તા.—તામ યજત તખ્મો તુસો રથએશ્તારો બર્ષએષુ પઇતિ અસ્પનામ···આઅત હીમ જઇધ્યત···:યત બવાનિ

અઇવિ–વન્યઅઓ અઉર્વ હુનવો વએસકય...યથ અજેમ નિજનાનિ તુઇર્યનામ દખ્યુનામ પંચસઘ્રાઇ સતઘ્રાઇશ્ચ સતઘ્રાઇ હજંઘ્ર-ઘ્રાઇશ્ચ હજંઘ્રઘ્રાઇ બએવરેઘ્રાઇશ્ચ બએવરેઘ્રાઇ અહાંક્ષત-ઘ્રાઇશ્ચ. દથત અહ્યાઇ તત અવત આયસેમ અરેદ્વી સૂર અનાહિત (આંવાં યશ્ત, ફ્. ૫૩-૫૪)

અર્થ—તેણી (આવાં અદ્વીસૂર)ને બહાદૂર પેહેલવાન તુસે ઘોડાના પીઠ ઊપર (લડાઇ લડતાં) આરાધી...અને તેણીની પાસે માગ્યું કે હું (પીરાન) વએસનાં ખાનદાનના બહાદુર જવાનોને મારનાર થાઉં. હું તુરાની મુલકોનાં ૫૦ થી ૧૦૦ ઘણા, ૧૦૦ થી ૧૦૦૦ ઘણા, ૧૦૦૦ થી ૧૦૦૦૦ ઘણા, ૧૦૦૦૦ થી અગણિત ઘણા લોકોને મારૂં. અર્દવી સૂર અનહિતએ તેની એ મોરાદ બક્ષી.

પોતાનાં બાપનું ખુન કરવા માટે અફ્રાસ્યાબને સજા કરવા માટે કએખુસ્રુએ અવસ્તા મુજબ દુઆ ગુજારી હતી અને વળી શાહ કાઉસને કોલ આપ્યો હતો. તે મુજબ કરવા માટે, તેણે ઉઠાવેલી પેહેલી લડાઇ તદન નિષફ્ળ નિવડી. તુસ શાહના હોકમ મુજબ નહિ ચાલી ઇરાંન ઉપર નામોસી લાવ્યો અને ઇરાંની લશ્કર, ઉપર જણાવ્યા પ્રમાણે, હાર સાથે પાછું ફર્યું. પોતાનાં બાપનો કિનો લેવા જતાં, તેથી ઉલતું, શાહનો પોતાનો ભાઇ ફ્રૂદ અને કાકો રીવનીજ માર્યા ગયા. દુઃખમાં દુઃખ વધ્યું. શાહ સર્વ સરદારો તરફ ઘણો નાખુશ થાયો હતો. કેટલોક વખત જવા બાદ, તેઓએ રૂસ્તમ આગળ જઇ જે બન્યુ હતું તે માટે પોતાની દલગીરી દેખાડી અને શાહને સમજાવી લેવા કહ્યું. રૂસ્તમે શાહ આગળ જઇ તેમ કર્યું અને શાહે પોતાનાં સરદારોને માફ કરી તેઓને પાછા પોતાની મેહરબાની તળે લીધા. તેઓએ દરગુજર ચાહી અને ઇરાંનની ગુમાયલી કીર્ત્તિ બીજી લડાઇમાં પાછી મેળવી આપવા જણાવ્યું. શાહે તે ઉપરથી અફ્રાસ્યાબ સાંમે બીજી લડાઈ જાહેર કરી, તુસના આગ્રહથી તેને લશ્કરની સરદારી પાછી આપી અને ગેવને તેનો ખાસ સલાહકાર નેમ્યો.

ઇરાંની લશ્કર તુરાંનની સરહદ ઉપર આવતાં પીરાંન સાથે

કેટલોક પત્ર વેહવાર ચાલ્યો. એ પત્ર વેહવારમાં વખત કાહાડી પીરાંને અફ્રાસ્યાબને તુરત ખબર આપી મોટું લશ્કર મંગાવ્યું. લડાઈમાં પેહેલે દાહાડે તુસને હાથે તુરાંની સરદાર અરજંગ માર્યો ગયો. બીજે દાહાડે તુસ અને હોમાંન વચ્ચે હાથો હાથ લડાઈ થાઈ, પણ સેવટ કોઇની તરફેણ આવ્યું નહિ.

ત્રીજે દાહાડે ફરીથી લડાઈ શરૂ થતાં ઇરાંની લશ્કર બરફ કરાં વિગેરેનાં તોફાંનમાં સપડાયું. તે તોફાંનને બાઝુર નામના એક તુરાંની જાદુગરનાં જાદુનું પરિણાંમ માંનવામાં આવ્યું. તેથી ઇરાંની પેહલવાંન રેહામે તે જાદુગાર બાઝુરને એક પહાડ ઉપર સોધી કાહાડી મારી નાખ્યો. તોફાંનની વચ્ચે અને તે નરમ પડવા બાદ એક ખુનખાર લડાઈ થઈ તેમાં કેટલુક ઇરાંની લશ્કર ન્હાઠું. પણ તુસનાં કહેવાથી ગેવે તે ન્હાસતાં લશ્કરને હિમ્મત આપી પાછું એકઠું કીધું. એટલામાં રાત પડી. મામલો મુશકેલ જોઈ તુસે રાતોરાત ઇરાંની લશ્કર સાથ પાછુ હઠવા માંડયું. એમ પાછો ફરી તેણે ત્રીજે દાહાડે લશ્કર, નજ-દીકના હમાવન પહાડ ઉપર, સલાંમત જગ્યાએ ચહડાવી દીધું અને શાહ કએખુસ્રુ ઉપર કાસદ મોકલી જાલની સરદારી હેઠળ વધુ લશ્કર માગ્યું. સવાર પડતાં તુરાંની લશ્કરે ઇરાંનીઓને પોતાની છાવણી છોડી ગયલા જોઇ તેઓની પુથ પકડી અને હમાવનના પહાડ ઉપર તેઓને ચહડેલા જોઇ તે પહાડને ઘેરો નાખ્યો. ઇરાંની લશ્કર પાસે ફક્ત ત્રણ દાહડાનો ખોરાક હતો. તેઓ પાસે તંબુ અને બીજી લડાઈની પુરતી સામગીરી ન હતી. તેથી એ જગ્યા એથી છુટકો પામવા માટે તુસે થોડાંક લશ્કર સાથે રાતે ગુપચુપ પહાડની હેઠે પડેલાં તુરાની લશ્કર ઉપર હુમલો કર્યો. તે હુમલામાં તેઓ ઘણાં બતંગ આવી ગયા હતા. તેટલાં પહાડ ઉપરથી વધુ મદદ આવવાથી પોહોર ફાટતાં તેઓ સલામત ઉપર પાછા ગયા.

રૂસ્તમે મદદે જવું. તે પેહેલાં ફરેબુર્ઝ અને ફીરંગીઝનાં લગ્ન ગોથવી આપવાં.

હવે પેલી બાજુ કએખુસ્રુને કાસદ મારફને ઇરાંનીઓની બતંગ હાલતની ખબર મલી. તેથી તેણે રૂસ્તમની સરદારી હેઠળ એક મોટું લશ્કર તેઓની મદદે મોકલ્યું. રૂસ્તમે ફરેબુર્ઝને આગલથી

સેતાબ મોકલવા કાહડયો કે બતંગ આવેલાં ઇરાંની લશ્કરને ધીરજ આવે. ફરેબુર્જ શાહ કએખુસ્રુનો કાકો અને સ્યાવક્ષનો ભાઈ થતો હતો. તેની મરજી પોતાનાં મરનાર ભાઈ સ્યાવક્ષની બાયડી ફીરંગીજ સાથ શાદી કરવાની હતી. માટે તેણે, રૂસ્તમ સાથે આ વખતે વધારે સંબંધમાં આવવાની તકનો લાભ લઈ, તેને અરજ કરી કે તેણે તેનાં મનની મુરાદ બર લાવવામાં મદદ કરવી. રૂસ્તમને એ વિચાર પસંદ પડયો. તે શાહ કએખુસ્રુ આગળ ગયો અને ફરેબુર્જની ખાહેશ જણાવી. શાહે કહ્યું કે, આ એક નાજુક બાબત છે, માટે તે પોતાની માતાને એ બાબે પોતે કહે એ દરૂસ્ત નહિ. તે છતાં તેની માતા જો ફરેબુર્જની ખાહેશ બર લાવવા કબુલ થાય તો તેને વાંધો નહિ હતો. છેવટે શાહ કએખુસ્રુ અને રૂસ્તમ બન્ને ફીરગીજ આગળ ગયા. ફીરગેજે કુદરતી રીતે, આ નાજુક બાબદ માટે એકદમ બહાલી આપવા પહેલાં, પોતાનાં બેટાની મરજી જાણવા માગી. કએખુસ્રુએ વાંધો ન લેવાથી તેણીએ પોતાની પસંદગી જણાવી. આ મુજબ શાહજાદો ફરેબુર્જ પોતાના મરનાર ભાઈ સ્યાવક્ષની બાયડી સાથે શાદીનાં ગાંઠમાં જોડાયો. તેને લડાઇ ઉપર જવાનું હતું, માટે તુરતા તુરત લગ્નની ક્રિયા કરવામાં આવી.

હવે પેલા હમાવંનના પહાડી કિલ્લામાં ઇરાંનીઓ ખોરાકની તંગીથી બહુ બતંગ થતા જતા હતા. તેવામાં તુસે એક રાત્રે સ્વપ્નામાં સ્યાવક્ષને જોયો અને તેનાથી હિમ્મતના શબ્દો સાંભળ્યા. તે ઉપરથી હિમ્મત પકડી બહાર નિકલી તુરાનીઓ સાથ લડાઇ કરવા માંગી. પણ પીરાંને લડાઈ નહિ કરી ફક્ત ઘેરો નાંખી બેસી રહેવાને દરૂસ્ત ધાર્યું. તેવામાં અફ્રાસ્યાબ તરફથી કાસદે આવી જણાવ્યું કે તુરાનીઓની મદદે ચીનનો ખાકાંન આવે છે. તેની સાથે માવર અન નેહર (Transoxania) નો એક સરદાર નામે ફરતુસ છે. મન્શુર નામનો સરદાર અને કામુસ કશાની પણ આવે છે. વલી સેપંજાબથી રૂમ સુધીના મુલકથી લશ્કર મદદે આવે છે. તુરાંનીઓ આ ખબરથી ખુશ ખુશ થઈ ગયા. પીરાન એ સર્વ લશ્કરની મદદથી ઇરાન ઉપર અને બીજા મુલકો ઉપર જીત મેલવવાની ગણત્રી કરવા લાગ્યો. થોડા-વખતમાં એ લશ્કરો આવી પોંહતાં. એ ઉપરાંત સકલાબના મુલકથી કન્દર આવી .પોંહતો અને બીવર્દે કાતી એટલે કાતના મુલકનો

બીવર્દ અને સગ્સારથી ગર્ચેહ અને હિંદથી શંગલ, ચેગાનથી ફર્તુસ, ગહાનથી ગહાર, શીકીનથી શમીરાન, અને વહરથી ગર્શુ લશ્કરો સાથે આવી પોંહતા.

બીજા હાથ ઉપર ઇરાંનીઓ શું કરવું તેની ચિંતામાં હતા. તેવામાં કિલ્લાના બુરજ ઉપરથી ચોકીબાને તુરકસ્તાનના માર્ગ તરફથી લશ્કર આવતાં જોઈ તે બાબેની ખબર આપી. તે સાંભળી બુદ્ધો ગોદ્રેજ અને બીજા ઇરાનીઓ ગભરાવા લાગ્યા. તેઓએ લશ્કરના બચાવમાટે ખાહી (trenches) ખોડવાનો વિચાર કર્યો (યકી કન્દેહ સાજીમ પીશે સેપાહ). તેઓને થોડાક વખતમાં તેજ ચોકીબાને દૂરથી ઇરાંનના મુલક તરફથી એક લશ્કર આવવાની ખબર આપી કે વરૂ, અજદાહ અને સિંહના વાવતાઓ સાથે ઇરાની લશ્કર આવે છે. તે સાંભળી તેઓ ખુશી થયા.

હવે એક ગમ તુરાની અફ્રાસ્યાબની મદદે આવેલા ઉપલા જુદે જુદે મુલકના સરદારોનાં લશ્કરોએ પડાવ નાંખ્યો અને બીજી ગમ ઇરાંનીઓની મદદે આવેલાં ફરેબુર્જનાં લશ્કરે પડાવ નાંખ્યો. રૂસ્તમ પોતાનાં લશ્કર સાથે હજુર પછવાડે માર્ગમાં હતો. તેથી ઇરાંનીઓ લડાઈમાટે તેની આવવાની રાહ જોતા હતા, સબબ કે રૂસ્તમે કહેવાડ્યું હતું કે તેના આવવાસુધી કોઇએ લડાઈ કરવી નહિ. તેટલામાં ચીનના ખાકાને લડાઇની તૈયારી કીધી. કામુસ, બીવર્દ, ખાકાંન, ફર્તુસ અને હિંદી શંગલે બહાર આવી ઇરાંની લશ્કરને જોઇ લડાઇની તૈયારી કીધી. કાંમુશ જંગનાં મેદાનમાં આવ્યો. તેથી ઇરાનીઓ તરફથી ગેવને, અને તે મુશ્કેલીમાં આવવાથી તેની મદદે તુસને, મેદાનમાં આવવાની ફરજ પડી. રાત પડતાં બંન્ને તરફનાં સરદારો છાવણીમાં ગયા.

રૂસ્તમની અશ્કબુસ સાથે અને પછી કામુસ સાથે લડાઈ.

સવાર પડતાં રૂસ્તમ પોતાનાં લશ્કર સાથે આવી પહોંતો. તેનો વાવતો ઉડતો જોઈ ઇરાનીઓને ઘણી હિમ્મત આવી. રૂસ્તમે ગોદ્રેજથી સર્વ હકીકત જાણી. તુરાંનીઓ તરફનાં લશ્કરે લડાઈ માટે સફ સમારી. રૂસ્તમના રખશે દર રોજ ત્રણ ત્રણ મંજલની કુચ કરી હતી, તેથી રૂસ્તમે તે દીને પોતે લડાઇમાં ઉતરવાનું દરૂસ્ત ધાર્યું નહિ, અને

એક પહાડની શફીલ ઉપરથી લડાઈ નેહાલી. તુરાંનીઓ તરફથી કાશનનાં લશ્કરનો અશ્કબુસ નામનો સરદાર મેદાનમાં આવ્યો. ઇરાંની રેહામ તેની સામે લડવા આવ્યો, પણ હાર ખાઈ પહાડ તરફ ન્હાઠો. રૂસ્તમ આ મામલો જોઈ પાંઉપેઆદો તેની સાંમે લડવા આવ્યો અને તેને એક તીરથી માર્યો.[1]

ચીનના ખાકાને અને કાશાંનના કામુસે પીરાંનને પુછ્યું કે "એ પાંઉ પેઆદો લડનાર કોણ છે? શું તે રૂસ્તમ છે?" પીરાંને કહ્યું કે "એ રૂસ્તમ નથી. રૂસ્તમ તો એના કરતાં વધારે જોરાવર છે." પીરાંન તો રૂસ્તમને પીછાંનતો હતો. પણ લડાઇનાં મેદાંનમાં દૂરથી તે કદાચ તેને પીછાંની શકયો નહિ હોય.

બીજે દિવસે કાશાનનો કામુસ લડાઇનાં મેદાનમાં આવ્યો. અલવા નામનો જાબુલી પેહેલવાંન તેનાં સામે ગયો પણ, તુરત માર્યો ગયો. આ મામલો જોઈ રૂસ્તમ લડાઇનાં મેદાંનમાં આવ્યો અને કામુસને હરાવ્યો. તેણે તેને પોતાની કમન્દમાં પકડી ઘોડાઉપરથી નીચે નાખ્યો અને પછી બાંધીને પોતાના લશ્કર ભણી લઈ ગયો. ત્યાં તેના સરદારોએ તેને મારી નાખ્યો.

અક્રાસ્યાબ સાથની બીજી લડાઇ. તેનો બીજો તબક્કો રૂસ્તમની હિંદનાં શંગેલ અને ચીનના ખાકાન સાથે લડાઈ.

કામુસનું, ઇરાની પેહેલવાન રૂસ્તમ, જેને અક્રાસ્યાબની મદદે આવનાર ચીનનો ખાકાંન અને બીજા પાદશાહો હજુ રૂસ્તમ તરીકે પીછાનતા હતા નહિ, તેને હાથે મરણ થયલું જાણી, મદદે આવનાર પાદશાહોનું લશ્કર ચિંતાતુર થયું. તેઓ સર્વ તે પહેલવાંનનું નામ નિશાણ જાણવાને આતુર થયા. તેથી ચીનના ખાકાંનનાં કહેવાથી તેનો ચંગેશ નામનો સરદાર તેની ખબર કાહાડી આવવા માટે તૈયાર થયો અને તેણે મેદાનમાં આવી તે ઇરાની પેહેલવાન (રૂસ્તમ)ને હમનબર્દ બોલાવ્યો. રૂસ્તમ મેદાનમાં આવ્યો. ચંગેશે નામ પુછતાં, તેણે કહ્યું કે "મારૂં નામ તે તારૂં મોત છે". એવા ઉરાડનારા જવાબથી તે ચીનાઇ સરદારે તેના ઉપર તીર તાંકયો. રૂસ્તમ ધાલ પકડી તેની સામે ધસ્યો,

૧ આ લડાઇનાં વર્ણનમાંના કમાન પર તીર ખેંચવાના ફીર્દોસીના શબ્દો મશહુર થયલા છે. જુઓ મારૂં પુસ્તક "શાહનામુ અને ફીર્દોસી," પા. ૬૬–૬૮

તેથી બીહીને ચંગેશ ન્હાસવા લાગ્યો. રૂસ્તમે રખશને તેની પાછળ દોડાવી તેના ઘોડાની દુમ્બ પકડી અટકાવ્યો. તેવોજ ચંગેશ નીચે પડ્યો અને રૂસ્તમે તેને તુરત મારી નાખ્યો.

આ મામલો જોઈ ચીનના ખાકાને અફ્રાસ્યાબના સરદાર હોમાનને પોતા પાસે તેડી પેલા ઇરાની પેહેલવાનનું નામ નિશાણુ મેલવવા કહ્યું. હોમાંનને હવે રૂસ્તમ આગળ જવાની ફરજ પડી. પોતે પરખઈ નહિ જાય તે કાજે તેણે પોતાનો પોષાક અને દેખાવ બદલી નાખ્યો અને પછી મેદાનમાં રૂસ્તમ આગળ ગયો અને નર્માશથી તેનું નામ પુછ્યું. રૂસ્તમે પોતાનું નામ કહ્યું નહિ અને ફક્ત પોતાને એક "ઇરાંની સરદાર" તરીકે જાહેર કર્યો, અને હોમાંન, જેને તેણે ઘણી વખત જોયલો પણ હાલના નવા પોષાક અને વેષમાં ઓલખી શક્યો નહિ, તેને તેનું નામ પુછ્યુ. વળી તેણે સ્યાવક્ષ સાથે કરસેવજ વિગેરેએ ચલાવેલી બદ ચાલ માટે ધિક્કાર જણાવ્યો. હોમાંને પોતાનું નામ 'કુહ' તરીકે જણાવ્યું અને રૂસ્તમને ફરીથી તેનું નામ પુછ્યું. રૂસ્તમે તે કહ્યું નહિ, પણ પીરાંનને પ્યાર સાથ યાદ કરી તેને મલવાની પોતાની મરજી જણાવી.

હોમાંન પીરાંન આગળ આવ્યો અને કહ્યું કે એ ઇરાની પેહેલવાન તો રૂસ્તમ પોતે દિસે છે અને તે તુંને મલવા માગે છે. ત્યારે પીરાંને ખાકાન આગળ જઈ તેને આ વાત કહી. ચીનના ખાકાને કહ્યું કે "તું રૂસ્તમ આગળ જા અને નર્મીથી વાત કર. અને જો તે સુલેહ કરવા માગતો હોય તો ઘણુ સારૂં. જો તે લડવાજ માગતો હશે તો આપણે તેમ કરીશું." પીરાંન ઇરાંની પેહેલવાંન (રૂસ્તમ) આગળ ગયો. રૂસ્તમને જ્યારે ખબર પડી કે કોઇ તુર્કી પેહેલવાંન મળવા આવ્યો છે ત્યારે તે આગળ ગયો અને તેનું નામ પુછ્યું. પીરાંને પોતાનું નામ જાહેર કરી રૂસ્તમને તેનું નામ પુછ્યું. રૂસ્તમે તે જણાવ્યું. બેઉએ એકમેકની ખેર આફીએત પુછી. રૂસ્તમે પીરાંનની કએખુસ્રુ તરફની સેવાઓને આભાર સાથે યાદ કીધી. પીરાંને કએખુસ્રુ અને ફ્રીરંગીજ માટે, તેણે જે જે કર્યું હતું તેનું, ટુંકમાં વર્ણન કીધું અને છેવટે ઇચ્છયું કે રૂસ્તમ લડાઇ બંદ કરી સુલેહ કરે. રૂસ્તમે બે સરતોએ સુલેહ કરવા કહી. ૧ એક આ કે જેઓએ સ્યાવક્ષને

મારી નાખવામાં ભાગ લીધો હતો તે સર્વેને પીરાંન કએખુસ્રુ આગળ મોકલી દે. ૨ બીજી આ કે પીરાંન પોતે શાહ કએખુસ્રુ આગળ આવે. પીરાંનને આ સરતો મુદલ પસંદ આવી નહિ. તેથી ચીનના ખાકાંનં અને બીજા સરદારો હજુર તે સરતો સુલેહ માટે રજુ કરવાનું અને શાહ અફ્રાસ્યાબને તેથી વાકેફ કરવાનું કહી તે પાછો ફર્યો. તેણે પોતાના તુરાંની સરદારોને અને ચીનનાં ખાકાન અને બીજા મદદે આવેલા પાદશાહોને સર્વ હકીકત કહી અને જણાવ્યું કે પેલો ઇરાંની પેહેલવાન રૂસ્તમ પોતે છે.

આ પછી તુરાંનીઓએ અને મદદગાર પાદશાહોએ ઇરાનીઓ સાથે લડવાની તૈયારીઓ કરી. રૂસ્તમે પણ ઇરાની લશ્કરને હિમ્મતના સખુનો કહ્યા. પીરાન મેદાંનમાં રૂસ્તમ આગળ આવ્યો અને જણાવ્યું કે તેણે જણાવેલી સરતો તેના તુરાંની ગોથ્યાઓ કબુલ રાખી શકતા નથી.

લડાઇ શરૂ થતાં હિંદુસ્તાનનો રાજા શંગલ રૂસ્તમ સામે લડવા આવ્યો પણ હારીને ન્હાઠો. પછી મરનાર કામુસનો એક સગો નામે સાવેહ, લડાઈ દરમેઆંન રૂસ્તમ સાંમે આવ્યો અને તેને હાથે માર્યો ગયો. પછી રૂસ્તમ તુરાંની લશ્કરની જે બાજુએ ગહાનનો ગહાર નામનો સરદાર હતો ત્યાં ગયો. ગહાર તેની સામે થયો અને માર્યો ગયો. પછી ઘણી ખુનખાર લડાઈ બન્ને લશ્કરો વચ્ચે ચાલુ રહી. ચીનના ખાકાને પોતાનો એક સરદાર, જે ઇરાંની જબાંન જાણતો હતો, તેને રૂસ્તમ આગળ મોકલ્યો કે હવે તે લડાઈ બંદ કરે. જો તે લડાઇ બંદ કરે તો ખાકાન તેમ કરવાને ખુશી હતો. રૂસ્તમે તેમ કરવાને ના પાડયું. પછી રૂસ્તમ લડતો લડતો ચીનના ખાકાન આગળ ગયો અને તેની સાથે લડાઈ કરી તેને બંદીવાન કરી તુસને સવાધીન કીધો.

છેવટે એ લડાઈ ઇરાનીઓની સંપુર્ણ ફતેહમાં તમામ થઈ. રૂસ્તમે ફરેબુર્જ મારફતે આ ફતેહની ખુશ ખબર શાહ કએખુસ્રુને કેહવાડી અને લડાઇમાં મેળવેલી લુટમાંથી મેલવેલી કિમતી ચીજો પાદશાહ ઉપર મોકલી. ફરેબુર્જે ફતેહનો પેગાંમ અને પેલી કિમતી ચીજો શાહને પોહોંચાડી. શાહે રૂસ્તમ ઉપર એહસાંન સાથે માયાભરેલો

જવાબ ફરેબુર્જની મારફતે મોકલ્યો અને વધુ કહેવાડ્યું કે રૂસ્તમે હજુર લડાઈ ચાલુ રાખી અક્રાસ્યાબને કેદ પકડવો.

કએખુસ્રુની અક્રાસ્યાબ સાંમેની બીજી લડાઈ ચાલુ. માર્ગમાં માણસખાઉ કાફરનું રૂસ્તમને હાથ માર્યા જવું.

હવે અક્રાસ્યાબને ખબર પડી કે તેની તરફમાં ઇરાંન સાંમે લડવા આવનાર કાશાંનનો કામુસ, ચીનનો ખાકાન, હિંદનો શંગલ વિગેરે પાદશાહો, ઇરાંનીઓને હાથ, ૪૦ દિવસ સુધી ચાલેલી લડાઇમાં, હાર ખાઈ ગયા છે, માર્યા ગયા છે અને બંદ પડ્યા છે, અને પીરાંન ખોતન તરફ પાછો ફર્યો છે. તેથી તે વિચારમાં પડયો અને પોતાના દરબારીઓની સલાહ લીધી. તેઓએ તેને બીજું લશ્કર એકઠું કરી લડવાની સલાહ આપી. રૂસ્તમ પણ કએખુસ્રુના હોકમ મુજબ આગળ વધ્યો અને સોગ્દનાં મુલકમાં થઈ બીદાદ નામનું શેહેર, જેમાં માણુસને ખાનારાં માણસો રહેતાં, ત્યાં આવી પોહોંતો. ત્યાંનાં લોકો માણુસનાં માસનો ખોરાક લેતા. ત્યાંનો પાદાશાહ ખુબસુરત સ્ત્રિઓને મારી તેઓનું માંસ ખાતો. ત્યાનાં પાદશાહનું નાંમ કાફુર હતું. રૂસ્તમે ૩૦૦૦ માણસોનાં લશ્કર સાથે ગસ્તહમ, બેજન અને હજીરને તેની સાંમે મોકલ્યા. કાફરનાં લશ્કરસાથે લડાઈ થતાં ઇરાંનીઓ હાર્યા અને ગસ્તહમે રૂસ્તમને તેડવા બેજનને મોકલ્યો. રૂસ્તમ પોતે લડાઈનાં મેદાનમાં આવ્યો. તે જોઈ કાફુર પોતે તેની સાંમે થયો અને લડાઈ કરતાં રૂસ્તમને હાથે માર્યો ગયો. પછી રૂસ્તમે તેનુ શેહેર, જેનો કિલ્લો બુલંદ અને અજીત હતો, તેની ઉપર ઘેરો નાખ્યો અને તેની નીચે જમીનમાંથી ખાણુ ખોડી તે ઉપર હુમલો કરી તેને સળગાવી દીધો. પછી ત્રણ દાહાડા ત્યાં ખુશી અને આરામ સાથ આસાયશ લેઇ ચોથે દાહાડે તે ઇરાની લશ્કર સાથ આગળ વધ્યો.

કએખુસ્રુની અક્રાસ્યાબ સાંમેની બીજી લડાઇ. તેનો ત્રીજો તબક્કો. પોલાદવંદનું રૂસ્તમને હાથ માર્યા જવું.

અક્રાસ્યાબને આ બાબેની ખબર પડતાં તેને ફર્ગાર નામના એક સરદારને ફર્માવ્યું કે જાસુસ તરીકે છુપી રીતે આગળ જઈ રૂસ્તમનાં લશ્કરની સર્વ હકીકતની ખબર કહાડે. તે સરદાર ઇરાંનીઓની છાવણી

તરફ જઈ સર્વે ખબર લઇ આવ્યો. તેવામાં પીરાંન પણ ખોતન તરફથી આવ્યો. તેણે પણ હિમ્મત પકડી અફ્રાસ્યાબને પાછું લડવા માટે હિમ્મત આપી.

એ વખતે ચીનના એક પહાડી મુલકમાં પોલાદવંદ નામે એક દલેર પાદશાહ રાજ્ય કરતો હતો. તે પાદશાહ તરફ અફ્રાસ્યાબે એક નામુ આપી પોતાનાં બેટા શીદેહને મોકલ્યો અને તે પાદશાહ પાસે ઇરાનીઓ સામે મદદ માગી. પોલાદવદ પોતાનાં લશ્કર સાથે અફ્રાસ્યાબની મદદે તેની આગળ આવ્યો, અને લડાઇ માટે વાતચીત કરી કેટલીક ગોઠવણ કીધી.

પછી ઇરાની અને તુરાંની બંન્ને લશ્કરો લડાઇનાં મેદાનમાં ભેગાં મલ્યાં. લડતાં લડતાં પોલાદવદ, જ્યાં તુસ પોતાનાં લશ્કરની હરોળમાં લડતો હતો, ત્યાં આવ્યો અને તેની સાથે લડી તેને ઘોડાનાં જીન ઉપરથી ઉઠાવી નીચે જમીન ઉપર પટકયો. આ મામલો જોઈ ગેવ પોતાના શબ્દેજ ઘોડા ઉપર તેની સાંમે ગયો. બેજન અને રેહામ તેની કુમકે ગયા. આ પાછલા બંન્ને પેહેલવાંનોને પોલાદવંદે જમીન પર ફેંક્યા અતે ઇરાંની લશ્કરના કાવ્યાની ઝુંડા તરફ ધસી તેનાં બે તુકડા કરી નાંખ્યા. રૂસ્તમને ખબર પડતાં તેણે ખુદાતાલાને યાદ કરી ફતેહ માંગી અને હિમ્મત ધરી પોલાદવંદ સામે ગયો. બંન્ને જન હાથોહાથ ઘણો વખત લડ્યા અને એક મેકનાં જોર માટે ચિંતાતુર વિચાર કરવા લાગ્યા. એ હાથોહાથ હથ્યારની લડાઇમાં કોઇ એક પણ બીજા ઉપર સરસાઈ મેલવી શકયો નહિ, ત્યારે પોલાદવંદે કુસ્તી લડવાની સુચના કરી, એવી સરતે કે, એ કુસ્તીની લડાઇમાં કોઇ બીજો વચ્ચે પડે નહિ. રૂસ્તમે તે કબુલ રાખી. બન્ને ઘોડા ઉપરથી ઉતર્યા, અને કુસ્તી રમવા લાગ્યા.

અફ્રાસ્યાબે તે વેળા પોતાના બેટા શીદેહને કહ્યું કે "તું એઓ આગળ જઈ પોલાદવંદને હિમ્મતના સખુનો કહે અને જણાવ કે 'રૂસ્તમને નીચે નાંખતાંને વાર તેને તલવારથી મારી નાંખે." શીદેહે પોતાના બાપને કહ્યું કે, "કોઇએ વચમાં પડવું નહિ," એવી સરતે એઓ કુસ્તી રમે છે, માટે આપણે વચમાં જવું નહિ જોઇએ. ત્યારે અફ્રાસ્યાબ પોતાના બેટા ઉપર ગુસ્સે થઈ પોતે

મેદાનમાં આવી ઉપર મુજબ પોલાદવંદને કહેવા લાગ્યો. ઇરાનીઓ તરફથી ગેવે આ રીતે સરત તુટેલી જોઈ બુલંદ અવાજે રૂસ્તમનું તે ઉપર ધ્યાન ખેચ્યું. રૂસ્તમે કહ્યું કે, "ફીકર નહિ. તું ચિંતા ના રાખ." છેવટે રૂસ્તમે પોલાદવંદને કુસ્તીમાં ઉઠાવી જમીન ઉપર ફેંકી મજબુત પટકી નાંખ્યો. રૂસ્તમે જાણ્યું કે તેનાં હાડકાં ભાંગી ગયાં છે અને તે મરણ પામ્યો છે. તેથી તુરત ઘોડા ઉપર સવાર થઈ ઇરાંની લશ્કર તરફ ચાલી ગયો. પોલાદવંદ, જે જાણે મરણ પામ્યો હોય તેમ જમીન ઉપર પડી રહેલો, તે થોડા વખતમાં તુરત ઉઠી, દોડી જઈ એકદમ અફ્રાસ્યાબ તરફ ન્હાઠો. આ મામલો જોઈ ઇરાની પેહેલવાંનો, ગોદ્રેજ, ગેવ, ગુર્ગીન, રેહામ વિગેરે લડાઇનાં મેદાંનમાં દોડ્યા. પણ પોલાદવંદ ન્હાઠો, અને પછી રૂસ્તમ જેવા સરદારનાં લશ્કર સાથે લડવામાં કાંઈ સાર નહિ જોઈ, લડાઇનાં મેદાંનમાંથી પોતાનું લશ્કર ઉઠાવી ચાલતો થયો.

આ મામલો જોઈ પીરાન અફ્રાસ્યાબ આગળ આવ્યો અને લડાઇનાં મેદાંનમાંથી ન્હાસવાની તેને પણ સલાહ આપી. તે સલાહ મુજબ અફ્રાસ્યાબ પણ ન્હાઠો. તુરાંન છોડીને તે ચીન અને માહચીનના મુલક ભણી ગયો. રૂસ્તમ અને તેનાં ઇરાંની લશ્કરે તુરાનીઓ ઉપર હુમલો કરી તેઓને મજબુત શીકસ્ત આપી અને ઘણી લુટ મેલવી. તેમાંથી કેટલોક કિમતી ભાગ રૂસ્તમે શાહ કએખુસ્રુ ઉપર મોકલ્યો. પછી રૂસ્તમ પોતે ઇરાંની લશ્કર સાથે ઇરાંન ભણી શાહ કએખુસ્રુ આગળ ગયો. શાહે તેને ઘણાં માન સાથે આવકાર આપ્યો. શાહની દરબારમાં ખુશી ખુરમી સાથે એક મહિનો રહી રૂસ્તમ પોતાના જાબુલસ્તાનના મુલકમાં પોતાનાં બાપ જાલ આગળ ગયો.

શાહ કએખુસ્રુએ પોતાની રૈયતની ફર્યાદની દાદ લેવી. તેનો પેહેલો દાખલો. અકવાંન દેવને રૂસ્તમને હાથ મરાવવો.

પાદશાહ કએખુસ્રુ પોતાની રૈયત ઉપર કાંઈ મુશ્કેલી હોય તો તેઓની દાદ લેઈ તે ટાળવાને કાળજી રાખતો હતો. તેનો પેહેલો દાખલો અકવાંન દેવ, જે તેની રૈયતને ત્રાસ આપતો, તેને મારી નાખવાને રૂસ્તમને મોકલવાનો છે. કહે છે કે, એક વખત પાદશાહ દરબારમાં બીજા દરબારીઓ સાથે બેઠો હતો. ત્યારે એક ઘોડાઓનો

ભરવાડ આવ્યો અને પોતા અને બીજા ભાઈબંદ ભરવાડો તરફથી ફર્યાદ કરવા લાગ્યો કે "એક ગુર (Onagre) જાતનું જાનવર અમારા ઘોડાઓનાં ટોળાંમાં આવે છે. તે બંદમાંથી છુટેલા દેવ જેવું દિસે છે અને વળી અમારા ઘોડાઓની ગરદન ભાંજી નાખે છે. માટે તેના ત્રાસથી અમને છોડવ." શાહ કએખુસ્રુને કાને એ બાબત આગળ આવી હતી. તે ઉપરથી તેણે કહ્યું કે "એ કોઇ જાનવર નથી પણ એતો અકવાંન દેવ છે. માટે તું જા હું એનો એલાજ કરીશ.[1]"

આ મુજબ જવાબ દેઈ તેણે પોતાનાં સરદારોની સલાહ લેઈ ગુર્ગીનને જાબુલસ્તાંન રૂસ્તમ પેહેલવાંનને એ કામ માટે તેડવા મોકલ્યો. રૂસ્તમ આવ્યો અને શાહનાં ફર્માનથી પેલા ઘોડાનાં ગોવાળાંના માલેકે કહેલી જગ્યાએ ગયો. રૂસ્તમને ત્રણ દાહાડા સુધી ખોળ કરવા પછી પેલો જાનવરરૂપી દેવ દિસ્યો. રૂસ્તમે પહેલે તો તેને ખરેખર ગુર જાતનું જાનવર ધાર્યું. તેથી તે પોતાની કમાનને તે ઉપર ફેંકવાની તૈયારી કરતો હતો. તેવામાં તે ગુમ થઈ ગયો. તેથી રૂસ્તમે ધાર્યું કે અંહી જોર વાપરવાનું કામ નથી પણ તાલમેલ અને તદબીર વાપરવી જોઈએ. થોડીવાર તે પાછો દિસ્યો. ત્યારે રૂસ્તમે તીર તાંકતાં

---

૧ આ જાનવરનાં રૂપમાં અકવાંન નાંમનાં દેવની હકીકતનો ખુલાસો આ દિસે છે, કે કોઈ બદકાર પુરૂષ, એક જાંનવરનું રૂપ લેઇ, તે બાજુના ઘોડાઓનાં ગોવાળાંનાં માલેકોને હેરાંન કરતો. તે તેઓનાં ઘોડાનો નાશ કરતો. હાલમાં પણ કોઇ એવા કોર્ગાઓના દાખલા આપણે સાભળ્યે છિએ થોડુંક ઉપર ઇંગલાંડમાં એક ભાગમાં એમ રાતે છુપાછુપ કોઇ બદકાર પુરૂષ લોકોનાં ઢોરો અને ખાસ કરી ઘોડાઓને મારી નાખતો હતો. તેનો પત્તો પોલીસ વટીકને મલતો નહિ હતો. તેથી લોકો હબતી જતાં હતા અને કોઇક અજ્ઞાની તો તે કોઈ જાદુગરનો ચાળો સમજતાં.

મી. ઉવેર્નર કહે છે કે પ્રોફેસર નોએલ્ડકે એ અકવાન શબ્દને "અકોમન" (બુરૂ મન)નું બીગડેલું બીજું રૂપ લે છે, કે જે "અકોમન," અવસ્તા પ્રમાણે "વોહુમન" એટલે "ભલા મન"નો હરીફ છે. એમ જો લેઇએ તો, આપણા ઉપલા ખુલાસાને ટેકો મલે છે, કે તે મુલકમાં કોઈ બુરો માણસ બુરાં મન યા બુરી નિશ્તાથી બીજાઓના ઘોડાઓને એક જ્યાંનગાર જાનવરનું રૂપ ધારણ કરી, હેરાંન કરતો હતો. આ દેવ એક બુરા વીચાંર (અક મન)નો કોઈ માણસ હતો, તે આ ઉપરથી દિસે છે કે ફીર્દોસી પોતે કહે છે, કે જે માણસ બદીનો ગોલાંમ હોય અને ખોદાની સેતાયશ નહિ કરે અને માણુસાઈ કાયદાઓનો અનાદર કરે, તે ખણી માણસ નહિ પણ દેવ છે.

પાછો બીમાલુમ થઈ ગયો. રૂસ્તમ ત્યાં એક દાહાડો થોભ્યો. પછી રખશનું જીન ઉતારી તેનો ટકયો બનાવી મેદાનમાં સુઈ ગયો. તેવામાં અકવાંન દેવ આવ્યો અને રૂસ્તમને ઉંઘાયલો અને ઉંઘાયલોજ માથે ઉઠાવ્યો અને પુછયું કે "હવે બોલ તુંને કયાં નાખું? નદી (દર્યાવ)માં કે પાહડ ઉપર?" રૂસ્તમે ધાર્યું "કે તે મને પહાડ ઉપર અફાળી નાખશે તો હું માર્યો જઈશ, તેથી નદીમાં પડેલું ભલું." વળી તેણે વિચાર્યું કે "એ બુરો દેવ, હું જે કહેવશ તેથી ઉલતું કરશે." તેથી તેણે તેને કહ્યું કે "મને પહાડપર નાંખ." ત્યારે તે દેવે તેને નદીમાં નાખ્યો. રૂસ્તમ તરીને કિનારે આવ્યો. હવે ઈરાંનીઓના ઘોડાઓની ચરગાહ (Pasture ground) ની નજદીકમાં તુરાંની અફ્રાસ્યાબના ખાસ ઘોડાઓની પણ ચરગાહ હતી. ભોગજોગે અફ્રાસ્યાબ તે વખતે પોતાના ઘોડાઓની તપાસ લેવા ત્યાં આવ્યો હતો. તેણે ત્યાં રૂસ્તમને આવેલો જાણતાં રૂસ્તમને એકલો જોઈ પોતાનાં સરદારો પાસે તેના ઉપર હુમલો કરાવ્યો. રૂસ્તમે તેઓને મારી હઠાવ્યા. તેવામાં અકવાંન દેવ આવ્યો. રૂસ્તમે લડીને તેણે છેવટે મારી નાખ્યો.

શાહ કએખુસ્રુએ પોતાની રૈયતની દાદ લેવી. તેનો બીજો દાખલો. બેજનને ભુંડોનો ત્રાસ કમી કરવા મોકલવો.

બેજન અને મનીજેહનું દાસ્તાંન.

એક દિવસે જ્યારે પાદશાહ કએખુસ્રુ ખુશી ખુર્મીની મીજલસમાં બેઠો હતો, ત્યારે તેની અર્માની પ્રજામાનાં કેટલાકો તેની દરબારમાં આવ્યા અને મીનત જારી કરી અર્જ કીધી, કે તેઓના મુલકમાં ભુંડોનો ઉપદ્રવ ઘણો થયો છે જે તેઓને નુકસાન કરેછે; માટે તે ભુંડોનો નાશ કરવાના કોઈ ઉપાય લેવા. એ ખબર સાંભળી પાદશાહનું દીલ દુઃખી થયું. પોતાની પ્રજા ઉપરનું આ સંકટ ટાળવા માટે તેણે પોતાના પહેલવાંનોને પુછતાં બેજન તે માટે તૈયાર થયો. શાહે ખુશી થઈ તેને તે કામ માટે મોકલ્યો અને તેની સાથે ગુર્ગીનને ભોમ્યા તરીકે મોકલ્યો. બેજન તે ભુંડોના ત્રાસ વાળા મુલકમાં ગયો અને ત્યાં શેકાર વિગેરેથી તેઓને મારી ત્રાસ ટાળ્યો. બેજને પોતાના આ

કામમાં ગુર્ગીનની મદદ માગી હતી, તે છતાં રસ્તો દેખાડવા ઉપરાંત તેણે કાંઈ વધુ મદદ કીધી હતી નહિ.

પોતાના દેશમાં જો કોઈ જીઆનગાર જાનવરોનો ઉપદ્રવ થતો હોય અને તેથી રૈયતનાં જાન માલની ખરાબી થતી હોય, તો તે ઉપદ્રવ ટાળવો, એ એક ભલા પાદશાહની ફરજ છે. કએખુસુએ તેમ કર્યું. એજ મતલબથી આપણી સરકાર, સાપ, વરૂ જેવાં જીઆનગાર પ્રાણીઓનો નાશ કરવા માટે, દર સાલ સેંકડો રૂપીઆ ખરચે છે. કોઇક વાર કોઈ મુલકમાંનાં ખેતરોમાં ઉંદરોનો ઉપદ્રવ વધે છે, તો તેવે વખતે તેના નાશની યોજના રચવા એક ખાસ મંડળ (Rat commission) નેમે છે. એક ભલા પાદશાહ તરીકે ત્યારે કએખુસુએ બેજન અને ગુર્ગીન વિગેરેનું જાણે એક 'કમીશન' નેમી ભુંડોનો ઉપદ્રવ ટાળ્યો.

હવે ભુંડોનો નાશ કરી જ્યારે પાછું ફરવાનો વખત થયો, ત્યારે ગુર્ગીને પડોશના સુંદર મુલકની અને ત્યાં સેલગાહે આવેલી મનીજેહ નામની તુરાંની પાદશાહ અફ્રાસ્યાબની બેટીની ખુબસુરતીની બેજન આગળ ઘણી તારીફ કીધી. તેથી બેજન તે મુલક જવાને લલ્ચાયો. ગુર્ગીનની મતલબ બેજનને જરા હેરાંન કરવાની હતી, સબબકે બેજને એકલે હાથે ભુંડોનો ત્રાસ કમી કરવામાં જે ફતેહ મેલવી હતી, તેથી તે જરા અદેખો થયો હતો.

બેજન ખાસ સુંદર પોષાક પેહેરી મનીજેહની છાવણીવાળી જગ્યાએ ફરતો ફરતો ગયો અને એક ઝાડની છાયા હેઠળ બેઠો. એવામાં મનીજેહ ત્યાં આવી લાગી, અને બેજનને જોઈ તેણીની મોહોબત તેનાં ઉપર દોડી અને તેણી તેની સાથ શાદી કરવાને ખાહેશ મંદ થઈ. પોતાનાં માત પિતાની પરવાંનગી લઈ, તેઓની સમતીથી અને બાહાલીથી, તેણીએ તેમ કરવું જોઈતું હતું. તેને બદલે તેણીએ પોતાની મરજી પ્રમાણે નાદાનીથી કામ કરવા માંડ્યું. તેણીએ પોતાની દાસી પાસે બેજનને પોતાના તબુમાં તેડાવી તેની હકીકત પુછી અને તેની આગતા સ્વાગતા કીધી અને પોતાના તુરાંનના મુલકે તેને લઈ જવાનો વિચાર કીધો. પોતાનો ઇરાંનનો મુલક છોડી એમ પારકે મુલક બેજન કદાચ ખુશીથી જાય નહિ, તેથી

તેણી બેજનને કેફવાળો શરાબ ઘણા જથ્થામાં પાવા લાગી. પછી તેણી તેની ખુમારીમાં તેને તુરાંન લઈ જઈ પોતાનાં મેહેલમાં પોતાનાં માત પિતાને જણાવ્યા વગર લગ્ન કરી રહી. અફ્રાસ્યાબનો ભાઈ કર્સેવજ, જે ઈરાંનીઓનો કટ્ટો વેરી હતો અને જેણે ફરેબથી અફ્રાસ્યાબને હાથે સ્યાવક્ષને મારી નંખાવ્યો હતો, તેને એ વાતની ખબર પડતાં, તેણે તેથી અફ્રાસ્યાબને વાકેફ કીધો. અફ્રાસ્યાબ આ હકીકત જાણી પોતાની બેટી ઉપર ઘણો ગુસ્સે થયો અને તેણે કર્સેવજને ફર્માવ્યું, કે બેજનને પકડી લાવે. કર્સેવજ બેજન આગળ ગયો. બેજન પોતાનાં બચાવમાં સામે થયો અને તે કર્સેવજને મારતે. પણ કર્સેવજે દગાથી તેને સમજાવી લઈ તેનું હથ્યાર મેલાવી દઈ તેને પકડ્યો અને અફ્રાસ્યાબ આગળ લઈ ગયો. બેજને કેટલોક ખુલાસો કર્યો અને તેમાં ખાસ કરી જણાવ્યું કે તે શરાબથી ઉપજેલી બીહોશીમાં ત્યાં આવ્યો હતો. અફ્રાસ્યાબ બેજનના હિમ્મત ભર્યા સખુનોથી તેની ઉપર ગુસ્સે થયો અને તેને મારી નાંખવાને કર્સેવજને ફર્માવ્યું. બેજનને ફાંસી દેવાની તૈયારી ચાલતી હતી, તેવામાં પીરાંન વજીરનું ત્યાં આવવું થયું. તેને ખબર પડતાં, તે બેજનને ફાંસી દેતો અટકાવી, અફ્રાસ્યાબ આગળ દોડ્યો અને બેજનને છોડી દેવા સમજાવ્યું. પીરાંનની સમજાવતથી છેવટે પાદશાહે બેજનને છોડી દેવાડી એક ઉંડા ગારમાં કેદમાં નાંખ્યો. તેણે મનીજેહને પોતાના મેહેલમાંથી કહાડી મેલી. તેણી પોતાનાં ખાવીંદના બંદીખાનાં આગળ જઈ રહી, અને રાત દહાડો બહારથી ખોરાક લાવી તે ઉંડા ગારમાં તેને ખવાડતી.

હવે પેલી બાજુ ગુર્ગીન લાંબો વખત બેજનની રાહ જોઈ ઈરાંન ભણી શાહ તરફ પાછો ફર્યો અને શાહને અને બેજનના બાપ ગેવને ખોટી વાત કહી, કે શેકાર કરતાં બેજન કેથે ગુમ થઈ ગયો. તેનાં ચેહેરા ઉપરથી અને તેનાં કહેવાની રાહ રીતિ ઉપરથી ગેવને તેના ઉપર શક ગયો અને તે તેનાં ઉપર ગુસ્સે થયો. કએખુસ્રુએ પણ ગુસ્સે થઈ ગુર્ગીનને બંદમાં નાંખ્યો.

હવે પાદશાહને કેટલોક વખત બાદ ખબર પડી કે બેજન તુરાંનનાં મુલકમાં એક ઉંડા ગારમાં અફ્રાસ્યાબને હાથ બંધ છે. તેણે

ગેવ, જે રૂસ્તમની બેટી બાનું ગુશસ્પનો ખાવીંદ થતો હતો, તેને રૂસ્તમ આગળ મોકલી બેજનને છોડી લાવવા કહેવાડયું. રૂસ્તમ શાહ આગળ ગયો અને શાહની ફર્માશથી થોડુંક લશ્કર લઈ બેજનને છોડવવા નિકલ્યો. તુરાંનની સરહદ ઉપર આવી તેણે થોડાક ચુનંદા સવારો સાથે વેપારીઓનો વેશ લીધો અને એક વેપારી વંજાર તરીકે તે મુલકમાં દાખલ થયો. તે પીરાંનની માલેકીવાળા ખોતનના મુલકમાં આવ્યો અને પીરાંનને એક વેપારી તરીકે ભેટ સોગાદ આપીને તેના મુલકમાં વેપાર અર્થે ફરવાની રજા માંગી. પીરાંને તે રજા આપી. પછી રૂસ્તમ બેજન જે મુલકમાં બંદ પડયો હતો તે મુલકમાં ગયો. એક વેપારી વંજાર ઈરાંન તરફથી આવી છે, એવી વાત સાંભળી મનીજેહ તે વંજારના વેપારી આગળ ગઈ. તે વંજારના વડા તરીકે રૂસ્તમે તેણીની તરફથી કેટલીક ખબર બેજન માટે મેળવી, પણ પોતે રૂસ્તમ હતો એવું જણાવ્યું નહિ. તેણે બેજન માટે મનીજેહને ખાણું આપ્યું અને તેમાં પોતાની વીંટી એક નિશાંણી તરીકે મેલી. મનીજેહે એક ઈરાંની વંજાર આવવાની ખબર બેજનને કહી અને તે વંજારના વડા વેપારી તરફનાં ખાણાં તરીકે પેલું ખાણું બેજનને તેનાં બંદીખાનામાં આપ્યું. બેજને તે ખાણું ખાતાં તેમાં રૂસ્તમની વીંટી જોઈ અને તેથી ખુશી થયો કે રૂસ્તમ પોતે આવી પહોંચેલો હોવો જોઇએ. તેણે મનીજેહને આ વાત કહી. મનીજેહ ખુશી થતી રૂસ્તમ આગળ પાછી ગઈ. રૂસ્તમે તેણીને સર્વ વાત છુપી રાખવા કહી અને જણાવ્યું કે રાતે તેણીએ તે બંદીખાનાના ગાર આગળ મોટો આતશ સળગાવવો, કે તેનું બળતું જોઈ, તે તે જગ્યાએ આવી પહોંચશે. તેણીએ તેમ કર્યું. તે બળતાંને જોઈ જગ્યા સોધી કાહાડી રાતો રાત રૂસ્તમ તે જગ્યાએ ગયો અને તે ગાર ઉપર મેલેલા ભારી પથ્થરો ખીસાડી નાંખી તેમાં કમંદ નાંખી બેજનને બહાર ખેંચી કહાડી છુટો કીધો. બેજનને બહાર કહાડવા આગમજ તેણે તેની પાસે કબુલાત લીધી હતી, કે તે ગુર્ગીનને માફ કરે. ઈરાંન પાછો ફરવા આગમજ રૂસ્તમે અફ્રાસ્યાબ ઉપર હુમલો કીધો અને તેનાં લશ્કર સાથે લડાઈ કરી. તેણે તેને મોટી શીકસ્ત આપી. પછી તે ઈરાંન ભણી પાછો ફર્યો જ્યાં શાહ કએખુસ્રુએ તેને સુંદર આવકાર આપ્યો,

શાહ કએખુસ્રુની અક્રાસ્યાબ સાથે ત્રીજી લડાઈ.

બાર રૂખો (પેહેલવાંનો) ની લડાઈ.

કેટલોક વખત બાદ અક્રાસ્યાબે ઈરાંન સાંમે પાછી લડાઈ ઉઠાવી. તે લડાઈ માટેનાં લશ્કરની સરદારી પીરાંનને સોંપી અને પોતાના બેટા શીદેહ ને ખારઝમની સરહદ તપાસવા મોકલ્યો. શાહ કએખુસ્રુને ખબર પડતાં તેણે લશ્કર તૈયાર કર્યું અને ગોદ્રેજને તેની સરદારી સોંપી. તુરાંનના પાદશાહે ચીન અને ખોતન તરફથી મદદ માગી. ઈરાંનનાં શાહે રૂમ, હિંદ અને અર્બસ્તાન તરફથી મદદ માગી. ઈરાંનના શાહે તુરાંન સામેનાં લશ્કરના ચાર ભાગ કર્યા. એક લશ્કરને રૂસ્તમની સરદારી હેઠળ સીસ્તાંન અને હિંદુસ્તાન થઈ, કાશમીર અને કાબુલ તરફ થોભવા વગર, ગજની તરફ મોકલ્યું કે ત્યાંથી ઉત્તર તરફનો માર્ગ લે અને તે તરફ ફ્રામરોજને રાખી તે આગળ વધે. બીજું લશ્કર તેણે લોહોરાસ્પને સોંપ્યું અને બીજે માર્ગે તુર્કીઓ ઉપર હુમલો કરવા તેને કહ્યું. ત્રીજું ત્રીશ હજાર આદમીનું લશ્કર અશ્કશ નામના સરદારને સોંપ્યું અને તેને ખારઝમ તરફ અક્રાસ્યાબના બેટા શીદેહની સાંમે મોકલ્યું. ચોથું મુખ્ય અને મોટું લશ્કર તેણે ગોદ્રેજની સરદારી તળે મેલ્યું અને તેને તુરાંન ઉપર મુખ્ય હુમલો લઈ જવા કહ્યું. આ મુખ્ય લશ્કર પીરાંનનાં તુરાંની લશ્કરની સામે જવાનું હતું. માટે શાહે ગોદ્રેજને ફર્માવ્યું કે પીરાંન, જેણે તેની સાથે બચગીમાં સારી વર્ત્તણુક ચલાવી હતી, તેની સાથે સારી રીતે વર્ત્તે. તુરાંનની સરહદપર જઈ પોંહોંચતાં ગોદ્રેજે પોતાના બેટા ગેવને પીરાંન આગળ મોકલ્યો અને શાહ તરફનો મમતા ભર્યો પેગાંમ મોકલ્યો, કે તેણે લડવાને બદલે શાહ કએખુસ્રુ આગળ આવવું અને સ્યાવક્ષના ખુનીઓને શરણ કરી દેવા. ગેવ પોતાના બાપનો પેગાંમ લેઈ થોડાંક લશ્કર સાથે બલખ થઈ વીશગર્દ, જ્યાં પીરાંન હતો, ત્યાં ગયો અને ગોદ્રેજનો પેગાંમ કહ્યો અને બનતાં સુધી લડાઈ નહિ થાય અને સમાધાની રહે તેમ સુચનાઓ કીધી. પણ તેમ બન્યું નહિ અને પીરાંને સામો એ બાબે અક્રાસ્યાબને પેગાંમ મોકલ્યો, જે ઉપરથી તે પાદશાહે વધુ લશ્કર તૈયાર કરી મોકલ્યું.

હવે બન્ને લશ્કરો એકમેક સામે કુચ કરી એક જગ્યાએ ભેગા મલ્યાં. ઇરાંની ગોદ્રેજ રાહ જોતો કે તુરાંનીઓ લડાઇ શરૂ કરે, અને તુરાંની પીરાંન રાહ જોતો કે ઇરાંનીઓ શરૂ કરે. બેજને પોતે લડાઇ શરૂ કરવા માગતાં તેને ગેવે અટકાવ્યો. હોમાંનને પીરાંને અટકાવ્યો. બીજે દીવસે તુરાંની હોમાને મેદાનમાં આવી ઇરાંની લશ્કરની ડહાબી પાંખ (loft wing) વાળા સરદાર રેહામને લડવા હમનબર્દ તરીકે બોલાવ્યો. રેહામે કહ્યું "કે મારા સેપાહ-સાલાર ગોદ્રેજના હોકમ વગર અમો લડાઇ શરૂ કરીશું નહિ." પછી હોમાંને લશ્કરનાં મધ્યભાગ (centre)ના સરદાર ફ્રેબુર્જ આગળ આવી ઉપર મુજબ લડાઇ કરવા માગી. ફ્રેબુર્જે પણ ઉપર મુજબ જવાબ આપ્યો. ત્યારે હોમાંન ખુદ ગોદ્રેજ આગળ ગયો અને તેની સાથે લડવા માંગ્યું. ગોદ્રેજે કહ્યું કે તારા જેવા એક નબળા પહેલવાને લડવા માગવા કરતાં બેહેતર કે તારાં આખા તુરાંની લશ્કરે હુમલો લાવવો. તુરાંની લશ્કર ઘણી સરસ જગ્યાએ હતું, તેથી ગોદ્રેજની મતલબ તેને તેની વધુ સલામત જગ્યાએથી ખસેડવાની હતી.

જ્યારે બેજનને ખબર પડી કે હોમાંન એમ કોઇ ઇરાંની પેહેલવાંન સાથે લડવા માગે છે, ત્યારે તેણે પેહેલે પોતાનાં બાપ ગેવ પાસે અને પછી બપાવા ગોદ્રેજ પાસે લડવાની રજા માગી. તેઓએ તે આપી. ગેવે ગોદ્રેજનાં કહેવાથી બેજનને સ્યાવક્ષનું બખ્તર જે તેની પાસે હતું તે આપ્યું. બેજન તે બખ્તર પેહેરી હોમાંન સામે ગયો. બન્ને સરદારોએ બીજે દીન લડાઈ કરવાને ઠેરવ્યું. સવાર પડતાં બન્ને પેહેલવાંનો—બેજન અને હોમાંન—પોત પોતાના તરજુમો કર-નારાઓ (તર્જુમાન interprotors) ને સાથે લઇ જંગનાં મેદાંનમાં આવ્યા. લડાઇમાં બેજનને હાથે હોમાંન માર્યો ગયો. પીરાંનને પોતાના ભાઇનાં મરણની ખબર પડતાં તેણે પોતાનાં ભાઈ નસ્તીહનને ઇરાંની લશ્કર ઉપર રાત્રે હુમલો કરવા કહ્યું. રાતનો બે તૃતીયાંશ ભાગ તમાંમ થતાં, નસ્તીહને હુમલો કર્યો. તલાયાઓએ તે બાબે ગોદ્રેજને ખબર આપી. નસ્તીહન તે વેળાએ થયલી લડાઇમાં બેજનને હાથે માર્યો ગયો. બીજે દિવસે ઇરાંની અને તુરાંની લશ્કરો વચ્ચે ખુનખાર લડાઇ થઇ. એ લડાઇનું કાંઈ પણ છેવટ આવ્યું નહિ.

હવે ગોદ્રેજે શાહ ઉપર નામું લખી કહેવાડયું, કે.પીરાંન બીજાં લશ્કરની મદદ માગે છે માટે શાહે પણ વધુ લશ્કર મોકલવું. ગોદ્રેજનો બેટો હજીર તે નામું શાહ આગળ લઈ ગયો. શાહને રૂસ્તમ, લોહરાસ્પ અને અશ્કસ, જેઓને તેણે, ઉપર જણાવવા મુજબ, જુદે જુદે માર્ગે અફ્રાસ્યાબ સામે મોકલ્યા હતા, તેઓનાં લશ્કરોની હીલચાલોની ખબર હતી કે તેઓ જુદી જુદી બાજુથી અફ્રાસ્યાબનાં લશ્કરને કેમ ઘેરશે. તેથી તે સર્વ હકીકત જવાબમાં તેણે ગોદ્રેજને જણાવી અને લખ્યું, કે તુસને વધુ લશકર સાથે મોકલવામાં આવશે અને પછી શાહ પોતે લશ્કર લેઇ વધુ મદદે આવશે. તેણે ગોદ્રેજને હિમ્મત રાખી લડવા કહ્યું. પછી શાહે તુસને વધુ લશ્કર આપી દહીસ્તાંનના મુલકમાં ખારઝમ તરફ અશ્કસને મદદ આપવા મોકલ્યો અને પોતે મોટાં લશ્કર સાથે ગોદ્રેજની મદદે જવા નિકલ્યો.

જ્યારે પીરાંનને આ સર્વ ખબર પડી ત્યારે તે ગભરાવા લાગો અને હવે તાલમેલ કરવા લાગ્યો. તેણે એક કાસદને ગોદ્રેજ આગળ મોકલી લડાઇથી હાથ ઉથાવવા કહ્યું અને જણાવ્યું કે સ્યાવક્ષના એક જાંનના કિનામાં હજારો અને લખોના જાંન લેવા દરૂસ્ત નથી વિગેરે. તેણે જણાવ્યું કે તે જો સુલેહ કરવા માગે તો તે અફ્રાસ્યાબને નીચલા મુલકો ઇરાંનને આપી દેવાને ભલામન કરે: ગર્ચાથી બસ્ત સુધીનો મુલક, તાલીકાનથી તે ફાર્યાબ સુધીનો મુલક, અન્દરાબ અને બામ્યાંનનાં શેહેરો, કિનારા ઉપરના સર્વ શેહરો, ગુર્કાનનો મુલક, બલખથી બદખ્શાન સુધીનો મુલક, આમ્વી, જમ અને ખતલાંનનો મુલક, શીનગાન, તીર્મીદ, વીસગર્દ, બોખારા અને સોગ્દ. વળી તેણે જણાવ્યુ કે સીસ્તાંન, હિંદ, કાશ્મીર, કાબુલ અને કંદહાર અને સિંદનાં મુલકોઉપરથી તે હાથ ઉથાવશે અને તે રૂસ્તમને સપુરદ કરશે. વળી અલાંનનાં મુલકથી તે કુહેકાફના મુલક સુધીનો સર્વ મુલક કએખુસ્રુને હવાલે કરશે, અને અસ્કાશે ખારજ તરફ જે મુલક લીધા છે તે પણ છોડી દેશે. આ અને બીજી કેટલીક સરતો સાથનો પત્ર પીરાંને ગોદ્રેજ ઉપર પોતાનાં બેટા રૂઇન મારફતે મોકલ્યો અને વધુ કહેવાડયું કે જો ગોદ્રેજ લડવા માગશે તો આખરે તે લડવાને તૈયાર છે.

ગોદ્રેજે રૂઇનને આવકાર દેઈ તેને આઠ દાહડા પોતાનાં મેહમાંન તરીકે રાખ્યો. પછી તેની પાસે જવાબમાં કહેવાડયું કે એ સરતો રજુ કરવામાં "પીરાનની ખરાં જીગરની સાફ મતલબ નથી. તેણે જે મુલકો આપવા કહ્યું છે, તે મુલકો તો જુદી જુદી બાજુએ ગયલા ત્રણ ઇરાંની લશ્કરો જીતી ચુક્યાં છે. પીરાનને હવે લડવા વીનાં છુટકો નથી. માટે તેણે લડાઈ માટે પેહેલવાંનોને પસંદ કરવા." આ સઘળી હકીકતથી પીરાંને અફ્રાસ્યાબને વાકેફ કરી તેની પાસે વધુ લશ્કરની મદદ માગી. અફ્રાસ્યાબે આ સર્વ હકીકત દલગીરી સાથે સાંભળી અને પછી પોતે પીરાંનની મદદે જવા તૈયાર થયો, અને તે મુજબ તેણે પીરાંનને પેગાંમ કહેવાડયો.

ત્યારપછી ઇરાંની અને તુરાંની લશ્કર વચ્ચે લડાઈ ચાલી તેમાં પીરાંન અને ગેવ હાથોહાથ લાંબો વખત લડયા. લહહાક અને ફર્શીદવર્દ નામનાં તુરાંની પેહેલવાંનો બુદ્ધા પીરાંનની મદદે તેનાં બોલાવવાથી ગયા. ત્યારે ગેવ તે બન્ને સાથે લડવા લાગ્યો. પછી ઇરાંનીઓ તરફથી બેજન, હજીર વીગેરે મદદે આવ્યા. એ દીવસે લડાઈનું કાંઈ છેવટ આવ્યું નહિ.

ત્યાર પછી ગોદ્રેજ અને પીરાંને ઠેરવ્યું કે તેઓ બન્ને પોતપોતાનાં લશ્કરમાંથી ૧૧ ચુનદા પેહેલવાંનોને પસંદ કરે કે તેઓમાંથી એકેક સાંમી બાજુના એકેક પેહેલવાંન સાથે લડે. એ ગોઠવણ મુજબ નીચે પ્રમાણે બન્ને બાજુના પેહેલવાંનોની લડાઇ માટે જોડકી બની.

ઇરાંની પેહેલવાંન	તુરાંની પેહેલવાંન
૧ ગીવ	ગેરૂઈ જેણે અફ્રાસ્યાબનાં કહેવાથી સ્યાવક્ષને મારી નાખ્યો હતો.
૨ ફ્રેરબુર્જ	ગુલબાદ
૩ રેહામ	બાર્માન
૪ ગુરાજેહ	સ્યામક
૫ ગુર્ગીન	અન્દરીમાંન
૬ બેજન	રૂઇન
૭ જંગે શાવરાન	અખ્વાસ્ત

૮ બર્તે	કેહરમ
૯ ફરૂહલ	જંગલેહ
૧૦ હજીર	સેપેહરમ
૧૧ ગોદ્રેજ	પીરાંન

બે ટેકડીઓની વચ્ચેનું એક મેદાંન એ પહેલવાંનોની જોડકીઓની લડાઈ માટે મુકરર કરવામાં આવ્યું. એક ટેકડી ઇરાંનીઓની સામે હતી. ગોદ્રેજે ઠેરવ્યું, કે જે ઇરાંની પેહેલવાંન પોતાના હુમનબર્દ ઉપર જીત મેળવે, તેણે તે હુમનબર્દનો ઝુન્દો તે ટેકડી ઉપર લાવવો. બીજી ટેકડી તુરાનીઓની સાંમે હતી. તે માટે પીરાંને પણ ઉપર મુજબ ઠેરવ્યું.

આ મુજબ ગોઠવણ કરી એક પછી એક ઉપલી જોડકીઓ જંગનાં મેદાંનમાં ઉતરી. પેહેલે ફરેબુર્જે ગુલ્બાદ સાથ લડાઈ શરૂ કરી. એ સર્વ જોકડીઓ વચ્ચેની લડાઇમાં ઇરાંની પેહેલવાંનો પોતાના હરીફો ઉપર ફતેહમંદ થયા. સર્વએ પોતાનાં હરીફોને મારી નાખ્યા, સીવાય કે ગેવે, જેણે પોતાનાં હરીફ ગેરૂઇને જીવતો પકડયો અને તેને ટેકડી ઉપર બંદીવાન ખેંચી લઈ ગયો. અફ્રાસ્યાબનાં લશ્કરમાં બે નામીચા પેહેલવાંનો લહ્હાક અને ફર્શીદવર્દ બાકી રહ્યા હતા. તેઓ હવે ન્હાઠા. ગસ્તહમ તેઓની પુઠે લાગ્યો. તે પછી બેજન ગસ્તહમને મદદ કરવા ગયો. ગસ્તહમે લહ્હાક અને ફર્શીદવર્દને પકડી પાડયા અને તેઓ સાથે લડી તેઓને મારી નાખ્યા. પણ લડાઇમાં પોતે પણ સખ્ત જખમી થાઈ મેદાંનમાં પડયો. તેવામાં બેજન આવ્યો અને તેના જખમ ઉપર પાટો બાંધી તેને ઇરાંની છાવણી તરફ લાવ્યો.

હવે આ અરસામાં શાહ કએખુસ્રુ ઇરાંની છાવણીમાં બીજાં લશ્કર સાથે આવી લાગો. તેને ઉપલા પેહેલવાંનોની લડાઇની ખબર પડી. તે તુરાંની પીરાંનનાં મરણથી ઘણો દલગીર થયો, સબબ કે તેણે તેનો અને તેની માતાનો જાંન બચાવ્યો હતો. દરેક ઇરાંની પેહેલવાંન, પોતાના તુરાંની હરીફને મારી, તેનું કાલબુદ પોતા સાથે ઇરાંની ટેકડી ઉપર લેઈ ગયો હતો. તેમ ગોદ્રેજ પણ પીરાંનની લાસને લઈ ગયો હતો. શાહ કએખુસ્રુએ પીરાંનની લાસને ઘણાં

માન અકરાંમ સાથે તે પાહડ ઉપર દાટી અને તેના ઉપર એક બુલંદ કબર બનાવી. પછી ગેરૂઇ, જેણે તેનાં બાપ સ્યાવક્ષને મારી નાખ્યો હતો, તેને તેણે મારી નખાવ્યો.

તુરાંની લશ્કર, જે હવે કોઈ પણ પેહેલવાંનો વગર ત્યાં પડેલું હતું, તેણે શાહ પાસે માફી ચાહી. શાહે તેઓને માફ કરી જીવત-દાન બખશ્યું.

કએખુસ્રુની અફ્રાસ્યાબ સાથે છેવટની લડાઈ, જેમાં તેણે અફ્રાસ્યાબને હરાવી તેને મારી નાખવો.

અવસ્તા—તામ યજત...... હઓસ્રવ પસ્ને વરોઇશ ચએ-ચિસ્તહે...... આઅત હીમ જઇધ્યત......યથ અજેમ નિજનાનિ મઇરીમ તૂઇરીમ ફ્રંઘ્રસ્યાનેમ પસ્ને વરોઇશ ચએચિસ્તહે......કએન સ્યાવર્ષાનાઇ. (ગોશ યશ્ત ૨૧–૨૨. જુઓ અશીશવંઘ યશ્ત ફ. ૪૧–૪૨)

અર્થ—તેણી (દ્રવાસ્પ) ને (કએ)ખુસ્રુએ ચએચસ્ત સરો-વરની પારે આરાધી. તેણે તેણીની પાસે માગ્યું, કે હું ઘાટકી તુરાની અફ્રાસ્યાબને સ્યાવક્ષના કિનામાં ચએચસ્ત સરોવરની પારે મારૂં.

શાહ કેખુસ્રુની અફ્રાસ્યાબ સાંમેની ચોથી અને છેવટની લડાઈનો પેહેલો તબકકો.

અફ્રાસ્યાબનું હારવું. કંગે બેહેશ્તમાં તેણે આસરો લેવો. કએખુસ્રુએ તે શેહેરને ઘેરો ઘાલવો અને અફ્રાસ્યાબનું ત્યાંથી ન્હાસવું.

શાહ કએખુસ્રુએ હવે અફ્રાસ્યાબ સામે લડાઇ ચાલુ રાખવા ઘણા મોટા પાયા ઉપર તૈયારી કીધી. તેણે પોતાને તાબેના મુલકોમાં પત્રો મોકલી ત્યાંથી મોટું લશ્કર એકઠું કર્યું અને ઘણાં પેહેલવાંનોને જુદાં જુદાં લશ્કરોની સરદારી આપી. હવે પેલી બાજુ અફ્રાસ્યાબને પીરાંનના માર્યા જવાની અને કએખુસ્રુએ નવું લશ્કર તૈયાર કરવાની વાત ખબર પડી. તે એ વખતે બીકન્દ ખાતે હતો. એ શહેરનું અસલ નામ કુનદજ હતું, જ્યાં ફરેદુને સ્થાપેલું એક આતશ કદેહ, જે ઉપર જંદ અવસ્તાના હરફો લખેલા હતા, તે હતું. ઉપલી ખબર

સાંભળી તે ઘણો દલગીર થયો. પણ પોતાના સરદારોએ આપેલી હિમ્મતથી તે કએખુસ્રુની સામે જવા તૈયાર થયો અને મોટું લશ્કર ભેગું કર્યું. કએખુસ્રુને જ્યારે ખબર પડી કે અફ્રાસ્યાબ મોટાં લશ્કર સાથે સામે આવે છે, ત્યારે તેણે લડવાની સર્વ તૈયારી કરી.

અફ્રાસ્યાબના બેટા શીદેહે લડાઈ શરૂ કરવા માગી. પણ અફ્રાસ્યાબે તેને તેમ કરતાં અટકાવી પેહેલે તેની પાસે કએખુસ્રુ ઉપર એક નામું મોકલી પોતાના મમાવા સાથે લડાઈ કરવાથી હાથ ખેંચવા કહ્યું. તેણે સુલેહ કરવા માંગી અને તેને ઘણો ખજાનો અને મુલક આપવા કહ્યો. તેણે વધુ જણાવ્યું કે જો કએખુસ્રુ લડવાજ માગતો હોય તો બેહેતર કે તેઓ બન્ને (કએખુસ્રુ અને અફ્રાસ્યાબ) લશ્કરની હરોળમાં બાહાર આવી લડે.

શીદેહ ઉપલો પેગાંમ લેઇ કએખુસ્રુ આગળ ગયો અને તે પેગાંમ કહ્યો. શાહે પોતાના સરદાર કારન મારફતે જવાબ કહેવાડી સુલેહ કરવાને ના પાડી. ત્યારે લડાઇ શરૂ થઈ. અફ્રાસ્યાબના બેટા શીદેહે મેદાનમાં આવી કએખુસ્રુને લડવા માટે બોલાવ્યો. શાહ કએખુસ્રુ પોતે લડવા ગયો. ઘોડા ઉપર હથ્યારથી લડાઇ કરતાં કાંઈ છેવટ નહિ આવ્યું ત્યારે શીદેહની સુચના ઉપરથી પાંઉ પ્યાદા થઈ બન્ને જણ લડ્યા. એ લડાઇમાં છેવટે શીદેહ કએખુસ્રુને હાથે માર્યો ગયો. તે પછી બન્ને લશ્કરો વચ્ચે ખુનખાર લડાઈ થઇ. તેમાં કએખુસ્રુએ પોતાને હાથે અફ્રાસ્યાબની કુમકે આવેલા કેટલાક સરદારોને મારી નાખ્યા. રાત પડતાં બન્ને લશ્કરો પોતાની છાવણી ભણી ગયાં અને મધરાતે અફ્રાસ્યાબ ગુપચુપ કુનદેઝ (કંગે બેહેશ્ત) તરફ ન્હાઠો. આ મુજબ ઇરાંનીઓની ફતેહ થઇ અને કએખુસ્રુએ આ ફતેહથી પોતાના બપાવા કાઉસને વાકેફ કીધો.

એ પછી કએખુસ્રુ જેહુન નદી ઓળંગી અફ્રાસ્યાબની પુંઠે લાગ્યો અને કંગે બેહેશ્તના જે કિલ્લામાં તેણે આસરો લીધો હતો ત્યાં આવી પુગો. અફ્રાસ્યાબને બચાવ માટે તૈયારી કરવાની ફરજ પડી. તેણે મોહોટાં લશ્કર સાથે કિલ્લાની બાહાર પડાવ નાખ્યો. ઇરાંની લશ્કરે રાત્રે તેઓ ઉપર હુમલો કરી ઘણાકોને માર્યા. વળી આ અરસામાં

ખબર મલી, કે રૂસ્તમ, જેને શાહે લશ્કર આપી પુર્વ તરફ મોકલ્યો હતો, તે ત્યાં ફતેહ મેલવી પોતાનાં લશ્કર સાથે નજદીક આવી પુગો હતો. અફ્રાસ્યાબે ગુપચુપ કએખુસ્રુનાં લશ્કરની સામે નાંખેલી પોતાની છાવણી ઉથાવી નાખી, કે તે દૂરથી આવતા રૂસ્તમ અને તેનાં લશ્કર ઉપર રાત્રે હુમલો કરે. શાહ કએખુસ્રુને ખબર પડતાં તે તેની પુંથે લાગ્યો. અફ્રાસ્યાબ પોતાની મકસદમાં નિષ્ફળ થયો અને પાછો કંગે બેહેશ્તના કિલ્લાવાળાં શહેરમાં ભરાયો, અને કએખુસ્રુ ઘેરો નાખે તો તેની સામે બચાવ કરવા તૈયારી કીધી. તેણે વળી ચીનના ફગફુર ઉપર કાગજ લખી તેની મદદ માગી.

કએખુસ્રુએ અફ્રાસ્યાબને કંગે બેહેશ્તમાં ભરાઈ ગયલો જોઈ તે તરફ કુચ કરી અને રૂસ્તમ સાથે મસલત કરી તે કિલ્લા લેવાની ગોઠવણ કીધી. અફ્રાસ્યાબે આ મામલો જોઈ જેહન મારફતે શાહ કએખુસ્રુ ઉપર ફરીથી સુલેહનો પેગાંમ મોકળ્યો. જેહને શાહની દરબારમાં દાખલ થતાં પોતાની જડાવદાર કોલાહ ઉતારી શાહને માન આપ્યું. શાહે તેને માન અકરાંમથી આવકાર દીધો અને તેનો પેગાંમ સાંભળી સુલેહ કરવા ના પાડયું અને જણાવ્યું કે તેને, તેના પિતાને, અને ઇરાંનને અફ્રાસ્યાબથી ઘણું દુખ મળ્યું છે. એમ જવાબ કેહવાડી તેણે કંગે બેહેશ્ત ઉપર હુમલો કરી તે હાથ કીધો. અફ્રાસ્યાબ ત્યાંથી ન્હાઠો. અફ્રાસ્યાબનું કુટુંબ તે કિલ્લામાં હતું તેને કએખુસ્રુએ માફી બક્ષી. પછી કએખુસ્રુએ પોતાનાં લશ્કરને તુરાંની પ્રજા સાથ માયા મેહરબાંનીથી વરતવા ફર્માવ્યું અને શાહ કાઉસને પોતે મેલવેલી ફતેહથી વાકેફ કર્યો.

હવે આગળ જણાવ્યું તેમ અફ્રાસ્યાબે ચીનના ફગફુર પાસે લશ્કર વિગેરેની મદદ માગી હતી. તે મદદ ફગફુરે આપી અને તેથી અફ્રાસ્યાબ પાછો કએખુસ્રુની સામે આવ્યો. તેણે આવતાંને વાર કએખુસ્રુને પેગાંમ મોકલ્યો કે "સ્યાવક્ષના કીનામાં મારો જાન લેવાનાં કસદથી તું હાથ ઉઠાવ, કારણ મેં સ્યાવક્ષને માર્યો, તેમાં સ્યાવક્ષનો તકસીર હતો. તે છતાં તું જો લડવા માગતો હોય તો આવ. આપણે બે જણ હાથોહાથ લડયે" કએખુસ્રુએ તેમ કરવાને ના પાડયું. પછી બેઉ લશ્કરો લડ્યાં પણ લડાઇનું છેવટ આવ્યું નહિ.

ત્યાર પછી અક્રાસ્યાબે એક રાત્રે ઇરાની છાવણી ઉપર હુમલો કર્યો પણ તેમાં તે સખત હાર ખાઈ ગયો.

જ્યારે ચીનના ફગકુરે જાણ્યું કે તેનાં લશ્કરની મદદ છતાં પણ અક્રાસ્યાબ હાર્યો છે, ત્યારે તેણે જાણ્યું કે એ મદદ આપવા માટે કએખુસ્રુ હવે તેનાં મુલક ઉપર હુમલો કરશે, તેથી તેણે તેનીપાસે દરગુજર ચાહવા એક કાસદ મોકલ્યો. કએખુસ્રુએ તેને માફ કરવા કબુલ્યું, પણ એવી સરતે, કે ફગકુર હવે અક્રાસ્યાબને પોતાના મુલકમાં મુદલ આસરો આપે નહિ. તેથી હવે ફગકુરે અક્રાસ્યાબને જણાવ્યું કે તેણે હવે ચીનની સરહદમાં કદી પગ મુકવો નહિ.

અક્રાસ્યાબે કંગદેજના કિલ્લા તરફ ન્હાસવું.

અવસ્તા—તામ યજત તખ્મો તુસો રથએશ્તારો....યત બવાનિ અઇવિ-વન્યાઓ અઉર્વ હુનવો વએસકય....કધ્રૃહ્ય બેરેજન્તય અષવનય, યથ અજેમ નિજ઼નાનિ તુર્યનામ દખ્યુનામ....બએવરેઘ્નાઈ અહક્ષ્તઘ્નાઇશ્ચ....

અર્થ—તેણી (અદવીસુર)ને (કએખુસ્રુના) જોરાવર તુસ પેહેલવાને આરાધી (અને દુઆ માગી કે) હું પાક બુલદ કંગ (દેજ) ના કિલ્લામાં વએસક (ખાનદાન)ના બહાદુર જવાનોને મારનાર થાઉં અને હું તુરાનના મુલકના ૧૦૦૦૦ થી અગણિત ઘણા પુરૂષોને મારૂં.
(આવાં યશ્ત ફ. ૫૩–૫૪)

ઉપર જણાવેલો મામલો જોઇ અક્રાસ્યાબ દર્યો ઓળંગી કંગદેજ તરફ ન્હાઠો અને તે કિલ્લામાં નિરાંતથી રહેવા લાગ્યો. કએખુસ્રુએ જ્યારે જાણ્યું કે તે દર્યો ઓળંગી ગયો છે ત્યારે દલગીર થયો. પછી તેણે સરદારો સાથે મસલત કરી અને પોતે દર્યો ઓળંગી તેની પાછળ જવાનો વિચાર કર્યો. તેણે લડાઇના બંદીવાનો અને લડાઇમાં હાથ કરેલો ખજાનો ગેવની સરદારી હેઠળ દસ હજાર માણસનાં લશ્કર સાથ શાહ કાઉસ આગળ મોકલી દીધો. એ બંદીવાનોમાં કર્સેવજ પણ હતો. એ સર્વને કએખુસ્રુએ એક કાગજ લખી કાઉસ આગળ મોકલ્યા અને પોતાનો દર્યો ઓળંગી અક્રાસ્યાબ પા-

છળ જવાનો વિચાર જાહેર કર્યો. કાઉસે તે ખબર જાણી તેના ઉપર દુઆ ગુજારી અને જવાબ લખી તેને ફતેહ ઇચ્છી.

શાહે દર્યો ઓળંગવા માટે મક્રાનના કોસ્તા ઉપર આવવાનુ હતું. તેથી તેણે મક્રાનના રાજા ઉપર તેને તેમ કરવામાં સગવડ કરી આપવા લખ્યું. તે રાજાએ તેમ કરવાને ના પાડી, તેથી કએખુસ્રુએ તેના ઉપર હુમલો કર્યો અને તેને જીતી લેઇ મારી નાખ્યો.[1]

પછી ૬ માસ ઉપરની સફરનો દર્યો ઓળંગી તે કએખુસ્રુ કંગદેજ તરફ ગયો. અફ્રાસ્યાબને તેનાં આવવાની વાત ખબર પડતાં, તે રાત્રે છુપા છુપ તે કિલ્લો છોડી ન્હાસી ગયો. કએખુસ્રુ અફ્રાસ્યાબને ત્યાં નહિ જોઈ દલગીર થયો. તેનાં બાપ સ્યાવક્ષે એ સુંદર કીલ્લો બાંધ્યો હતો.[2] તે જોઇ તે અજબ થયો અને પોતાનાં બાપની આગલી હકીકત યાદ કરવા લાગ્યો. તે ત્યાં એક વર્ષ રહ્યો. પછી સ્યાવક્ષ ગર્દ ગ્યો. ત્યાંથી તે પછી ઇરાંન ભણી પાછો ફર્યો.

અફ્રાસ્યાબને હોમ નામના આબેદે બંદમાં પકડવો.

અવસ્તા—તામ યજત હઓમો ફ્રાષ્મિશ......આઅત હીમ જઇધ્યત અવત આયપ્તેમ......યથ અઝેમ બન્દયેનિ મઇરીમ તૂઇરીમ ફ્રંઘ્રસ્યાનેમ ઉત બસ્તેમ વાધયેનિ ઉત બસ્તેમ ઉપનયેનિ બસ્તેમ કવોઇશ હઓસ્રવંઘહ્‌હે જનાત તેમ કવ હઓસ્રવ પસ્ને વરોઇશ ચએચિસ્તહે. (ગોશ યશ્ત ફ. ૧૭–૧૮)

અર્થ—તેણી (દ્રવાસ્પ)ને હઓમ ફ્રાષ્મિએ આરાધી....... તેણી પાસે આ બક્ષેશ માગી કે હું તુરાની ઘાટકી અફ્રાસ્યાબને બાંધું, બાંધીને ઘસડું, બાંધીને કએખુસ્રુ આગળ લેઇને જાઉં, કે કએખુસ્રુ ચએચસ્ત સરોવરને પારે તેને મારે.

હોમ ફ્રાષમીએ એવીજ દુઆ અશીશવંઘ યશ્ત (ફ. ૩૭–૩૯) મુજબ પણ ગુજારી હતી.

---

૧ મક્રાન ઉપરના કએખુસ્રુના હુમલાની વિગત માટે જુઓ મારાં પુસ્તક "જ્ઞાનપ્રસારક વિષયો"માં "બલુચિસ્તાનમાં આવેલો મક્રાનનો મુલક" નામનો વિષય, પાના ૯૬–૧૩૪.

૨ પેહેલવી—કંગદેઝ ઇ સ્યાવખ્શે બામી કર્દ (પેહેલવી બહમન યશ્ત, બાબ ૩ ફ. ૨૬)

* અર્થ—કંગદેઝ જે નામીચા સ્યાવખ્શે બાંધ્યો.

અફ્રાસ્યાબ દર્યો ઓળંગી દૂરદેશના કંગદેજના કિલ્લામાં ભરાઈ રહ્યો હતો. ત્યારે ત્યાં પણ તેની પુંઠે કએખુસ્રુ દર્યો ઓળંગી ગયો અને તેથી તે ત્યાંથી પણ ન્હાઠો. હવે અફ્રાસ્યાબે એકાંત ખુને ખંતોળે ભરઈ રહેવાની જીંદગી અખત્યાર કીધી અને રાજપાતનો ખ્યાલ છોડ્યો. તે ન્હાસ્તો ભાગતો બર્દઅ નામની એક જગ્યાએ એક ગુફો હતો તેમાં ભરાઈ રહી જીંદગી તમામ કરવા લાગ્યો. હવે એમ બન્યું કે આ એકાંત પહાડી જગ્યામાં હોમ નામનો એક આબેદ યાને પરહેજ-ગાર પુરૂષ રેહેતો હતો. તેણે ખુદાની એબાદતમાં જીંદગી ગુ-જારવા ત્યાં વાસો કર્યો હતો. આ હોમ તે અવસ્તના ઉપલા ફકરાઓમાં જણાવેલો હોમ ફ્રાષમી નામનો પુરૂષ હતો. તેને તેના રહેવાસ વાળા પાહાડની પડોસના ગોફામાં અફ્રાસ્યાબને આવી પોંહોચવાની ખબર પડી. ત્યારે તે એક દિવસ ચુપ ચુપ ત્યાં ગયો અને અફ્રા-સ્યાબને પકડયો અને તેને એક બંદથી મજબુત બાંધ્યો. અફ્રાસ્યાબે એમ કરવાનો સબબ પુછતાં હોમે જણાવ્યું કે "તેં તારા ભાઈ અગ્રેરસને અને સ્યાવક્ષને મારી નાખ્યા છે, તેથી મેં તુને પકડ્યો છે." અફ્રાસ્યાબની કાકલુદી છતાં હોમે તેને છોડ્યો નહિ, પણ તેના ઉપર દયા કરી તેનાં બંદ જરા ઢીલા કર્યા. તે ઉપરથી અફ્રાસ્યાબ તે બંદ તોડી છુટો થાઈ પડોશનો ખનજસ્ત[1] સરોવર, જે અવસ્તાના ઉપલા એશારાઓ પ્રમાણે ચએચસ્ત હતો અને જે હાલનો ઊરૂમીઆ સરોવર છે, તેમાં પડી તરીને હોમના હાથમાંથી નાસી ગયો. આ સરોવરની પાડોશના ભાગમાં આજર ગુશસ્પનું આતશ કદેહ હતું, કે જે શાહ કએખુસ્રુએ, આગળ જણાવવા પ્રમાણે, દજે બહમનનો કિલ્લો જીતી બંધાવ્યું હતું. તે આતશ કદેહની એબાદત કરવા માટે આ વખતે પાદશાહ કાઉસ અને કએખુસ્રુ તે તરફ આવ્યા હતા. તેઓને મલવા ગોદ્રેજ ગેવ અને બીજા ઈરાંની પેહેલવાંનો જતા હતા. તે ઓએ હોમને આ સરોવરને કીનારે હાથમાં કમન્દ પકડી અહીં તહીં ફરતો જોયો. તેઓએ તેને પુછ્યું કે તે શું કરે છે, તે ઉપ-રથી હોમે તેઓને અફ્રાસ્યાબની સર્વે હકીકત કહી. તે સાંભળી ગોદ્રેજે તે તુરત જઈ કાઉસ અને કએખુસ્રુને જણાવી.

---

૧ ચએચસ્તે શબ્દ ફારસીમાં લખાતાં નુકતાંઓનાં ફેરફારથી ખનજસ્ત વંચાય.

આ ખબર સાંભળી કાઉસ અને કએખુસ્રુ તુરત હોમ આગળ આવ્યા. હોમે કહ્યું કે તે એ પહાડ ઉપર ખુદાની બદગીમાં જીદગી ગુજારતો હતો. એક દિવસે સરોશ યજદથી તેને બિશારત થઇ કે અફ્રાસ્યાબ અહીં પડોશના ગુફામાં રહેતો હતો. તેણે એક દિવસે અફ્રાસ્યાબને પોતાનું રાજ પાત ગયું તે માટે એકાંત વિલાપ કરતો સાંભળ્યો અને તે ઉપરથી જઈ તેને કમન્દનો ફાંસો નાંખી પકડયો પણ તે ન્હાસી ગયો.

હવે હોમે એ ઇરાંની પાદશાહોને સુચવ્યું, કે અફ્રાયાબને પાછો તેની ભરાવાની જગ્યામાંથી બાહાર લાવવાનો ઉપાય આ છે, કે તે તેના ભાઈ કર્સેવજનો અવાજ સાંભળે. તે ઉપરથી કર્સેવજ, જે બંદમાં હતો, તેને ત્યાં ઘસડતો ઘસડતો લાવવામાં આવ્યો. કર્સેવજ એમ ઘસડાતો આવતાં પોતાનાં દુખનો પોકાર કરવા લાગ્યો. તે પોકાર સાંભળી અફ્રાસ્યાબ પોતાની ભરાવાની જગ્યામાંથી તે સરોવરનાં પાણીમાં તરતો બહાર આવ્યો, કે તુરત હોમ, જે એક બાજુએ ખુણામાં ઉભેલો હતો, તેણે તેનાં ઉપર કમન્દ ફેંકી તેને એકદમ પકડી લીધો અને કાઉસ અને કએખુસ્રુ આગળ રજુ કીધો. કએખુસ્રુએ પોતે તલવારથી અફ્રાસ્યાબને પોતાના બાપનાં ખુનના કિનામાં મારી નાખ્યો અને કર્સેવજને જલ્લાદ પાસે મારી નખાવ્યો.

શાહ કએખુસ્રુનું ગુશે નશીન થવું.

પછી શાહ કએખુસ્રુ આજર ગુશસ્પનાં આતશ કદેહમાં ગયો અને ત્યાં ખોદાતાલાની બંદગી કરી.[1] આ બનાવ પછી થોડા વખતમાં શાહ કાઉસ મરણ પામ્યો. હવે કએખુસ્રુ તેનાં બાપનાં ખુનનો અફ્રાસ્યાબ ઉપર કિનો લેવાનું કામ,—તે તેની આખી જીંદગીનું કામ હોય તેમ—ખલાશ થવા બાદ આ દુનિયાનાં રાજપાતથી કંતાળી ગયો અને તેણે એકાંતવાસ પકડવાનો વિચાર કર્યો.[2] તે નાહી ધોઈ સફેદ પોષાક પેહેરી એક એબાદતની જગ્યાએ જઈ ખુદા તાલાની બંદગી કરવા લાગો. તે દિવસો સુધી ત્યાંથી બહાર નહિ આવ્યો. પછી એકાદ દિવસ બાહાર આવી દરબાર ભરી પાછો એક અઠવાડયું એબાબતમાં

૧ જુઓ મારા ઇરાંની વિષયો (ભાગ ૧)માં "આજર ગુશસ્પ નામના ઇરાની આતશ કદેહની તવારીખ."

૨ જુઓ મારા શાહનામાના દાસ્તાનો (ભાગ પહેલા)માં પાદશાહ કએખુસ્રુનું ગોશેનશીન થવાનું દાસ્તાન.

રોકાયો. હવે ઇરાંની દરબારીઓ એમ શાહ રાજકારોબાર છોડી દિવસોસુધી એકાંત વાસ પકડે તે માટે ચિંતાતુર થયા અને રૂસ્તમ અને જાલને તે બાબે ગેવ મારફતે ખબર આપી. તેટલાં કએખુસ્રુ ત્રીજીવાર એકાંતવાસ પકડી એબાદતમાં બેઠો. આ વેળા તેણે હમેશ માટે એકાંતવાસ પકડવાનો વિચાર આવ્યો. એટલામાં જાલ જાબુલસ્તાંનથી આવ્યો અને તેણે શાહને એમ રાજપાત છોડી એકાંતવાસ નહિ પકડવાને ઘણો સમજાવ્યો. પણ શાહ પોતાનાં વિચારથી પાછો ફર્યો નહિ.

શાહ કએખુસ્રુની છેલ્લી વસીએત.

પછી પાદશાહે પોતાનાં વજીર ગોદ્રેજને પોતાના છેલ્લા વસિએતના શબ્દો કહ્યા. તેણે દેશના બચાવનાં બાંધકામોને અને દેશના આવજાવના માર્ગો યાને રસ્તાઓને સારી હાલતમાં રાખવાને ફરમાવ્યું, અને દેશમાં સારી તકેદારી રાખવાને નસિએત કીધી. પોતાનાં ખજાનાંમાંથી નીચલાં સખાવતનાં કામો કરવાને તેણે ગોદ્રેજને પોતાનાં વસિએતનામાંના વકીલ તરીકે ફરમાવ્યું.

૧ માબાપ વગરનાં બચ્ચાંને પાળવાં.
૨ વિધવાઓને આસરો આપવો.
૩ નાતવાંન થઈ ગયલાં ઘરડાં આસામીઓની બરદાશ્ત કરવી.
૪ વાઘ, સિંહ જેવાં ભયંકર જાનવરોથી જંગલો વેરાંન થઈ ગયાં હોય, તેઓને પાછાં વસાવવાં.
૫ હેરબદો વગર જે આતશકદેહો નિરૂપયોગી થઈ પડ્યાં હોય, તેઓને મદદ કરવી.
૬ જે જવાંનો જવાનીમાં દોલત ખોઈ નાખી લાચાર થઈ ગયા હોય તેઓને ધંધા ધાપા વિગેરેમાં મદદ કરવી.
૭ જે કુવાઓ પાણી વગર સુકાઈ ગયા હોય તેઓને ખોદાવી પાછા સમરાવવા. વળી જે નદી નાળાંઓ, અફ્રાસ્યાબ સાથની લડાઇમાં તેઓના માર્ગો ફેરવી નાખવાથી, સુકાઈ ગયાં હોય તેઓનાં માર્ગમાં પાણી પાછાં વેહેતાં કરાવવાં.

આ મુજબ વસિએત કરી પોતાના ગાદી વારસ તરીકે લોહોરાસ્પને જાહેર કરી કએખુસ્રુ એક જંગલમાં એકાંત વાસ કાજે ગુમ થઈ ગયો.

બાબ ૫.

શાહ લોહોરાસ્પ.

પેહેલવી—લોહોરાસ્પ ઇ ઉજવ ઇ માનુષ કએપીસીન કએ અપીવેહે કએ કવાદ (બુનદેહેશ બા. ૩૧ ફ. ૨૮)

અર્થ—લોહોરાસ્પ ઉજવનો (છોકરો હતો), જે માનુસનો, જે કએપીસીનનો, જે અપીવેહેનો, જે કએકોબાદનો (છોકરો હતો)

પેહેલવી—કએ લોહોરાસ્પ સદો બીસ્ત શન્ત (બુનદેહેશ બાબ ૩૪ ફ. ૭)

અર્થ—કએ લોહોરાસ્પે ૧૨૦ વર્ષ (રાજ કર્યું)

ફર્વર્દીન યશ્તમાં જ્યાં ઘણાક પેશદાદિઅન અને કેઆંનિઅન પાદશાહોને યાદ કર્યા છે, ત્યાં એ પાદશાહને યાદ કરેલો યા એનું નામ દીધેલું આપણ જોતા નથી, પણ આખા અવસ્તામાં ફક્ત એક જગ્યાએ,[1] ગુસ્તાસ્પ પાદશાહનાં બાપ તરીકે એનું નામ, "અઉર્વત અસ્પ" તરીકે, આપણે જોઇએ છિએ. બુનદેહશનાં મથાળે મળેલા ફકરા પ્રમાણે, એ શાહ કએ કાઉસના ભાઈ કએપીસીનના છોકરા માનુષના છોકરા ઊજવનો બેટો હતો. કએખુસ્રુની હૈયાતીમાં એ એક ઘણો નહિ જણાયલો પુરૂષ હતો. જ્યારે શાહે તેને અલાંન લોકો સામે લડાઈ ઉપર મોકલ્યો હતો ત્યારેજ તે જરા જાણમાં આવ્યો હતો. એ સબબે જ્યારે કએખુસ્રુએ તેને પોતાનો ગાદી વારેસ જાહેર કીધો ત્યારે ઇરાંની દરબારીઓ, અને તેમાં બુઢો જાલ વટીક, નાખુશ થયા. પણ શાહે જ્યારે તેઓને તેને માટે ખાતરી આપી કે તે એક ભલો અને પરહેજગાર પુરૂષ નિવડશે, અને જણાવ્યું કે તે પાદશાહી વંશનો છે અને પાદશાહી સદગુણો ધરાવે છે, ત્યારે તેઓ રાજી થયા.

એની ભલી પાદશાહી.

પેહેલવી—મીન લોહોરાસ્પ સુદ દેનમન ચેહવુન્ત આઇગિશ ખુદાઇઅ ખુબ કર્દ, દયન યજદાન સેપાસદાર ચેહવુન્ત (મીનો ખેરદ બા. ૨૭ ફ. ૪–૫)

---

[1] આંવાં યશ્ત ફ. ૧૦૫.

અર્થ—લોહોરાસ્પથી (ઇરાનને) ફાયદો આ થયો કે તેણે સારી રીતે રાજ્ય કર્યું અને તે યજદાન તરફ (હમેશાં) આભારી રહેતો હતો.

પેહેલવી—અવશ હફ્ત ખોદાયાનીઅ ચેહવુન્ત આઇગ હફ્ત ખોદાયાન ચેહવુન્ત……અયોક જકે લોહોરાસ્પ (શત્રોઇહા એ અઇરાંન ફ. ૬).

અર્થ—તે (ઇરાંન) ઉપર સાત (ભલી) પાદશાહીઓ થઈ ગઈ હતી, એટલે કે તેમાં સાત પાદશાહો થઈ ગયા હતા……તેઓમાં એક લોહોરાસ્પ હતો.

જો કે ફર્વર્દીન યશ્તના ભલા પાદશાહોની ટીપમાં આપણે એ પાદશાહનું નામ જોતા નથી, તોપણ આપણાં પેહલવી પુસ્તકોમાં એ પાદશાહને એક ભલા પાદશાહ તરીકે યાદ કીધેલો જોઇએ છિએ. પેહેલવી શત્રોઇહા એ અઇરાન પ્રમાણે, તે ઇરાંનના નામીચા સાત પાદશાહોમાંનો એક હતો. મીનોખરદ પ્રમાણે, તેણે ઇરાન ઉપર ભલી પાદશાહી કીધી હતી, તેથી તે ઇરાન ઉપર ભલાઈ યા આશીર્વાદ પાથરનારાઓમાંનો એક ગણાયો છે. એ પાદશાહે પોતાનું પાયતખ્ત બલખ શેહરમાં રાખ્યું હતું. ત્યાં તે ભલી રીતે પાદશાહી કરતો હતો અને તે સાથે ખુદાની એબાદતમાં વખત ગુજારતો હતો. એબાદત કરવા માટે પોતાની પ્રજાને એક મકાન પુરૂ પાડવા તેણે એક મોટું આતશ બેહરામ બાંધ્યું હતું. મીરખોન્દ[1] કહે છે, કે એ શાહને લોકો 'બલખી' કહેતા હતા. એ દેખાડે છે કે એ પાદશાહે બલખ શેહરને ઘણી અગત્યતા આપીને તેની રોનકમાં વધારો કીધો હતો, અને તેણે પોતાના રાજ્યનો મોટો ભાગ એ શેહરમાં પસાર કીધો હતો.

બલખ પછી બીજાં જે શેહર સાથે એનું નામ જોડાયું છે, તે, પેહલવી શત્રોઇહાએ અઇરાંન પ્રમાણે[2] 'કાઇન' શેહેર છે. એ શેહેર, એબને હોકલ[3] પ્રમાણે, એ પાદશાહે સ્થાપ્યું હતું. તે હેરા-

---

૧ Mirkhond, translated by David Shea, p 272.

૨ જુઓ મારૂ પુસ્તક "અયાદગારે જરીરાન શત્રોઇહા એ અઇરાન વ અફ્દીઅ વ સહીગિઅ એ સીસ્તાન" પા. ૬૭

૩ Ousley's Oriental Geograppy pp. 22-23.

તથી ૬ દાહાડાની મંજલપર છે અને ખોરાસાનની એક પુરાણી રાજધાની ગણાય છે.[1] ફીરદોસી[2] પ્રમાણે એ પાદશાહે બલખમાં એક આતશ બેહેરામ સ્થાપ્યું હતું. એ આતશ બેહરાંમ "નઓ બહાર"ને નામે જણાયું હતું.

એના બેટા ગુશ્તાસ્પની પોતાના બાપ સાંમે નાફર્માન વર્તણુક.

શાહ લોહારાસ્પને બે બેટા હતા, એક જરીર અને બીજો ગુશ્તાસ્પ. લોહારાસ્પ પોતાની દરબારમાં પાદશાહ કાઊસના જે નબીરાઓ હતા તેઓ તરફ વધારે મમતા દેખાડતો હતો. તેથી તેનો બેટો ગુસ્તાસ્પ દલગીર થતો, એવું વિચારીને, કે "મારો બાપ પોતાના છોકરાના કરતાં બીજાઓ તરફ વધારે મમતા દેખાડે છે." એક દિવસ શરાબની થોડીક ખુમારીમાં તેણે પોતાનાં બાપ સામે એ બાબે ગુસ્સો કર્યો અને તેની હૈયાતીમાંજ તેની પાસે રાજ્ય માગવા લાગ્યો. તેનાં બાપે એ બાબે શિખામણના બે શબ્દો કહેતાં, તે તેની દરબાર છોડી ચાલી ગયો અને પોતાનાં થોડાક ચુનન્દા સવારોને લેઇ હિન્દુસ્તાન, જ્યાંના એક રાજાએ તેને બોલાવ્યો હતો, તે તરફ નિકળી ગયો. લોહોરાસ્પને એ બાબે ખબર પડતાં તેણે, તે કયાં ગયો તેની ખબર કાહાડવા અને સમજાવીને તેને પાછો તેડી લાવવા, નોજર અને તુસને અને પોતાનાં બેટા જરીરને જુદી જુદી તરફ મોકલ્યા. જરીરે ખબર કાહડી તેને માર્ગમાં કાબુલ ખાતે પકડી પાડ્યો અને સમજાવીને પાછો લાવ્યો અને બાપ બેટાઓ વચ્ચે સુલેહ કરાવી. શાહ લોહારાસ્પ કાઊશના ખાનદાનનાઓ તરફ મેહેરબાની દેખાડતો હતો, સબબ કે, કએખુસ્રુએ, પોતાના ખેશીઓને બાજુએ મેલીને, તે, જે જરાક દુરનો ખેશી હતો, તેને ગાદી આપી હતી. તેથી તે ખેશીઆનાં મનમાં કાંઈ ઓછુ નહિ આવે તે કાજે તે તેઓ તરફ ખાશ મમતા દેખાડતો હતો.

ગુસ્તાસ્પનુ રૂમ ભણી નીકળી જવું.

હવે આ બાપ બેટા લોહોરાસ્પ અને ગુશ્તાસ્પ વચ્ચે ઉપર મુજબ સલાહ થઈ અને લોહોરાસ્પે ગુશ્તાસ્પને ખબર આપી કે

---

૧ "Proceedings of the Royal Geograppical Society. 1873 p 90. Journry from Bunder Abbas to Mash'had by sir F. G. Goldsmid.

૨ Mobl, Vol IV p. 279, l. 453.

તે (લોહોરાસ્પ) નામનો પાદશાહ રહેશે અને ગુશ્તાસ્પ પુરતી સત્તાથી રાજ્ય અમલ ચલાવશે. કેટલોક વખત બાદ ગુશ્તાસ્પે શાહને કએખુસ્રુનાં ખાનદાંન તરફ ઘણી મોહોબત દેખાડતો અવાર નવાર ફરીથી જોયો. તે ઉપરથી તે ગુસ્સે થયો અને ગુપચુપ કોઈને સાથે લીધા વિના રૂમ ભણી નિકળી ગયો. શાહ લોહરાસ્પ તે જાણી ઘણો દલગીર થયો અને આજુબાજુના મુલકો તરફ દરબારીઓને મોકલ્યા કે તેને સમજાવીને પાછો લાવે.

ગુશ્તાસ્પ રૂમની સરહદ ઉપર આવ્યો અને ત્યાં તેણે એક લખનાર (દબીર) તરીકે, યા ઘોડાનાં રખેવાલ, યા ઉંથના સારવાંન, યા લોહાર તરીકે, ચાકરી કરવાની તે પેશાવાળાઓ આગલ માંગણી કરી, પણ બધેથી નિષ્ફલ થયો. ત્યારે તે પસ્તાવા લાગો કે "જે કોઈ પોતાનાં બાપને દુ:ખ આપે તેનાં માથા ઉપર એનાં કરતાં વધારે ખરાબ હાલત આવે"[1] આ મુજબ રંજીદા થઈ તે એક જગ્યાએ બેસી આંખમાં પાણી લાવતો હતો. તેવામાં, તે ગામનો એક મોટો માણસ, જે ત્યાંથી પસાર થતો હતો, તેને દયા આવવાથી તે તેને પોતાને ત્યાં લઈ ગયો અને ત્યાં રાખ્યો.

ગુશ્તાસ્પ ઉપર રૂમના કએસરની બેટીની ઉતરેલી પસંદગી. તેઓની શાદી.

હવે રૂમનો પાદશાહ, જે કએસર તરીકે ઓલખાતો, તેને ત્યાં એવો રેવાજ હતો, કે જ્યારે તેની કોઈ બેટી પરણવા લાયકની ઉમ્મરની થતી હતી, ત્યારે તે પોતાની દરબારમાં મોટા દરજ્જાના જવાંન મર્દોની મિજલસ બોલાવતો અને તેમાંથી તે બેટી પોતાને ગમે તે જવાંનને ખાવિંદ તરીકે પસંદ કરતી હતી. તે વખતના કએસરની એક બેટી કએતાયુન નામની હતી. તેણી પરણવાલાયક ઉમ્મરની થઈ હતી. તેથી તેણીના બાપે ઉપર મુજબની એક મિજલસ બોલાવી હતી. કએતાયુન તે મીજલસમાં ફરી, પણ પોતાને મનપસંદ જવાંન તેણીએ ત્યાં જોયો નહિ. કહે છે કે તેણીએ આગલી રાત્રે પોતાના સ્વપનામાં એક બીગાના શખ્સને જોયો હતો જે ચપલાક અને ખુબસુરત હતો. તે શખ્સના ચેહરાને મલતો શખ્સ તેણીએ

---

૧ હમી ગોફત હર કસ કે દર્દે પદર
બે જુયદ અઝીન બદ્દતર આયદ બસર

તે મિજલસમાં જોવા માંડયો, પણ તે મલ્યો નહિ. તેથી તેણી દલગીર થઈ ગઈ. તેણીનાં બાપને એ વાત ખબર પડતાં તેણે બીજી વખતે બીજી પંગતિના, યાને પેહેલીથી ઉતરતી પંગતિના, કુમારા જવાનોનો મેલાવડો કર્યો. પોતાનાં મેજબાનની સૂચનાં ઉપરથી ગુશ્તાસ્પ પોતે પણ ત્યાં મહિમા જોવા માટે તે દિવસે ગયો. કએતાયુન મિજલસમાં ફરતી ફરતી ગુશ્તાસ્પ આગળ આવી, અને તુરત તેણીને લાગ્યું કે "સ્વપનામાં જોયલો પુરૂષ તે આજ છે." તેથી તેણીએ તેનાં માથા ઉપર તાજ મેલી તેને પોતાના ખાવિંદ તરીકે પસંદ કર્યો. તેણીનાં બાપને પસંદ પડચું નહિ, કે તેણી એક એવા બીગાના શખ્સ સાથે શાદી કરે. તેથી તેણે પોતાની બેટીને મેહેલ છોડી જવા કહ્યું. ગુશ્તાસ્પે પણ આવા સંજોગો વચ્ચે કૈતાયુનને પોતાની બાયડી બનાવવા માટે આનાકાની કરી. પણ તેણીએ હિમ્મત આપવાથી તેણે તેણીને પોતાની બાયડી કરી અને તે તેણીને પોતાને ત્યાં, એટલે જે મોટા માણસને ત્યાં તે પોતે પહરોણા તરીકે ઉતર્યો હતો, ત્યાં લઈ જઈ રહ્યો.[1] કૈતાયુનનાં શરીર ઉપર જે કિમતી જહ-

---

૧ મી. ઉવાર્નર પ્રમાણે શાહ ગુશ્તાસ્પ અને કએતાયુનનાં ઉપર પ્રકારનાં લગનનાં જેવી વાર્તા ફીર્દોસીની ૧૩૦૦ વર્ષ આગમચ જણાયલી હતી.

સિકંદર (Alexander the great)ના એક દરબારી (Charles of Mytilene) એ એ વાર્તા પોતાનાં એક લખાણમાં વર્ણવી હતી સિકંદરનાં પ્રાક્રમો વિગેરે માટે તેણે ૧૦ પુસ્તકો લખ્યાં હતાં. તે સર્વે ગુમ થયાં છે, પણ તેઓનો કોઈક ભાગ એક બીજા લખનારે (Athænens) પોતાનાં પુસ્તકમાં દાખલ કર્યો હતો. તેવા દાખલ કરેલા ભાગમા ઉપલી વાર્તા હતી, જે તેણે તેનાં પોતાનાં એક પુસ્તક (Deipnosophistæ)માં દાખલ કરી છે એ વાર્તા પ્રમાણે હીસ્ટાસ્પીસ અને જર્યાદ્રીસ (Hystaspes and Zariadres) નામે બે ભાઇઓ હતા એ બે નામો ઇરાની નામો ગુશ્તાસ્પ અને જરીર છે એઓમાંથી જર્યાદ્રીસે (જરીરે) સ્વપનામાં એક સુંદર સ્ત્રિને જોઈ હતી અને તે સ્ત્રિએ સ્વપનામાં એને જોયો હતો તે સ્વપનાના દેખાવથી બન્ને એકમેક ઉપર મોહબતમાં પડયા હતાં. પેલી સ્ત્રિ (Odoste) ને તેણીનો બાપ (Ornaites), જે એક દૂરના મુલક (Tanais, હાલની Don નદીવાળા મુલક)નો પાદશાહ હતો, તેણે પોતાની પસંદગીનો એક ખાવિંદ પસંદ કરવા કાજે તક આપવા માટે, એક જાહેર મેજબાંની આપી હતી, કે ત્યાં આવેલા મેહમાંનોમાંથી તેણી કોઇને ખાવિંદ પસંદ કરે. તેણીએ તેમ જરીરને પસંદ કર્યો. ·.ફીરદોસીની વાર્તામાં ગુશ્તાસ્પના સબધમાં જે જણાવ્યું છે તે એ વાર્તામાં જરીરનાં સંબધમાં જણાવ્યું છે.

મી. ઉવાર્નર કહે છે લગ્નની આ રીત પુરાતન હિન્દમાં સ્વયમવર, એટલે પોતે (સ્વ) વર પસંદ કરવાની રીત હતી અને મહાભારત પ્રમાણે કુન્તી ભોજની બેટી પ્રીથાએ પાંડુને એમ પોતાનાં વર તરીકે પસંદ કર્યો હતો.

વેર હતું, તેમાંનું એકાદ નંગ વેચી તેઓએ પોતાનું નવું ઘર માંડ્યું અને ગુશ્તાસ્પ શેકાર કરી તે ઉપર પોતાનું ગુજરાણ કરવા લાગા.

ગુશ્તાસ્પે દેખાડેલી મર્દાનગી અને તેણે સસરાનું દેલ બાહદુરીથી જીતી લેવું.

હવે કએસરે પોતાની બેટીઓને પરણાવવાની ઉપલી રસમ ગુશ્તાસ્પના દાખલાના અનુભવ ઉપરથી મેલી દીધી અને હવે તેણે પોતાની બેટીઓને માટે પોતે લાયક ખાવિંદ સોધી તેઓને પરણાવવાનો વિચાર કીધો. તેની એક બીજી છોકરી હતી, તેને માટે મીરીન નામનો એક પુરૂષે અને ત્રીજી છોકરી માટે આહરન નામનાં પુરૂષે માગણી કીધી. કએસરે તેને કહ્યું કે તેના એક મુલકમાં એક જીઆંનગાર વરૂ અને બીજા મુલકમાં એક જીઆનગાર અજદાહ હતો. તે બન્નેને દરેક મારી લાવે, તો તેઓની હુશિઆરી સાબેત થયલી જોઇને તે તેઓને પોતાની બેટીઓ સાથે પરણાવે. બન્નેએ એ જીઆંનગાર જાનવરોને મારવા હિમ્મત કરી નહિ. પણ તેઓને એક અરસપરસના મિત્રથી ગુશ્તાસ્પ માટે ખબર પડી કે તે એ કામ કરી શકે એવો છે. તેથી તેઓએ તેની મદદ માગી. તેઓએ તેની પાસે એ જીઆન્ગાર પ્રાણીઓ મરાવ્યાં અને તે પોતે માર્યા હોય, એમ કએસર આગળ લઈ જઈ તેની બેટીઓ સાથે પરણ્યા.

હવે એક દાહાડે શેહરનાં મેદાનમાં કસરતનો અખાડો થયો તેમાં સર્વ પોતાના હુન્નરો દેખાડવા લાગા. ગુશ્તાસ્પે પણ પોતાના હુન્નરો દેખાડ્યા, તે જોઈ કએસર હેરત થયો. તેણે તેને પોતા આગળ તેડ્યો. તે તેને પેહેલાં ઓલખી શક્યો નહિ. પણ ગુશ્તાસ્પે તેને યાદ આપતાં તેણે તેને ઓળખ્યો. પછી ગુશ્તાસ્પે તેને જણાવ્યું કે પેલાં જીઆનગાર જાનવરોને ખરો મારનાર તો તે પોતે હતો અને તેની સાબેતીમાં તે જાનવરોના દાંત જે તેણે પોતે નીશાંની તરીકે કાહાડી લીધા હતા, તે રજુ કીધા. કએસરે હવે તેને પોતાની મેહરબાંની તળે લીધો. હજુર ગુશ્તાસ્પે પોતાને ઇરાનના પાદશાહના બેટા તરીકે પોતાને જાહેર કીધો નહિ. તે શેહેરમાં 'ફરરોખજાદ' નાં જે નામે ઓળખાતો, તેજ નામે પોતાને ઓલખાવા લાગો.

હવે તે કએસરનો ઘણો માનીતો થયો. તેણે પોતાનાં સસરાની તરફથી પડોશમાં ખઝ્જરના[1] મુલક ઉપર હુમલો કરી તેના રાજા ઈલીઆસને મારી તે મુલક જીત્યો. વળી તેની કુમક ઉપર મુસ્તાક રહી હવે કએસરે ઇરાન પાસે ખંડણી માગી. તે બાબે નામું લઈ ગયલા એલચી સાથની વાતચીત ઉપરથી લોહારાસ્પને માલમ પડયું કે કએસરની દરબારમાં કોઈ બાહારનો બીગાનો મર્દ આવ્યો છે, જેની કુમક ઉપર તે એમ ખંડણી માગે છે. તે ઉપરથી તેને તુરત શક ગયો કે કદાચ તે ગુશ્તાસ્પ હશે. તેથી તેણે જ઼રીરને પોતા તરફના જવાબ સાથે એલચી તરીકે કએસર આગળ મોકલ્યો. જરીર કએસરની દરબારમાં એક સાધારન એલચીના પોષાકમાં ગયો અને તેને કહ્યું કે "તારી દરબારનો ફ્રૂરોખજાદ તો મારા પાદશાહ લોહારાસ્પની દરબારમાં એક નોકર હતો." ગુશ્તાસ્પ હવે મનમાં સમજ્યો કે "જરીરે મને પીછાણ્યો છે". તેથી તે દરબાર ખલાસ થતાં ભાઈ જ઼રીર આગળ ગયો. બન્ને ભાઇઓ વચ્ચે મિત્રાચારી ભર્યો મેલાપ થયો. પછી કએસરને સઘળી ખરી હકીકત ખબર પડી અને તે ઇરાનના શાહજાદાને પોતાના જમાઈ તરીકે મેલવવા માટે ખુશી થયો.

હવે ગુશ્તાસ્પ પોતાના ભાઈ સાથે ઈરાન આવ્યો અને બાપ સાથે સુલેહ કીધી. લોહોરાસ્પે તેને પોતાની હૈયાતીમાંજ ઇરાનની ગાદી આપી અને પોતે બલખના આતશ બેહરામમાં એકાંત બંદગીમાં વખત ગુજારવા લાગો.

શાહ લોહોરાસ્પે બલખમાં સ્થાપેલુ આતશ કદેહ.

પેહેલવી—"મિન કએ લોહોરાસ્પ સુદ દેન્મન ચેહવુન્ત ....દયન યજ઼દાન સેપાસદાર ચેહવુન્ત"

(મીનોખેરદ, બાબ ૨૭, ફ્. ક. ૬૪–૬૫)

---

[1] એ ખ઼જ્જરનો મુલક તે, મી. વોરનર જણાવે છે તેમ, હાલના કોકેસસ પર્વત અને હાલની દોન અને વોલગા નદીઓવાળા મુલકની વચ્ચેનો મુલક છે. એ મુલકના લોકો પછવાડેથી અવારનવાર રોમનો અને સાસાનીઅનો સાથે સંબંધમાં આવ્યા હતા. આસરે ૧૦૦૦ વર્ષપર એઓનો મુલક તે વખતના રશીયાના રાજકર્તાઓની સત્તા હેઠળ ગયો.

અર્થ—કએ લોહોરાસ્પથી (ઈરાનને) ફાયદો આ (થયો), કે તે યઝદાન તરફ આભારી રેહતો.

મીનોખેરદના આ ફકરા પ્રમાણે આ પાદશાહ પોતાની જીંદગીનો મોટો ભાગ ખુદાની યાદમા ગુજારતો હતો. કએખુસ્રુએ તેને રાજગાદી માટે પસંદ કર્યો ત્યારે પણ તે કોઈ જાહેર જીંદગીમાં જણાયલો ન હતો, પણ શાંત રીતે રહી ખુદાની એબાદતમાં વખત ગુજારતો હતા. એવા એક શાંત અને ભલા પુરૂષને અફ્રાસ્યાબ સાથની વર્ષોની લડાઈ બાદ કએખુસ્રુએ ઈરાનનાં ભલાં માટે પાદશાહી કાજે જરૂરનો ધાર્યો હોય. જેમ જીંદગીની શરૂઆતમાં તેમ છેવટે પણ તેણે પોતાનો વખત એકાંતવાસમાં પસાર કર્યો. પોતાના બેટાને રાજ્ય આપી તે એમ શાંત જીંદગી પસાર કરતો. ખુદા તરફની આવી ફર્માન બર્દાર જીંદગીનું તેનું એક મોટું કામ બલખમા બંધાયલુ આતશ કદેહ ગણાય છે, જેનું નામ ફીરદોસી પ્રમાણે "નઓ બહાર" હતું.

શાહ લોહોરાસ્પે જેરૂસલમ શેહર લેવું.

પેહેલવી—મિન કએ લોહારાસ્પ સુદ દેનમન ચેહવુન્ત આઈગશ ખુદાઈઅ ખુબ કર્દ વ દયન યઝદાન સેપાસદાર ચેહવુન્ત વ અઊરીસેલમ ઈ યાહુદાન બરા અક્નુન્ત વ યહુદાન વશુફ્ત વ પરગન્દે કર્દ વ દીન પદીરફ્તાર કએ વીશ્તાસ્પ મિન તને વલ્મન બરેહુનીદ (મીનોખેરદ બા. ૨૭, ફ. ૬૪–૬૭)

અર્થ—લોહોરાસ્પથી ફાયદો આ થયો કે તેણે સારી રવેશે રાજ્ય કર્યું અને ખુદાનો આભારી થાઓ અને યાહુદીઓનું અઊરીસેલમ (જેરૂસેલમ)ને પાયમાલ કીધું અને યાહુદીઓને વીખરી નાખ્યા અને પરાગન્દે કીધા અને દીન કબુલ કરનાર કએ ગુશ્તાસ્પ તેના તનથી જન્મ પામ્યો.

મીનોખરેદ પ્રમાણે આ પાદશાહે યાહુદીઓનું પવિત્ર શહેર જીતી લેઈ ત્યાંથી યાહુદીઓને હાંકી કાહાડ્યા હતા. એનું એ કામ મીનોખેરદ પ્રમાણે એક સ્તુતિપાત્ર કામ ગણાયું છે. પુરાણી પશ્ચિમ ભણીની તવારીખ કહે છે કે બેબીલોનના રાજા નેબુકદનઝરે (બોખ્તનસરે) યાહુદીઓનું જેરૂસેલમ શેહર લઈ લીધું હતું. આ ને

બુકદનજર માટે માસુદી[1] કહે છે કે તે લોહોરાસ્પનો એક મર્ઝબાન એટલે સરહદ તપાસનાર સરદાર હતો. તબરી[2] પણ એમ કહે છે. કોઈ લખનારાઓ પ્રમાણે એ નેબુકદનજર ઈરાનીઓમાં રેહામન. નામથી જણાયલો હતો.

શાહ લોહોરાસ્પનો બેટો ગુશતાસ્પ અને યાહુદીઓનું જેરૂસેલમનું દેવલ.

પેહેલવી—મદમ અકારીનીતને અવારૂન-દાતીઅ વદ-કુન શ્નીઅ એ બુન્દે સરાસર ગેરાન શેદાયેજકીઅ વ જીઆન ઇ અવ્શાન પવન શહ્નીતે દહ્યોપત ઈ કએ લોહરાસ્પ મિન ઇરાન શત્ર લેવત્મન બુખ્તનર્સીઅ વલ અરૂમે મુકદદસ વ જક કોસ્તે માનશ્ને (દીનકર્દ દફતર ૫ ની શરૂઆતની બાબત, ફ. ૪. દસ્તુર પેશોતનનું વાલમ ૯, પેહેલવી લખાણ, પા. ૪૭૬, તરજુમો પાનુ ૫૭૩–૭૪)[3]

અર્થ—તે (ટોલા) ઓ (રમ)ના બુરા કાયદાઓ અને બુર કામો, જે સંપૂર્ણ રીતે જોડાયલાં, તેનો અને તેઓની મોટી દેવ પરસ્ત અને નુકસાનને વગર અસરના કરવા કાજે પાદશાહ લોહરાસ્પે ઇરાન શેહરથી બોખ્ત નર્સીહ સાથે અરૂમે મુકદદસ (એટલે જેરૂસલમ) તરફ તેઓને મોકલવું અને તે મુલકમાં તેઓનું રેહેવું

શાહ લોહરાસ્પ અને તેના બેટા ગુશતાસ્પના રાજ્યો સાથે દીનકર્દ અને મીનો ખેરદ જેવાં પેહેલવી પુસ્તકો યાહુદીઓની તવારીખના એક બનાવને જોડે છે. તે બનાવ આ, કે યાહુદીઓને બાબીલોનના એક રાજા યા સરદાર નેબુકદનજરે લોહોરાસ્પના વખતમાં તેઓના જેરૂસલેમમાંથી હાંકી મેલ્યા હતા. પણ પછી શાહ ગુશતાસ્પના વખતમાં તેઓને ત્યા પાછા જવા દેવામાં આવ્યા હતા. હવે પશ્ચીમ ભણીના તવારીખ નવેશોએ એ બનાવના જે સને નક્કી કર્યા છે, તે પ્રમાણે જોતાં અને પાદશાહ ગુશતાસ્પનો સને, જેમ સાધારન રીતે માનવામાં આવે છે તેમ, જોતાં એ બનાવ શાહ ગુશતાસ્પના વખતમાં બન્યો હોય તે શકમંદ દિસે છે. પણ પેહેલવી

૧ Maçoudi, traduit par Barbier de Meynard Vol I, p. 117.
૨ Tabari, par Zotenberg, Vol I p. 491–92, partie I Chap CV.
૩ S. B., Vol. XLVII pp. 120–21.

લખનારાઓ શાહ ગુશ્તાસ્પનો જે સને આપે છે તે તરફ જોતાં તેમ દિસતું નથી. આ મુજબ આ બનાવનો સને અચોકસ છે. તે છતાં, જ્યારે પેહેલવી લખનારાઓ શાહ લોહારાસ્પ અને ગુશ્તાસ્પના વખતમાં આ બનાવ જણાવે છે, ત્યારે ફકત નોધ ખાતર તેની થોડીક હકીકત જાણીશું. મીરખોન્દ[1]ની રોજ તુસસફા પ્રમાણે દીન-કર્દના આ બોખ્તનસર (યુનાની નેબુકદનજર)નું ઇરાની નામ રેહામ હતું. તે ગોદ્રેજ નામના પુરૂષનો બેટો હતો. એને લોહોરાસ્પે ઇરાકે અજમનો હાકમ બનાવ્યો હતો. તેણે પશ્ચિમ ભણીના મુલકો જીતી જેરૂસેલમનો નાશ કર્યો. તબરી[2] પ્રમાણે નેબુકદ-નજરે જેરૂસલેમની ફતેહ માટે પોતાના એક સરદારને લશ્કર આપી મોકલ્યો હતો. તબરી[3] વધુ કહે છે કે જ્યારે ગુશ્તાસ્પ ગાદી ઉપર આવ્યો અને જોયું કે તેના બાપના વખતમાં નેબુકદનજરે સીરીઆ અને પેલેસ્ટાઇનને તારાજ કર્યું હતું અને જેરૂસેલમનો નાશ કર્યો હતો, ત્યારે તેણે પોતાના એક સરદાર કુરૂશ (સાઇરસ) ને ઇરાક ભણી બેબીલોન તરફ મોકલ્યો અને ફર્માવ્યુ કે નેબુકદ-નજરને બલખ તરફ પાછો મોકલે અને ઇસ્રાએલો, જેઓને નેબુકદનજર જેરૂસલેમ તારાજ કરી બાબીલોન લઈ ગયો હતો, તેઓને જેરૂસલેમ પાછા મોકલે તેઓનું તારાજ થાયલું મંદીર પાછું સ્થાપવા દે અને તેઓ ઉપર તેઓનીજ જાતનો એક હાકેમ નેમે. કુરૂસે (સાઇરસે) તેમ કર્યું અને સઘળા ઇસ્રાએલો (યાહુદીઓ) જેરૂસેલમ પાછા ફર્યા. આ સબબે યાહુદીઓનાં ધર્મપુસ્તકોમાં સાઇરસનું નામ માન સાથે યાદ કર્યું છે. (Isaiah Ch. 44 s. 28)

બાબ ૬.

શાહ ગુશ્તાસ્પ.

અવસ્તા—મોષુ પસ્ચએત નઓતઇરે વીશ્તાસ્પો આઓંઘ્-હાંમ દખ્યુનાંમ આસુ–અસ્પો તેમો બવત. (આવાં યશ્ત, ફ. ૯૮)

---

૧ Mırkhond's History of Persia, translated by Davi Shea, (1832), p. 264.

૨ Tabarı, traduit par Zotenberg, Vol I, p. 491.

૩ Ibid p. 495.

અર્થ—ત્યાર પછી જલદીથી નોદરના વંશનો ગુશ્તાસ્પ આ દેશોનો ઘણો જલ્દ્પી ઘોડો રાખનાર માલેક થયો.

પોતાના પિતા લોહોરાસ્પ પાસેથી ઇરાનની ગાદી મેળવી ગુશ્તાસ્પ પાદશાહ થયો. ગાદીએ આવતાં તેણે જાહેર કર્યું કે તે ખુદાના રાહ ઉપર ચાલી ઇનસાફથી રાજ્ય કરશે, અને ભલાઓને યારી દેશે અને ભુંડાઓને સજા કરશે.

શાહ લોહોરાસ્પ પોતે બલ્ખ[1]માં નઓ બહાર[2] નામના આતશકદેહમાં એકાંતવાસ પકડી અહુરમજદની બંદગીમાં મશગુલ રહ્યો. થોડો વખત પછી તેની રાણી, જેણીનું નામ નાહીદ હતું અને જેણીને તેણે કએતાયુન નામ આપ્યું હતું, તેણીને પેટે તેને અસ્ફન્દયાર અને પેશોતન નામના બે બેટા પેદા પડ્યા. ગુશ્તાસ્પ પાદશાહને આજુબાજુના સર્વ પાદશાહો ખંડણી આપતા હતા. પણ તુરાની પાદશાહ અરજાસ્પ ખંડણી આપતો ન હતો, પણ સામી થોડીક ખંડણી લેતો હતો.

એના રાજ્યનો મોટો બનાવ, પેગામ્બર જરથોશ્તનું જનમવું.

અવસ્તા—જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે···યેહે જાંથએચ વક્ષએય ઉશ્તતાતેમ નિમ્રવન્ત વીસ્પાઓ સ્પેન્તા–દાતાઓ દામાન. ઉશ્ત નો જાતો આથ્રવ યો સ્પિતામો જરથુશ્ત્રો·····ઇધ અપામ વીજસાઇતિ વંઘૂઉહિ દએન માજ્દયસ્નિશ વીસ્પાઇશ અવિ કર્ષ્વાન યાઇશ હફ્ત (ફ્રર્વર્દીન યશ્ત, ફ્. ૮૭, ૯૩, ૯૪).

અર્થ—સ્પિતમાન અશો જરથોશ્તનાં અશો ફ્રોહરને અમો અંહી આરાધ્યે છિએ······કે જે (જરથોશ્ત)ના જન્મથી અને વૃદ્ધીથી સર્વ સ્પેનામીનોની પેદાયશ ખુશાલીના શબ્દો બોલવા લાગી કે આ-

---

૧ એ બલ્ખ, જેને ફીર્દોસી "બલ્ખે ગુઝીન", એટલે નામીચુ બલ્ખ કહે છે, તે વંદીદાદની પેહેલી પર્ગદમા જણાવેલું "બાખ્ધી એરેધ્વો દ્રફ્ષામ" એટલે "બુલદ વાવટાવાળુ બાખ્ધી" શેહેર છે. એ શેહેરની વધુ હકીકત બાબે જુઓ મારૂ પુસ્તક "યાદગારે જરીરાન શત્રોઇહા એ અઇરાંન અફ્દીઅ વ સહિગિઅ એ સીસ્તાન", પાનું ૫૭.

૨ જુઓ ઉપલુંજ પુસ્તક, પાનું ૫૯.

પણે માટે એક આથ્રોર્નાન, જે સ્પિતમ જરથોશ્ત, તે ભલે જનમ્યો.... હવે ભલી માજદયસ્ની દીન અહીં હફ્ત કેશ્વર જમીન ઉપર ફેલાશે.

અવસ્તા—યેહે જાંથએચ વક્ષએચ અપ-દ્ૃવરત અંઘ્રો મઈન્યુશ હચ જેમત (અશીશવંઘ યશ્ત, ફ. ૧૯).

અર્થ—જે (જરથોસ્ત)ના જન્મ અને વૃદ્ધીથી આહરેમન આ પૃથ્વીથી દૂર ન્હાઠો.

શાહ ગુશ્તાસ્પ ઈરાનની ગાદીએ બેસવા પછી થોડેક વર્ષે, બુનદેહેશ[1]ના કહેવા પ્રમાણે ૩૦ વર્ષે, પેગામ્બર જરથોશ્તે પોતાની દીન જાહેર કરી. ફીર્દોસી એ બનાવ બાબે અલંકારીક રીતે નીચે પ્રમાણે કહે છે.

"જમીનમાં એક ઝાડ[2] પેદા થયું, ગુશ્તાસ્પના મેહેલમાં તેનાં અઇવાનની પાસે તે દરખ્ત પુષકળ મુળ્યાંઓ અને ઘણી ડાંખળીઓ સાથનું હતું. શિખામણો તેનાં પાત્રાં, અને અક્કલ તેનાં ફળ હતાં. જે ધણી એવાં ફળ ખાય (એટલે અક્કલ અખત્યાર કરે) તે કેમ મરણ પામે? તેનાં પગલાં મુબારક હતાં અને તેનું નામ જરથોશ્ત હતું. તેણે તે બુરી કરણીવાળા હારેમનને માર્યો હતો. તેણે જવાન પાદશાહ (ગુશ્તાસ્પ)ને કહ્યું, કે 'હું પેગામ્બર છું. ખોદાતાલા તરફ રસ્તો દેખાડનાર રેહબર છું.' તે આતશનું એક આફ્રીનગાન્યું લાવ્યો, અને કહ્યું કે 'હું તે બેહેશ્તમાંથી લાવ્યો છું.' જેહાંનને પેદા કરનાર ખોદાતાલાએ તુંને કેહેવાડયું છે, કે 'તું દીનને કબુલ કર. આ આસ્‌માન અને જમીનને તું જો, કે તેઓને મેં ખાક અને પાણી વગર પેદા કર્યાં છે. તું જો, કે મેં તેઓને કેમ બનાવ્યાં છે. તું જો કે હું, જે જેહાંનદાર છું તે સિવાય કોઈ બીજો એ મુજબ કરી શકે કે? જો તું એમ જાણે કે મેં તે પેદા કર્યાં છે, તો તેં મને જેહાંન આફ્રીન (એટલે જગતનો પેદા કરનાર) ગણવો જોઇએ. (મારા શબ્દો) બોલનાર (એટલે પેગામ્બર) તરફથી તેની ભલી દીન તું કબુલ કર. તેનાથી તેની રાહ રસમ શિખ."

---

૧ બાબ ૩૪, ફ. ૭.

૨ ફીર્દોસી અહીં પેગામ્બર જરથોસ્તની દીન માટે અલંકારીક રીતે એક 'ઝાડ' તરીકે બોલે છે. આગળ ચાલતાં તે એજ મુજબ પેગામ્બરને હાથે એક સર્વનું ઝાડ, જેને તે "કીશ્મેરનું સર્વ" કહે છે, તે એક આતશ કદેહમાં રોપાયલું જણાવે છે. એ કીશ્મરના સરવનાં ઝાડ માટે જુઓ મારો વિષય "પેગામ્બર જરથોસ્ત અને સરવનું ઝાડ" (જરથોસ્તી વા. ૧, અંક ૧,).

પેગામ્બર જરથોશ્તની શાહ ગુશ્તાસ્પને દીન શિખવવાની મોરાદ.

અવસ્તા—તાંમ યજત યો અષવ જરથુશ્ત્રો અઈર્યેને વએ-જહિ વંઘ્હુયાઓ દાઈત્યયાઓ.................

આઅત હીમ જઇધ્યત અવત આયપ્રેમ દજદ્દિ મેં વંઘુઉહિ સેવિશ્તે અરેદ્વી સૂરે અનાહિતે યથ અજેમ હાચયેને પુથ્રેમ યત અઉર્વત–અસ્પહે તખ્મેમ કવએમ વીશ્તાસ્પેમ, અનુમતેએ દએન-યાઇ, અનુખ્તેએ દએનયાઇ અનુ–વર્શ્તેએ દએનયાઇ.

દથત અહુમાઇ તત અવત આયપ્રેમ અરેદ્વિ સૂર અનાહિત (આવાં યશ્ત, ફ્. ૧૦૪–૧૦૬)

અર્થ—અશો જરથોશ્તે ઇરાંન દેશમાં વેહેદાઇતી નદી ઉપર તેણી (અર્દ્વીસૂર અનાહિત)ને આરાધી....અને તેણીને અરજ ગુજારી કે "ઓ ભલી ફાયદો પોહોંચાડનારી અર્દ્વીસૂર અનાહિત! મને આ બક્ષેસ આપ કે, હું બાહાદુર કએ ગુશ્તાસ્પ, જે લોહોરાસ્પનો છોકરો, તેને (મારી) દીનના વિચાર પ્રમાણે, (મારી) દીનના વચન પ્રમાણે, (અને મારી) દીનનાં કામ પ્રમાણે ચલાઉં. અર્દ્વીસૂર અનાહીતએ તેને તે બક્ષેસ આપી.

અવસ્તાના આ ફકરા પ્રમાણે, અને ફીર્દોસીના ઉપલા ફકરા પ્રમાણે, પેગામ્બર જરથોસ્તે પોતાની દીન શાહ ગુશ્તાસ્પની દરબા-રમાં જાહેર કીધી અને શાહ ગુશ્તાસ્પને શિખાડવાની મરજી જ-ણાવી. એટલુંજ નહિ પણ તેણે તે પાદશાહની રાણી, જેણીનું અવસ્તા પ્રમાણે ઇરાંની નામ હુતોષ હતું, તેણીને પણ તે શિખાડવાની મરજી જણાવી. તેની દુઆ કબુલ રાખવામાં આવી અને તેની મરજી પાર પડી.

શાહ ગુશ્તાસ્પની રાણી હુતોષ. દીનના ફેલાવા માટે પેગામ્બર જરથોશ્તે સોધેલી તેણીની દીલસોજી.

અવસ્તા—તામ યજત યો અષવ જરથુશ્ત્રો.........યથ અજેમ હાચયેને તે વંઘૂઉહીમ આજાતામ હુતઓસાંમ, અનુમતેએ દએનયાઓ, અનુખ્તેએ દએનયાઓ, અનુવર્શ્તેએ દએનયાઓ, યા

મે દએનામ માઝ્દયસ્નીમ જરસ્ચ દાત, અપએચ અઓતાત યા મે વરેજ્યાનાઈ વંઘુઉહીમ દાત ક્રૂસસ્તીમ (ગોશ યશ્ત, ક્. ૨૫–૨૬).

અર્થ—તેણી (દ્રવાસ્પ યજદ)ને અશો જરથોસ્તે આરાધી.... (અને આ દુઆ માંગી કે) હું ભલી નેક બુન્યાદની હુતોસ (રાણી)ને દીનના વિચાર પ્રમાણે, દીનનાં વચન પ્રમાણે, દીનનાં કામ પ્રમાણે ચલાંઉ, જેણી મારી માઝ્દયસ્ની દીન ઉપર દિલ (યાને ખરાં દિલથી ધ્યાન) આપે અને પોતાની ઇચ્છા ઓચરે, જેણી મને મારાં (દીન ફેલાવવાનાં) કામ માટે ભલી સલાહ આપે.

પેગામ્બર જરથોશ્તે પોતાની દીનના ફેલાવા માટે, જેમ પાદશાહ ગુશ્તાસ્પની દીલસોજી અને મદદ શોધી તેમ, શાહની રાણી હુતોસની દીલસોજી અને મદદ શોધી, સબબકે દેશના પાદશાહની રાણીને પોતાની દીનની તરફેણમાં લેવાથી આજુબાજુ ભલી અસર થાય, એટલુંજ નહિ, પણ રાણીના હુતોસ કુટુંબના ઘણા નામીચા નરો ઉપર પણ સારી અસર થાય અને તેઓ જરથોશ્તના ચેલા બને. પેગામ્બર જરથોશ્ત પોતાની આ મોરાદમાં ફતેહ પામ્યો અને તેણીની મદદથી તેનું કેટલુંક કામ સફળ થયું.

શાહ ગુશ્તાસ્પે જરથોસ્તી દીન કબુલ રાખવી.

અવસ્તા—ઉગ્રેમ કવએમ ખરેનો મજ્દધાતેમ યઝમઇદે... યત ઉપંઘૂહચત કવએમ વીશ્તાસ્પેમ અનુમતેએ દએનયાઈ અનૂખ્તેએ દએનયાઈ અન્ વર્શ્તેએ દએનયાઇ, યત ઇમામ દએનામ આસ્તઓત દુશમઇન્યૂમ સિજ્ધો દએવાંન અપ અષવાન (જમ્યાદ યશ્ત, ક્. ૮૩–૮૪).

અર્થ—મજ્દના પેદા કરેલાં શક્તિવાન કેઆંની ખોરેહને અમો આરાધ્યે છિએ, જે ખોરેહ દીનના વિચારો માટે, દીનનાં વચનો માટે અને દિનનાં કામમાટે કયાની ગુશ્તાસ્પની પુઠે ગયું. તેથી તેણે આ દીનને વખાણી અને દુશ્મન દેવો, જેઓ અશોઇથી દૂર રેહેનારા, તેઓનો નાશ કીધો.

અવસ્તાના ઉપલા ફકરા પ્રમાણે, પેગામ્બર જરથોશ્તે જે દુઆ ગુજારી હતી, કે પાદશાહ અને તેની રાણી તેની દીન

શિખે અને કબુલ રાખે, તે દુઆ ખર આવી. ફીર્દોસી એ બાબે કહે છે કે "જ્યારે ભલા પાદશાહે તે (પેગામ્બર જરથોશ્ત) થી તે ભલી દીન સાંભળી ત્યારે તેણે તે સાચ્ચો માર્ગ અને સાચ્ચી દીન કબુલ રાખ્યાં." ત્યાર પછી શાહના ભાઈ જરીર, તેનાં બાપ બુર્જોર્ગ લોહોરાસ્પ, તેના સરદારો, દાનાવો અને બુર્જોર્ગોએ પણ તે દીન કબુલ રાખી. તે દીનથી "ખુદાની મેહર વધુ જાહેર થઈ અને બુરાઓનાં દિલમાંથી બદી કોતાહ થઇ, મુર્તીપુંજા કમી થઈ અને આતશની સેતાયશ વધુ ફેલાઈ.

શાહ ગુશ્તાસ્પે જરથોશ્તી દીન ફેલાવવી.

અવસ્તા—કવોઈશ વીશ્તાસ્પહે અષઓનો ફ્રવષીમ યજમઇદે, તખ્મહે તનું માંથ્રહે દર્ષિ-દ્રઓશ આહૂઈર્યેહે યો દ્રુચ પઉર્વાનચ અષાઈ રવો યએષ; યો દ્રુચ પઉર્વાનચ અષાઈ રવો વીવએધ. યો બાજાુસ્ચ ઉપસ્તચ વીસત અંઈધ્રિહાઓ દએનયાઓ યત આહુરોઇશ જરથુશ્ત્રોઈશ. (ફ્રર્વર્દીન યશ્ત ફ્. ૯૯)

અર્થ—અમો અશો, જોરાવર, માંથ્રનાં તનવાળા, સખ્ત હથ્યારવાળા, અહુર મજદના તરીકા પ્રમાણે ચાલનાર, કેઆંની ગુશ્તાસ્પનાં ફરોહરને આરાધ્યે છિએ, જેણે હથ્યાર આગળ વધારીને પવિત્રાઇને આગળ વધારી; જેણે હથ્યાર આગળ વધારી પવિત્રાઇનો વધારો જાહેર કીધો; જે આએ દીન, જે અહુરમજ્દી જરથોશ્તી છે, તેની બાજુ અને ટેકો આપનાર થવાને કબુલ થયો.

શાહ ગુશ્તાસ્પે પોતે દીન કબુલ કીધી અને તેનાં ખેશ નજદીકનાંઓએ તે કબુલ કીધી. તે પછી તેણે મુલકે મુલક કાસદો મોકલી તે દીન ઉપર ધ્યાન લોકોનું ખેંચ્યું અને પેગાંમ કહેવાડયો, કે "જરથોશ્તનો રાહ કબુલ રાખો અને ચીનઈ મુર્તિઓની પુજાથી દૂર રહો અને કુસ્તી બાંધો." શાહનો આ પેગાંમ કાસદો મારફતે મુલકે મુલક ફેલાયો અને ઘણાકો જરથોશ્તી દીનની રાહ ઉપર આવ્યા.

શાહ ગુશ્તાસ્પને જરથોશ્તી દીનના સંબંધમાં શાહ અર્જાસ્પ સાથે થયલી ત્રણ લડાઈઓ. તેમાંની પેહેલી લડાઈ.

શાહનામાં પ્રમાણે શાહ ગુશ્તાસ્પનાં રાજ્યનાં મુખ્ય બનાવોમાં

તેની શાહ અર્જાસ્પ સામેની લડાઈઓ હતી, જે લડાઈ પેગા-મ્બર જરથોશ્તની દીન શાહ ગુશ્તાસ્પે કબુલ કરી, તે સબબે બરપા થઇ હતી.

અવસ્તા—તાંમ યજત બેરેજઇધિશ કવ વીશ્તાસ્પો પસ્ને આપેમ ફ્રજદાનઓમ···આઅત હીમ જઇધ્યત અવત આય્તેમ દજદિ મે વંઘઉહિ સેવિશ્તે અરેદ્વી સૂરે અનાહિતે યત બવાનિ અઇવિ-વન્યાઓ તાર્થ્યવન્તેમ દુજદએનેમ પેષનેમ્ચ દએવયસ્નેમ દ્રવન્તેમ્ચ અરેજત્-અસ્પેમ અહ્નિ ગએથે પેષનાહુ.

દથત અહ્માઈ તત અવત આયપ્તેમ અરેદ્વી સૂર અનાહિત (આંવા યશ્ત, ફ. ૧૦૮ થી ૧૧૦)

અર્થ—તેણી (અદ્વિ સૂર)ને ઉચી નજરવાળા કએ ગુશ્તાસ્પે ફ્રજદાનવ (સરોવર)ની પછવાડે યાને કિનારા ઉપર આરાધી.

તે વખતે તેણે અર્જ ગુજારી કે "ઓ ભલી ફાયદો કરનાર અર્દ્વીસૂર અનાહિત! મને આ બક્ષેસ આપ, કે હું અંધકારને પસંદ કરનાર બુરી દીનવાળા દુશ્મની ધરાવનાર દેવયસ્નાંનને અને બુરા અર્જાસ્પને આએ દુનિયામાં લડાઈમાં મારનાર થાઉ."

ત્યારે અર્દ્વીસૂર અનાહીતએ તેને તેની મોરાદ બખ્શી.

આ વખતે શાહ ગુશ્તાસ્પ તુરાંની અર્જાસ્પને થોડીક ચોઠાઈ આપતો હતો. તે આપતાં પેગામ્બર જરથોશ્તે તેને અટકાવ્યો, એવું કહીને કે, "આ નવી યજદાંપરસ્તી દીન અખત્યાર કરેલા પાદશાહના દરજ્જાને એમ કરવું શોભા ભરેલું નથી, અને વળી આગલા ઇરાંની પાદશાહો એમ કરતા નહિ હતા." પેગામ્બર જરથોશ્તે શાહ ગુશ્તાસ્પને કહ્યું કે "આપણી દીનને છાજતું નથી કે તું દીન વગરના તુર્કીને ખંડણી આપે." તે ઉપરથી શાહે અર્જાસ્પને ખંડણી આપતી બંદ કીધી.

એક બુરા આદમીએ (દેવે) અર્જાસ્પને ગુશ્તાસ્પ સામે અને પેગામ્બર જરથોશ્ત સામે ઉશકેરવો.

અવસ્તા—તામ યજત બેરેજઇધિશ કવ વીશ્તાસ્પો......યથ અજાનિ....અરેજત અસ્પહે, યથ અજાનિ પેષને દર્ષિનિકહે દએવયસ્નો (અશીશવંઘ યશ્ત, ફ. ૪૯–૫૦)

અર્થ—તેણી (અશીશવંઘ) ને બુલંદ દિલના કએ ગુશ્તાસ્પે આરાધી (અને આ દુઆ માગી કે...) હું અર્જાસ્પને ન્હસાડું અને દેવની પરસ્તેશ કરનાર દર્ષિનીકને લડાઈમાં ન્હસાડું.

અશીશવંઘ યશ્તના ઉપલા ફકરા મુજબ તેમજ ગોશ યશ્ત (ફ. ૩૦) મુજબ પાદશાહ ગુશ્તાસ્પ દુઆ ગુજારે છે, કે તે શાહ અર્જાસ્પને અને દર્ષિનિક[૧] નાંમના એક દેવને મારવાને શક્તિવાન થાય. યશ્તોમાં નામ દીધેલો આ દર્શિનિક દેવ, તે ફીર્દોસીએ નામ દીધા વગર જણાવેલો એક દેવ યાને બુરો આદમી છે કે જેણે શાહ અર્જાસ્પને ગુશ્તાસ્પ સામે લડાઈ કરવાને ઉશ્કેર્યો. ફીર્દોસી પ્રમાણે તે અર્જાસ્પ આગળ ગયો અને તેને કહ્યું કે "ગુશ્તાસ્પે નવી દીન કબુલ કરી છે અને તે લશ્કર લાવી તારાથી સ્વતંત્ર થવા માગે છે. માટે જો તું ચાહે તો હું તુંને એક લાખ આદમીનાં લશ્કરની મદદ આપવા ખુશી છું." અર્જાસ્પે તેનાં બોલવા ઉપર ધ્યાન આપ્યું અને પોતાના દરબારીઓની એક મિજલસ બોલાવી, તેઓને જણાવ્યું કે "ગુશ્તાસ્પે અસ્લી દીનનો રસ્તો છોડયો છે અને જરથોસ્તનાં બોલવાથી ભમાયો છે. તેણે કુસ્તી બાંધી છે, જંદ અવસ્તા કબુલ રાખી છે, આતશને પરથ્યો છે અને સર્વનું ઝાડ રોપાવ્યુ છે. તેથી હવે આપણે તેની ઉપર એક નામું લખવું જોઇએ અને તેની ઉપર ભેટ સોગાદો મોકલી તેને દીનથી દૂર રાખવો જોઇએ. તે આપણું કહ્યું માની એ નવી દીનથી પાછો ફરેતો ઠીક; નહિ તો આપણે એક મોટાં લશ્કર સાથે તેના મુલક ઉપર હુમલો લઈ જવો."

તેનાં દરબારના દરબારીઓએ તેના વિચારો કબુલ કીધા. તેથી તેણે એક નામુ પાદશાહ ગુશ્તાસ્પ ઉપર લખાવ્યું. અર્જાસ્પે તે નામામાં ખોદાનું નામ શરૂઆતમાં લેઈ પેહેલે ગુશ્તાસ્પને નવી દીન છોડી દેવાને ઘણું સમજાવ્યું, અને વળી બીજા મુલકોની અને ખજાનાંની ભેટ, લાલચ તરીકે, આપવા કહી, અને છેવટે લખ્યું, કે "જો તું મારૂં કહ્યું નં માનશે અને એ દીનથી પાછો ન ફરશે, તો હું તારા મુલક ઉપર હુમલો કરી તુંને પાયમાલ કરીશ." આ નામું શાહની

---

૧ જુઓ મારી "અવસ્તાનાં વિશેષ નામોની ફરહંગ"માં દર્શિનિક શબ્દ, પા ૧૦૭

દરબારમાં આવતાં શાહના ભાઈ જરીર અને બેટા અસ્ફન્દયારે તે તરફ ધિક્કાર બતલાવ્યો. શાહ ગુશ્તાસ્પે જવાબ લખાવ્યો અને પેગામ્બર જરથોશ્તની દીન સાંમેની અર્જાસ્પની વર્ત્તણુક સામે ધિક્કાર બતાવી તે દીન માટે લડવાને પોતાની ખુશી જણાવી[1].

આ મુજબ બન્ને પાદશાહોએ લડાઈની તૈયારી કરી. એક મોટી લડાઈ થઈ, તેમાં ગુશ્તાસ્પ તરફથી તેના ચાર બેટાઓ, અરદેશર, ઓહરમજ્દ, શીદસ્પ, અને નીઝવર, શાહના વજીર જામાસ્પનો બેટો ગેરાંમી અને ભાઈ જરીર માર્યા ગયા. લડાઈનું છેવટ ઇરાનીઓની ફતેહમાં આવ્યું અને અર્જાસ્પ ન્હાઠો. આ ફતેહ પછી શાહ પોતે બલ્ખ ભણી પાછો ફર્યો અને "ખાને ગુશ્તાસ્પી" નામનું આતશ કદેહ સ્થાપ્યું. એ આતશ કદહેમાં આદર બુર્જીન નામનાં આતશને સ્થાપવામાં આવ્યો.

શાહ ગુશ્તાસ્પે સ્થાપેલું આદર બુર્જીનનું[2] આતશ બેહેરામ.

અવસ્તા—તવ આતર્શ પુથ્ર અહુરહે મજ્દાઓ...આથ્રો અહુરહે મજ્દાઓ પુથ્ર રએવન્તહે ગરોઇશ મજ્દધાતહે...ક્ષ્નઓથ્ર યસ્નાઇચિ...યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રઓતુ (આતશ નીઆએશ)

અર્થ—ઓ અહુરમજ્દના પુત્ર આતશ! ખુદા તાલાને ખુશી કરવા માટે તારી...અહુરમજ્દના (આદર બુર્જીન) આતશની, અહુરમજ્દના પેદા કીધેલા રએવન્ત પહાડની...આરાધના (વિગેરે) કરવાને, જોતી મારી નજદીક યથા અહુવઇર્યો ભણે.

પેહેલવી—આતશ બુર્જીન મીત્રો આતશ અનહુમા બેન્મન. (આતશ નીઆએશના ઉપલા ફકરાની પેહેલવી સરેહ).

અર્થ—આદર બુર્જીન આતશ અહુરમજદનો પુત્ર.

પાજંદ—ગોર્જ ખોરેહ અવજાઇઆદ આદરાન શાહપીરોજગર આદર ગુશસ્પ આદર ખોર્દાદ આદર બુર્જીન મેહેર (આતશ નીઆએશ, રોજ નેકનામ).

અર્થ—ફતેમંદ આદરાન શાહ, આદર ગુશસ્પ, આદર ખોર્દાદ, આદર બુર્જીન મેહેરના નુર અને ખોરેહે જીઆદે થાઓ!

---

૧ આ લડાઇની થોડીક હકીકત માટે જુઓ મારૂં "યાદગારે જરીરાન" નામનું પુસ્તક. જુઓ મારા "શાહનામાનાં દાસ્તાનો, ભાગ ૧ લો, પાનું ૧૪૬ થી ૧૫૩.

૨ જુઓ એ માટે મારા "ઇરાની વિષયો", ભાગ ૧.

પાઝંદ—હુમાજોર બાદ આદરાન આતશાન આદર ગુશસ્પ આદર ખોર્દાદ આદર બુર્જીન મેહેર (આફીને અર્દાફરોશ.)

અર્થ—હુમાજોર હોજો આતશ આદરાન સાથે, આદર ગુશસ્પં સાથે, આદર ખોર્દાદ સાથે, આદર બુર્જીન મેહેર સાથે.

પાઝંદ—હુમાજોર પીરોજગર વાસ્ત્રયોસાન સીપાહુપત કેર્ફેગર આદર બુર્જીન પીરોજગર.

અર્થ—ફતેહમંદ આદર બુર્જીન સાથે હુમા જોર હોજો, જેને સવાબવંત ખુદાતાલાએ ખેડુતો ઉપર વડો મવક્કલ કર્યો છે.

આતશની નીઆએશની શરૂઆતના ઉપલા ફકરામાં રએવન્દ પહાદને યાદ કરી તે ઉપરના આતશને યાદ કર્યો છે. તે આતશ એ નીઆએશની પેહેલવી સરેહ પ્રમાણે આદર બુર્જીન નામનો આતશ છે, જેને એક મોટા આતશ બેહેરામમાં પરથ્યો હતો. આતશની નીઆએશમાં સેવતે, ઉપર આપેલા ફકરામાં, જે ત્રણ આતશ બેહેરામો–આદર ગુશસ્પ, આદર ખોર્દાદ, આદર બુર્જીન મેહેર–ને યાદ કર્યા છે, તેમાં એક આતશ બેહેરામ આ રએવંદ પહાડ ઉપર સ્થાપેલું આતશ બેહેરામ છે. એ રએવન્દ પહાડ બુનદેહેશ પ્રમાણે ખોરાસાનમાં છે. એ પહાડની "પુસ્તે વીશ્તાસ્પાન" નામની એક ટેકરી ઉપર એ આતશ બેહેરામ બાંધ્યું હતું.

શાહ ગુશ્તાસ્પને દીન ફેલાવવામાં મદદ કરનારાઓ.

દીનકર્દના સાતમાં દફતર પ્રમાણે પાદશાહ ગુશ્તાસ્પને જરતોશ્તી દીન ફેલાવવાના કામમાં મદદ કરનારા પુરૂષોમા મુખ્ય ચાર હતા. તેઓ, જામાસ્પ, ફરષઓસ્તર, જરીર અને અસફન્દયાર હતા.

જામાસ્પ.

અવસ્તા—યથા વે અફ્ષ્માની સેંગ્હાની, દે–જામાસ્પા હ્વો–ગવા–(ઉશ્તવદ ગાથા, હા ૪૬, ફ. ૧૭)

અર્થ—ઓ હવોવના ખાનદાનના ડાહ્યા જામાસ્પ ! મીઠાશ ભરી તાલ (Rhythm)સાથની ઈબારતમાં હું તારી વખાણ ગાઈશ.

અવસ્તા—તામ ચિસ્તીમ દે-જામાસ્પો હ્વો-ગવો ઈશ્તોઈશ ખરેનાઓ અષા વેરેન્તે (વોહુ-ક્ષથ્ર ગાથા. હા ૫૧, ફ. ૧૮)

અર્થ--હ્વોવના ખાનદાનનો ડાહ્યો જામાસ્પ ડહાપણ અને ઈચ્છા મુજબની કીર્તિ અશોઈ મારફતે ઇચ્છે છે.

અવસ્તા—તામ યજત જામાસ્પો યત સ્પાધેમ પઈરિ-અવ-ચેન્ત દૂરાત અયન્તેમ રસ્મઓયો દ્રવતામ દએવયસ્નનામ···યથ અજેમ અવત વેરેથ્ર હચાને, યથ વીસ્પે અન્યે અઈરે. (આવાં યશ્ત ફ. ૬૮-૬૯)

અર્થ—જામાસ્પે જ્યારે લડાઈમાં બુરા દએવસસ્નાનોનાં લશ્કરને દૂરથી આવતાં દીઠું, ત્યારે તેણે તેણી(અર્દ્વીસૂર)ને આરાધી (અને આ મોરાદ માગી) કે જેટલી બીજા સર્વ ઇરાનીઓએ (ફતેહ) મેળવી તેટલી ફતેહ હું મેળવું.

અવસ્તા પહેલવી પુસ્તકો પ્રમાણે જામાસ્પ હ્વોવ ખાનદાનનો એક દાનાવ પુરૂષ હતો. તે શાહ ગુશ્તાસ્પનો વડો દસ્તુર[1] અને વજીર હતો. સંખ્યાબંદ બીજા ઈરાનીઓએ શાહ તરફથી દીન દુશ્મન અર્જાસ્પ સામેની લડાઈમાં ઉતરી જેટલી સેવા બજાવી હતી, તેટલી સેવા તેણે લડાઈનાં મેદાનમાં, જાતે ઉતરી અગતનો ભાગ લેવા વિના, દરબારમાંજ રહી, શાહને હિમ્મત અને સલાહ આપી બજાવી હતી. એ પેગામ્બર જરથોસ્તના પહેલા શાગેર્દોમાંનો એક ઉપયોગી આગેવાન શાગેર્દ હતો. તેથી એક જરથોશ્તી, એકરારનામાં (હા. ૧૨ ફ. ૭)માં જામાસ્પના તરીકાવાળા થવાનું જાહેર કરે છે. દીનકર્દ પ્રમાણે અહુરમજ્દે જરથોશ્તી દીન ફેલાવાકાજે એને એક વસીલો કર્યો હતો.[2] એ પુસ્તકનાં સાતમાં દફતર પ્રમાણે અસફન્દીઆર, ફ્રષઓસ્તર અને જરીર સાથે એ દીનને યારી દેનારા ચાર પુરૂષોમાંનો એક હતો. યાદગારે જરીરાન પ્રમાણે શાહ ગુશ્તાસ્પ, જે લડાઈનું છેવટ પોતાની વિરૂદ્ધમાં આવશે, એમ જાણી ઘણી ધાસ્તી ખાઈ ગયો હતો, તેને એણે ઘણીક હિમ્મત આપી હતી. જ્યારે અરજાસ્પ સાથની પહેલી લડાઈ બાદ ગુશ્તાસ્પ અને અસફન્દયાર, બાપ બેટા વચ્ચે

૧ દાદેસ્તીની દીની, બાબ. ૪૪ ફ. ૧૬. ૨ દસ્તુર પેશોતનનું વોલ્યુમ ૧ બાબ ૮.

અણબનાવ થયો, ત્યારે આ ડાહ્યા વજીરે સુલેહ કરાવવા ઘણો આગેવાન ભાગ લીધો હતો. એનો એક બેટો, જે ગેરામી નામનો હતો, તેણે પણ દીનમાટેની લડાઈમાં આગેવાન ભાગ લીધો હતો.

ફ્રષઓસ્તર.

અવસ્તા—ફ્રેરષઓસ્તા અથ્રા તુ અરેદ્રાઈસ ઈદી હવો-ગવા તાઇસિ યેંગ ઉસ્વહી ઉશ્તા-સ્તોઈ (ઉશ્તવદ ગાથા, હા ૪૬, ફ. ૧૬)

અર્થ—ઓ હ્વોવના ખાનદાનના ફ્રષઓસ્તર! દુન્યાના સુખમાટે જે મદદગારો આપણે પસંદ કર્યા છે તેઓની સાથે તું ત્યાં (એટલે જ્યાં તેઓને દીન ફેલાવવા મોકલવા ધાર્યા છે ત્યાં) જા.

અવસ્તા—ફ્રેરષઓસ્રાઈ ઉર્વાજિશ્તામ અષહ્યા દાઓ સરેમ તત થ્વા મઝ્દા યાસા અહુરા (સ્પેનતોમદ ગાથા, હા ૪૯, ફ. ૮)

અર્થ—ઓ અહુરમઝ્દ! ફ્રષઓસ્તરને મદદ કરવાની શક્તિ અને અશોઈની સરદારી તું આપશે, તેવી (આશા) તારાથી હું રાખું છું.

જેમ જામાસ્પ માટે, તેમ ફ્રષઓસ્તર માટે વીશ્તાસ્પ યશ્ત (ફ. ૧૧)માં દ્વિ વચનમાં બોલવામાં આવે છે, અને બન્નેને ગાથામાં હ્વોવના ખાનદાનના કહ્યા છે, તે ઉપરથી એ બન્ને ભાઇઓ હતા અને પેગામ્બર જરથોશ્તની દીનને મદદ કરનારા જોડીઆ હતા, એમ દિસેછે. ફ્રષઓસ્તર પણ પેગામ્બર જરથોશ્તનો પહેલો આગેવાન શાગેર્દ હતો, તેથી એના તરીકાવાળો થવાને એક જરથોશ્તી ખાહેશમંદ રહેતો. એણે પેગામ્બર સાથે જાતે દીનના સંબંધમાં કેટલીક પુછપરછ કીધી હતી. કહે છે કે અસફન્દયારે દીનની કેટલીક તાલીમ એની પાસે લીધી હતી. એ પેગામ્બર જરથોશ્તનો ખેશી થતો હતો.

જરીર.

અવસ્તા—તામ યજત અસ્પાયઓધ જઈરી-વઇરિશ....યત બવાની અઇવિ-વન્યાઓ....દ્રવન્તેમ્ચ અરેજત અસ્પેમ અહ્નિ ગએથે પેષુનાહુ (આંવાં યશ્ત, ફ. ૧૧૨-૧૩).

અર્થ—તે (અર્દ્વીસુર)ને નામીચો ઘોડો રાખનાર જરીરે આરાધી (અને મોરાદ માગી)કે હું આ દુન્યાની લડાઈમાં દરવંદ અરજાસ્પને મારનાર થાઉં.

આવાં યશ્તના આ ફકરા પ્રમાણે અને બીજી યશ્તો પ્રમાણે શાહ ગુશ્તાસ્પની અર્જાસ્પ સામેની લડાઇમાં જરીરનો આગેવાન ભાગ હતો. એ સબબે એ લડાઈનાં વર્ણનનું એક પેહેલવી પુસ્તક "અયાદગારે જરીરાન" તરીકેનું પોતાનું નામ જરીરના નામ ઉપરથી લેછે. જરીર અર્જાસ્પનો એવો મોટો દુશ્મન હતો કે આવાં યશ્ત (ફ. ૧૧૭) પ્રમાણે અર્જાસ્પ પોતે એના ઉપર ફતેહ મેલવવા ખાસ દુઆ ગુજારે છે, જે દુઆ કબુલ રેહતી નથી. શેકન્દ ગુમાની વજાર (બાબ ૧૦, ફ. ૬૭) પ્રમાણે, એણે જરથોશ્તી દીન અરૂમ (એશ્યા માઇનર) અને હિન્દુસ્તાન ભણી ફેલાવવામાં અસફન્દયાર સાથે ભાગ લીધો હતો. જો એ એશારો ખરો ગણ્યે તો અર્જાસ્પ સામેની લડાઈની આગમચની એ કોઈ કોશેશ હોય, સબબકે જરીરતો પેહેલી લડાઈમાંજ, યાદગારે જરીરાન પ્રમાણે, બીદરફૂશ નામના તુરાનીને હાથે માર્યો ગયો હતો. દીનકર્દ (દફતર ૭) પ્રમાણે જરથોશ્તી દીનના ફેલાવા માટે, જે ચાર જણે આગેવાન ભાગ લીધો હતો, તેઓમાં એ અસફન્દયાર, ફરષઓસ્તર અને જામાસ્પ સાથે એક હતો. જ્યારે પોતાના ભાઈ ગુશ્તાસ્પને પિતા લોહારાસ્પ સાથે અણબનાવ થયો હતો, ત્યારે એણે વચમાં પડી સુલેહ કરાવવામાં આગેવાન ભાગ લીધો હતો. દીન દુશ્મન અર્જાસ્પ સામેની એની સખ્ત લડાઈના સબબે લગ્નના આશિર્વાદમાં અને આફ્રીનમાં એને નામે દુઆ ગુજારવામાં આવે છે કે "દુશ્મન જદાર બેદ ચુન જરીર," એટલે "જરીરના જેવા દુશ્મનને મારનાર થજો." એનો નસ્તુર નામનો એક લડાયક બેટો હતો, જેને પણ ફર્વર્દીન યશ્તમાં યાદ કર્યો છે.

આવાં યશ્તમાં જરીરને "અસ્પાયઓધ" એટલે "ઘોડાઉપર લડનાર" કહ્યો છે. ઘણાં પેહેલવાનો ઘોડાઓ ઉપર લડે છે, પણ જરીરને એ એલકાબ ખાસ કરી શા માટે મલ્યો, તે બાબેનો શાહનામા ઉપરથી ખુલાસો મળે છે. એ પુસ્તક ઉપરથી માલમ પડે છે કે એ સમન્દના નામથી ઓળખાતી ઘોડાની જાતના એક નામીચા ઘોડાનો માલેક હતો, તે ઉપરથી એને એ એલકાબ મળ્યો હોય એમ દિસે છે. એનો નામીચો ઘોડો એવો હતો, કે તેને દુશ્મનને હાથ ગયલો જોવાથી શાહ ગુશ્તાસ્પ ઘણો દુઃખી થયો

હતો અને તેને પાછો મેળવવાને પોતાના પેહેલવાનોને તેણે આગ્રહ કર્યો હતો. એ ઘોડાને પોતાને હાથ કરી તેના ઉપર સવારી કરવા માટે એક તુરાની સવારે પહેલી જોગવાઈ લીધી હતી. અસફન્દયારે છેવટે તેની ઉપર સવારી કરી તુરાનીઓ સામે જંગ મચાવી હતી. એ સઘળી હકીકત ઉપરથી દિસે છે, કે એવા એક નામીચા ઘોડાનો માલીક હોવાથી જરીરને "અસ્પાયઓધ" એટલે "ઘોડા ઉપર લડાઈ કરનાર" એવો ખાસ એલકાબ મલ્યો હતો.

નસ્તુર.

અવસ્તા—બસ્તવરોઈશિ અષઓનો ફ્રવષીમ યઝમઈદે (ફ્રર્વર્દીન યશ્ત, ફ. ૧૦૩)

અર્થ—અશો બસ્તવઈરીનાં ફરોહરને હમો આરાધ્યે છિએ.

ફ્રર્વર્દીન યશ્તમાં શાહ ગુશ્તાસ્પનાં રાજ્યના વખતના જે કેટલાક ભલા પુરૂષોને યાદ કર્યા છે, અને તેઓમાં અર્જાસ્પ સામેની લડાઈમાં મદદ કરનારા જે કેટલાકોનાં નામો જોઇએ છિએ, તેઓમાં એક નામ બસ્તવઈરી છે. યાદગારે જરીરાનમાં એ અવસ્તાનું બસ્તવઈરી નામ બસ્તુર બન્યું છે અને ફીર્દોસીનાં શાહનામામાં તે નુકતાંના ફેરફારથી નસ્તુર બન્યુ છે. એ નસ્તુર જરીરનો બેટો હતો. અર્જાસ્પ સામેની પેહેલી લડાઈમાં, જ્યારે બીદરફ્શ, જેનું. નામ પેહેલવી અયાદગારે જરીરાનમાં વીદરપ્સ આપ્યું છે, તેણે જરીરને મારી નાખ્યો, ત્યારે તેનો આ બેટો, જે યાદગારે જરીરાન પ્રમાણે સાત વર્ષનાં બચ્ચાં જેવો (હફ્ત શન્તે હુમાનાક) હતો, તે બાપનો કિનો લેવા મેદાનમાં ગયો. ત્યાં શાહ ગુશ્તાસ્પે તેને તેની ઘણી નાની ઉમ્મરને લીધે પેહેલે એ કામથી વાર્યો, પણ તે છુપી રીતે મેદાનમાં જઈ, પોતાના બાપના કાલબુદને ત્યાં પડેલું જોઈ, શાહ આગળ પાછો આવ્યો અને તેનો હોકમ લઈ લડવા ગયો. તેણે લડાઈમાં પોતાના બાપના ખુની બીદરફ્શને માર્યો અને પોતાના બાપનો નામીચો ઘોડો, જે બીદરફ્શ લઈ ગયો હતો, તે પાછો હાથ કીધો. પછી તેણે અસફન્દયાર અને જામાસ્પના બેટા ગેરામીક કર્દ સાથે મળી દુશ્મનનાં લશ્કરપર હુમલો કરી અર્જાસ્પને છેવટની હાર આપી.

શાહનો બેટો અસફન્દયાર.

અવસ્તા—આઅત અઓખ્ત જરથુશ્ત પુથ્ર કવ વીશ્તાસ્પ…. ….પઇતિ ભ્રુયાઓ યથ….દ્રુજો વનાને તખ્મો સ્પેન્તો દાતાઈ પોઉરૂ-સ્પક્ષતીમ ત્બિશ્યન્તામ પઇતિ–જઈતીમ દુશ્મઇન્યવનામ. (વીશ્તાસ્પ યશ્ત, ક. ૨૪–૨૫)

અર્થ—જરથોશ્તે કહ્યું કે "મારા બેટા શાહ ગુસ્તાસ્પ! આ શબ્દો તું ભણકે……તેથી બહાદુર અસફન્દયાર દરૂજને મારી હતાડવા કાજે, દુઃખો સામે ખબરદારી અને દુશ્મનો સામે ફતેહ મેલવે.

અર્જાસ્પ સામેની શાહ ગુશ્તાસ્પની ફતેહમંદ લડાઈઓમાં તેના બેટા અસફન્દયારનો આગેવાન ભાગ હતો, તે જેમ શાહનામા ઉપરથી તેમ પેહેલવી "યાદગારે જરીરાન" ઉપરથી માલમ પડે છે. લગનના આશીર્વાદમાં અને આફ્રીનમાં આ સબબે એને નામે દુઆ દેવામાં આવે છે કે, "નીજ઼વેર બેદ ચુન અસ્ફન્દયાર" એટલે "અસ્ફન્દયારના જેવા નેજાના ઉઠાવનાર થજો."

જ્યારે અસ્ફન્દયાર દૂર દેશોમાં દીનનો ફેલાવો કરી ફતેહની કીર્તિસાથે ઇરાન મુલક આવી પોહોંચ્યો ત્યારે એક બુરો અદેખો પુરૂષ, નામે ગર્જમ, જે પાદશાહનાં પોતાનાંજ કુટુંબનો હતો, તેણે શાહ અને તેના બેટા વચ્ચે કજીઓ કરાવ્યો. તેણે પાદશાહને કહ્યું કે "અસ્ફન્દયાર લશ્કરની કુમકથી હવે ઘણો પગભર થયો છે અને તે તારી હૈયાતીમાંજ ઇરાનની ગાદી મેળવવાનો ઇરાદો રાખે છે."

શાહે પોતાની જવાનીમાં પોતાનાં બાપ લોહોરાસ્પ સાથે સારી વર્ત્તણુક નહિ ચલાવી હતી. તેણે તેની જીંદગીમાંજ તેની પાસે ગાદી માગી હતી, અને તે મેળવવાને ફાવ્યો હતો. તેની જવાનીની વર્ત્તણુકે, જાણે તેને પોતાના બેટાથી આવી વર્ત્તણુકની આશા રાખતો કર્યો હતો. જવાનીમાં પોતે જે વર્ત્તણુક પોતાના બાપસાથે ચલાવેલી, તે વર્ત્તણુક ઉપરથી તે પોતાના બેટા અસ્ફન્દયાર ઉપર પણ એવી વર્ત્તણુકનો શક લઈ ગયો, અને પાછળથી, જે તે બેટાનાં મનમાં નહિ હતું તે, તેનાં મનમાં દાખલ કીધું. દાનાવોની કહેવત સમાન આ જે શબ્દો છે કે "બાપને દુઃખ દેઈ કોઈ સુખ નહિ જોય," તે શબ્દો જાણે

એ પાદશાહના હુકમાં ખરા પડ્યા. તેણે જવાનીમાં પોતાના બાપને દુઃખ દીધેલું, તેથી મોટપણમાં તે પોતાનાં બેટાથી એવાં દુઃખની ચિંતા કરવા લાગ્યો અને કેટલીક હદે તેવું દુઃખ જોયું.

શાહે ગરઝેમના શબ્દોથી શકમંદ થઈ પોતાનાં દસ્તુર અને વજીર જામાસ્પને અસ્ફન્દયાર આગળ એક કાગજ આપી મોકલ્યો અને તેને તુરત પોતા આગળ તેડાવ્યો. જામાસ્પને પાદશાહના પોતાના બેટા ઉપરનાં શકની વાત ખબર પડી હતી. અસ્ફન્દયારને પણ તેનો શક ગયો હતો, તેથી તેણે જામાસ્પની સલાહ લીધી અને કહ્યું કે "જો હું બાપ આગળ જાઉં છું તો કદાચ તે મને હેરાન કરશે. જો નથી જતો તો બાપના હુકમનો અનાદર કીધેલો ગણાશે. માટે તું શું સલાહ આપે છે.?" જામાસ્પે શિખામણ દીધી કે "દીકરા ઉપર બાપનો ગુસ્સો, દીકરાની બાપ ઉપરની મેહેર કરતાં વધારે ભલો ગણાય છે." જામાસ્પની શિખામણ માની અસ્ફન્દયાર બાપ આગળ ગયો. શાહે દરબાર ભરી દરબારીઓને કહ્યું કે અસ્ફન્દયાર તેનું મોત ઇચ્છે છે. અસ્ફન્દયારે તેવી ઇચ્છાનો મજબુતીથી ઈનકાર કર્યો. પાદશાહે તેનું કેહવું માન્યું નહિ અને તેનાં હાથમાં જંજીર નખાવી તેને ગુમ્બદાંનના કિલ્લામાં બંદ કરાવ્યો.

શાહ ગુશ્તાસ્પ અને અર્જાસ્પ વચ્ચે બીજી લડાઈ. અર્જાસ્પે ગુશ્તાસ્પની રાજધાની બલ્ખ ઉપર કરેલો હુમલો. શાહ લોહોરાસ્પ અને પેગામ્બર જરથોશ્તનું તે દર્મેઆન માર્યા જવું. છેવટે અસ્ફન્દયારને હાથે ફતેહ.

અસ્ફન્દયારને બંદમાં નાખવાના બનાવપર કેટલોક વખત નિકળી ગયો. પછી પાદશાહ સીસ્તાંન ભણી ગયો, કે ત્યાં જરથોશ્તનો ધર્મ અને તેની જંદ અવસ્તા દાખલ કરે. રૂસ્તમ પોતાના બાપ જાલ સાથે પાદશાહને આવકાર દેવા આવ્યો. એ બેઉ બાપ બેટાઓ અને તેઓના સરદારો જંદ અવસ્તા શિખ્યા અને કમ્મર ઉપર કુસ્તી બાંધી અને પવિત્ર આતશને રોશન કીધો. ત્યાર પછી નજદીક બે વર્ષ સુધી પાદશાહ સીસ્તાનમાંજ રહ્યો.

હવે પેલી ગમ અર્જાસ્પ, જે ગુશ્તાસ્પ સાથની લડાઈમાં હારી તુરાંન ગયો હતો, તેને ખબર પડી, કે પાદશાહ ગુશ્તાસ્પે પોતાના બાહાદુર બેટા અસ્ફન્દયારને બેડી નાખી કિલ્લામાં બંદ કર્યો છે,- અને પોતે પણ, રાજધાની બલ્ખ શેહર છોડી, લાંબો વખ્ત થયો સીસ્તાંનમાં મોજ મજાહમાં પડ્યો છે, અને બલ્ખમાં તો એકાંતવાસ થયલો પાદશાહ લોહારાસ્પ, ફક્ત થોડાં લશ્કર સાથ રહે છે. તેથી તેણે ધાર્યું, કે આ તક બલ્ખ ઉપર હુમલો લઈ જવાની છે અને આગલી લડાઇનો કિનો લેવાની છે. તેણે પોતાના એક સેતુહ નામના સરદારને છુપી રીતે બલ્ખમાં સઘળી ખબર કાઢવા મોકલ્યો. તે ગયો અને ખબર લાવ્યો કે "બલ્ખમાં હાલ સઘળુ એકાંત છે અને લશ્કર થોડું છે અને લડાઈ લઈ જવાની આ સારી તક છે." હવે અરજાસ્પે પોતાનાં બેટા કેહરમને પોતા પાસે બોલાવ્યો અને કહ્યું કે "હું તારી પુઠે લશ્કર લઇને આવું છું. તેટલામાં તું આગળથી બલ્ખ લપર હુમલો લઈ જા." આ સખુનો સાંભળી કેહરમ કુર્નેશ બજા લાવ્યો અને ઇરાન ઉપર હુમલો લઈ ગયો. જ્યારે તેણે બલ્ખ ઉપર હુમલો કીધો, ત્યારે લોહારાસ્પ ઘણો ગમ્ગીન થયો અને ખોદા પાસે દુઆ ગુજારવા લાગ્યો, કે તે સાહેબ તેનો બચાવ કરે.

હવે આ વખતે બલ્ખમાં તેના બચાવમાટે પુરતું લશ્કર ન હતું. તે છતાં લોહોરાસ્પે હિમ્મતથી બખ્તર પહેર્યું અને બજારમાંથી જે લડાયક માણસો મળ્યાં, તે એકઠાં કરી તેઓ ઉપર સરદારી લીધી અને દુશ્મનની સામે થયો. જઈફ હોવા છતાં, તેણે હાથીની માફક દુશ્મનો ઉપર પોકાર માર્યો અને પોતાના ભારી ગુરૂજથી કેટલાક દુશ્મનોનાં માથાં છુંદી નાંખ્યાં. પણ છેવટે દુશ્મન તરફના એક તીરે તેને જમીન દોશ્ત કીધો અને પછી તુર્કી દુશ્મનોએ તેનું સર તનથી જુદું કીધું. કેહરમે જ્યારે જોયું, કે બુઢ્ઢો લોહારાસ્પ આ લડાઈમાં માર્યો ગયો છે, ત્યારે તે બહુ ખુશી થયો અને ધાર્યું કે લડાઇની નેમ હવે પાર પડી.

પછી તુર્કી લોકો બલ્ખ શેહરમાં દાખલ થયા અને ત્યાં સઘળી ખાના ખરાબી કીધી. તેઓ બલ્ખના પવિત્ર આતશ કદેહમાં દાખલ થયા. ત્યાં મેલેલાં જંદ અવસ્તાનાં પુસ્તકોને બાળી

નાખ્યાં અને સઘળી કિમતી ચીજો પણ બાળી નાખી. તે આતશ કદેહમાં જે ૮૦ મોબેદો રાત દાહાડો બેસી ખોદા તાલાને યાદ કરતા હતા, તે સઘળાઓને મારી નાખ્યા, અને તેઓનાં લોહીથીં ત્યાં બળતો પવિત્ર આતશ પણ બુજાઈ ગયો. એ મોબેદોમાં પેગા-મ્બર જરથોશ્ત પણ માર્યો ગયો. ફીર્દોસી કહે છે કે "હું જાણુતો નથી, કે એ પેગામ્બરને કોણે મારી નાખ્યો." પણ આપણે પેહેલવી પુસ્તકોને આધારે જાણીયે છિએ કે તેને તુર બરાતુર નાંમના એક તુર્કીએ મારી નાખ્યો હતો.

વળી શાહની બે બેટીઓ, નાંમે બેહ આફ્રીદ અને હોમાએ, જેણીઓ બલ્ખમાં હતી, તેણીઓને પણ અર્જાસ્પ પકડી લેઈ ગયો. આ વખ્તે બલ્ખ શેહેરમાં શાહની દરબારની એક ચંચળ હુશ્યાર બાનુ હતી. તેણી તુરત કુચ ઉપર કુચ કરતી બલ્ખથી સીસ્તાંન ભણી શાહ ગુશ્તાસ્પની આગળ દોડી ગઈ અને તેને બલ્ખ શહેરની પાયમાલીની ખબર આપી. તે સાંભળી ગુશ્તાસ્પની આંખમાંથી આંસુ પડ્યાં. તે તુરત બલ્ખભણી જવા નિકળ્યો. રૂસ્તમ તેને એક દિવસના રસ્તા સુધી મુકવા ગયો અને તેને દિલાસો દીધો. શાહે તુરત મુલકે મુલક નામાંઓ લખી જુદા જુદા રાજાઓની મદદ માગી. જ્યારે તમામ લશ્કર ભેગું થયું કે તે અર્જાસ્પ સામે બલ્ખ ભણી ગયો. અર્જાસ્પને જ્યારે ખબર પડી કે ગુશ્તાસ્પ લશ્કરની તૈયારી કરે છે, ત્યારે તેણે પણ તુરાંનથી વધુ લશ્કર મંગાવ્યું. તે લશ્કરો વચ્ચે ત્રણ દિવસ લડાઈ ચાલી અને તેમાં શાહનો બેટો ફર્શીદવર્દ જખમી થયો અને પાછળથી જખમથી મરણ પામ્યો. વલી શાહનાં કુટૂંબનાં બીજાં ૩૬ ફરજંદો માર્યાં ગયાં.

છેવટે પાદશાહને ન્હાસવાની ફરજ પડી. તુરાંનીઓ બે મૈલ સુધી તેની પુંઠે લાગ્યા. પછી માર્ગમાં એક પાહડ મલ્યો, કે જે ઉપર જવાનો એકજ છુપો માર્ગ હતો અને તે શાહ ગુશ્તાસ્પ જાણુતો હતો. તે તેની ઉપર ન્હાસી ભરાયો. અર્જાસ્પ તે ઉપર જવાનો માર્ગ મેળવી શકયો નહિ. ઉપર ખોરાક પુરતો હતો નહિ, તેથી શાહના સરદારોએ ઘોડાઓને મારી તેઓનાં માસ ઉપર પોતાની જીંદગી ગુજારવા માંડી.

આવી મુશ્કેલ હાલતમાં શાહ ગુશ્તાસ્પે પોતાના વજીર જામાસ્પને તેડાવી તેની સલાહ માગી. જામાસ્પે સલાહ આપી કે "આવી મુશ્કેલ વખતે જો તું અસ્ફન્દયારને બંદમાંથી છોડે તો તે તુંને આ આફતમાંથી છોડવે." પાદશાહે કહ્યું કે "હા, મારા નિર્દોષ છોકરાને એક બદ બખ્તનાં ખોટાં સમજાવવાથી મેં બંદ કીધો છે, તેથી હું પસ્તાંઉછું. મારૂં દિલ તેથી જખમી થયું છે. જો અસ્ફન્દયાર જંગનાં મેદાનમાં આવે તો પછી હું તેને તખ્ત આપુ. પણ તેને કોણ સમજાવવા જાય?" જામાસ્પે તે કામ માથે લેવાને કબુલ કર્યું, ત્યારે ગુશ્તાસ્પે તેનીપાસે પોતાના બેટાને પેગાંમ કેહવાડ્યો. શાહે એ પેગાંમમાં પોતાની વર્ત્તણુકમાટે દલગીરી દેખાડી અને જણાવ્યું કે જો અસ્ફન્દયાર ગઈ ગુજરી ભુલી જઇને આવે અને અર્જાસ્પ સામે લડી તેને ઇરાન મુલકથી હાંકી કાહડે તો તે તે(અસ્ફન્દયાર)ને પોતાની હૈયાતીમાંજ તાજો તખ્ત આપે.

પાદશાહનો આ પેગાંમ લેઈ જામાસ્પ ગુમ્બદાંનનાં કિલ્લા તરફ અસ્ફન્દયાર આગળ જવા નિકળ્યો. તેણે તુર્કી કોલાહ માથે પેહેરી કે જો કોઈ તુરાંનીઓ રાહમાં મળે તો તેઓ તેને અટકાવે નહિ. તે વખતે કિલ્લાની સફીલ ઉપર અસ્ફન્દયારનો બેટો નુશઆઝર ઉભેલો હતો. તેણે બાપને કોઈ સવાર આવવાની ખબર કીધી. પછી જામાસ્પ અંદર ગયો અને નમ્યો અને શાહનો પેગાંમ કહ્યો. શરૂઆતમાં અસ્ફન્દયારે અર્જાસ્પ સામે લડવા કાજે બંદમાંથી બાહર આવવાને ના પાડ્યું અને પોતાના બાપના ગેર ઇનસાફ સામે ઘણી ફર્યાદ કરવા લાગ્યો. જામાસ્પે તેને ઘણો સમજાવ્યો. તે સર્વ પેહેલે ફોકત ગયું. પણ પાછળથી જ્યારે તેણે તેને જણાવ્યું કે તેનો ભાઈ ફર્શીદવર્દ, જે તેનો માનીતો ભાઈ હતો, અને ગર્જમની બુરી વર્ત્તણુકનાં સંબંધમાં તેની તરફેણ કરતો હતો, તે પણ જખમી થઈ મરવા પડ્યો છે, ત્યારે તે લડવાને માટે બાહાર આવ્યો. તેણે અહુરમજદની બંદગી કરી ફતેહમાટે દુઆ ગુજારી. તેણે જાણે માનતા લીધી, કે જો તે ફતેહ મેલવશે તો દુનિયાના જુદા જુદા ભાગોમાં ૧૦૦ આતશ કદેહો અને ૧૦૦ મુસાફરખાંનાઓ બંધાવશે, ૧૦૦૦૦ હજાર કુવાઓ ખોદાવશે, ૧૦૦૦૦૦ દેરમની ગરીબોમાં સખાવત કરશે, અને દીનનો વધારે ફેલાવો કરશે. પછી તે પોતાના

બાપ આગળ ગયો અને બન્ને બાપ બેટા ગઈ ગુજરી ભુલી જઈ એકમેકને ભેટ્યા.

અસ્ફન્દયારને તેના બાપના બંદમાંથી છુટેલો જોઈ ઇરાંની લશ્કર ઘણુ ખુશી થયું. બીજા હાથ ઉપર અર્જાસ્પ, જેણે આ જંગ, અસ્ફન્દયાર બદમાં હતો, તે બનાવની કુમક ઉપર ઉથાવી હતી, તે ઘણો દલગીર થયો. અસ્ફન્દયાર ઘણો બહાદુર લડનાર હતો. તેથી તેણે હવે ફતેહની આશા મેલી. તેનો એક પેહલવાન કર્ગસાર નામનો હતો. તેણે તેને ઘણી હિમ્મત આપી. તેણે લશ્કરને લડવામાટે તૈયાર કર્યું. પણ પોતે એક પહાડ ઉપર જઇ બેઠો અને છુપી રીતે તૈયારી કરી રાખી, કે જો લડાઇમાં હાર થાય તો એકદમ સવાર થઈ ન્હાસે. બન્ને લશ્કરો વચ્ચે લડાઈ થતાં તેમજ બન્યું. અસ્ફન્દયારની સરદારી હેઠળ ઇરાંની લશ્કર જીત્યું. કર્ગસાર પોતે અસ્ફન્દયારને હાથે બંદ પડ્યો. અર્જાસ્પ ન્હાઠો અને કુચ પર કુચ કરી તુરાંનમાં રૂઇન દજ નામના કિલ્લામાં ભરાઈ બેઠો.

ગુશ્તાસ્પ અને અર્જાસ્પ વચ્ચે ત્રીજી લડાઈ. હફ્તખાંન ઓળંગી અસ્ફન્દયારે રૂઈનદજનો કિલ્લો જીતી અર્જાસ્પને મારવો અને પોતાની બે બેનોને છોડવવી.

હવે શાહ ગુશ્તાસ્પે પોતાના બેટા અસ્ફન્દયારને પોતા પાસે તેડીને કહ્યું કે તેણે અર્જાસ્પ, જે તેનાં રૂઇન દજ કિલ્લામાં ન્હાસી ભરાઈ બેઠો છે અને ત્યાં સાથે બંદીવાન તરીકે તેની બે બેટીઓને લેઈ ગયો છે, તેનાં ઉપર હુમલો કરવો અને તે બેટીઓને બંદમાંથી તુરત છોડવવી. એમ ફતેહ મેલવીને તે આવે તો તેને તાજો તખ્ત આપવાને શાહે કબુલ કીધું. અસ્ફન્દયારે તેમ કરવાને કબુલ કીધું. તેણે આગલી લડાઇમાં અર્જાસ્પના પેહેલવાંન કર્ગસારને બંદીવાન પકડ્યો હતો. તેણે પછી જીવતદાન માગ્યું હતું, એવું કહીને કે જો તેને જીવતો રાખવામાં આવશે તો તે અસ્ફન્દયારને અર્જાસ્પના રૂઇનદજ કિલ્લાનો માર્ગ દેખાડશે. અસ્ફન્દયારે તેમ કર્યું હતું. તેથી તે હવે કર્ગસારને લેઇને રૂઇનદજ કિલ્લા તરફ ચાલ્યો. ત્યાં પોહોંચવાનાં ત્રણ માર્ગો હતા. એક માર્ગે જતાં ત્રણ મહિના, બીજે માર્ગે જતાં બે મહિના અને ત્રીજે માર્ગે જતાં સાત દાહાડા લાગે,

એ પ્રમાણેના તે માર્ગો હતા. પેહેલો માર્ગ ઘણો આસાન હતો અને છેલ્લો ઘણો મુશ્કેલ હતો. અસ્ફન્દયારે એ છેલ્લો ટુંકો સાત દાહાડાનો માર્ગ, જે હફ્તુત ખાંનના માર્ગ તરીકે બોલાય છે, તે લીધો.

આ હફ્તુત ખાંનની પેહેલી મુશકેલ મંજલમાં તેણે બે જીઆંનગાર વરૂઓને માર્યા. બીજી મંજલમાં સિંહોને, ત્રીજીમાં એક મોટા અજ઼દાહને, ચોથીમાં એક બુરા જાદુગરને, પાંચમીમાં સીમોર્ગ જેવાં એક જીઆંનગાર પક્ષીને, એમ સર્વને માર્યાં. છઠ્ઠી મંજલ ઘણીજ ખરાબ હતી. તેમાં એકાએક મોટું તોફાન થઇ આવતું અને બરફ પડતું. વળી તે મંજલનો રાહ રેતાલ અને પાણી વિનાનો તદન વેરાંન હતો. તે મંજલ પસાર કરવાની મુશકેલી કર્ગસારને મોંહોડેથી સાંભળી ઇરાંની સીપાહો નીરાશ થયા, પણ અસ્ફન્દયાર હિમ્મત હાર્યો નહિ અને ઘણીક મુશકેલી વચ્ચેથી પણ તે માર્ગે પસાર થયો. સાતમી મંજલમાં તેણે એક પાણીનો મોટો ભાગ પસાર કીધો.[1]

આ મુજબ હફ્તુતખાંન પસાર કરી અસ્ફન્દયાર રૂઇનદજ઼ આગળ આવી પોહોંચ્યો. તેણે તેમાં દાખલ થવાનું ઘણું મુશ્કેલ જોયું, તેથી તે થોડાક ચુનન્દા સવારો સાથે વેપારીના વેશમાં એક વંજાર તરીકે અંદર દાખલ થયો. તેણે પેશોતન સાથે એવી ગોઠવણ કીધી હતી, કે તે કિલ્લામાં જઇને આતશ સળગાવે કે પેશોતને લશ્કર સાથે ત્યાં તુરત દોડી જવું. તેમ તેણે કર્યું. આ યુક્તિથી તેણે તે કિલ્લો લીધો, અર્જાસ્પને માર્યો અને પોતાની બેનોને અર્જાસ્પના બંદમાંથી છોડવી.

અસ્ફેન્દયાર અને રૂસ્તમ.

અર્જાસ્પ ઉપર ફતેહ મેલવી અસ્ફન્દયાર ઇરાન ભણી પાછો ફર્યો અને ત્યાં આવી તેણે પોતાના બાપ પાસે તેણે આપેલી કબુલાત પ્રમાણે રાજગાદી માગી. તેની માતા કયતાયુને તેને ગમે તેટલો વાર્યો પણ તેણીનું કહ્યું તેણે કર્યું નહિ અને બાપ પાસે રાજ્ય માગવા લાગ્યો. ત્યારે ગુશ્તાસ્પે તેને કહ્યું કે "તેં ઘણી ફતેહ મેલવી છે, પણ તેં જેહાં પેહેલવાન રૂસ્તમ ઉપર ફતેહ મેલવી નથી. જો તું એ પહેલવાંનને જીવતો મારી આગળ બાંધી લાવે તો તુંને

---

૧ હફ્તુતખાંનની વિગતવાર હકીકત માટે જુઓ મારૂ પુસ્તક "શાહનામાની સુંદરીઓ," પા. ૫૦.

હું રાજ્ય આપું." અસ્ફન્દયારે બાપને કહ્યું કે "તું ચાહતો હોય, તો ચીનના પાદશાહ સાથે લડાઈ કર, પણ શા કાજે બુઢો રૂસ્તમ, જેણે મીનોચેહેર અને કએકોબાદના વખતથી ઇરાંનની સેવા બજાવીછે, તેની સાથે લડવા માગે છે?" ગુશ્તાસ્પે કહ્યું કે "તેણે ફર્માનબર્દારીનો કોલ બરાબર બજાવ્યો નથી." કહે છે કે ગુશ્તાસ્પે એમ કહેવાનો સબબ આ હતો, કે જ્યારે અર્જાસ્પે, ગુશ્તાસ્પની સીસ્તાંનખાતે રૂસ્તમનાં મેહમાંન તરીકેની ઘર હાજરીમાં, બલ્ખ ઉપર હુમલો કર્યો, અને જ્યારે ગુશ્તાસ્પ સીસ્તાંનથી બલ્ખભણી આવવા નિકળ્યો, ત્યારે તેણે બુઢા રૂસ્તમને પોતાસાથે બોલાવ્યો કે અર્જાસ્પ સામે લડવા આવે. પણ રૂસ્તમે બુઢાપાને લીધે હવે એકાંતવાસ પકડ્યો હતો તેથી ના પાડી હતી. એથી ગુશ્તાસ્પનાં મનમાં ઓછું આવ્યુ હતું અને તેણે એ વખતથી રૂસ્તમ માટે મનમાં ખરાબ વિચાર બાંધ્યો હતો. તેથી તેણે આ વખતે પોતાના બેટાને રાજ આપવાની કબુલાત પાળવાનો હીગાંમ દૂર લેઇ જવા વળી આ યુક્તિ શોધી કહાડી અને રૂસ્તમ સામે લડવા જવા કહ્યું, કે તે લડાઈમાં રૂસ્તમ માર્યો જાય તો ફીકર નહિ.

હવે જ્યારે શાહે અસ્ફન્દયારને રૂસ્તમ સાથે લડી તેને બાંધી લાવવા કહ્યું ત્યારે અસ્ફન્દયારે આનાકાની સાથે તે કબુલ કર્યું અને સીસ્તાંન ભણી ગયો. તેણે પેહેલે રૂસ્તમને તે શું કામ માટે આવ્યો છે તેનો પેગાંમ કહેવાડયો અને જણાવ્યું, કે જો તે પોતાનાં હાથમાં બેડી નાખી પોતાની મેળે શરણ થાય તો લડાઇનું કામ રહે નહિ. અસ્ફન્દયારે પોતાના બેટા બહમન પાસે પોતાનો પેગાંમ મોકલ્યો. પછી અસ્ફન્દયાર અને રૂસ્તમ મળ્યા. અસ્ફન્દયારે તેને કહ્યું કે "મને તારા હાથમાં બેડી મુકવા દે, કે પાદશાહનો ગુસ્સો તેથી નરમ પડશે. હું તુંને બીજું કંઈ દુઃખ થવા દેઇશ નહિ." રૂસ્તમે ના પાડ્યું કે "હાથમાં બેડી મુકવા શિવાય જે તું કાંઈ કહે તે કરૂં." ત્યાર પછી તેઓએ એકમેક સાથે શરાબ પીધો. અસ્ફન્દયારે રૂસ્તમને તાંણો માર્યો, કે તેનાં ખાનદાનને ઇરાનના પાદશાહોએ નવાજ્યું અને હવે તેણે તે ઇરાની પાદશાહોના વારેસો લોહોરાસ્પ અને ગુશ્તાસ્પની બરાબર સેવા બજાવી નહિ. રૂસ્તમે તેને પોતે અને પોતાના ખાનદાને ઈરાનના પાદશાહોની બજાવેલી

વાની લાંબી હકીકત કહી અને જણાવ્યું કે તે પાદશાહો ઘણે જજે તેને અને તેનાં કુટુંબને આભારી હતા.

ત્યારપછી બન્ને જણ પોતાનાં લશ્કરોને એકલાં મેલી એકમેકને બીને હાથો હાથ લડ્યા. લડતાં થાકી ગયા પણ લડાઇનું છેવટ ઈની ફતેહમાં આવ્યું નહિ. રૂસ્તમે પોતાનું જાબુલી લશ્કર પોતાના ઈ જહવારેને સોપ્યું હતું. જહવારેએ જ્યારે રૂસ્તમને પાછો ?લો જોયો નહિ, ત્યારે લાંબે વખતે તે લશ્કરને લેઈ આગળ વધ્યો ને અસ્ફન્દયારનાં લશ્કર આગળ જઈ રૂસ્તમની ખબર પુછી કે ક્યાંછે? અસ્ફન્દયારના બેટા નુશ આજરે તુન્દીથી જવાબ ાપ્યો અને બન્નેનાં લશ્કરો લડી પડ્યાં. નુશ આજરે એક જાબુલી હેલવાન, નામે અલવા, ઉપર હુમલો કર્યો અને તેને મારી નાખ્યો. ારે જહવારેએ પોતાના સરદારના કિનામાં નુશ આજરને મારી ાખ્યો. એ મુજબ જાબુલી અને ઈરાંની લશ્કરો, જે હાલ તલક બી મુદત સુધી એક મેકની બાજુએ ઉભાં રહી દેશનાં દુશ્મન ામે લડતાં હતાં, તે એકમેક સાથે લડી પડ્યાં. અસ્ફન્દયારનો એક ીજો બેટો મેહેરનુશ નામનો હતો. તે પોતાના ભાઈ નુશ આજરના ેનામાં લડવા લાગ્યો. તેની સાથે રૂસ્તમના બેટા ફરામરોજે લડાઈ ી તેને મારી નાખ્યો. અસ્ફન્દયારના બેટા બહમને પોતાના બન્ને ાઈઓ જાબુલીઓને હાથે માર્યા જવાની ખબર પોતાના બાપ સ્ફન્દયાર, જે રૂસ્તમ સાથ લડતો હતો, તેને આપી. તે સાંભળી સ્ફન્દયારે રૂસ્તમ ઉપર ગુસ્સો કીધો, "કે આપણે બન્ને જને કરાર ધો હતો કે આપણું લશ્કર લડે નહિ અને ફક્ત આપણે બે જણ ડ્યે. તે કરાર તેં આ મુજબ પાળ્યો કે?" રૂસ્તમે કહ્યું કે "એ રાર તોડવા બાબે હું કાંઈ જાણતો નથી. પણ જો મને માલમ ડશે કે મારા ભાઈ જહવારેએ યા બેટા ફરામરોજે વગર કારણે, ામી બાજુથી કારણ મળવા વગર, લડાઈ કરી છે તો હું તેઓના ાથ બાંધી તેઓને બંદીવાન કરીશ."

વધુ લડાઈ કરતાં રૂસ્તમ અને તેનો રખશ જખમી થયા. .સ્ફન્દયારને પણ રૂસ્તમને હાથે ઘણો કડવો અનુભવ મળ્યો, પણ તે ખમી થયો નહિ, કારણ તેનું શરીર "રૂઈન તન" એટલે "ધાતુ

મીસાલ" હતું. કહે છે કે પેગામ્બર જરથોશ્તે તેના તનને એમ મજબુત બનાવ્યું હતું, તેથી હથ્યારનાં જખમ તેને લાગતા હતા નહિ. તે દિવસે લડાઈ, મોડું, થતાં, બંદ પડી.

હવે રૂસ્તમ અને તેના રખશને જખમી થયલો જોઈ બુઢ્ઢો જાલેજર ગભરાટમાં પડ્યો, કે રખે બીજે દીન રૂસ્તમ લડાઇમાં માર્યો જાય. તેમ બને તો તેનાં બુઢ્ઢાપામાં તેની અને તેનાં કુટુંબની કમબખ્તી થાય. એવી ચિંતાથી તેણે સીમોર્ગ, જેણે તેને ઊછેર્યો હતો, તેનાં પીછાં બાળી તેને પોતાની મદદે બોલાવ્યું. કોઈ કહે છે કે સીમોર્ગ નામનો કોઈ દાનેશમંદ હકીમ હતો અને કોઈ, દાખલા તરીકે ફીર્દોસી, કહે છે કે તે એક પક્ષી હતું. સીમોર્ગે રૂસ્તમના અને તેનાં રખશના જખમો તુરત કોઈ દવાથી સારા કર્યા અને રૂસ્તમને સુચવ્યું કે "જંગલમાં જઈ એક ચોકસ ઝાડનું લાકડું કાપી તેનાં બે તીર બનાવ. તે તીર બરાબર તાંકી અસ્ફંન્દયારની આંખમાં માર, કે તેથી તે આંધળો થઈ જશે અને મરણ પામશે." બીજે દિવસે લડાઇમાં રૂસ્તમે એમ કર્યું. અસ્ફન્દયાર આંખમાં જખમી થયો અને તે જખમથી મરણ પામ્યો. મરતાં મરતાં તેણે રૂસ્તમને કોઈપણ પ્રકારની તકસીરથી છુટો કર્યો અને કહ્યુ કે "તારો વાંક નથી. વાંક સઘળો મારા બાપનો છે. હવે તું મારા બેટાને તારી પનાહમાં લે અને તેને લડાઇની અને પાદશાહી કુનેહની કેળવણી આપી ગુસ્તાસ્પ પછી ઇરાનની પાદશાહી માટે લાયક કર." રૂસ્તમે તે કબુલ કર્યું અને તે કબુલાત પાળી.

રૂસ્તમનો અંત. તેના ભાઈ શેગાદને હાથે તેનું માર્યા જવું.

જાલને શેગાદ નામે એક બેટો હતો. તે કાબુલના પાદશાહને ત્યાં ઉછર્યો હતો અને તેનો જમાઈ થતો હતો. કાબુલનો પાદશાહ જાબુલસ્તાનના માલેક તરીકે રૂસ્તમને દર સાલ એક ગાયનું ચાંમડું, જેની કિમત એક દેરમ હોતી, તેની ખંડણી આપતો હતો. પોતાનો સાવકો ભાઈ કાબુલના શાહનો જમાઈ થવા બાદ પણ રૂસ્તમે તે લેવાનું જારીં રાખ્યું. તેથી શેગાદનાં મનમાં રૂસ્તમ માટે દુશ્મની ભર્યો વિચાર આવતો હતો. તે સબબે તેણે એક દીવસ કાબુલના પાદશાહ સાથ મળી રૂસ્તમને મારી નાખવાનો કસદ કર્યો. તેઓએ

યુક્તિ રચી કે કાબુલનો શાહ એક દિવસ શેગાદને મીજલસમાં અપમાંન કરે અને તેથી શેગાદ ઊઠી જઇ જાબુલસ્તાંન પોતાના ભાઇ રૂસ્તમ આગળ જઈ તે બાબે ફર્યાદ કરે, કે તે ઉપરથી રૂસ્તમ કાબુલ તરફ કાબુલના શાહને પોતાના ભાઇની તરફથી સજા કરવા આવે. ત્યારે તેનાં આવવાનાં માર્ગમાં કાબુલનો પાદશાહ એક મોટો ખાડો ખોડાવી તેમાં અણીદાર હથ્યારો ઊભાં દટાવે અને તે ઉપર ઘાસ નખાવે, કે તે ખાડો છે એમ કોઇને માલમ પડે નહિ. રૂસ્તમ તે તરફ આવતાં પોતાના રખશ સાથે તે ખાડામાં પડે અને તેમાંનાં હથ્યારોથી વીંધઈ જાય.

આ યુક્તિ પ્રમાણે કાબુલના શાહે એક રાત્રે ખાણાની મિજલસમાં શેગાદને અપમાન કર્યું. તેણે જાબુલસ્તાંન જઈ પોતાના સાવકા ભાઈ રૂસ્તમ આગળ તે માટે ફર્યાદ કીધી અને તે ઉપરથી રૂસ્તમ પોતાના ભાઈની તરફથી કાબુલના પાદશાહ ઉપર ગુસ્સે થયો અને તેને સજા કરવા માટે નિકળ્યો. શેગાદે ગોઠવણ કરવા પ્રમાણે કાબુલનો શાહ રૂસ્તમને આવતો જોઇ સામે આવ્યો અને પોતાની તકસીરમાટે માફ માગી અને રૂસ્તમને પોતાનાં મેહેમાંન તરીકે રાખી શેકારની ગોઠવણ કીધી. શેકારમાંથી પાછા ફરતાં પેલા ખાડાને રસ્તે તેને લાવવાની યુક્તિ રચી. તે પ્રમાણે આવતાં રૂસ્તમ તે ખાડામાં પડ્યો. તે ખાડામાં પડવા આગમચ તેનો રખશ તેરસ્તા આગળ અટકી ગયો પણ રૂસ્તમે ત્યાંથી પસાર થવા ઓંહોશ કરી ત્યારે એકાદ બે ખાડા તેણે ફલાંગ મારી ઓળંગ્યા. પણ છેવટે એક ખાડામાં તેનાં પાછલા પગો પડ્યા અને રખસ રૂસ્તમ સાથે તેમાં પડ્યો અને બન્ને તેમાનાં હથ્યારોથી વીંધાઈ ગયા. મરતાં મરતાં રૂસ્તમને શેગાદનો દગો માલમ પડ્યો. તેથી એક કમાંન અને તીર શેગાદ પાસે માગી તે મારી તેને વીધી નાખ્યો. તેનો ભાઈ જહવારે પણ એક બીજા ખાડામાં એમ પડી મરણ પામ્યો.

જાલ અને ફરાંમરોજને રૂસ્તમનાં મરણની ખબર થોડા વખતમાં પડી. જાલે તે માટે ઘણો વિલાપ કર્યો અને ફરાંમરોજે કાબુલ ઉપર હુમલો કરી તેનાં પાદશાહને મારી નાખ્યો.

બાબ ૭

બહમન, હોમાએ, દારાં, અને દારાંએ દારાં.

અસ્ફન્દયાર રૂસ્તમને હાથ મારવા જવા પછી, જાલ અને રૂસ્તમે, આ બનાવ જે તેઓની મરજી વીરૂધ બન્યો હતો તે માટે, વિલાપ કીધો હતો. તે વખતે અસ્ફન્દયારે મોટા મનથી તેઓને કહ્યું હતું કે "આ સર્વ વાંક મારા બાપ ગુશ્તાસ્પનો છે. જે બન્યું તે બન્યું, પણ તું હવે મારા બેટા બહમનને તારી રેહબરી હેઠળ રાખી તેને સારી રીતે ઉધારજે, કારણ તે મારા વારેસ તરીકે ઇરાનની ગાદીએ આવશે." રૂસ્તમે અસ્ફન્દયારની મરતી વખતની મરજી જાળવી બહમનને કેટલીક પાદશાહી તરતીબ શીખવી અને પોતા પાસે જાબુલસ્તાનમાં રાખ્યો અને તેના સંબંધમાં એક પત્ર પણ ગુશ્તાસ્પ ઉપર લખ્યો. પછી ગુશ્તાસ્પે બહમનને તેડાવ્યો. રૂસ્તમે માન અને આબરૂ સાથે તેને રવાના કર્યો. બહમન ગુશ્તાસ્પની દરબારમાં ગયો. પછી શાહે પોતાની ગાદી બહમનને આપી અને થોડા વખતમાં મરણ પામ્યો.

રાજ ગાદીએ આવી બહમને પોતાના બાપ અસ્ફન્દયારનાં રૂસ્તમને હાથ નીપજેલાં મરણનો કિનો રૂસ્તમનાં કુટુંબ ઉપર લેવાનો વિચાર કર્યો. તે એક લશ્કર સાથે જાબુલશ્તાન ઉપર હુમલો લાવ્યો. જાલ ચાલી ચલાવી બહમન આગળ ગયો અને કુર્નેશ બજાવી અને દરગુજર ચાહી. પણ બહમને તેને પકડી બંધ કીધો અને જાબુલસ્તાનને તારાજ કીધું. ફરામરોજ જે બોસ્તના મુલકમાં હતો, તે લશ્કર સાથે બહમન સામે ગયો અને લડયો, પણ છેવટે તે બહમનનાં લશ્કરને હાથ બંદીવાન થયો. બહમને તેને ફાંસી દેવાડ્યો. ત્યારપછી પેશોતનનાં સહમજાવવાથી તેણે બુઢ્ઢા જાલને તેના બંદમાંથી છોડયો.

ઉપલો પેશોતન, બુનદેહેશ વિગેરે પ્રમાણે, ગુશ્તાસ્પનો છોકરો અને બહમંનનો કાકો થતો હતો. એ બુનદેહેશ પ્રમાણે બહમનને આતરો તર્સ, મિત્રો તર્સ વિગેરે ભાઇઓ હતા. બહમનનું બીજું નામ બુનદેહેશ (બા ૩૧, ફ. ૩૦) પ્રમાણે અર્દેશર હતું.

રાણી હોમાએ.

બહુમનને હોમાય નામની એક બેટી અને સાસાન નામનો એક બેટો હતો. તેણે મરતી વખતે પોતાના દરબારીઓને પોતાનું રાજ્ય હોમાયને આપવા જાહેર કર્યું, જે ઉપરથી તેનો બેટો સાસાન પોતાના બાપનું શેહેર છોડી નીશાપુર જઈ રહ્યો. ત્યાં તેણે એક કુલવાન બાનું સાથે શાદી કીધી. તેણીને પેટે તેને ત્યાં એક બેટો અવત્‌ર્યો, જેને પણ તેણે સાસાન નામ આપ્યું. એ બીજો સાસાન ગરીબીમાં ઉધર્યો અને નીશાપુરના રાજાના ઘોડાઓના એક રખેવાળ તરીકે જીંદગી ગુજારવા લાગ્યો. પાછળથી તેના ખાનદાનના એક બેટા, બાળકને પેટે જન્મેલો અર્દેશર (અર્દેશર બાબેકાન) સાસાન્યન વંશનો સ્થાપક થયો. રાણી હોમાએનું બીજું નામ, બુનદેહેશ પ્રમાણે, ચેહર આજાદ હતું.

ફીર્દોસી એ નામ ચેહારજાદ આપે છે, પણ તે જરા ભુલ છે. મીરખોન્દ એ નામ ચેહર આજાદ બરાબર આપે છે. તે કૂહે છે કે એણીની ઓખર (લકબ) ચેહેર આજાદ હતી. માસુદી પ્રમાણે એણીની માતાનું નામ ચેહર હતું, તે ઉપરથી એણીને એ નામ મળ્યું હતું.[1]

દારા અને દારાએ દારાં.

ફીર્દોસી પ્રમાણે હોમાએ પછી તેણીનો બેટો દારા, અને તેની પછી તેનો બેટો દારા ગાદી ઉપર આવ્યા. આ બીજા દારાંને સિકંદરે હરાવી ઈરાનનું રાજ્ય લઈ લીધું. પણ વધારે સત્તા સમાન ગણાતાં પશ્ચિમ ભણીનાં તવારીખી પુસ્તકો પ્રમાણે, એ દારાએ દારા અને તેની આગમચના કેટલાક પાદશાહો તો હખામનીઅન વંશના હતા. માટે એઓની, ખાસ કરીને દારાંએ દારાની, હકીકત, હખાઅનીઅન વંશની હકીકત ગણાય, નહિ કે કેઆનીઅન વંશની. શાહ ગુશ્તાસ્પ પછીની ઈરાનની પાદશાહીની હકીકત હજુર અચોકસ રહી છે. માટે તે બાબે ચોકસાઇથી બોલી શકાતું નથી. પંણ ફીર્દોસી જે કહે છે તેપ્રમાણે આપણે ટુંકમાં કહ્યે તો એઓની હકીકત નીચે

---

1 Maçoudi, traduit par Barbier de Meynard Vol II, p. 119.

પ્રમાણે છે. હોમાએને પોતાનો રાજ્ય અમલ ચાલુ રાખવાની ખાહેશ થવાથી, રખેને તેણીનો બેટો રાજ્ય અમલ માગે, એવી ચિંતાથી તેણીએ તેનો જન્મ થતાં તેને તજી મેલ્યો. તે એક ધોબીના હાથમાં ગયો. ધોબીને ત્યાં મોટો થઈ તે હોમાએનું લશ્કર, જે પશ્ચિમ ભણીનો એક રાજા, જે ફીર્દોસી રૂમનો રાજા જણાવે છે, તેની સામે લડવા જતુ હતું, તેમાં જોડાયો. તેમા તેણે કીર્તિ મેળવી જાહેરાતમાં આવ્યો, ત્યારે તેની માતા હોમાએ તેને કબુલ રાખી ઈરાનની ગાદી આપી. પછી દારાએ શઈબ નામના એક આરબ સરદારને અને પછી રૂમ (મેસીડોન) ના ફીલકુસ (ફીલીપ)ને હરાવ્યો અને તેની નાહીદ નામની બેટી સાથે શાદી કીધી. ફી- ર્દોસી પ્રમાણે એ રાણી નાહીદને પેટે સિકંદર (એલેકઝાંડર)નો જન્મ થયો હતો. પણ આ સર્વ હકીકત શકમંદ, બલકે ભુલ ભરી દિસે છે. ફીર્દોસી કહેછે કે દારાએ એ નાહીદ રાણીને તેણીના મોંહના બદબોને લીધે તજી દીધી અને બીજી રાણી સાથે શાદી કીધી. એ રાણીને પેટે તેને જે બેટો અવતર્યો, તેનું નામ પણ તેણે દારાં રાખ્યું અને તે "દારા એ દારાં" એટલે "દારા પાદશાહનો (બેટો) દારા" એવે નામે ઓળખાયો. ફીર્દોસી પ્રમાણે, પોતાની માતા નાહીદને થયલાં અપમાનના કિનામાં, સિકંદરે ઈરાન ઉપર હુમલો કરી પોતાના સાવકા ભાઈ દારાંએ દારાંને એકથી વધુ લડાઈમાં હરાવી એનું રાજ્ય લેઈ લીધું.

BY THE SAME AUTHOR.

The Religious System of the Parsees.

Marriage Customs among the Parsees, their comparison with similar Customs of other nations.

Marriage Ceremonies of the Parsees.

The Naojôte Ceremony of the Parsees.

The Funeral Ceremonies of the Parsces.

A Catechism of the Zoroastrian Religion.

The Parsees at the Court of Akbar and Dastur Meherji Rânâ

Aîyâdgar-î Zarîrân, Shatrôîhâ-î-Aîrân, va Afdya va Sahîgîya-î Sîstân, *i. e.*, The Memoir of Zarîr, Cities of Irân and the wonders and Marvels of Seistân (Pahlavi Translations, Part I. Texts in Gujarati character, with English and Gujarâti translations and notes).

Jâmâspî (Pahlavi Translations, Part III. Pahlavi, Pâzend and Persian texts with translations).

Wine among the Ancient Persians.

Asiatic Papers.

Asiatic Papers Part II (In the Press).

Anthropological Papers.

Authropological Papers Part II (In the Press).

Masonic Papers.

Dante Papers.

Memorial Papers (In the Press).

A Few Events in the Early History of the Parsees and their Dates.

Moral Extracts from Zoroastrian Books.

Education among the Ancient Iranians.

King Solomon's Temple and the Ancient Persians.

Symbolism in the Marriage ceremonies of different nations.

Impressions d'un Parsi sur la Ville de Paris.

La Visite d'un Parsi à la Ville de Constantinople.

La Cérémonie du Naôjote parmi les Parsis.

Gujarati. ગુજરાતી

વાયુચક્રશાસ્ત્ર. Meteorology.

જમશેદ, હોમ અને આતશ. Jamshed, Hom and Fire

અવસ્તા જમાનાની ઘરસંસારી જીંદગી, ભુગોળ અને એકરારનામું The Social Life, Geography and Articles of Faith of Avesta times

અનાહીત અને ફરોહર. Anâhita and Farôhar.

ભવિષ્યની જીંદગી અથવા આતમાનું અમરપણું. Immortality of the Soul.

મેહેર અને જશને મેહેરગાન. Mithra and the Feast of Mithras

અવસ્તાના વિશેષ નામોની ફરહંગ. A Dictionary of Avestic proper Names

ઇરાની વિષયો. Irânian Essays, Part I

ઇરાની વિષયો, ભાગ બીજો Irânian Essays, Part II.

ઇરાની વિષયો, ભાગ ત્રીજો. Irânian Essays, Part III

મોત ઉપર વાએજ. A Sermon on Death

શાહનામું અને ફીરદોસી. Shâh-nâmeh and Firdousi.

શાહનામું મીનોચેહેરના રાજ્ય સુધી. Shâh-nâmeh up to the Reign of Minocheher

જ્ઞાન પ્રસારક વિષયો, ભાગ પહેલો Lectures before the Dnyân Prasârak Society, Part I

જ્ઞાન પ્રસારક વિષયો, ભાગ બીજો Lectures before the Dnyân Prasârak Society, Part II

જ્ઞાનપ્રસારક વિષયો, ભાગ ત્રીજો. Lectures before the Dnyân Prasarak Society Part III (In the Press).

જરથોસ્તી ધર્મસંબંધી પ્રશ્નોતર. Catechism on Zoroastrianisn.

જરથોશ્તી ધર્મની તવારીખ. History of the Zoroastrian Religion.

જરથોસ્તી ધર્મનાં કામો અને ક્રિયાઓ. Zoroastrian Rites and Ceremonies.

જરથોશ્તી ધર્મની નીતી અને નેકીઓ. Zoroastrian Morals.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો Lectures and Sermons on Zoroastrian Subjects, Part I.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ બીજો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part II.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો. ભાગ ત્રીજો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part III.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ ચોથો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part IV.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ પાંચમો Lectures and Sermons on Zoroastrian Subjects Part V

બુનદેહેશ Bundehesh (Pahlavi Translations, Part II)

કદીમ ઇરાનીઓ, હીરોડોટસ અને સ્ત્રેબો મુજબ અવસ્તા અને બીજા પારસી પુસ્તકોની સરખામણી સાથે The Ancient Iranians, according to Herodotus and Strabo, compared with the Avesta and other Parsee Books.

શાહનામાનાં દાસ્તાનો, ભાગ પેહેલો. Episodes from the Shâh-nâmeh, Part I

શાહનામાનાં દાસ્તાનો, ભાગ બીજો. Episodes from the Shâh-nâmeh, Part II.

શાહનામાની સુંદરીઓ Heroines of the Shâh-nâmeh

મુક્તાદના દિવસો કેટલા છે? તે બાબેની પેહેલવી, પાજંદ ફારસી વિગેરે પુસ્તકોને આધારે તપાસ. An Inquiry from Pahlavi, Pâzend, Persian and other works on the subject of the Number of Days of the Fravardegân.

ઇરાંનનુ પેશદાદીઅન વંશ.

WORKS EDITED BY THE SAME AUTHOR.

K R. Cama Memorial Volume.

The Pahlavi Mâdigân-i Hazâr Dâdistân

K. R Cama Masonic Jubilee Volume

Spiegel Memorial Volume

Sir J. J. Madressa Jubilee Volume.